ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 12 • MARCH : 2019 • PAGES : 72 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક - ૧૨ • માર્ચ ૨૦૧૯ • પાનાં - ૭૨ • કિંમત રૂા. ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.


- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલાવવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (જુલાઈ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સહિયારી વાત... | સેજલ શાહ | ૩ |
| ૨. | સાધુના નામ પરથી સર્જાયેલો જ્ઞાનયુગ : હેમયુગ | કુમારપાળ દેસાઈ | ૭ |
| ૩. | ઉપનિષદમાં ત્રિ અન્નવિદ્યા | નરેશ વેદ | ૧૦ |
| ૪. | એક લાડકવાયાનો પિતાને પત્ર (એક સૈનિકનો પિતાને પત્ર) | મોહનભાઈ પટેલ | ૧૨ |
| ૫. | જૈન ચિત્રકળામાં પ્રકૃતિ અને સંસ્કૃતિની રમણીયતા | રેણુકા પોરવાલ | ૧૪ |
| ૬. | પંથે પંથે પાથેય : ૩૦ દિવસની અંતરયાત્રા (વિપશ્યના સાધના) | લેક્ષ કેનિયા | ૧૭ |
| ૭. | ૧ + ૧ = ૧ | તન્મયભાઈ એલ. શાહ | ૨૦ |
| ૮. | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ : મગજ સાથે મગજમારી | કે. ટી. મહેતા | ૨૩ |
| ૯. | નચિકેતાના સવાલોના અસ્થાયી જવાબો | કીર્તિચંદ્ર શાહ | ૨૫ |
| ૧૦. | જૈન દર્શન - દ્રવ્યાનુયોગ | કોકિલા હેમચંદ શાહ | ૨૭ |
| ૧૧. | યોગ એટલે પરમતત્ત્વ સાથે જોડાણ | તત્ત્વચિંતક વી. પટેલ | ૨૯ |
| ૧૨. | શરીરમાં ચક્રોનું સ્થાન અને ધ્યાન | સુબોધી સતીશ મસાલિયા | ૩૪ |
| ૧૩. | નિષ્ણાત અર્થશાસ્ત્રી, પ્રખર સમાજશાસ્ત્રી સ્વતંત્ર ભારતના શિલ્પી ''મહાત્મા ગાંધીજી' | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | ૩૯ |
| ૧૪. | જીવનપંથ : જે હારે છે તે શીખે છે | ભદ્રાયુ વછરાજાની | ૪૩ |
| ૧૫. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૪૪ |
| ૧૬. | જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૩ : જયભિખ્ખુ : ગુજરાતી જૈન સાહિત્યના વિરલ આલેખક! | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૪૬ |
| ૧૭. | રશિયન પુસ્તક "JAIN STORIES" માં લેખકની પ્રસ્તાવના | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી | ૪૭ |
| ૧૮. | Gandhiji | Prakash Mody | ૪૯ |
| ૧૯. | 'Bahubali' - The Charismatic name known for victory over vicious. | Prachi Dhanvant Shah | ૫૧ |
| ૨૦. | Gyan Samvad : For Youth By Youth | Kavita Ajay Mehta | ૫૪ |
| ૨૧. | ફેબ્રુઆરી અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે : | લલિત પી. સેલારકા | ૫૫ |
| ૨૨. | ભાવ - પ્રતિભાવ | - | ૫૭ |
| ૨૩. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૬૩ |
| ૨૪. | સંસ્થા સમાચાર | - | ૬૬ |
| ૨૫. | વિચાર : મંથન : આપણે | પારસ પ્રવીણચંદ્ર મહેતા / રવિલાલ વોરા / નટુભાઈ ઠક્કર | ૬૮ |
| ૨૬. | અતીતની બારીએથી... | બકુલ ગાંધી | ૭૧ |
| ૨૭. | મણિબહેન ચંદુલાલ નાણાવટી | - | ૭૨ |


**વિશેષ નોંધ :**


**પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર ચુકવાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • ફાગણ સુદ -૧૦

માનદ્ તંત્રી : સેજલ શાહ

## સહિયારી વાત...

## ચલ મછંદર ચાલતાં રહીએ

ચલ મછંદર ચાલતાં રહીએ, ચાલતાં રહેવું કામ, સતત ચલ, અવિરત ચાલ, તારી ચાલને, તું તારી રીતે ચાલ.

આમ જોઈને, તેમ જોઈને, કરીએ, તો થઈ જાય બીજાની ચાલ. પોતાની ચાલના પોતે રાજા, એ જ તારી તાકાત.

તારો આત્મા એ જ તારો અવાજ અને તારો અવાજ એ જ તારી સચ્ચાઈ, કોઈની ધૂણી તું ના ધખતો, એ તો કાયરનું કામ. પર્વત હોય કે નદી, જાતે તરી/ચડીને પહોંચાય, કોઈના કહેવાથી આપણા મિનારા-કિનારા ન સર્જાય.

જીવ્યા ત્યારે કોઈએ નામ દીધું, પછી શિક્ષણના નામે કામ દીધું અને પછી અર્થ(આર્થિક)ને સાટે જીવતરને તેમાં કર્યું રમમાણ. ૬૦ વીત્યા ત્યાં સુધી, કદીના પાછું જોયું પાછું કે ના કદી, કોઈ બીજા પડાવ સ્વીકાર્યા, એમ કરી અડધા ઉપરનું આયખું, જીવનો ભાર વધારી, નવા મોભા ઊભા કર્યા.

લાવ-લાવની કેવી દોડાદોડ ! આ રમતના રાજા બનવા કેવો મોટો દાવ ! એ દાવને રમીને લાગે થયા અત્યંત સમૃદ્ધ. એક તો વધ્યું સમૃધ્ધિનું વજન, એ ઉપરાંત પ્રાપ્તિની સભાનતાનું વજન. હવે આટલા ભારને ઉપાડીને આભને આંબવાની આશા ! આટલું વજન ક્યાં પહોંચાડશે રાજા ??

તોય કરે રાખ, ઉડાઉડ, સતત ઉડ. કર પ્રયત્ન ઉડ, ભારે તારું વજન અને ખમાય ક્યાંથી આ વજન. બે છે નાની પાંખ, એના ઉપર તારી તરાપ. તારે તો કરવું આભા અંકે, પણ જો તો આ પ્રતિબિંબ, કેવું હાલક-ડોલક થાય. પણ તું તો તું જ કહેવાય, તારે કરવું છે અંકે આભ. આભ તો ઉડવા માટે હોય, એના પર સત્તા ન હોય. પણ તારી સત્તા લાલસાને કઈ સમજણ પહોંચે ??

★★★

સત્તાએ મૂકી છે, આંધળી દોટ. હવે અંકે નથી કરવા આભા કે ધરતી, અંકે કરવા છે આખેઆખા માણસ. કોઈએ કઈ વિચારવાનું નથી, બધા જ માર્ચ કરો, એક ડગલું આગળ, પછી બીજું ડગલું માપસર ભરો. જેમ કહ્યું છે તેમ જ કરો. જી હજુરી કરો, સત્તા સામે લળો. તમને મળશે એક ચંદ્રક કે એક પદ ! મૂકો સહુ કોઈ સ્વતંત્રતા ગીરવે મૂકો ! આ તો કેવું સારું, આપણે ન વિચારવાનું કે ન ચચરવાનું. કોઈ આપણા માટે નક્કી કરે તે જ હોડીમાં નદી પાર કરવાની. પોતાના હલેસાં ઊંચી હવેલીના માળીયે મૂકી દેવાના ! તમે બુધ્ધિશાળી છો, સારું કહેવાય, લાવો તમારા વિચારને કવિતા-વાર્તા કે નિબંધમાં સજાવી દઈએ. સરસ બુકે બનાવી શોભાયમાન કરીએ. શબદ જીવવાનો હોય, ખાલી દિવાલના કોતરકામનો હિસ્સો ન હોય ! શબદ તો છેક અંતરે ઊતરીને બહાર ખેચી કાઢ્યો છે, ખુબ પીડા પછી અવતર્યો છે, તેનો વધ ન કરાય. એતો સમુદ્રમંથનનું ફળ છે, એને ઘુંટી-ઘુંટીને પીવો પડે તો જ સમજાય. એની અંદર-બહારના આંદોલન ક્યાં છે, આ ઘોંઘાટમાં શબ્દ, તારું તેજ ક્યાં છે? કોઈ બહેરા કાને અથડાય તો ય તારી તાકાતથી બહેરાને શ્રવણક્ષમતા મળે. સૂતેલાને સળવળાટ મળે.

**આ અંકના સૌજન્યદાતા**

**'મણિબા' મણિબેન ચંદુલાલ નાણાવટી**

**તરફથી**

**હસ્તે :- નાણાવટી પરિવાર, વિલેપાર્લે**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

પણ તું જો તારા અભિમાનમાં થયો તુમાખી કે થયો નામદાર, તો શબદ તું થયો પથરો. જે વાગે- જાતને અને બીજાને. તારા વિચારોના મહેલમાં કોઈને શરણાગતિ ન આપ. ન આપ, તારા ભારે જ્ઞાનનો આંજી નાખતો પ્રકાશ. તું આપ, સહિયારા અને છતાં પોતાના પ્રવાસ કરવાનું સાહસ આપ. તારે તારી શોધ બીજાના નામમાં કરવી છે કે પોતાના નામમાં ? તારામાં સાહસ કેળવ, વાંચીને પોપટ ન બન, વાંચીને પોતાની ખાણ પોતે ખોદ. ક્યાં સુધી બીજાના નામમાં શોધ્યા કરીશ તારું નામ. મછંદર, દરેક પ્રવાસ પ્રયોગ ન હોય, પ્રયોગ પછી સમજણ અને સમજણ પછી આચાર હોય, સ્થિર ન થયે,પર્વત પર ચડ-ઉતર કરી શબદના ભેદના ખૂલે. શબદ તો કસોટી કરે. એને વાંચીએ કે લખીએ, એ તો તારો જ ચહેરો બને. એને તારો સાહસી ચહેરો બનાવ, એને તારો પડછાયો ન બનાવ. ખૂબ વલોવાઈ, મળતાં આ શબદના તેજને તારી સત્તાથી ન દાબ. ન ડરથી બંધા. તું જમીનમાંથી ન ઊગી શકે તો પાતાળમાંથી ઉગ. તું પાતાળને ન ભેદી શકે તો વધુ તીક્ષ્ણ બન. તું તારા સામર્થ્યને ખોળ. તું જ તારા મોક્ષ અને નર્કનું નિમિત્ત બન. તું અંગારા જેટલી ક્ષમતા કેળવ. રાખને પ્રજ્વલિત ન કરી શકાય. ભીતર શક્યતા હોય તો જ કૈંક મથે, તણખો થાય. તું શક્યતા નિર્માણ કર.

જ્યાં સુધી શક્યતા નિર્માણ નહીં થાય ત્યાં સુધી આપણે નવા જંગલ-મહેલ નહીં બનાવી શકીએ. ક્યાં સુધી આમનેઆમ બીજાએ બનાવેલી ઈમારત પર માળા ચડાવી ઊંચાઈ વધારીએ જશું ? શું આ ઈમારતના મૂળ આટલી ઊંચાઈ ઝીલી શકે તેમ છે ? **શક્યતા તપાસ.**વૃક્ષ જેટલું ઉપર વધે, તેટલા મૂળ પણ મજબૂત બને. તું આમ લાદયા ન કર. એક પર એક મૂકે ઊંચાઈ વધી પણ જશે તો ઘડીભરમાં પડી પણ જશે. તારી ઊંચાઈ અને વિસ્તારને તપાસ. તું જ તારા માપ બનાવ અને તું જ તારો વધ કર. જે તારામાં આમતેમ ઊગ્યે-વધ્યે જાય છે તેને કાબૂમાં કર. સંવેદના અને વિચાર- માત્ર સાહિત્ય અને કળાનો ઈજારો નથી, શિક્ષણ, ધર્મ અને રાજકારણમાં તે સૌથી વધુ આવશ્યક છે. બધે જ આવશ્યક છે. તું આવશ્યકતાને પણ તપાસ. તારે તારા હલેસાં, નાવ પાણીમાં ઊતારીને તપાસવાના છે. ડૂબી પણ જવાય, તરી પણ જવાય, કદાચ માંહે રહેલા અગ્નિમાં બળી પણ જવાય, મંજુર રાખ આ શરત ! ભળે જ થવું હોય તે થાય, ક્યાં સુધી પેલી જાળ ની સુરક્ષિતતામાં તર્યા કરીશ. તારી દિશાનો તું જ પ્રહરી બન. સંબંધ અને સમજ, જાતે કેળવીને નક્કર બને, બાકી ઉપરના પોપડાં ઘડીભરમાં ઉખડી પડે. બંનેમાં મુક્તિ હોય તો જ રંગ ઘેરો બને. એકમેકની આંખથી નથી જોવાનું, પણ ચારે આંખોથી જોઈ ચારે દિશાઓ અંગે સચેત બનવાનું છે. વિરુધ્ધ દિશામાં જોવાથી વિરોધી નથી બનાતું અને એક જ દિશામાં જોનાર સહપ્રવાસી નથી હોતા. સાથે હોવું અનુભૂતિ છે, બાહ્ય આચાર નહીં. બાલિશતા ક્ષણભર આનંદ આપે, ઊંડાણ પીડા અને આનંદ આપે. પીડા પછીનો આનંદ. વિરોધ અને સહમતીનો અર્થ પણ તપાસો. જે સહમત છે, તે તેની મર્યાદા છે કે આવશ્યકતા ? જો એ સહમતી બંને પક્ષે પોતાના દષ્ટિબિંદુથી કેળવેલી હશે તો સ્વાભાવિક બની જશે નહીં તો ઉપરછલ્લી લાગશે. અને જે વિરોધી છે તે તેની આવશ્યકતા છે કે શક્તિ તે પણ તપાસો. ઘણીવાર વિરોધ ઉપકારક અને પૂરક હોય છે, એને તપાસ. સતત તપાસ. તારી જાતે તપાસ. મછંદર, ભક્તિ, શ્રધ્ધા, અનુકરણ, પ્રેમ, લાગણી, પ્રભાવ, સત્તા, ઈર્ષા બધું જ તપાસ. કોઈના ઉછીના ભાવ લીધા પહેલાં યાદ રાખ તારી અંદર તારા સ્થાયીભાવ છે અને તારા જ માધ્યમથી, તારા જ પોતાના સંકેતથી એને સંક્રમિત કર.

જો મછંદર, ડૂબીએ કે તરીએ- એક વાર જાતને સમજીએ, પછી બીજાને સમજવા અને પછી બીજાને સમજાવવાનો પ્રયત્ન કરીએ, આજે બધા જ બીજાને સમજાવવા ભરચક પ્રયાસ કરે છે, પોતાના પ્રવાસના નહીં, બીજાના પ્રવાસના ભોમિયા બની રહ્યા છે, બીજાના શબ્દોના અર્થોને આકાર આપી વિચારક ન બનાય. આ પોપડાની આંધી વચ્ચે આ જો આંખમાં કઈંક ખૂંચી ગયું, આંખ લાલ થઈ ગઈ છે, હવે આ કરચ વધુ નિયંત્રિત કરે, એ પહેલાં જાગ મછંદર જાગ, ગોરખની રાહ જોયા વગર જાગ.

તારી પીડા પણ તારી, તારો ક્રોસ પણ તું જ ઉપાડ, તારો મારગ, તારો વીતરાગ પણ તું જ ખોળ. કોઈના શબ્દો તને ટકોરા મારી ઉઠાડી દે, તો પણ પછી તારે જ જાગતા રહેવું પડે. પોતે જ પોતાના ચક્રને ધારણ કર્યે, આંગળીમાંથી લોહી વહે જીરવવું પડે. પોતે જ પોતાનું લોચન કરવું પડે. ઉપસર્ગ દેહ પર થયે, પીડાથી મુક્તિ મળે, દેહથી પર થવાય, પોતાના શ્વાસમાં પોતે જ ધ્યાનસ્થ થવું પડે. આજે ઉછીના શ્વાસ મળી રહ્યા છે, મછંદર, ચેત, ચેતતો રહે. પીડાથી મુક્તિ મેળવવાની ઉતાવળ ન કર, સમય થવા દે, સમયને જો, જરાય આંખને મટકું માર્યા વગર જો. તને દેખાશે, ચોક્કસ જ દેખાશે. એ સત્ય તને ન ગમે એવું હોય તો શંકા કરવાની ઉતાવળ ન કરતો, જરા સ્થિર થવા દે જે જળ. પ્રતિબિંબ આપોઆપ સ્થિર થયે, દેખાશે, સમય આપ.

★★★

અખંડ જીવનને ખંડમાં વિભાજી, જીવવાનો આ નિરર્થક પ્રયાસ મનુષ્ય નહીં કરે તો બીજું કોણ કરશે ?

★★★

રાતોરાત વાત બદલાય અને જાત બદલાય અને એક ડોક્ટરના કહેવાથી આપણી આખી સમજ બદલાય. ચલ, મન હવે તું કરવા માંડશે જાતની શોધાશોધ ! જાતને મૂકી એક બાજુએ, તું જાતને શોધવા જશે.કેવી તારી અવસ્થા ! મછંદર, કોણ તને સમજાવે, આ બધા જ સાચા લાગતાં રસ્તા, ખોટા પણ હોઈ શકે ! ખોવાવાના ડરથીતું ચાલવાનું ન છોડતો, ના તું પથ બદલતો. અને પથ જો ખોટો સમજાય એકવાર, તો એને ઘડીકમાં છોડતા અચકાતો

નહીં. તો ય તું તો અવિરત ચાલ્યા કર, કારણ તારે જ તારું સત્ય શોધવાનું છે. યાદ રાખજે, સત્ય પોતે પણ બહુ જ ભ્રામક અવસ્થા છે, સ્વીકારે-અનુસરે અને શ્રધ્ધા મૂકે, તે પહેલાં પ્રયોગો કરતો રહેજે, પ્રયોગો કરતો રહેજે, પ્રયોગો, બહુ જોખમી પણ બને, પણ તારો સ્વ-અનુભવ , એ જ તારી સાચી પ્રાપ્તિ અને એ પ્રાપ્તિને પણ અંતિમ અવસ્થા ન જ ગણવી. કારણ મછંદર તારે ચાલતાં રહેવાનું છે. જ્યાં સુધી તારા શરીરમાં ચેતના ભડ-ભડ બળે, તારે ચાલતાં રહેવું બને. જો તું અટક્યો એકવાર, તને સ્થગિતતા ઘેરી વળશે. ત્યારે તારી પછી જીત કે હાર નહીં, પણ ચેતના ખોરવાઈ જશે, પછી જે મળશે, તે હશે માત્ર પોકળ ધરપતનું વિશ્વ., જેમાં, ન કઈ પ્રાપ્તિ હશે કે ન હશે કોઈ ગુમાવ્યાની અનુભૂતિ, હાડપિંજર ચેતના વગરનું.

★★★

વસંતનો વૈભવ ગ્રીષ્મ ઋતુ પહેલાં મનને ઘેરી વળ્યો છે, મનને મોહિત કરવા આતુર અને મન તેની સાથે થાય કે સામે, એ તો અવસ્થા આધરિત. આ ઋતુ અને મનનો સંવાદ-વિસંવાદ બહુ જ રોચક હોય, મનુષ્યનો વિકાસ, ઋતુને કાબૂ કરવા મથે અને ઋતુ- મનુષ્યને સતત તેની મર્યાદાનું ભાન કરાવે. નરીમન પોઈન્ટની પાળ પર હમણાં-હમણાં ભીડ ઓછી હોય છે. બપોરના સમયે ખાસ કરીને. ગરમી, રાજકારણ અને આર્થિક સત્તાથી વશ આપણે, દરિયા કિનારે જવાનો સમય ક્યાંથી ફાળવીએ? પણ નગરના મનુષ્યને કંઈક ગુમાવ્યું છે તેવી જાણ જ નથી. આને શું કહું, કરુણા ? શું ગુમાવ્યું એ જ નથી જાણ. તો ગુમાવ્યાનો અફસોસ ક્યાં કરશે ? વાહ રે વાહ, સંતોષ તારાય જુદાં જુદાં પ્રભાવ !!

અરે મછંદર, આ મન શું છે ?

પોતાના મનને સાચવવા, બીજાના મનને હણ્યા કરવું, ઘસરકો પાડતા રહેવું, પણ પોતાના મનને સંવેદનશીલ કહી ગાણા ગાતા રહેવું ! વાહ રે વાહ, તું તો કેવો બુધ્ધિશાળી, બીજા ભેગા, જાતને મૂર્ખ બનાવે. આ જાતનું,તે આટલું ઓછું મહત્વ કાં આંક્યું ? આ જગતમાં તું સૌથી વધુ પ્રેમ કરે તે તારી જાત અને તો યે, જ્યારે આવે વાત પોતાની ત્યારે સૌથી વધુ છળે પણ પોતાને ? મુંઝાયુંને મન, તને થયું, કે આવું તો ના હોય ! પણ ચાલ, થા ઊંડા અંધારમાં ગરકાવ, માર ડૂબકી, તારી જાતની અંદર, થા થોડો પોતાનામાં, પોતાના અંતરમાં મસ્ત. મન મછંદર, કેવું લાગે ? જરા સમજાય તો સારું, નહીં તો હજીયે ઊંડા પાણીમાં વધુ થા ગરકાવ. કર બહારના બધા અવાજોથી તારી જાતને મુક્ત, બધા જોડાણ કાપ અને બાંધ બધા સાપોલીયાને એક પાશથી મક્કમ. કોણ છે જે તને દેખાય છે ?

કોણ છે તને અત્યારે હજીયે દોરે છે ?

કોણ છે જે તને તારા મારગથી વિપરીત બીજો મારગ દર્શાવે છે ? આમ જ હોય. મછંદર, સહુને લાગે કે તેનો એક સાચો મારગ, પણ કરીએ જ્યારે આવા થોડા અખતરા, ત્યારે થાય બધો જ ખેલ ખુલ્લો. આ સૌથી વધુ રોચક અને ભ્રામક મારગ. ચાલવુંયે પડે, ઠોકર વાગે, પાછા જાતે ઊભા થવું પડે. આ જીવન છે. આખો મારગ પૂરો કરીએ જાણ થાય કે સાવ ખોટા ચાલવું પડ્યું, પણ આ જાતની વિપદા, જાતને મળેલું વરદાન, નીભાવ્યે જ છૂટકો.

જો તારા ઘરની બારી બહાર, ભરી છે આ વસંત ચારેકોર અને ચડ્યું છે મન કેવા તરંગે ! આમ તેમ ઝોલા ખાય, તમ્મર આવે, આ મનને કોણ ઝાલે ? કોણ, આજે બાથ ઝાલશે ? જાગ, મછંદર , ચલ મછંદર. તું જ તારો ઈન્દ્ર ! તું જ તારો રાજા ? તારે જ તાજ પહેરવાનો છે અને તારે જ તારો મુગુટ ઊતારીને નીચે મૂકતા શીખવાનું છે. ભાર લેવો અને ભાર ઉતારતાં આવડવો, બીજાના અને પોતાના ભારને સમજવો, બધું સમજાય છે મછંદર?

ના સમજાય અને બધું જ સ્પષ્ટ થાય એ અવસ્થાની વચ્ચેના અવકાશમાં ઘણું હોય છે, આ બંને કિનારા કરતાં વધુ, આ વચ્ચેના અનુભવમાં ઘણું મળે છે. આમેય બધા જ પ્રયોગો માત્ર અને માત્ર સુખ માટે નથી હોતા, અને આમ તો, સુખ ક્યાં, કેટલું અને કેવી રીતે મળશે એ કઈ રીતે સમજાશે ?? ચેત મછંદર, તારી આવી શોધ મછંદર !!

એક સ્વતંત્રતા, અનેક નવા ફૂલ ખીલવે છે. જ્યારે એક હુકમશાહી અનેક ચેતાનાઓને રાખમાં પરિવર્તિત કરે છે, ચેત મછંદર, તું રાખમાં ન પલટા. તું બન પ્રહરી તારો.

(અહીં 'મછંદર' આ સંબોધન જાત માટે લેવું)

❑ ડૉ. સેજલ શાહ

---

ના કોઈ બારું, ના કોઈ બંદર, ચેત મછંદર,
આપે તરવો આપ-સમંદર, ચેત મછંદર!

નિરખે તું તે તો છે નિંદર, ચેત મછંદર,
ચેતવ ધૂણો ધીખી અંદર, ચેત મછંદર!

કામરૂપણી દુનિયા દાખે રૂપ અપારા,
સુપના લગ લાગે અતિ સુંદર, ચેત મછંદર!

સૂન શિખરની આગે આગે શિખર આપણું,
છોડ છટકણા કાળની કંદર, ચેત મછંદર!

સાંસ અરૂ ઉસાંસ ચલાકર દેખો આગે,
અહાલેક! આયા જોગંદર, ચેત મછંદર!

દેખ દિખાવા સબ ઢરતા હે ધૂરકી ઢેરી,
ઢરતા સૂરજ, ઢરતા ચંદર, ચેત મછંદર!

ચડો ચાખડી, પવનપાવડી, જયગિરનારી,
ક્યા હે મેરુ ક્યા હે મંદર, ચેત મછંદર!

રાજેન્દ્ર શુક્લ

સુખની આ વાત મનોજ જોશીના નાટક 'કાગડો'માં સુંદર રીતે મૂકાઈ છે. એ પણ એ જ કહે છે, ચેત, સુખને સમજ ? આખરે મનુષ્યની ઈચ્છા મોટા ભાગે સુખી થવાની હોય છે પણ સુખ શું છે, એની એને ખબર નથી હોતી . જાણીતા અને પ્રયોગશીલ સર્જક મનોજ જોશીનું નાટક હમણાં 'કાગડો' જોયું. આમ તો નામ સાંભળીને કુતૂહલ જન્મે અને શહેરમાં વધી ગયેલા કાગડાઓ જોઈને એમ થાય કે આ કયા કાગડાની વાત હશે ? અંદાજે પોણા બે- બે કલાકના આ નાટકમાં સુખને શોધવાની જે રમત આદરી છે, તે કમાલ કરી ગઈ છે. નાટકનું વિષય વસ્તુ એક સુખી માણસની આજુબાજુ તેના સુખી હોવાના કારણોની શોધ આદરે છે. પત્ની મરી ગઈ છે અને એક માત્ર દીકરી પોતાની સફળ જિન્દગીમાં મસ્ત છે, આ નાનકડા જન્મ સ્થાન એટલે કે ચાલીના ઘરથી તે હવે મોટા ઘર અને પછી વિદેશ સુધીનો વિકાસ કરે છે. તેની વાતોમાં પ્રેક્ટીકલ અભિગમ છે અને તે પોતાને સુખી રાખી રહી છે, તેમ તેને લાગે છે. તે પોતાની સાથે પોતાના પિતાને પણ સુખી રાખવા માંગે છે. દીકરીને મન સુખ ભૌતિક સાધનોમાં છે, જ્યારે પિતાને મન સુખ ત્યાં નથી. પણ પિતા દુઃખી છે ખરા ? શું પિતાને સુખની શોધ છે ખરી ? પિતાને મન સુખ શું છે ? આ વૃદ્ધ પિતા પર જાહેરમાં એક કાયદાકીય મુકાદમો ચાલે છે, અને તેમના પર આરોપ છે, કે તે સુખી છે, એવો દાવો કરનાર આ માણસ દંભ આચરીને, સમાજને મૂર્ખ બનાવે છે. અહીં આપણે ખરા અર્થમાં સુખને સમજવાનો એક નવો પ્રવાસ આદરીએ છીએ ? સુખ શું છે ? અને સામાન્ય સુખના કહેવાતા વિચારો અને એની પાછળની પ્રતિક્રિયાનું જે પ્રતિબિંબ પડે છે તે બહુ જ ઉત્કૃષ્ટ રીતે દર્શાવ્યું છે. દરેક બાબતમાં સુખ શોધી લેવું તે ફિલોસોફી અને તેનું અનુકરણ કરવાના પ્રયોગો, બન્ને બહુ જ વેગળી બાબત છે. જે રીતે આ વિભાવનાનું મંચન કરી આકારિત કરી છે, એ રીતિ અનેરી છે. કાગડો જોયા પછી ફરી એકવાર આપણે આપણી જાતને કેવી મૂર્ખ બનાવીએ છીએ, તેવો અનુભવ થાય છે. આપણે સુખને જ્યાં શોધીએ છીએ તે ખરેખર સુખ છે કે આપણી કદી ન થંભવાની અપેક્ષાઓ કે પછી માત્ર આપણને ભ્રમિત રાખતો આપણો વ્યવહાર. પોતાની સાથે બહુ દિવસથી બેસીને વાત નથી કરી. રોજે રોજ દોડવાની લ્હાયમાં જાતને લેવાનું ભૂલી ગયા છીએ અને જે પ્રથમ આવવા દોડે છે તે આપણું કદાચ નિર્જીવ શરીર છે. આપણે કદાચ આપની જાતને બે ભાગમાં વહેંચી નાખી છે. એક ચેતન અવસ્થા જેને ક્યાંક લોકરમાં મૂકી દીધી છે જે રીએક્ટ કરવાનું ભૂલી ગઈ છે અને એ કરે તો પણ આપણું બીજું મન એને ચૂપ કરી દે છે. બીજી અવસ્થા આપણી મદમસ્ત અને ભ્રમિત અવસ્થા, જે જાત અને જગતની સામે વ્યવહારનું મહોરું પહેરી ચાલે છે. જેને અંદરના ચેતન સાથે કોઈ લેવા દેવા નથી. પણ એક માણસ જે આ સુખને પામી ગયો છે તે આવે છે અને ભ્રમિત જાળાંઓને છંછેડે છે અને બધા જ પોકળ પત્તા પડવા માંડે છે, ત્યારે જે ગર્ભિત સત્ય મળે છે, તે હતું તો અંદર જ પણ તેને આપણે પહોંચ બહાર કરી દીધું હતું, આ કાગડાની ઉડાઉડ દ્વારા મનોજભાઈ એ આંતરિક પ્રવાસની નાટકીય સફર કરાવે છે અને જર્જરિત આડંબર તૂટી પડે છે અને જે અંદરથી સ્વસ્થ અને સજાગ અને સુંદર હતું તેવું સ્થિર સત્ય મળી આવે છે. સુખ ખરેખર તો એક અવસ્થા છે, જેનો સીધો સંબંધ મન સાથે છે અને મન મછંદર એને પામી લે છે પછી બાહ્ય અવસ્થા, પરિસ્થિતિ બદલાયા કરે પણ એને ફરક નથી પડતો. આ બાહ્ય પરિવેશ આંતરિક ભીતરને ચડે છે અને સુખ જ સુખ અનભવાય છે. આ વાત કાગડો હસતાં-હસાવતાં સમજાવી જાય છે. મનોજ જોશીના આ નાટકને હું અધ્યાત્મ કે ચિન્તન એવા કોઈ નામ હેઠળ બાંધવા નથી ઈચ્છતી. પણ વાત તો એટલી જ છે કે ઊંચા મહેલમાં રહેતો કે નાની ચાલીમાં, હીંચકે બેસતો કે જમીન પર, આ કાગડો પોતાના મનનો માલિક છે અને તેને સુખી રહેતા આવડી ગયું છે, તે વિકાસના નામે સમર્પિત નથી થયો અને અપેક્ષાઓનું ઝાડ વાવી ફળ માટે દોડાદોડ નથી કરતો. તેને જે મળ્યું છે, તેનો આનંદ લેતા આવડે છે અને એ આનંદનો રસ, તેની બીજી ઈચ્છાઓનાં નામે સુકાઈ નથી ગઈ. આપણે બધાએ આપણી અંદર આવો જ એક કાગડો રાખવો જોઈએ, આ કાગ-મન જેને મળે તેવું જીવન મજા કરે. બાકી તો અનંત ઈચ્છાઓ અને પછી પહોંચી ન શકાય એવું આભ આપણને કહે જ છે, ચાલો સહુ ચાલો, દોડો સહુ દોડો, હાંફ ચડે પછીયે દોડતા રહો, તમે તમારા પડછાયાને હરાવવા દોડતાં રહો. દોડો દોડો દોડો...આ રસ્તે તમને અજંપો મળશે અપાર, પણ તોયે દોડતાં રહો. નથી જોઈતો આ કાંટાળો પ્રદેશ તો પછી થોભો, તમારી વીરડી તમારી જ અંદર વહી રહી છે, તેને સાંભળો, રોજ સૂતા-જાગતા તેની સચેતન અવસ્થાને સાંભળો. આ નાટક આપણને સુખ નામના શબ્દનો પરિચય કરાવે છે, કારણ આપણે તો એ શબ્દને ચીરીને ક્યાંય રસ્તા વચ્ચે હણી નાખ્યો છે. ફરી એક વાર સુખને સમજાવતું, સ્પર્શતું નાટક 'કાગડો' આપણા સહુની, યાત્રા છે. ગમશે બધાને. કેટલાક શબ્દો બહુ વપરાઈને ઘસાઈ જાય છે ત્યારે આવી ઉડાઉડ એ શબ્દને ફરી જીવંત કરે છે, અહીં સુખ ફરી પાંગર્યું છે, જેને ગમે, તેને લણવાની છૂટ છે.

❑ ડૉ. સેજલ શાહ
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

# સાધુના નામ પરથી સર્જાયેલો જ્ઞાનયુગ : હેમયુગ

## (કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય : ૧)

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સુણો જગજનો, દુખ્યાં રખડતાં ન લંકા વિશે,
દુખે જ હનુમંતનાં ઢીંચણ એ અહીં ચાલતાં,
પ્રશસ્ત હતું એવું પટ્ટણ સુલાડીલું હેમનું,
હતું? હજીય ઓ રહ્યું ! હતું કહેવું તો યે રહ્યું.
ગવાક્ષસુભગા નદી ચિરકુમારિકા વ્હેતી, જ્યાં
તટે કૃષિકકન્યકા મધુર પંખી ટોયાં કરે;
પૂરે ગૃહની કુંજ સૌમ્ય પડઘા પડે સૌખ્યના.
શમ્યા જ ! પડઘા સ્ફુરંત પડઘા તણા માત્ર હ્યાં!
વિલુપ્તસલિલા છતાં વહી સરસ્વતી પ્રાજ્ઞનાં
પ્રફુલ્લ પ્રતિભાજલે સભર કાળવેળુ વીંધી,
વિલુપ્ત સમી એ ય; ને નવલ રાજ્યરંગો ચગ્યા,
ક્ષણાર્થ ટકીને શમ્યા, શમી સમૃદ્ધિની પૂર્ણિમા
શું એ સહુ ય જાણ્યું તું જ, કલિકાલસર્વજ્ઞ હે,
અમારી વળી અર્ચના અફલ અજ્ઞ-અલ્પજ્ઞની?

(ઉમાશંકર જોશી, સમગ્ર કવિતા, પૃ,૩૬૩)

વિદ્વતા, સાહિત્ય, જનજીવન અને સંસ્કારિતાના તેજથી સોલંકી યુગને સુવર્ણયુગ બનાવનાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો જન્મ વિ.સં. ૧૧૪૫માં કાર્તિક પૂર્ણિમાએ ધંધુકામાં થયો હતો, પણ એમની કર્મભૂમિ પાટણ હતી અને એ સમયે પાટણ ગુજરાતનું જ નહીં, પણ પશ્ચિમ ભારતનું રાજકીય, વ્યાપારી, સાંસ્કૃતિક અને સાહિત્યિક પાટનગર હતું. ભારતના વિવિધ પ્રદેશોના વિદ્વાનો અને કવિઓ ભારત-ભ્રમણ કરતા પાટણમાં આવતા હતા. કાશ્મીરનો બિલ્હણ કવિ પણ એ સમયના કવિપંડિતોની જેમ વિવિધ પ્રદેશમાં ભ્રમણ કરતાં પાટણ આવ્યો હતો. અહીં ગૌડ દેશનો કવિ હરિહર વસ્તુપાલના સમયમાં આવ્યો હતો. વળી આ પાટણમાં માત્ર જૈન વિદ્યાઓની જ પર્યેષણા થતી નહોતી, પરંતુ 'વાજસનેયી સંહિતા' તથા 'પ્રાતિશાખ્ય સૂત્રો' ઉપર, વડનગર-નિવાસી ઊવટકૃત ભાષ્યો અને વેદમાંની ઈતિહાસકથાઓ આલેખતી. વડનગરના ઘાદ્વિવેદકૃત 'નીતિમંજરી' વૈદિકવિદ્યાના ખેડાણનાં લાક્ષણિક ઉદાહરણો છે. આજે પાટણના ગ્રંથભંડારોમાં પ્રાચીન હસ્તપ્રતોમાં વિષયોનું જે વૈવિધ્ય જોવા મળે છે તે આ દૃષ્ટિએ સૂચક છે.

'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અમાપ છે' એ રીતે હેમચંદ્રાચાર્યની કઈ જીવનસિદ્ધિની વાત કરીએ! ભારતભરના સારસ્વત દિગ્ગજોની પંક્તિમાં સ્થાન ધરાવે તેવા આ વિદ્વાન સાહિત્યકારને યાદ કરીએ કે પછી પ્રજાજીવનમાં સંસ્કારોના નિર્માતા આચાર્યનું સ્મરણ કરીએ અથવા તો ગુજરાતી પ્રજાની સૂતેલી અસ્મિતાને જગાડનારા સમયધર્મી આચાર્ય કહીએ કે પછી એમને જ્યોતિર્ધર કે યુગપ્રવર્તક કહીએ.

ઈતિહાસમાં યુગનું નામાભિધાન એના પ્રતાપી રાજવીઓનાં નામ પરથી થાય છે, જ્યારે જયસિંહ સિદ્ધરાજ અને રાજા કુમારપાળનો સોલંકીયુગનો સમય એ ગુજરાતનો સુવર્ણકાળ પણ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસમાં 'હૈમયુગ' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં ચાવડા વંશ કે ભારતમાં મૈત્રક યુગ કે ગુપ્તયુગ મળે છે, પરંતુ સાધુના નામ પર કોઈ યુગ સર્જાયો હોય તો તે 'હૈમયુગ' છે.

ગુજરાતી ભાષાની અસ્મિતાના હેમચંદ્રાચાર્ય એ પ્રથમ છડીદાર છે. આથી શ્રી કનૈયાલાલ મુનશી હેમચંદ્રાચાર્યની 'ગુજરાતના સાહિત્યસ્વામીઓના શિરોમણિ અને ગુજરાતી અસ્મિતાનો પાયો નાખનાર જ્યોતિર્ધર' તરીકે ઓળખ આપે છે, તો ધૂમકેતુ એમને 'હર કોઈ જમાનાના મહાપુરુષ' તરીકે આદર આપે છે.

એમની સાહિત્ય સાધનાને જોઈને કોઈએ એમને બીજા પતંજલિ, પાણિનિ, મમ્મટ, પિંગલાચાર્ય, ભટ્ટિ કે અમરસિંહ કોશકાર તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કર્યો છે. જુદા જુદા ક્ષેત્રની એમની સિદ્ધિને માટે જુદાં જુદાં વિશેષણો પ્રયોજાયાં છે. અંતે કલિકાલસર્વજ્ઞ કહીને આ એક વિશેષણમાં બધાં વિશેષણોનો સમાવેશ કરવામાં આવ્યો. જોકે દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી તો કહે છે કે કલિકાલસર્વજ્ઞ કરતાં પણ વધુ ઉચ્ચતા દર્શાવતું વિશેષણ વાપરો તોપણ તેમાં સહેજે અતિશયોક્તિ કહેવાશે નહિ. ('આચાર્ય હેમચંદ્રસૂરિ : તેમની સર્વગ્રાહી વિદ્વત્તા', લે. દી.બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, 'શ્રી હૈમ સારસ્વત સત્ર : અહેવાલ અને નિબંધસ્પર્ધા', પૃ. ૨૦૩.)

સાહિત્ય, સંસ્કાર કે સાધુતાના ક્ષેત્રમાં વ્યાપી જતી એમની તોલે આવે એવી બીજી કોઈ વિભૂતિ જોવા મળતી નથી. એમની વિદ્વત્તા માત્ર પોથીપુરાણમાં બદ્ધ નહોતી. તેનાથી એમણે પ્રજાકીય અસ્મિતાનો ઉત્કર્ષ સાધ્યો હતો. કોઈ પદ કે મોભાની પરવા કર્યા વગર ગુર્જર સંસ્કૃતિના પાયામાં શ્રી અને સરસ્વતીની સ્થાપના કરી બતાવવા મથતો અક્ષરપુરુષાર્થ તેમણે જિંદગીભર અવિરત સાધ્યો હતો. ગુર્જર દેશના રાજા અને પ્રજા ઉભયના સંસ્કારનિર્માતા, નિઃસ્પૃહી સાધુ, સમયધર્મી કુશળ રાજનીતિજ્ઞ અને ગહન અધ્યાત્મયોગના ઊર્ધ્વગામી યાત્રિક પણ હતા. પ્રશ્ન એ થાય કે કયા સમયે એમણે જીવનમાં કયું કાર્ય કર્યું હશે? સાધુતાના આચારો સાચવીને કઈ રીતે જાહેરજીવનનની આટલી બધી પ્રેરક પ્રવૃત્તિ કરી હશે? અશોકના શિલાલેખમાં કોતરાયેલ અહિંસાની ભાવનાનો છોડ એમણે કઈ રીતે ગુર્જરભૂમિમાં વાવીને ઉગાડ્યો હશે? આટલાં

વિભિન્ન ક્ષેત્રોમાં સાતેક દાયકા જેટલા દીર્ઘકાળ સુધી એમના જેવું ભગીરથ અને ચિરંજીવ કાર્ય કરનાર અન્ય કોઈ વિભૂતિ મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસમાં મળવી મુશ્કેલ છે.

છેલ્લાં એક હજાર વર્ષમાં ગુજરાતે સર્વક્ષેત્રમાં વ્યાપી વળી હોય તેવી બે પ્રતિભાઓ આપી. એક છે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને બીજી પ્રતિભા છે મહાત્મા ગાંધી. હેમચંદ્રાચાર્યે અહિંસાની ભાવનાનો પ્રાદુર્ભાવ કર્યો. હિંસક યજ્ઞયાગ બંધ કરાવ્યા. દેવી-દેવતાને બલિ રૂપે ચડાવાતો પશુવધ ઓછો થયો. ગુજરાતની પ્રજા માટે ભાગે માંસત્યાગી બની અને જગતમાં આજેય એક અહિંસક પ્રજા તરીકે ગુજરાતી ઓળખાય છે. ગુજરાતની સંસ્કૃતિના બે મુખ્ય પાયા અહિંસા અને અનેકાંત-સિદ્ધાંતને હેમચંદ્રાચાર્ય દઢમૂલ કરી આપે છે. અર્વાચીન કાળમાં ગાંધીજીએ તેનો જીવનનાં તમામ ક્ષેત્રોમાં પ્રયોગ કરી બતાવ્યો, તે દૃષ્ટિએ વિચારતાં હેમચંદ્રાચાર્યના જીવનકાર્યનું સાતત્ય મહાત્મા ગાંધીજીમાં દેખાય.

આથી જ મુનિ જિનવિજયજીએ 'જૈન ઇતિહાસની ઝલક'માં નોંધ્યું છે : 'ગુજરાતના એ જ પુણ્યમય વારસાને પ્રતાપે ગુજરાતે જગતમાં સૌથી શ્રેષ્ઠ અહિંસામૂર્તિ મહાત્માને જન્મ આપવાનું આજે અદ્વિતીય ગૌરવ પ્રાપ્ત કર્યું છે.'

પોતાના સંયમ, સાહિત્ય અને સાધુતાના બળે હેમચંદ્રાચાર્ય ગુજરાતના સંસ્કારસ્વામી, પરમ સારસ્વત અને સન્માનનીય રાજગુરુ તરીકે સાર્વત્રિક આદર પામ્યા. એમણે જીવનધર્મ ઉપરાંત લોકધર્મ, રાજધર્મ અને યુદ્ધધર્મની રાજા અને પ્રજાને યોગ્ય સમજ આપી.

સિદ્ધરાજનું શૌર્ય અને કુમારપાળની સંસ્કારપ્રિયતા હેમચંદ્રાચાર્યની સાધુતાની જ્યોતથી વધુ દીપ્તિવાન બની. હેમચંદ્રાચાર્ય વિના સોલંકીયુગના સુવર્ણકાળના સીમાડા માત્ર પ્રજાની ભૌતિક સિદ્ધિ-સમૃદ્ધિ સુધી જ સીમાબદ્ધ રહ્યા હોત. જ્ઞાન અને સંસ્કારના સમન્વયરૂપ શીલ વિકસ્યું હોત કે કેમ એ પ્રશ્ન છે. વિદ્યાનું તેજ રાજાઓની આંખમાં આંજીને પ્રજાજીવનનાં સર્વ ક્ષેત્રોને એ તેજથી પ્રકાશિત કરનાર સમર્થ સંસ્કૃતિપુરુષ તે હેમચંદ્રાચાર્ય. સાહિત્ય અને ઇતિહાસ, શાસ્ત્ર અને કળા, વ્યાકરણ અને તર્ક, ધર્મ અને વ્યવહાર, સાધુતા અને સરસતા તથા રાજા અને પ્રજા એમ વિભિન્ન સ્તરે સહજ સમન્વય સાધી બતાવનાર કીમિયાગર સંસ્કારશિલ્પી એટલે હેમચંદ્રાચાર્ય. આથી જ 'ધૂમકેતુ' કહે છે –

*''હેમચંદ્રાચાર્ય વિના ગુજરાતી ભાષાનો જન્મ કલ્પી શકતો નથી; એમના વિના વર્ષો સુધી ગુજરાતને જાગ્રત રાખનારી સંસ્કારિતા કલ્પી શકાતી નથી; અને એમના વિના ગુજરાતી પ્રજાનાં ખાસ લક્ષણો – સમન્વય, વિવેક, અહિંસા, પ્રેમ, શુદ્ધ સદાચાર અને પ્રામાણિક વ્યવહારપ્રણાલિકા – કલ્પી શકાતાં નથી. હેમચંદ્રાચાર્ય માનવ તરીકે મહાન હતા; સાધુ તરીકે વધારે મહાન હતા; પણ સંસ્કારદ્રષ્ટા તરીકે તો એ સૌથી વધારે મહાન હતા. એમણે જે સંસ્કાર રેડ્યા, એમણે જે ભાષા આપી, એમણે લોકોને જે રીતે બોલતા કર્યા, એમણે જે સાહિત્ય આપ્યું – એ સઘળું આજના ગુજરાતની નસમાં હજી વહી રહ્યું છે, અને એટલે, એ મહાન ગુજરાતી તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામવા યોગ્ય પુરુષ છે.'' ('શ્રી હેમચંદ્રાચાર્ય', લે. ધૂમકેતુ, તૃતીય આવૃત્તિ, પૃ. ૭, ૮)*

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની સાહિત્યસાધનાનો વિચાર કરીએ તો સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં રચના કરનાર મૈત્રક વંશનો રાજા ગૃહસેન મળે છે, જ્યારે હેમચંદ્રાચાર્યે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાં એમ ત્રણેય ભાષામાં કાવ્યરચના, વ્યાકરણ અને કોશની રચનાથી ગુજરાતના ગૌરવને પ્રગટાવ્યું, એમણે અભ્યાસીઓને અનન્ય અભ્યાસસાધન સુલભ કરી આપ્યું. આને પરિણામે જૈનેતર વિદ્વાનોમાં પણ હેમચંદ્રાચાર્યની કૃતિઓ આદર પામી. છંદશાસ્ત્રના ટીકાકાર હલાયુધ જેવા તો હેમચંદ્રાચાર્યની કૃતિઓના સીધેસીધા ગ્રંથસંદર્ભો જ ટાંકે છે.

હેમચંદ્રાચાર્યનો હેતુ તો વિદ્યાસેવીઓને સુગમ અને સુબોધ બને એ રીતે ભિન્ન-ભિન્ન વિષયોનું સર્વાંગીણ અને સારભૂત આકલન કરવાનો હતો. આમાં જે અવ્યવસ્થિત હતું એને એમણે વ્યવસ્થિત કર્યું. જ્યાં ક્ષતિ હતી ત્યાં એનું નિવારણ કર્યું. લોકકંઠમાં હતું એને લિપિબદ્ધ કર્યું. પુસ્તકોમાં હતું તેનું આકલન કર્યું. આ રીતે કાવ્યો રચીને કવિ બનવું કે ગ્રંથો લખીને વિદ્યાગર્વ ધારણ કરવો તેવા કોઈ હેતુને બદલે આચાર્યશ્રીએ વિદ્યાપ્રીતિથી પ્રેરાઈને લોકસંગ્રહ અર્થે પોતાની સઘળી શક્તિ કામે લગાડી હતી. તેમણે યથા અવકાશ સ્વતંત્ર વિચારણા કે મૌલિક ચિંતન પણ આપ્યું છે. એમના સ્પષ્ટ ઉદ્દેશને લક્ષમાં રાખ્યા વગર કલિકાલસર્વજ્ઞના ગ્રંથોનો અભ્યાસ કરનાર ભૂલથી એવો આક્ષેપ કરી બેસે કે એમણે તો પૂર્વગ્રંથોમાંથી ઉતારા જ કર્યા છે.

આ સંદર્ભમાં 'અલંકારિક હેમચંદ્રાચાર્ય' લેખના અંતે સંસ્કૃતના વિદ્વાન ડૉ. તપસ્વી નાન્દી આવા આક્ષેપનો ઉત્તર આપતાં કહે છે – 'આમ જેમ અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં આવિર્ભાવ થાય છે તેમ આ કાવ્યશાસ્ત્રીય ગ્રંથમાં પણ આચાર્ય હેમચંદ્રની સર્વગ્રાહિણી તથા ઉદાર અને વ્યાપક દૃષ્ટિકોણવાળી પ્રતિભાનાં દર્શન થાય છે. આચાર્ય અભિનવગુપ્તપાદ 'અજૈન' હોવા છતાં તેમના વિચારોનો સ્વીકાર કરતાં તેઓ અચકાતા નથી. એ જ રીતે ભજનો અભિભવ હૃદયસ્થ હોવા છતાં માલવપરંપરાનું આદ્ય સત્ત્વ તેઓ હોંશથી સ્વીકારે છે. ડૉ. કાણે, ડૉ. પિશલ વગેરેનાં મંતવ્યો સાચા અર્થઘટનના અભાવથી પ્રેરાયેલાં છે તે નિર્વિવાદ છે. આચાર્યશ્રીનો ઉદ્દેશ અમે આગળ સ્પષ્ટ કર્યો છે તેથી એમને plagiarist કહેવા એ અજ્ઞાનમૂલક અધમતાની ચરમસીમા છે. વાસ્તવમાં ગુજરાતનો ઇતિહાસ વિદ્યાક્ષેત્રમાં આચાર્ય હેમચન્દ્રના નામથી ઊજળો છે.' જોકે એ નોંધવું જોઈએ કે છેલ્લા આઠ-નવ સૈકાઓથી એમના ગ્રંથોના અવિરત પઠન-પાઠન પરથી એમના વિદ્યાકીય પુરુષાર્થનું સાફલ્ય પ્રગટ થયું છે.

એમનું પ્રાકૃત વ્યાકરણ તો સમગ્ર ભારતીય વાઙ્મયમાં એ વિષયના અપૂર્વ અને અનન્ય ગ્રંથ તરીકે આદર પામ્યું છે. તેમણે એમાં બધા પ્રકારની પ્રાકૃતને લગતું વ્યાકરણ આપ્યું. તેમણે સ્વરચિત કૃતિઓ પર વિસ્તૃત સ્વોપજ્ઞ ટીકા લખી છે. લુપ્ત થયેલા સાહિત્યમાંથી અનેક અવતરણો ટાંકીને એમણે લોકસાહિત્યની હૃદયસ્પર્શિતાનો સર્વપ્રથમ સંકેત આપ્યો છે. અનુગામીઓને માટે ગહન વિષયને સુગમ રીતે આયોજનબદ્ધ પદ્ધતિએ આલેખવાનો આદર્શ તેમણે પૂરો પાડ્યો એમ કહી શકાય. વિશદ ભાષા, પ્રાસાદિક શૈલી અને વિષયનો સર્વગ્રાહી પરિચય જેવી એમની ખાસિયત એમના મીમાંસાગ્રંથોમાં ખાસ ધ્યાન ખેંચે છે. 'સિદ્ધહેમશબ્દાનુશાસન', 'દ્વયાશ્રય' મહાકાવ્ય કે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' જેવા વિશાળકાય ગ્રંથો તો એમના પ્રતિભાસ્તંભ જેવા છે, પણ 'અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા' જેવા બત્રીસ શ્લોકના નાના સ્તુતિકાવ્યમાં પણ એમની પ્રતિભાનાં સ્ફુલ્લિંગોનો સ્પર્શ થયા વિના રહેતો નથી. ગુજરાતની લૂખીસૂકી ભૂમિ પર હેમચંદ્રાચાર્યે આમ સરસ્વતીનો ધોધ વહેવડાવ્યો અને ભવિષ્યમાં ઊઘડનારી ગુજરાતી ભાષાનાં બીજને તત્કાલીન બોલતી ભાષાના જલસિંચન સાથે જ્ઞાન, વિદ્વત્તા, શાસ્ત્રીયતાનો પુટ ચડાવ્યો, એ મોટા સદ્ભાગ્યની વાત કહેવાય.

આ જ રીતે શ્રી હેમચંદ્રાચાર્યનો વિદ્યાભ્યાસ, વિચારોની વિશદતા જાળવીને વિષયની સર્વગ્રાહી ચર્ચા ધરાવતી ઓજસ્વી લેખનરીતિ એમની ગ્રંથરચનામાં જોવા મળે છે. એમનું વિષયવૈવિધ્ય આશ્ચર્યકારક લાગે છે. કાવ્ય, ન્યાય, કોશ, યોગ, છંદ, અલંકાર, ઇતિહાસ, પુરાણ અને વ્યાકરણ – એમ અનેક વિષયો પર એમણે શાસ્ત્રીય પાંડિત્યપૂર્ણ ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથોમાંથી એ પણ ખ્યાલ આવે છે કે તેઓ મંત્ર, તંત્ર, શિલ્પ, વૈદક, યંત્ર, જ્યોતિષ, યુદ્ધશાસ્ત્ર, વનસ્પતિવિદ્યા, સામુદ્રિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, રત્નવિદ્યા વગેરે વિદ્યાઓના પણ જ્ઞાતા હતા. એમનું સમગ્ર લેખનકાર્ય જોતાં એમ લાગે છે કે ગહન ચિંતનશીલતા, અપ્રતિમ સર્જકતા અને મર્મગામી ભાવયિત્રી પ્રતિભા વિના આટલું વિપુલ અને સત્ત્વશીલ સાહિત્ય એક વ્યક્તિના જીવનકાળ દરમિયાન સર્જાવું લગભગ અશક્ય છે.

ગ્રંથોમાં થઈ પ્રાપ્ત થતું કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું વર્ણન જોઈએ. હેમચંદ્રાચાર્યનો વર્ણ હૈમ જેવો તેજસ્વી હતો, એમનું શુદ્ધ ચારિત્ર લોકોને ચમત્કાર ઉપજાવે તેવું લાગતું હતું. બાવીસ પ્રકારના પરિષહોને સહન કરી શકે તેવું અને તીવ્ર તપથી કસાયેલું એમનું શરીર હતું. તેમની બુદ્ધિ જગપ્રસિદ્ધ હતી. પરવાદીઓનો એમણે પરાજય કર્યો હતો. એની કીર્તિ દિગંતમાં વ્યાપી હતી. ગંભીર અર્થ ધરાવતાં શાસ્ત્રોનું એમણે અવગાહન કર્યું હતું. એમનાં આવાં લોકોત્તર લક્ષણો જોઈને બુદ્ધિશાળી માણસને આસ્થા બેસતી કે આપણે તીર્થંકર કે ગણધરોને તો જોયા નથી, છતાં તેમનું વ્યક્તિત્વ જોતાં તેઓની જગતમાં સૌરભ કઈ રીતે પ્રસરતી હશે, તેનો ખ્યાલ આવતો હતો. એમની પાસે અનન્ય ઉપદેશશક્તિ હતી. એમના ઉપદેશોને કારણે તો રાજા કુમારપાળ પરમાર્હત્ બને છે. એ યુગપ્રધાન મૂર્તિનું તેજ તે પ્રતાપી
કાળને શોભાવી રહ્યું હતું.

સિદ્ધરાજ અને કુમારપાળ બંને પ્રતાપી રાજવીના તેઓ માર્ગદર્શક અને સલાહકાર પણ હતા. સિદ્ધરાજની જ્ઞાનોપાસના અને કુમારપાળની સંસ્કારપ્રિયતાના તેઓ વિધાયક બન્યા હતા. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની વિપુલ અક્ષરપ્રવૃત્તિ સિદ્ધરાજ અને કુમારપાળના રાજ્યાશ્રયે થઈ હતી, તેમ કહેવું તે કરતાં તે પ્રવૃત્તિ બે રાજવીઓના શ્રેયાર્થે ચાલી હતી એમ કહેવું વિશેષ યોગ્ય છે. રાજા વિક્રમ અને કવિ કાલિદાસ અથવા તો રાજા ભોજ અને કવિ ધનપાલ સાથે સિદ્ધરાજ કુમારપાળ અને હેમચંદ્રાચાર્યની જોડીની સરખામણી કરવી યોગ્ય નથી. રાજા સાથેના એમના સંબંધની તુલના તો ઘણે અંશે સ્વામી રામદાસ અને છત્રપતિ શિવાજી સાથે થઈ શકે.

સિદ્ધરાજ અને કુમારપાળની મદદથી હેમચંદ્રાચાર્યને જૂના ગ્રંથોની ઘણી હસ્તપ્રતો સાંપડી. હેમચંદ્રાચાર્યના આ કાર્યમાં રામચંદ્ર, ગુણચંદ્ર અને મહેન્દ્ર જેવા વિદ્વાન શિષ્યોનો સમુદાય એમને સહાયક થયો હતો. વિદ્યોપાસનાનું કેવું ભવ્ય વાતાવરણ પાટણમાં એ સમયે રચાયું હશે, એની કલ્પના જ રોમાંચકારી લાગે છે. એમના ગ્રંથોની લહિયાઓ પાસે અસંખ્ય પ્રતિલિપિઓ કરાવવામાં આવી હતી અને એ પ્રતિલિપિઓને ભારતના અનેક ગ્રંથભંડારોમાં સ્થાપિત કરવામાં આવી હતી. આ કારણે જ તેમના જીવનકાળમાં જ લખાયેલી કેટલીક પ્રતિલિપિઓ આજે પણ ઉપલબ્ધ થાય છે. એ પછીનાં નવસો વર્ષના દીર્ઘકાળમાં આ ગ્રંથોની પ્રતિલિપિઓ થતી રહી છે. આજે ભાગ્યે જ કોઈ એવો જૈન ગ્રંથભંડાર હશે, જ્યાં હેમચંદ્રાચાર્યના કોઈ ને કોઈ ગ્રંથની પ્રતિલિપિ ન હોય.

હેમચંદ્રાચાર્યની સાહિત્યસાધના પાછળ યશ, અર્થ કે નામનાની પ્રાપ્તિની ઇચ્છા ન હોય તે સ્વાભાવિક છે. એમનો હેતુ તો અભ્યાસીઓને સુગમ અને સુબોધ બને તે રીતે ભિન્ન ભિન્ન વિષયોનું સર્વાંગી અને સારભૂત આકલન કરવાનો હતો. એમણે જરૂર લાગી ત્યાં પૂર્વેની ક્ષતિઓ સુધારી સ્વતંત્રવિચારણા કે મૌલિક ચિંતન આપ્યું. પ્રાચીન ઇતિહાસમાં કે હેમચંદ્રાચાર્યની પૂર્વે આટલા વિભિન્ન વિષયો પર સળંગ શાસ્ત્રીય અને અભ્યાસપૂર્ણ ગ્રંથો આપનાર હેમચંદ્રાચાર્ય જેવી ભાગ્યે જ કોઈ વિરલ પ્રતિભા મળી આવશે. એ જ્ઞાનજ્યોતિએ દૂર કરેલા અજ્ઞાનના અંધકાર વિશે શ્રી સોમપ્રભાચાર્ય કહે છે –

क्लुप्तं व्याकरणं नवं विरचिंत छंदो नवं द्व्याश्रया-
लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम्।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः।।

*''નવું વ્યાકરણ કલ્પ્યું; નવું છંદઃશાસ્ત્ર રચ્યું; દ્વયાશ્રય મહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં અને નવાં જ પ્રકટ કર્યાં. શ્રીયોગશાસ્ત્રને પણ નવું રચ્યું; નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો; જિનવરોનાં ચરિત્રોનો*

*નવો ગ્રંથ રચ્યો; કઈ કઈ રીતે શ્રી હેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર કર્યું નથી?'' (સોમપ્રભવિરચિત 'સ્વોપજ્ઞવૃત્તિયુક્ત શતાર્થકાવ્ય:' (પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ : ગ્રંથ ૨, મુનિશ્રી ચતુરવિજય સંપાદિત: પ્રકાશ સારાભાઈ નવાબ) પૃ. ૧૨૪)*

*હેમચંદ્રાચાર્યે સર્જેલી કૃતિઓમાં વિશ્વસનિયતામાં એમણે પોતે કેટલીક કૃતિઓને અંતે કરેલા ઉલ્લેખો સહાયક બને છે અને એ પછી સોમપ્રભાચાર્ય અને પ્રભાચંદ્રે પણ એમની કૃતિઓના ઉલ્લેખો આપ્યા છે.*

*(ક્રમશ:)*

❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫ / મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

# ઉપનિષદમાં ત્રિ અન્નવિદ્યા

**ડૉ. નરેશ વેદ**

**આ** વિદ્યા 'બૃહદારણ્યક ઉપનિષદ'ના પ્રથમ અધ્યાયના પાંચમાં બ્રાહ્મણમાં રજૂ થયેલી છે. પહેલાં ત્યાં એ કેવી રીતે કહેવાયેલી છે એ જોઈએ અને પછી આજના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી એને કેવી રીતે સમજી શકાય તે વિચારીએ.

ઋષિ કહે છે : પ્રજાપતિએ પોતાનાં જ્ઞાન અને તપના પ્રભાવથી સાત પ્રકારનાં અન્નનું સર્જન કર્યું. એમાંથી એક અન્ન બધાને માટે, બેનું દેવતાઓ માટે, ત્રણનું પોતાના માટે અને એકનું પશુઓને માટે વિતરણ કરી દીધું. પશુઓને પ્રદાન કરવામાં આવેલ અન્નમાં, પ્રાણની ક્રિયા કરનારા અને ન કરનારાં બધા જ પ્રતિષ્ઠિત છે.

પિતા પ્રજાપતિએ જે સાત અન્નોનું સર્જન કર્યું એમાંથી ધરતીમાંથી ઉત્પન્ન થયેલ એક અન્ન સામાન્ય છે. એમાં દરેકનો હિસ્સો છે. તેથી દરેકે સમાન રૂપે એનો ઉપભોગ કરવો જોઈએ. બધાને માટે નિર્ધારિત આ અન્નનો, એકલા જ ઉપભોગ કરનાર ક્યારેય પાપથી વિમુક્ત થતો નથી. અગાઉ જે બે અન્નોને દેવતાઓ માટે દર્શાવવામાં આવેલ છે એમાં એક હવન દ્વારા આપવામાં આવેલ હુત છે અને બીજું પ્રત્યક્ષ આપવામાં આવનાર પ્રહુત છે. કેટલાક વિદ્વાનો એને દર્શ ને પૂર્ણમાસ પણ કહે છે. પશુઓને માટે આપવામાં આવેલ અન્ન તે પયપાન કરવા યોગ્ય દૂધ છે. શ્વાસ લેનારા અને ન લેનારા બધા જીવ, આ દૂધ (એટલે કે પોષક દ્રવ્ય) ઉપર જ આધારિત છે. આ બધા દ્વારા આ અન્ન નિરંતર આરોગવામાં આવતું હોવા છતાં આ અન્ન ખૂટતું નથી. કારણ કે જે આ અન્નને ઉત્પન્ન કરે છે એ પુરુષ ક્ષયરહિત છે અને ફરી ફરીને અન્નનું ઉત્પાદન કરવામાં સમર્થ છે.

એ પુરુષે ત્રણ અન્નોની પસંદગી પોતાના માટે કરી છે. એ ત્રણ અન્ન છે મન, વાણી અને પ્રાણ. આ મન, વાણી અને પ્રાણ એ જ ત્રણ લોક છે. જેમકે વાક્ (વાણી) પૃથ્વી લોક છે, મન અંતરિક્ષ લોક છે અને પ્રાણ દ્યુ (સ્વર્ગ) લોક છે. એટલું જ નહીં આ વાણી, મન અને પ્રાણ એ જ ત્રણ વેદો છે. વાક્શક્તિ ઋગ્વેદ છે, મન યજુર્વેદ છે અને પ્રાણ સામવેદ છે. આ ત્રણ જ દેવતા, પિતૃગણ અને મનુષ્ય છે. જેમ કે, વાક્શક્તિ દેવતા છે, મન પિતૃગણ છે અને પ્રાણ મનુષ્ય છે. આ ત્રણેય માતા, પિતા અને પ્રજા (સંતાન) છે. જેમ કે, વાક્ માતા, મન પિતા, અને પ્રાણ પ્રજા એટલે કે સંતતિરૂપ છે. આ જ વિજ્ઞાત (જાણેલું), વિજિજ્ઞાસ્ય (જાણવાયોગ્ય) અને વિજ્ઞાત (ન જાણેલું) છે. જેમ કે, વાક્શક્તિ વિજ્ઞાત છે, મન વિજિજ્ઞાસ્ય છે અને પ્રાણ અવિજ્ઞાત છે. આમાંથી વાક્શક્તિ પૃથ્વી અને અગ્નિથી યુક્ત હોય છે. મન દ્યુલોક અને આદિત્યથી યુક્ત છે અને પ્રાણ જળ અને ચંદ્રથી યુક્ત છે. જે આ વિદ્યા જાણે છે તે શોકમુક્ત અને પાપમુક્ત થઈ પૂર્ણ થઈ રહે છે.

ઋષિની એ કાળની ભાષામાં કહેવાયેલી વાતને હવે આપણે આપણી આજની ભાષામાં મૂકીને સમજવાનો પ્રયાસ કરીએ.

અન્નનો સામાન્ય રીતે અર્થ ખોરાક થાય છે. અહીં એનો અર્થ વધારે વિશાળ પણ ચોક્કસ અર્થમાં કરવામાં આવ્યો છે. અન્ન કે ખોરાક ખાવા માણવાની પ્રક્રિયા કેવળ મોં દ્વારા જ થતી નથી. આપણી ઈન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ અને ત્વચા) ને પણ અન્ન (ખોરાક) આરોગવા અને માણવાની આદત છે. રૂપ સૌંદર્ય આંખનો, મધુર નાદ ધ્વનિ કાનનો, સુગંધ નાકનો, સ્વાદિષ્ટ વસ્તુઓ જીભનો અને શીતોષ્ણ સ્પર્શ ત્વચાનો આસ્વાદ અને ઉપભોગનો ખોરાક છે. આ ઈન્દ્રિયો આ બધાનો આસ્વાદ અને ઉપભોગ પ્રાણની મદદથી જ કરી શકે છે. એટલે આ બધાં વડે ભોગવાતા ભોગ તત્ત્વત: પ્રાણનો જ ખોરાક છે. તેથી આ વિશ્વ અને તેના પદાર્થો પ્રાણનો ખોરાક છે. અને આ પ્રાણ એટલે શ્વાસ નહીં, પણ સર્વોચ્ચ ચૈતન્ય. બીજા શબ્દોમાં કહીએ તો બધી વસ્તુઓ આ ચૈતન્યના અન્નરૂપ છે. સાંખ્યદર્શનની પરિભાષામાં કહીએ તો પ્રકૃતિ પુરુષનો ખોરાક છે. બધાં દ્રવ્યો અને પદાર્થો (objects) વિષય (subject) ના અન્નરૂપ છે.

આપણી પાસે વાક્, મન અને પ્રાણની ત્રણ શક્તિઓ છે. એ શક્તિઓના બળ વડે આપણે મન, વચન અને કર્મ દ્વારા વિચાર, ઉચ્ચાર અને આચારની ક્રિયાઓ કરીએ છીએ. આ ક્રિયાઓ સ્થૂળ ભૌતિક વિશ્વ, સૂક્ષ્મ અંતરિક્ષ વિશ્વ અને દિવ્ય સ્વર્ગલોક સાથેના અનુબંધે અને અનુસંધાને થઈ શકે છે. અન્ય શબ્દોમાં કહીએ તો એ ક્રિયાઓ ત્રણ પ્રકારની હોય છે : વૈયક્તિક, સાર્વત્રિક અને દિવ્ય.

આખું વિશ્વ જ અન્નમય છે. એટલે તો કવિ પ્રેમાનંદે કહેલું : અન્ને ઊભો સંસાર' આ અન્ન સાત પ્રકારનું છે. આમાંથી જેને મહત્ તત્ત્વ એટલે સમષ્ટિ બુદ્ધિનું તત્ત્વ છે, તે અન્ન બધાને માટે છે. કોઈ

પણ પ્રાણી આ અન્નથી રહિત નથી. એટલે જ એને 'સાધારણ' કહ્યું છે. આ મહત્ તત્ત્વ કે સાધારણ બુદ્ધિરૂપ પ્રજાપતિનું પોતાનું રૂપ છે. તેને શાસ્ત્રોએ અજ અને અવ્યય પુરુષ કહીને ઓળખાવેલ છે. બીજાં બે અન્ન દેવોને માટે છે. તેમની તુલના દર્શ અને પૌર્ણમાસ સાથે કરવામાં આવી છે. પ્રકાશ અને અંધકાર, તેજ અને છાયા - આ બંને તે અન્ન છે. તેમના વડે ઋતુઓનો દેવ ઈન્દ્ર સૃષ્ટિપ્રક્રિયાનું સંચાલન કરે છે. દર્શયાગ અને પૌર્ણમાસયાગ આ બંનેની આહુતિઓ તે જ અને છાયાનાં પ્રતીકો છે. દેવતાઓને આ બે અન્ન ન મળે તો સૃષ્ટિની સૂર્ય અને ચંદ્ર જેવી દિવ્ય શક્તિઓ પોતાનું કાર્ય કરી શકે નહીં. એમનાં આ કાર્યોને જ શીતળતા અને ઉષ્ણતા અથવા હિમ અને ધ્વંસ કહીને શાસ્ત્રોમાં ઓળખાવવામાં આવ્યાં છે. આ સિવાયના બીજાં ત્રણ અન્ન છે. જે તેને પોતાને માટેનાં કહ્યાં છે, તે છે, મન, વાક્ અને પ્રાણ. મન, પ્રાણ અને વાણીનું ત્રિક ભારતીય અધ્યાત્મનો મૂળ આધાર છે. વિશ્વની રચનામાં આ ત્રણને વર્ણવતાં ઋષિએ અહીં બીજાં કેટલાંક ત્રિકોની પણ વાત કરી છે. જેમ કે, ત્રણ લોક છે, મૃત્યુલોક, અંતરિક્ષ લોક અને સ્વર્ગલોક. ત્રણ વેદો છે, ઋક્, યજુર અને સામ. ત્રણ નિવાસીઓ છે આ ત્રણ લોકના, મનુષ્યો, પિતૃઓ અને દેવો.

ભૌતિક વિશ્વ અનેક ઈન્દ્રિયસંવેદ્ય અને ઈન્દ્રિયભોગ્ય પદાર્થો વડે ભરેલું છે, તો વાણી શબ્દો દ્વારા તેનું વર્ણન કરે છે. તેથી ભૌતિકવિશ્વ અને વાણીને એકસૂત્રી ગણવા જોઈએ. મન એથી વધારે સૂક્ષ્મ અને વ્યાપક છે. એ જ રીતે અંતરિક્ષલોક વધારે સૂક્ષ્મ અને વધારે વ્યાપક છે. મન અને અંતરિક્ષલોકમાં આ રીતે સમાનતા છે એ જ રીતે પ્રાણ શરીર, અંગો, ઈન્દ્રિયો અને મનથી ચડિયાતો છે. એ જ રીતે સ્વર્ગલોક પૃથ્વીલોક અને અંતરિક્ષલોકથી ચડિયાતા છે. પ્રાણ અને સ્વર્ગ વચ્ચે આવી સમાનતા છે. વળી, એક બીજી સમાનતા પણ એ બંને વચ્ચે છે. પ્રાણનો ઈન્દ્રિયો કે મનથી બોધ થવો મુશ્કેલ છે, તેમ સ્વર્ગલોકને ઈન્દ્રિયોથી નિહાળવો કે મનથી એના વિશે વિચાર કરવાનું પણ મુશ્કેલ છે.

પછી ઋષિ વાક્ , મન અને પ્રાણની સરખામણી ત્રણ વેદો ઋક્, યર્જુર ને સામ સાથે કરે છે. કેમ કે ઋગ્વેદ ઈશ્વરની અનેક વિભૂતિઓની સ્તુતિઓનો સ્રોત છે. વાણી તેની અભિવ્યક્તિનું માધ્યમ છે. બંને વચ્ચે એ સમાનતા છે. એ જ રીતે વાણી અને મન વચ્ચે જેવું સરખાપણું છે, તેવું જ ઋગ્વેદ અને યજુર્વેદ વચ્ચે છે જ્યારે સામવેદ એનું દાન અને એની સમજ મેળવવી આગલા બે વેદો કરતાં વધારે મુશ્કેલ છે, જેમ વાણી અને મન કરતાં પ્રાણને સમજવો અને કાબૂમાં કરવો વધારે મુશ્કેલ છે. આ બધી સમાનતાઓને લક્ષમાં લેતાં માણસ પોતાની આ ત્રણેય શક્તિઓ નિયંત્રણમાં લઈ શકે તો તે સાચા અર્થમાં જ્ઞાની બને છે, જેમ વેદસંહિતાઓ બધા જ્ઞાનનો ભંડાર છે.

ત્યાર બાદ ઋષિએ વાક્ , મન અને પ્રાણની સરખામણી મર્ત્યલોક, અંતરિક્ષલોક અને સ્વર્ગલોકના નિવાસી તરીકે કરી છે. જે મનુષ્ય આ ત્રણ શક્તિની ઉપાસના કરે છે તે આ ત્રણેય લોકના નિવાસીઓ, તેનાથી નીપજતા તાણ જેવા મનોવૈજ્ઞાનિક પ્રશ્નો વગેરે જેવા તમામ વિચ્છેદથી મુક્ત કરી, એ ત્રણેય લોક સાથે સુમેળ સાધી આપે છે.

વળી, જે આ ત્રણેય શક્તિઓ ઉપર કાબૂ મેળવે છે તે ક્યારેય પોતાનાં માતા-પિતા કે સંતાનો સાથે, બીજા શબ્દોમાં કહીએ તો પોતાના પરિવાર સાથે ક્યારેય ક્લેશ કે સંઘર્ષમાં આવતો નથી, બલ્કે પોતાના કુટુંબમાં હળીભળી અને સુખશાંતિપૂર્વક જીવી શકે છે.

છેલ્લે સૌથી મહત્ત્વની વાત ઋષિ સમજાવે છે કે આ ત્રણેય શક્તિઓનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાના અનેક ફાયદા છે. જેમકે વાણી એનું જ કથન -વર્ણન કરી શકે છે, જે વ્યક્તિ, વસ્તુ, વિચાર, ઘટનાથી એ જ્ઞાત હોય. જગતમાં આવી વ્યક્તિ, વસ્તુ, વિચાર અને ઘટનાઓ તો અનેક હોય. વાણીથી એનું કથન-વર્ણન કરવાનું બનતાં વ્યક્તિ આ વિશ્વના ગાઢ પરિચયમાં આવે છે. એની સાથે એકરૂપ થાય છે. જ્યારે જે હજુ જાણવામાં નથી આવ્યું એને ઓળખવા - વર્ણવવા માટે મનની શક્તિ કામ આપશે. મન જ્યારે એને ઓળખાવે છે જ્યારે વાણી એનું વર્ણન કરી શકે છે. જે અજ્ઞાત છે તે જ્ઞાત કરતાં વધારે અસ્પષ્ટ અને સંદિગ્ધ હોય છે, જેમ કે આપણી વૃત્તિઓ અને કામનાઓ. મન એના ઉપર મનન-ચિંતન કરી એને સ્પષ્ટ કરી આપે છે. જ્યારે જે બાબત આપણાથી સાવ અજ્ઞાત છે, તે પ્રાણશક્તિ જેવી જ અજ્ઞાત છે. પ્રાણનું ક્ષેત્ર વાણી અને મન કરતાં જુદું છે. વાણી અને મનથી એ સાવ અજ્ઞેય છે. વાણી અને મનનો આ પ્રાણશક્તિ ઉપર કોઈ કાબૂ નથી. વાણી અને મન એને ઓળખાવી સમજાવી વર્ણવી શકતાં નથી. એના વિશ્વવ્યાપક રૂપમાં પ્રાણ હિરણ્યગર્ભ છે. અને તે વ્યક્તિની બુદ્ધિથી પામી સમજી શકાય તેમ નથી. પ્રાણશક્તિ દ્વારા થતાં કર્મો જ સમજી વર્ણવી શકાય છે.

આખરે ઋષિ વાણીનો સંબંધ પૃથ્વી અને અગ્નિ સાથે, મનનો સંબંધ સ્વર્ગ અને સૂર્ય સાથે તથા પ્રાણનો સંબંધ જળ અને ચંદ્ર સાથે જોડે છે. કેમકે આખી પૃથ્વી વાણીની રમણાનું ઘર છે તથા અગ્નિ, ઊર્જા અને ઉષ્માનો સ્રોત છે. એ જ રીતે મનનું રમણક્ષેત્ર સ્વર્ગ છે તથા સૂર્ય જેવું તેજસ્વી છે, જો એને નિયંત્રણમાં રાખીએ તો જીવનમાં કોઈ પણ પ્રકારની પ્રતિસ્પર્ધા અને શત્રુતા રહે નહીં, જીવન સ્વર્ગસમું સુખી રહે. પ્રાણ જળનું સત્ત્વ છે અને જળનો સ્વભાવ વહેવાનો અને શીતળતાનો છે તેથી પ્રાણનો સંબંધ જળ અને ચંદ્ર સાથે જોડયો છે.

રૂપકમાં કહેવાયેલી આ બધી વાતનો સાર એ છે કે મનુષ્યના જીવનમાં મન, વાક્ અને પ્રાણ બહુ અગત્યનાં છે. આમ તો આપણે શરીર તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો વડે જીવીએ છીએ, એમ આપણે માનીએ છીએ. પરંતુ ખરેખર તો આપણે જીવનમાં વધુમાં વધુ જીવીએ છીએ મન, વાણી અને પ્રાણ દ્વારા.

ઈશ્વરે આપણને અંતરંગ અને બહિરંગ એમ બે સાધનો (કરણો) જીવવા માટે આપ્યાં છે. શરીર અને ઈન્દ્રિયો બાહ્ય કરણો છે અને મન, બુદ્ધિ, ચિત્ર અને અહં એ આંતર કરણો છે. આમ તો આપણે આ આંતરબાહ્ય કરણો વડે જીવન જીવીએ છીએ એ વાત સાચી છે. પરંતુ જીવન એક યોગ છે, એક સાધના છે. આપણે આપણા જીવનને સફળ અને સાર્થક કરવા ઈચ્છતા હોઈએ છીએ.

એને સફળ અને સાર્થક કરવા માટે ઈશ્વરે આપણને કેટલીક શક્તિઓ આપી છે. એ શક્તિઓને સહારે આપણે આપણા જીવનને સફળ અને સાર્થક કરવા મથતા હોઈએ છીએ. આ ત્રણ શક્તિઓ એટલે જ્ઞાનશક્તિ, ઈચ્છાશક્તિ અને કાર્યશક્તિ. આજની ભાષામાં કહીએ તો Knowledge power, willpower and actionpower. આપણી પ્રકૃતિ દ્વારા આપણને મળેલી આ શક્તિઓ છે. આ ત્રણ શક્તિઓને ધારણ કરે છે આપણી વાણી, મન અને પ્રાણ.

જગત અને જીવનમાં જે કાંઈ છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરી આપણે એનું કથન અને વર્ણન વાણી દ્વારા કરીએ છીએ. જીવનમાં જે કાંઈ અવિજ્ઞાન છે અને જેને જાણવાં જરૂરી છે; એ છે આપણી ઈચ્છાઓ, કામનાઓ, લિપ્સાઓ, એષણાઓ અને અભિલાષાઓ. મન દ્વારા આપણે એને જાણવા-સમજવા મથીએ છીએ. એની પાછળ આપણી ઈચ્છાશક્તિ કામ કરે છે. વળી, જગતમાં અને જીવનમાં સફળતા અને સાર્થકતા પ્રાપ્ત કરવા આપણે પ્રાણ પાથરીએ છીએ. મતલબ કે આપણી જે કાંઈ ક્રિયાશક્તિ છે તેને પૂર્ણપણે કામે લગાડીએ છીએ. આ બધી વાતનો અર્થ તો એ છે કે આપણે ખરેખર તો મન, વચન અને કર્મ વડે જીવીએ છીએ. એના વડે જ આપણું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય બંધાય છે.

આ મન, વચન અને કર્મને બીજા શબ્દોમાં આપણે વિચાર, ઉચ્ચાર અને આચાર કહીએ છીએ. જીવનમાં આ ત્રણ શક્તિઓ ખૂબ અગત્યની છે. આ ત્રણેય વચ્ચે એકવાક્યતા જોઈએ. એટલે કે જે વિચારીએ તે જ બોલીએ, અને જે બોલીએ તેવું જ આચરણ કરીએ. વિચારીએ કંઈક, બોલીએ કંઈક અને આચરણ વળી એથી જુદું જ કરીએ તો આપણું આપણાપણું, નિજત્વ પ્રાપ્ત કરી શકતા નથી. મન, વચન અને કર્મ વચ્ચે, વિચાર, ઉચ્ચાર અને આચાર વચ્ચે એકવાક્યતા, એટલે કે સમાનતા હોય ત્યારે જ આપણું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય સુગ્રથિત બને છે, એને જ આપણે અંગ્રેજી ભાષામાં integrated personality અને integrated character કહીએ છે. જ્યાં સુધી આવી સુગ્રથિતતા સધાતી નથી ત્યાં સુધી નથી તો આપણું વ્યક્તિત્વ કે ચારિત્ર્ય નિર્મિત થતું. નથી તો આપણે આપણું જીવનધ્યેય સિદ્ધ કરવામાં સફળ થતા.

આ વિદ્યા આ રીતે આપણને જીવનમાં વ્યક્તિત્વવંત અને ચારિત્ર્યવંત બનવાની અને જીવનસાફલ્ય પામવાની કૂંચી બતાવે છે. મહાત્મા ગાંધીજીના શારીરિક અને ભાષાગત બાંધામાં કોઈ ચમક, દમક કે ભભક ન હતી, છતાં તેઓ એક સાવ સામાન્ય માણસથી માંડી અનેક મહાપુરુષોને પ્રભાવિત કરી શક્યા, એનું ખરું રહસ્ય એમણે આ વિદ્યામાં નિર્દેશ થયો છે એવી મન, વચન અને કર્મની સુગ્રથિતતા સિદ્ધ કરી હતી એ વાતમાં હતું.

❑❑❑

૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦
ફોન નં. ૦૨૬૯૨-૨૩૩૭૫૦ / મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦

# એક લાડકવાયાનો પિતાને પત્ર (એક સૈનિકનો પિતાને પત્ર)

**મોહનભાઈ પટેલ**

'પુલવામા'માં જે કરુણ બીના બની તેને પરિણામે જે કંઈ ભારત - પાકિસ્તાન વચ્ચે બનતું જાય છે, તે હાલ ચર્ચામાં છે અને ચારેબાજુ અખબારો, રેડિયો, ટીવી વગેરેમાં આવે છે. આવી જ પરિસ્થિતિ હતી જ્યારે સાલ ૧૯૯૯માં કારગિલમાંથી આપણે પાકિસ્તાની ઘુસણખોરોને મારીને હટાવ્યાં ત્યારની. એક મારા મિત્ર લેફ્ટનન્ટ કર્નલ નિવૃત્ત પ્રતાપરાવ વિશ્વાસરાવના પુત્રે કારગિલની યુદ્ધ ભૂમિમાંથી લખેલ પત્ર અને તેમાં આપેલ માહિતી જાણવા જેવી છે. જે આજના સંદર્ભમાં, આજની પરિસ્થિતિના અનુસંધાનમાં છે.

આપણે છેલ્લા બે મહિનાથી પાકિસ્તાની ઘૂસણખોરોને કારગિલમાં મારી હટાવતા આપણા જવાનોની કુરબાની નજરે નિહાળવાની દુઃખદ અનુભૂતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. આ અનુભવે સારાયે દેશ ઉપર એક કદી ભૂંસાય નહીં તેવી છાપ પાડી છે, પણ આપણામાંના કેટલાક માટે આ પ્રસંગ ઘણો જ નિકટનો રહ્યો છે. હજારો માઈલ દૂરનું કારગિલ કેટલાયે કુટુંબો માટે સાવ નજીદીક આવી પડ્યું છે.

એક મિત્ર લેફ્ટનન્ટ કર્નલ (નિવૃત્ત) પ્રતાપરાવ વિશ્વાસરાવ છેલ્લા બે મહિનાથી તેમના પુત્રના સમાચારની કાગડોળે રાહ જોતા રહ્યા છે. અલબત્ત, કોઈ કોઈ વખત મોડો પત્ર આવે છે, પણ વિલેપાર્લેમાં વસતું કર્નલ અને તેમનું કુટુંબ ટેલિવિઝન પર આવતા સમાચારો સતત જોયા કરે છે. કારગિલમાં આપણી સેનાની આગેકૂચ થતી જોઈને રાજી થતા હોય છે અને શહીદોમાં જ્યારે તેમના એકના એક પુત્ર મેજર સંજય વિશ્વાસરાવ (એસ.એમ)નું નામ ન સંભળાય એટલે હાશકારો અનુભવે છે.

'નો ન્યુઝ ઈઝ ગુડ ન્યૂઝ'એ ન્યાયે નિરાંત અનુભવતા આ કર્નલનો એકનો એક પુત્ર સંજય બટાલિક ક્ષેત્રે લડી રહ્યો છે. તૂર્કોક હિલનો કબજો મેળવવા માટેની યાદગાર લડાઈમાં એ મોખરે હતો.

પોતાના ત્રણ સાથીઓ કેપ્ટન હનિફુદ્દિન, નાયબ સુબેદાર મંગેશસિંહ અને રાઈફલમેન પરવેશકુમારને પોતાની નજર સામે શહીદ થતા જોયા. ૧૧-રાજપૂતાના રાઈફલ્સની એ બહાદુરી ભારતના ઈતિહાસમાં એક અમરગાથા રૂપે લખાઈ. જે જાનહાનિ જોવી અને સહન કરવી પડી તેનો રંજ તેના પિતા પરના પત્રોમાં વરતાઈ આવે છે, પણ સાથે સાથે તેનું ખમીર, જુસ્સો અને દુશ્મનો સામે લડવાની ધગશ સહેજ પણ ઓછાં થયાં નથી. તે પત્રોમાંથી કેટલાક અંશો :

''બાપુ, અમારી હિંમત અને જુસ્સો અનન્ય છે. ટાંચા વ્યવસ્થાકીય સાધનો અને પુરવઠો પૂરતો નહીં હોવા છતાં જે રીતે આપણું લશ્કર કામગીરી બજાવી રહ્યું છે તે ખરેખર પ્રશંસનીય છે. અંકુશ રેખા તરફની અમારી દોડમાં અમારા કેટલાક ટંક ભોજન વિનાના ગયા છે. જ્યારે કંઈ ન મળ્યું હોય ત્યારે માત્ર બરફ ખાઈને પેટમાં ભાર નાખ્યો છે. ફાટેલાં, બંધબેસતાં ન હોય તેવાં કપડાં ને તૂટેલાં ઓજારોથી કામ ચલાવીએ છીએ. પણ હું તમને ખાતરી આપું છું કે ૧૧ રાજપૂતાના રાઈફલ્સના સૈનિકો અમે બધી લડાઈઓમાં ઝળકી ઊઠીશું. તમેઅમારા થકી ગર્વ અનુભવશો.''

''ધીમે ધીમે અમે શહીદ થયેલા સાથીઓની ગેરહાજરીથી ટેવાતા જઈએ છીએ અને તેમના મોતનો બદલો લેવા અધીરા બનીએ છીએ.''

''બાપુ, મેં મારી ફરજ સારી રીતે બજાવી છે. અમારા સાથીઓ ગુમાવ્યાનું મને દુઃખ છે, પણ ધીરે ધીરે હું પરિસ્થિતિને સ્વીકારતો જાઉં છું. અને શ્રેષ્ઠ કામગીરી બજાવી છે.''

''સત્ય તો એ છે કે અમે અમને સોંપેલી જવાબદારીઓ કરતાં ઘણા આગળ વધ્યા છીએ.''

''અમે અમારા સૈનિકો પાસેથી ગજા ઉપરાંતનું કામ લીધું છે. તેઓ પણ સંજોગના તકાજાને માન આપીને પૂરા જોશમાં ઝૂમી રહ્યા છે.''

''અમે હવે નવી રક્ષણ હરોળ માટેની ખાઈઓ ખોદી રહ્યા છીએ. હું પોતે પણ સૌની જોડે કામ કરું છું અને એટલે મારા બન્ને હાથમાં છાલાં પડી ગયાં છે, પણ અહીં તો એકે એક હાથ કામમાં હોવો જોઈએ.''

કેટલી કપરી કામગીરી આ જુવાનોને માથે આવી છે તેનો ખ્યાલ આપણને મુંબઈમાં સગવડભર્યા વાતાવરણમાં મહાલતાં મહાલતાં ન જ આવે. સંજયને પહેલા તો ભરશિયાળામાં ત્રણ મહિના માટે સિયાચીન ગ્લેસિયરના વિસ્તારમાં ૧૯,૫૦૦ ફૂટની ઊંચાઈએ ફરજ પર મોકલવામાં આવ્યો. ત્યાં પહોંચવું જ દુર્ગમ છે. રહેવાની તો વાત જ ક્યાંથી થાય? કારણ કે, ત્યાંનું ઉષ્ણતામાન -૪૦ અંશ સેન્ટિગ્રેડ છે. આપણા સૈનિકોને ત્યાં મોકલવા માટેનો ખાસ કોર્સ હોય છે. પસંદગી પામ્યા પછી પ્રથમ તો તેમને ચંડીગઢથી લશ્કરી વિમાનમાં લેહ લઈ જવામાં આવ્યા. લેહથી ટ્રકમાં રોડ મારફતે બેઝ કેમ્પ સુધી. ત્યાર પછી ખરી કસોટી શરૂ થઈ અને તે હતી શરીરને ત્યાંના વાતાવરણથી અનુકૂળ બનાવવાની. પહેલાં તેમને પગપાળા બે હજાર ફૂટ ઊંચે ચડવાનું કહેવામાં આવે. તે ઊંચાઈએ આખો દિવસ ગાળવાનો. સાંજે પાછા આવવાનું. બીજે દિવસે તેથી વધારે ઊંચાઈએ અને વધારે લાંબા સમય માટે ત્યાં રોકાવાનું. એમ કરતાં કરતાં દસેક દિવસે સૈનિકને ગ્લેસિયર ઉપર ૧૯,૫૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચીને રહેવાનું કહેવામાં આવે. આમાં જો કંઈ કચાશ આવે તો હવામાં પ્રાણવાયુ સાવ ઓછો હોવાને લીધે અને હવા જ મૂળે બહુ પાતળી હોવાને કારણે પાલ્મોનરી ઓડિયાનો ભયંકર કહી શકાય તેવો ફેફસાંનો રોગ લાગુ પડે. સૈનિકને તરત જ પાછો લાવવો પડે અને ફરજમાંથી મુક્ત કરીને મેદાનો ઉપરની કોઈ હૉસ્પિટલમાં સારવાર માટે મોકલવા પડે. આ રોગ આજીવન સૈનિકનો કેડો છોડે નહીં. મારા એક મિત્ર કર્નલ મલ્હોત્રા લડાખમાંથી આ રોગ લઈ આવ્યા. લશ્કરી નોકરીમાંથી રાજીનામું આપવું પડ્યું અને અત્યારે તબિયત સાચવતાં સાચવતાં આપણી માફક સર્વસામાન્ય નાગરિક જીવન ગુજારે છે.

આ પ્રદેશમાં સતત હિમવર્ષા થતી રહે છે. એવા હવામાનમાં દરેક સૈનિકે લગભગ ૨૫ કિલો જેટલું વજન ઊંચકીને ડુંગરા ચડવાના હોય છે. તેમના ભાથામાં રાઈફલ અથવા સ્ટેનગન, કારતૂસો, ખોરાક, સૂઈ જવા માટેનું ખાસ બેડિંગ અને ઠંડીથી રક્ષણ માટે ગરમ કપડાં હોય છે. કેટલીક વખત સાથે કારતૂસો અને અન્ય દારૂગોળો વગેરે વધારે લઈ શકાય એ માટે ખોરાક સામગ્રી ઓછી કરી નાખે. આપણા જવાનો માટે બરફમાં પહેરવાના ખાસ બૂટ ઉપલબ્ધ નથી. હવે મોકલવાની શરૂઆત થશે. આપણા સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડીસના ખાસ આગ્રહને પરિણામે હિમાચ્છાદિત પ્રદેશોમાં બંકરમાંથી નીકળીને ૧૦૦-૨૦૦ મીટરના વિસ્તારમાં ફરવાનું જવાનો માટે શક્ય બન્યું છે. તેમને ખાસ ડિઝાઈન કરેલાં સ્કૂટર્સ આપવામાં આવ્યાં છે. હવે હેલિકોપ્ટરોનાં ઉડ્ડયનો પણ વધ્યાં છે અને ખાદ્યપદાર્થો અને અન્ય જરૂરિયાતો વધુ પ્રમાણમાં પહોંચાડવામાં આવે છે.

ભારતીય લશ્કરની વિશિષ્ટતા એ છે કે તેના વરિષ્ઠ અધિકારીઓ, કર્નલ અને મેજરની કક્ષાના અમલદારો, સામાન્ય સૈનિકોની જેમ જ પોતાનો ભાર પોતે જ ઉઠાવતા હોય છે. તેમને માટે જુદા પોર્ટર રાખવામાં આવતા નથી. ખોરાક પણ બધાનો સરખો જ હોય છે. આને કારણે તેમનો જુસ્સો અને ઉપરીઓ તેમ જ સૈન્ય પ્રત્યેની વફાદારી ઉચ્ચતમ હોય છે. સંજયની ૧૧-રાજપૂતાના રાઈફલ્સને મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં સિયાચીન ગ્લેસિયરથી બટાલિક ઉપક્ષેત્રમાં ખસેડવામાં આવી. ઉદ્દેશ-૧૭,૫૦૦ ફૂટ ઊંચે તૂર્કોક શિખર કબજે કરવાનો. અપાર ઠંડી, કબજે કર્યા પછી પણ પેટ્રોલિંગ ના થઈ શકે. એક સાથે બે દુશ્મનોની સામે લડવાનું - હવામાન અને ઘૂસણખોરો. વાતાવરણ ધૂંધળું હોય અને દૃશ્ય ક્ષમતા ઓછી હોય એવા સમયમાં જ આજુબાજુ પેટ્રોલિંગ કરી લેવાનું.

હજી પણ યુદ્ધ પૂરું થયું છે તેમ કહી શકાય કે કેમ તે સમય કહેશે. આ સૈનિકોની બહાદુરીને પરિણામે આપણે જીત્યા અને હવે તો સંજય અને તેના જેવા બીજા લડવૈયા યુદ્ધ મેદાનમાંથી હેમખેમ પાછા આવે એ માટે મીટ માંડીને બેઠા છીએ.

આ આખી કથામાંથી આપણે સમજવા જેવું શું છે? આ છોકરાઓએ જાનની બાજી ખેલી ત્યારે આપણે શેર-સટ્ટા કર્યા. એમના જાનની સટોસટ આપણે સેન્સેક્સ આજે ઊંચો તો કાલે નીચો કરવામાં પડ્યા. આપણા વેપાર ધંધા ચાલુ રહ્યા. આપણી ક્લબો અને રેસ્ટોરાં ધમધોકાર ચાલ્યાં. આપણે લગ્નોમાં મહાલ્યા, આપણે પાર્ટીઓ માણી. આ બધું કેમ બની શક્યું? કારણ કે સંજય અને તેના જેવા આપણા હજારો યુવાનો મરવા તૈયાર હતા કે જેથી આપણે જીવી શકીએ.

કોઈ નગુણી પ્રજા જ તેના સૈનિકોના શૌર્ય અને શહીદીને વિસારે પાડી શકે. આપણે એવા ન બનીએ. ❑❑❑

# જૈન ચિત્રકળામાં પ્રકૃતિ અને સંસ્કૃતિની રમણીયતા

**ડૉ. રેણુકા પોરવાલ**

**પરિચય :**

**અ**વિરતપણે સદા વહેતો જૈન શ્રેષ્ઠીઓનો દાનનો પ્રવાહ જાણવો હોય તો એ શિલ્પ અને ચિત્રકળાથી સુશોભિત દેવાલયો અને હસ્તપ્રતોમાં દૃષ્ટિગોચર થાય છે. કળાના સંવર્ધનનું કાર્ય ચતુર્વિધસંઘની દીર્ઘ દૃષ્ટિ સૂચવે છે. ભારત દેશે જગતને અધ્યાત્મ, અહિંસા અને પર્યાવરણનો સંદેશ આપ્યો. આ ઉપદેશને પોતાની હાથની આંગળીઓની કરામતથી પત્થર, તાડપત્ર કે કાગળ જેવા માધ્યમ પર ઉતારી લોકો સમક્ષ કલાકારોએ રજૂ કરી દીધો. જૈનશાસનમાં સમયે સમયે થયેલા રાજા મહારાજાઓ અને મંત્રીઓએ સ્થપિતો, કારીગરો અને કલાકારોને પ્રોત્સાહન તથા ધન આપી તેમના મહામૂલા કસબને જીવંત રાખ્યો.

અધ્યાત્મના માર્ગે ગતિ કરવાનું શ્રેષ્ઠ સાધન તીર્થંકરોની સ્તુતિ છે. પ્રભુના પંચકલ્યાણક અને મહાપુરુષોના જીવન પ્રસંગોના વર્ણનો અને તેમના પ્રત્યેનો ગુણાનુરાગ સાધકમાં પ્રભુ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવે છે. સાધક પોતે મહાપુરુષોના આદર્શોને સતત સ્મરણમાં રાખી નિજાત્માને પરભાવમાંથી સ્વભાવમાં રમણ કરાવે છે. પૂર્વાચાર્યોએ સામાન્ય જીવ પણ આત્માની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે માટે સાધના કરવા માટેનાં સ્થળોમાં વિવિધતાને પ્રોત્સાહન આપ્યું. આ વિવિધતાએ શિલ્પકળા અને ચિત્રકળાના વિકાસમાં અદ્વિતીય ફાળો આપ્યો. દેરાસરોમાં ભીંતીચિત્રો તથા સ્તંભોમાં શિલ્પોની સાથે ચિત્રકળાનો સંગમ અને હસ્તપ્રતોમાં મહાપુરુષોની કથાને અનુરૂપ મીનિયેચર પેઈન્ટિંગ - લઘુ ચિત્રકળા, એ કળાની ચરમ સીમાઓ છે.

જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો અહિંસા, અપરિગ્રહ, તપ, ત્યાગ અને પર્યાવરણને જાળવવાનો ઉપદેશ ચિત્રકળાના માધ્યમથી લોકહૃદય સુધી કેવી રીતે પહોંચે છે તે અહીં જોશું.

**ચિત્રકળાના પ્રાચીન ઉલ્લેખો :**

આગમ શાસ્ત્રોની રચના સમયે પણ ઉત્તમ ચિત્રોનું સર્જન થતું હતું એમ આવશ્યકસૂત્રની ટીકા અનુસાર જાણવા મળે છે. એની કથા પ્રમાણે રાજદરબારમાં એક કલાકારે મયૂરપંખનું ચિત્રણ



એવી કુશળતાથી કર્યું હતું કે રાજાએ એને સાચું સમજીને હાથમાં લેવા પ્રયત્ન કર્યો. અન્ય એક કથામાં પ્રભુ પાર્શ્વનાથના જીવનનો પ્રસંગ વર્ણવેલો છે. શ્રી પ્રભુ પાર્શ્વનાથ રાણી પ્રભાવતી સાથે વસંતઋતુમાં વનમાં જાય છે. ત્યાં એક સુંદર પ્રાસાદ જોઈ તેઓ અંદર આરામ માટે પ્રવેશે છે. પ્રભુની નજર ત્યાં ચિત્રણ કરેલા એક ચિત્ર પર પડે છે. ચિત્રમાં અરિષ્ટનેમિના લગ્નની બારાતનો પ્રસંગ દર્શાવ્યો હતો કે નેમિનાથજી પશુઓનો પોકાર સાંભળીને લગ્નના માંડવેથી રથ પાછો વાળી દીક્ષા લેવા માટે પ્રયાણ કરે છે. આ ચિત્રણ જોતાં પ્રભુ પાર્શ્વનાથને પણ વૈરાગ્ય આવે છે અને તેઓ સંયમ માર્ગે પ્રયાણ કરે છે. અહીં ચિત્રમાં વ્યક્ત થતો

અહિંસા અને સંસાર ત્યાગનો સંદેશ પાર્શ્વનાથજીને સ્પર્શી ગયો અને તે ચિત્ર તેમના સંયમ માર્ગનું કારણ બન્યું. પંડિત વીર વિજયજીએ પણ પંચકલ્યાણકની પૂજામાં એનો ઉલ્લેખ કર્યો છે.

॥ રાણી સાથ વસંત મેં, વન ભીતર પેઠે,
પ્રાસાદ સુંદર દેખકે, ઉહાં જાકર બેઠે,
રાજિમતી કું છોડ કે, નેમ સંજમ લીના...
ચિત્રામણ જિન જોવતે વૈરાગે ભીના...॥

(શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા)

તે સમયે ચિત્રકામ શીખવવા માટે ચિત્રશાળાઓ હતી અને તેમાં રાજા-રાણી-કુમારો અને સામાન્યજનો પણ એ કળા શીખીને તૈયાર થતાં હતાં. વૈષ્ણવ સંપ્રદાયમાં હવેલી અને મંદિરોમાં કૃષ્ણ ભગવાનની રાસલીલાના અદ્ભુત ચિત્રો ઘુમ્મટ અને દીવાલોની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

અન્ય પ્રાચીન ઉલ્લેખમાં જૈનોની ૨૦૦૦ વર્ષ પ્રાચીન શીલાલેખયુક્ત સરસ્વતીમાતાની પ્રતિમાની ગણના થાય. એમના એક હાથમાં સુંદર કલામય રીતે ગૂંથણી કરી હસ્તપ્રતોનો સમૂહ જોઈ શકાય છે. આ પ્રમાણે ભીંતી-ચિત્રો અને લઘુચિત્રોનો ઈતિહાસ આજે પણ ગુફાઓ અને હસ્તપ્રતોમાં જળવાયેલો છે.



કલાકારો ઘણી જ ચીવટથી વિવિધ રંગોનો ઉપયોગ કરી ફૂલ, પત્તિ, વેલ, પ્રાણીઓ, વન-ઉપવનનાં ચિત્રોને ઘણી જ મહેનતથી તૈયાર કરતાં. ભીંતીચિત્રોમાં એલોરા, સીતાના વત્સલ જેવી ગુફાઓ તથા અમદાવાદ, કપડવંજ, સુરત, બિકાનેર, રતલામ જેવા નગરોના દેરાસરોમાં કાળજી-પૂર્વક સુરક્ષિત જોઈ શકાય છે.

**લઘુ ચિત્રો :**

લઘુ ચિત્રો અને હસ્તપ્રતોમાં મુખ્યત્વે યશોધર રાજાની અહિંસા પર આધારિત કથાનો ચિત્રસંપુટ, કાલકાચાર્યની વીરરસને ઉજાગર કરતી શૌર્યકથાનાં ચિત્રો. તીર્થંકર માતાને પ્રભુના જન્મ સમયે આવેલા ૧૪ કે ૧૬ સ્વપ્નો, સંગીતના રાગો પર આધારિત રાગમાળાનાં ચિત્રોનો સમાવેશ થાય છે.


આ ચિત્રોમાં નાયકની કથા તથા એમાં રહેલા ઉપદેશના તત્ત્વને સમજવાનું હોય છે. એમાં પર્યાવરણને સમતોલ રાખવાનો સંદેશ ઉપરાંત એમાં જૈન સિદ્ધાંતનું નિરૂપણ હોય છે. દા.ત. લેશ્યાના સિદ્ધાંતને સમજવો હોય તો માનવીની મનોદશાનું ચિત્રણ અને એના સ્વભાવને જાણવો જોઈએ. જૈન ધર્મમાં કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, તેજોલેશ્યા વગેરે ૬ લેશ્યાનું વર્ણન આવે છે જેને આપણે Aura પણ કહી શકીએ. એના માટે ૬ મિત્રો જંગલમાં જાય છે અને તેમને ભૂખ લાગે છે ત્યારે કૃષ્ણલેશ્યા વાળો માનવી સંપૂર્ણ ઝાડ કાપવાનું સૂચન કરે છે એમ ચિત્રોમાં દર્શાવવામાં આવે છે. જ્યારે શુક્લલેશ્યાથી યુક્ત માનવી વૃક્ષની નીચે પડેલા જાંબુ લેવાનો આગ્રહ કરે છે. આમ આવા ચિત્ર વડે માનવી એક નજરે એમાં રહેલા સંદેશને ઓળખે છે. ચિત્રમાં લઘુસંગ્રહણીની ૧૪મી સદીની હસ્તપ્રતમાંથી ચિત્ર આપ્યું છે.

**કાલકાચાર્યની કથાનાં ચિત્રો :**

કલ્પસૂત્રમાં પરિશિષ્ટ તરીકે કાલકાચાર્યની કથા સાથે એના સુંદર ચિત્રોના દર્શન કરાવવાની પ્રથા જૈન સંઘમાં પ્રચલિત છે. આ પરંપરાનો ઉદ્દેશ્ય કળાના માધ્યમથી સમાજને અહિંસાનો ખરો અર્થ સમજાવવાનો છે. પ્રાચીન સમયથી જ લઘુચિત્રોવાળી હસ્તપ્રતો તૈયાર કરાવીને દર્શન માટે ભેટ આપવાની પ્રણાલી હતી માટે આજે આપણી પાસે લાખોની સંખ્યામાં આવી પ્રતોનો સંગ્રહ છે.

કાલક નામના આચાર્ય આજથી લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ વર્ષ પૂર્વે થઈ ગયા. તેઓ અવંતિ (ઉજ્જૈન)ના વતની હતા. પૂર્વાશ્રમમાં તેઓ બાણ ચલાવવામાં ઘણા જ નિપુણ હતા. એકવાર અવંતિના રાજા ગર્દભીલે જૈન સાધ્વી સરસ્વતીનું અપહરણ કરાવી કેદમાં રાખી. જૈન સંઘ અને કાલકાચાર્યે ઘણી વિનંતીઓ રાજાને કરી છતાં તેને મુક્ત કરવામાં નહિ આવી. આ અન્યાય સામે કાલકાચાર્યે બુદ્ધિથી કામ લીધું કારણ કે એ રાજા પાસે ગર્દભી વિદ્યા હતી જેને કારણે એક જ મિનિટમાં મોટો નરસંહાર થઈ શકે. તેઓ સૌરાષ્ટ્રના માર્ગે આગળ જઈ શક રાજાને લશ્કર સહિત તેડી લાવે છે. તેમને બાણવિદ્યા શીખવાડે છે. યુદ્ધના મેદાનમાં કાલકાચાર્ય તેમને યાંત્રિક ગર્દભ પર બાણ ચલાવવા કહે છે જેથી એમાંથી ધ્વનિ જ નહીં નીકળે. ગર્દભીલ રાજા હારી જાય છે અને સાધ્વી સરસ્વતી મુક્ત થાય છે તથા પ્રાયશ્ચિત લઈ ફરી સાધ્વી સંઘમાં જોડાય છે.

આ ચિત્રો જોતાં અહિંસા અર્થાત ડરપોકતા કે કાયરતા નહિ જ એ સમજાય છે. ઉપરાંત જ્યારે જૈન સંઘ પર કોઈ આફતો આવે



ત્યારે આચાર્ય મહારાજે તેનો મુકાબલો હિંમતથી કરવો, એવો બોધ વ્યક્ત થાય છે. કાલકાચાર્યના ચિત્રમાં એક તરફ રાજા ગર્દભીલ અને બીજી તરફ આચાર્યકાલક બિરાજેલા છે. રાજાના સિંહના આસન પર સુંદર છત્ર છે જે કાળા રંગનું ચિત્રણ કરેલું છે તે આવનારી સમસ્યાઓ દર્શાવે છે. નીચે દર્શાવેલા બે ઘોડા તેના વિશાળ લશ્કરની માહિતી આપે છે. કાલકાચાર્યની ઉપર ત્રણ બાણ થકી વિજય ધ્વજ બતાવ્યો છે તથા નીચેના બે સિપાઈઓ શકસૈન્યની સેનાનું સૂચન કરે છે. આચાર્યશ્રી વીરપુરુષની જેમ બિરાજીને ઉપદેશ આપે છે. આ લઘુચિત્ર શૈલીની વિશેષતા એ છે કે જ્યારે કોઈ વ્યક્તિનો ચહેરો એક તરફથી બતાવવામાં આવે ત્યારે એની બીજી આંખ પણ બતાવાય છે. ચહેરામાં હડપચીનો આકાર હંમેશાં ત્રિકોણ રાખવામાં આવે છે.

**રાગમાળા ચિત્રકળા :**

રાગમાળા ચિત્રકળાને સંગીત, રાગ અને ચિત્રનો ત્રિવેણી સંગમ કહી શકાય. મધ્યકાળમાં ગુરુ મહારાજાઓ સંગીતના રાગ-રાગિણીના ચિત્રો તૈયાર કરાવતા હતા. આ ચિત્રશૈલીનો વિકાસ પાટણ, બુંદિ, કોટા, જયપુર, કિશનગઢ, નાથદ્વારા વગેરે નગરોમાં થયો, પૂરણચંદ્રજી નાહરના 'કુમારસિંહ ભવન'માં રાગ રાગિણીનાં ચિત્રોનો ઘણો મોટો સંગ્રહ છે.

જ્યારે આત્માને કંઈક વ્યક્ત કરવાની ઈચ્છા જાગૃત થાય ત્યારે હૃદય અને મન એમાં જોડાય છે સાથે કુંડલીનીમાંથી નાદ ઉત્પન્ન થાય છે અને રાગ ઉત્પન્ન થાય છે. રાગ-રાગિણીમાં સાત સ્વરોનું (સા...રે...ગ...મ...પ...ધ...ની) સંયોજન હોય છે. મુખ્યત્વે ૬ રાગો છે. ભૈરવ, માલકૌંસ, હિંડોલા, દીપક, શ્રી અને મેઘા છે. આ દરેકની પાંચ પત્નીઓ હોય છે જે રાગિણી તરીકે ઓળખાય છે. તેમને પુત્રો પણ હોય છે. આમ રાગરાગિણીનો સંપૂર્ણ પરિવારના ઘણાં ચિત્રો સત્તરમી સદીથી લઈ વીસમી સદી સુધી તૈયાર થયાં છે. એમાં જૈનશ્રેષ્ઠિઓનો ફાળો પણ સવિશેષ રહ્યો. જૈન ગ્રંથભંડારોમાં ઘણાં રાગમાલા ચિત્રો સંગ્રહિત થયા છે.

પ્રાચીન રાગમાલાના ચિત્રોના સમૂહો ઈ.સ. ૧૩૫૦માં વાચનાચાર્ય શુદ્ધકલશજીનો ગ્રંથ સંગીતોપનિષદ-સારોદ્ધાર, ઈ.સ. ૧૫૦૦માં જયસિંહસૂરિના સચિત્ર કલ્પસૂત્ર વગેરેમાં જોવા મળે છે. ગુજરાત પછી આ કળા મેવાડી, રાજસ્થાની, પહાડી, બિકાનેરી વગેરે કળાના ક્ષેત્રોમાં વિકાસ પામી. ચિત્રમાં એક યુગલ હિંડોળા પર ઝૂલે છે અને દાસીઓ એ ઝૂલાને હિંચોડે છે. ઉપવનમાં



ખીલેલાં પુષ્પો, પશુ પક્ષીઓ જોઈ શકાય છે. વસંત રાગને રાગિણીનાં ચિત્રમાં રંગની પિચકારી, ઢોલ, પખવાજ, રંગબેરંગી કુસુમ, જળ ભરેલા કુંભ, વગેરેનું ચિત્રણ હોવાથી એ ચિત્ર વસંત રાગ-રાગિણીનું છે એમ અનુભવાય છે. ચિત્રમાં ઉપરની તરફ રાગનું વર્ણન આપેલું હોય છે.

❑❑❑

1105-A, ઝેનીથ ટાવર,
પી.કે.રોડ, મુલુંડ (વેસ્ટ)
મો. ૯૮૨૧૮૭૭૩૨૭

પંથે પંથે પાથેય

# ૩૦ દિવસની અંતરયાત્રા (વિપશ્યના સાધના)

લેક્ષ કેનિયા

જે દિવસની રાહ જોવાની હતી તે દિવસ આવી પહોંચ્યો. અમે ત્રીસ દિવસની અંતરયાત્રાવાળા અને બીજા ૬૦, ૨૦ દિવસની અંતરયાત્રા વાળા, ઝીરો દિવસે December 24, 2018 ના કોર્સના દિવસે સાંજે પાંચ વાગ્યા પહેલાં મુંબઈ પરિસરના ટિટવાલા સેંટર ઉપર આવી પહોંચ્યા. સિનિયર મેડિટેશન (ધ્યાન) શિક્ષક શ્રી વિશ્વંભર દાહોટ અને શ્રીમતી પણ સમયસર આવી ચૂક્યાં હતાં. સેંટરની મેનેજમેંટ રજિસ્ટ્રેશન કરાવી, રૂમ ફાળવી, ચાદર, બ્લેન્કેટ, ખોળ, કવર વગેરે આપી તથા એલાર્મ ક્લોક કે સ્લીપર જેવી વસ્તુઓ જો ભુલાઈ ગઈ હોય તે આપી ને સાંજનું ડીનર પીરસ્યું. ૩૦ દિવસના આ ગંભીર કોર્સ માટે સેન્ટરનું તમામ રિપેરકામ, ડેવલપમેંટ વર્ક બંધ રાખવામાં આવેલ ને ધ્યાન હોલ અને ધ્યાનના સેલની સંપૂર્ણ સફાઈ કરાવીને ધ્યાન ગાદીઓ, ખુરશીઓ તેમ જ ..... અને એક્સ્ટ્રા તકિયા વગેરે આગળથી જ તૈયાર રાખેલ. ૩૦ દિવસ માટે સેન્ટરનો આઉટર દરવાજો બંધ કરવામાં આવ્યો ને ૩૦ દિવસની અંતરયાત્રાની શરૂઆત સાંજે ૭ વાગ્યાથી થઈ ગઈ. બુક્સ, લેખનસામગ્રી, મોબાઈલ, વોલેટ વગેરે સેફમાં મૂકી દેવાયા.

નિયમો : ૩૦ દિવસની ગંભીર અંતરયાત્રા કરવા માટેના નિયમો હોય છે.

(a) આઠ શીલનું કડકાઈથી પાલન કરવું

(૧) સત્ય (૨) બ્રહ્મચર્ય (૩) અચોરી (૪) અહિંસા (૫) માદક પદાર્થ ત્યાગ (૬) મધ્યાહ્ન પછી ભોજન ત્યાગ (૭) આરામદાયક શયનનો ત્યાગ (૮) શણગાર, પ્રસાધન અને મનોરંજનનો ત્યાગ.

(b) Qualificaiton: બધા જ સાધકો ''જૂના સાધકો'' હતા. જેમણે ઓછામાં ઓછા પાંચ અથવા ૧૦ દિવસના કોર્સ કરેલ. બે વર્ષથી વધુ વિપષ્યના ધ્યાનની પ્રેક્ટિસ હતી, સવાર સાંજ બે વખત એક કલાક ધ્યાનની પ્રેક્ટિસ જાળવતા હતા ને ધ્યાન પદ્ધતિને તેના થતા ફાયદાથી વાકેફ હતા. સતી પઠાન શિબિર પણ કરેલ હતી ને ઓછામાં ઓછા બે વખત કોર્સ દરમ્યાન સેવા આપીને બીજા સાધકોનું ધ્યાન કેમ સફળ થાય તેની તકેદારીથી માવજત કરેલી હોય. તદ્ઉપરાંત છેલ્લી શિબિરના શિક્ષકનું પ્રમાણપત્રક મેળવેલું હોય.

**આના પાન ધ્યાન :** ૩૦% જેટલો સમય એટલે કે ૩૦ દિવસની અંતરયાત્રાવાળા માટે દસ દિવસનું આનાપાન ધ્યાન કરવાનું હતું. જેમાં આંખો બંધ રાખીને શ્વાસ પ્રેક્ષા કરવાની હોય. નાકનાં નસકોરાં નીચેના અને ઉપરવાળા હોઠની ઉપરના નાનકડા હિસ્સા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી લાંબા સમય સુધી શ્વાસનું આવાગમન નિહાળવાનું હોય. ધીમે ધીમે શ્વાસ મંદ પડતો જાય, ક્યારેક ખોવાઈ જાય ત્યારે પ્રયત્ન કરતા રહેવાનો કે હજુ પણ એવા શ્વાસની નોંધ ચીત લે. ધ્યાન એક જ જગ્યા પર હોય અને દ્વારપાલની જેમ અંદર અને બહાર આવતા જતા શ્વાસની નોંધ લેવાની હોય. સાથે સાથે શ્વાસના ઉષ્ણતામાન કે ઉપર નીચે થતી ગતિની પણ જાણ કેળવવાની હોય. ખાસ એ ખ્યાલ રાખવાનો હોય કે જેમ દ્વારપાલ ગેટની અંદર ન જાય અને ગેટ છોડીને બહાર પણ ન જાય તેમ તમારું ધ્યાન એક જ જગ્યાએ જ્યાં શ્વાસ શરીરને નસકોરા નીચે અડતો હોય એ અનુભૂતિ કરતો રહે, નિરંતરતાથી.

**સમય સારણી :** સવારના ૪ વાગ્યે ઘંટ વાગે ને ઊઠી જવાનું. ૪:૩૦ વાગ્યાથી ૬:૩૦ વાગ્યા સુધી હોલમાં, સૂન્યાગારમાં કે રેસિડેન્સીયલ ક્વાટરમાં ધ્યાનની પ્રેક્ટિસ કરવાની ત્યારબાદ ૬:૩૦ થી ૮:૦૦ વાગ્યા વચ્ચે સવારનો નાસ્તો અને પ્રાતઃ ક્રિયા. ૮ થી ૧૧ વચ્ચે ફરી ધ્યાન. એક એક કલાકનાં ત્રણ શેશન. ૧૧ થી ૧ વાગ્યા સુધી લંચ અને આરામ.

૧૨ વાગ્યે શિક્ષક સાથે પ્રશ્નોતર થઈ શકે. મૂંઝવણનો નિકાલ કરી શકાય તેટલું બોલવાની છૂટ. નહીં તો આર્ય મૌન. આર્ય મૌન એટલે ઈશારાથી પણ પરસ્પર વાતો નહીં કરવાની. નજર પણ ન મેળવવાની અને બની શકે ત્યાં સુધી નજર નીચે રાખી, ગંભીરતાથી સચેત રહીને ચાલવાનું, ઊઠવાનું, બેસવાનું કે લેટવાનું. બાજુવાળાને જરા પણ ડીસ્ટર્બ ન થાય એની તકેદારી રાખવી. દરવાજા બંધ કરતી કે ખોલતી વખતે ઓછામાં ઓછો અવાજ થાય તે તકેદારી રાખવી. ધર્મસેવકો જોડે જરૂર પડે તો જ બોલવું, ઓછામાં ઓછું. સત્ય જ બોલવું, દવાઓવાળા માટે દૂધ, પાણી વગેરેની છૂટ. તદ્ઉપરાંત આખો દિવસ ગરમ પાણી, અદરખવાળું પાણી અને RO વોટરની વ્યવસ્થા હતી.

૬ થી ૭ : ધ્યાન

૭ થી ૮ : ગુરુજી સત્યનારાયન ગોયંકાજીનું પ્રવચન

૮ થી ૯ : થઈ શકે ત્યાં સુધી ધ્યાન કરતાં રહી સજાગતાથી જાગૃત રહેવાનું જ્યાં સુધી ઊંડી ઊંઘ ન આવી જાય.

૯.૩૦ : વાગ્યા પછી લાઈટ બંધ

જરૂર જણાય ત્યારે સાધક ઊઠીને લટાર મારી શકે, કુદરતી ક્રિયાઓ માટે જઈ શકે. પાણી વાપરી શકે પણ બધું સજગ રહીને.

**Focus :** ધ્યાન કરતાં કરતાં એ ધ્યાન રહે કે બધું જ બદલાઈ

રહ્યું છે. બધું જ અનિત્ય છે. ઉત્પાદ વ્યય સતત થતો જ રહે છે. જેમ બહાર થાય છે તેમ અંદર પણ સતત બધું જ બદલાય છે, અનિત્ય છે. બી અંકુરે છે. વિકાસ પામે છે, મૂળિયા વિકસે છે, પાંદડા વિકસે છે. થડ, દાડીઓ વિકસે છે. મોટાં થતા. ફળ આવે છે, પણ એકને એક દિન તે જરજરીત થઈને વ્રદ્ય થાય છે અને નષ્ટ થાય છે. તેમ જ બાળક જન્મે છે, મોટું થતું જાય છે, ચાલે છે, દોડે છે, સ્કૂલે જાય છે, પરણે છે, ફેમિલી બને છે, બાળકો જન્મે છે, યુવાની પછી એક દિવસ વૃદ્ધત્વમાં પરિવર્તન થાય જ છે અને અંતે મૃત્યુનો મેળાપ થાય જ છે. આમ પરિવર્તન જ સંસારનો નિયમ છે અને એ કુદરતના નિયમોની અનુભૂતિ અંતરયાત્રામાં કરવાની રહે છે. ધ્યાન સાધના દરમ્યાન મનની અંદર રહેલા વિકાર બહાર આવવા લાગે છે. દ્વેષ, ભય, અજંપો, પ્રીતિ, આશક્તિ જેવા અનેક વિકારો છતા થવા લાગે છે. તેને શાંતિથી અનુભવવાના હોય છે. જાગૃત થઈ નિહાળવાના હોય છે, કોઈ પણ અપેક્ષા વગર અને તે બધા પણ અનિત્ય છે તેની અનુભૂતી કરવાની હોય છે. આમ અનિત્યની અનુભૂતિ કરતાં કરતાં જ્યારે નિત્ય સામે આવશે ત્યારે તેને પણ અનુભવવાનું રહ્યું.

આનપાનના દિવસો પસાર થવા લાગ્યાં એક, બે, ત્રણ, ચાર...ગુરુજીનાં પ્રેરણા આપતાં વ્યાખ્યાનો વધુ ઉંડાણમાં જવા લાગ્યા. શ્વાસનો મન સાથે ખૂબ જ અગત્યનો સંબંધ છે. જ્યારે જ્યારે મન શરીર સાથે સ્પર્શ કરે છે ત્યારે વેદના થાય છે. વેદના સુખદ પણ હોય, દુ:ખદ પણ ને ન્યૂટ્રલ પણ હોય. એટલે વિપશ્યનાની ભાષામાં તેને સંવેદના કહેવામાં આવે છે. આવી સંવેદનાઓ શરીર ઉપર દરેકે દરેક ક્ષણ થતી જ હોય છે અને જ્યારે જ્યારે સંવેદના થઈ કે શ્વાસનો બદલાવ પણ થયો જ. તે કુદરતનો નિયમ છે. શ્વાસની પ્રેક્ષા કરતાં કરતાં સાધક પોતાની અનુભૂતિથી એ જાણતો થાય છે. જેવો વિકાર જાગ્યો કે સંવેદના થઈ ને શ્વાસની ગતિ બદલાઈ જાય છે. આમ શ્વાસ જોતાં સાધક વધુને વધુ જાગૃત થવા માંડે છે. પોતાની અનુભૂતિ ઉપર આવી અનિત્ય-સતત બદલાતી ઘટનાઓની નોંધ લેતા થાય છે અને જે અનિત્ય છે તેના પ્રત્યે રાગ કેવો તેના પ્રત્યે દ્વેષ કેવો? આમ રાગ દ્વેષનો સ્વભાવ બદલાવા લાગે છે. આશક્તિ ઓછી થવા લાગે છે અને આનાશક્તિ પુષ્ટ થવા લાગે છે. સમતા વધવા લાગે છે.

ગુરુજીની પ્રેરણા વધતી રહે છે. હજુ સતત જાગૃત રહો. હવે ચાલતા ચાલતા ઊઠતા બેસતા, બ્રશ કરતાં કે નહાતાં શ્વાસને નિહાળતા રહો. તેની અનુભૂતી કરતા રહો, તેના બદલાવ જાણતા રહો. નજર નીચી ધ્યાન નસકોરાં નીચે. સૂક્ષ્મથી સૂક્ષ્મતા તરફ. સ્વઅનુભૂતિ તરફ. બહારના વિચારોના તોફાન ઓછા થતાં થાય છે. ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં રહેતું ચીત હવે વર્તમાનમાં રહેતું થાય છે. શાંત થાય છે, પોતાનું શરીર પણ સાધકને શાંત થતું જણાય છે.

ગુરુજી કહે છે શ્વાસને હવે ખૂંટે બાંધી રાખો, જ્યાં નસકોરાં નીચે તે અથડાય છે તે ખૂંટો જ છે ને તેની દોરી નાની કરતા જાવ. નિયંત્રણ આવતું જ જશે. લાંબા સમય સુધી તેને નિહાળતા રહો, અનુભૂતિ કરતા રહો. વર્તમાનમાં રહો છો તે પણ અનુભવતા રહો.

**મારી સ્વઅનુભૂતિઓ :** આગળ વધતા દિવસો દરમ્યાન વિવિધ અનુભૂતિઓ થતી રહેશે એમ ગુરુજી કહેતા જ રહેતા, પણ એ બધા જ લાંબા માર્ગમાં આવવાના સ્ટેશનો જ છે એમ જાણવું. ત્યાં અટકી ન જવાય તે ધ્યાન રાખવું. પાંચ ઈન્દ્રીયોની જ અનુભૂતિઓ છે તે સતત ચકાસતા રહેવું જ અને શ્વાસ અથવા સંવેદનાને હંમેશાં સાથે જ રાખવા.

**(૧) રંગો :** સાધનામાં બંધ આંખ હોવા છતાં ક્યારેક સફેદ ક્યારેક કાળા કે બીજા રંગો દેખાવા માંડે. ક્યારેક પ્રકાશ દેખાય. તેમની નોંધ લેતા રહ્યા. આ બધાં જે સ્ટેશનો છે, તે પ્રગતિની નિશાની પણ છે.

**(૨) શાંતિ :** એક દિવસ સવારના ૮ થી ૯ની ગ્રુપ સિટીંગ બાદ અચાનક બધું જ શાંત થઈ ગયું. વિશિષ્ટ પ્રકારની શાંતિ માણવા મળી. શરીર શાંત, મન ખૂબજ શાંત. વિચારો ન આવે કે ન જાય. ન ભૂતકાળ, ન ભવિષ્યકાળ. ફક્ત વર્તમાન જ અને અનોખી શાંતિ. એકાદ કલાક બાદ વિચાર્યું આ ખરેખર સત્ય છે. આટલી બધી શાંતિ હોઈ શકે? દોઢેક કલાક બાદ ઊઠીને ચાલવા મંડ્યો. તો પણ શાંતિ હાજરાહજૂર. વિચારરહિત મન. થોડીવાર ચાલ્યા બાદ આરામ કરવા લેટ્યો. તો પણ એવી જ શાંતિ. જરા ચિંતા થઈ પડી કે આવી શાંતિ કેમ જીરવાય? અને બપોરના જમતી વખતે બધું જ નોરમલ થઈ ગયું. ત્યારે જ્ઞાન થવા માડયું કે આવી શાંતિ લાબો સમય જીરવવા પણ તૈયાર થવું પડશે.

**(૩) વર્તમાનમાં સજગ :** ગુરુજી તો વારંવાર કહેતા કે દરેકે દરેક ક્ષણ વર્તમાનમાં સજગ રહો, શ્વાસ કે સંવેદના ઉપર જ ધ્યાન હોવું જોઈએ ને સાડા ત્રણ હાથની આપણી કાયા ઉપર જ, સૂવા જતી વખતે જ્યાં સુધી ગાઢ નીંદર ન આવે ત્યાં સુધી જાગૃત રહી અનિત્ય, અનિત્ય બોધ સાથે સંવેદના જાણતા રહેવું.

એક દિવસે સવારના ચાર વાગ્યે અનિત્ય સાથે જ આંખ ખૂલી. બ્લેંકેટ હટાવવાની ખબર પડી કે બ્લેંકેટ હટયું અનિત્ય, પગ ઉપડયા, પાસુ ફર્યું અનિત્ય ડાબા હાથ ઉપર ભાર થઈ બેઠો થયો. અનિત્ય પગ નીચે મુકાયા અનિત્ય ઊભા થવાયું... બંને પગ પર ભાર આવ્યો અનિત્ય. બાથરૂમની લાઈટ ચાલું કરી અનિત્ય...ટૂથબ્રશ ઉપાડ્યું અનિત્ય... જમણા હાથે પાણીનો નળ ફર્યા. અનિત્ય આમ સ્વભાવિક રીતે જ ફૂલ જાગૃતિમાં રહેવાયું. જાણે કે અંતરનો સ્વભાવ જ બદલાઈ ગયો હોય અને ફુલ ચેતનાસભર જીવવાની શરૂઆત થઈ ગઈ હોય. અનુપમ શાંતિ તો હતી જ. કપડાં પહેરી,

ઠંડીની ટોપી પહેરી ધ્યાનખંડમાં પહોંચી ને સાધના ચાલુ કરી ત્યાં સુધી આવી જ રીતે ચાલ્યું. જાણે ફરી એકવાર સ્વઅનુભૂતિ પર આવેલું જ્ઞાન કહી રહ્યું હતું કે અનિત્ય બોધ જ્ઞાન દર્શન થઈ રહ્યું છે. સાધનાનો પથ સાચી દિશામાં છે.

**(૪) ગુરુજીના દૃષ્ટાંતો** : ગુરુજી પોતાના ભાષણ દરમ્યાને ખૂબ જ સચોટ દ્રષ્ટાંતો આપીને અમને પ્રેરણા આપતા વારંવાર શીલની અખંડતાને પાલન ઉપર ભાર મૂકતા. સમ્યક સમાધિ માટે શીલની (Morality) ની અત્યંત આવશ્યકતા છે તેની જાણ કરતા જ.

**(૫) દુર્બળ બનેલ ભિક્ષું** : એક ભિક્ષુ સાધક અરણ્યમાં વિપશ્યના સાધના કરતો હતો. જરૂરત પડે ત્યારે ભિક્ષા માટે ગામમાં જઈ જે મળે તે મેળવીને ખાઈને વળી સાધનામાં લીન રહે. એક વખતે તે અત્યંત દુર્બળ થઈ ગયો. માંડ માંડ ઊઠીને ચાલી શકતો. એક દિવસ આવી રીતે ચાલતા ગામ તરફ જતાં એક પાકા ફળ વાળું ઝાડ આવ્યું. ફળોની સુગંધ આવતી હતી. મન લલચાઈ જાય, ભૂખ સંતોષાઈ જાય તેવી ઘડી હતી. પણ ભિક્ષુએ કહ્યું ના આ મારું નથી, કોઈક ખેડૂતનું છે માટે તેના ઉપર મારો અધિકાર નથી. અને એમ વિચારતો અડગ વિશ્વાસ સાથે ત્યાં જ પડી રહ્યો. થોડા વખત પછી એક ખેડૂત નીકળ્યો તેણે ભિક્ષુને જોયો ને પૂછ્યું કેમ છો. આટલા દુર્બળ કેમ છો. તો તેણે કહ્યું ભિક્ષા માટે નીકળ્યો છું. તો ખેડૂત કહે આ ફળો ખાઈ લેવા હતા ને. ત્યારે ભિક્ષુકે કીધું આ મારાં નથી કોઈકના છે. એ ખેડૂતને ભિક્ષુકનાં શીલ માટે ખૂબ જ માન થયું. તેણે પોતાના ખભા ઉપર ભિક્ષુકને ઉપાડીને તેની ઝૂંપડી ઉપર લઈ જવાની વાત કરીને ત્યાં ખાવાનું આપવાની વાત કરી. ભિક્ષુકે મનોમન વિચાર્યું કેટલો ભલો માણસ છે. મારી પત્ની કે મારા છોકરા ન કરે એવું ભલાઈનું કામ આ ખેડૂત કરી રહ્યો છે ને તેમ વિચારતાં વિચારતાં જ ઉત્તમ શીલને ઉત્તમ સાધનાને પરિણામે તે શદાગામી, અનાગામી વગેરે અવસ્થાઓ પ્રાપ્ત કરતો ત્યાં જ નિર્વાણની અનુભૂતિ કરતો મુક્ત થઈ ગયો.

શીલપાલન સાધનાપથ ઉપર ખુબ જ અગત્યનાં છે.

**(૬) હાડપિંજર/પરમાણુના પુંજ** : જેમ જેમ સાધનામાં આગળ વધતા જશો તેમ તેમ તમારી સંજ્ઞા જે હમણાં સંવેદના ઉપર થતાં રાગ અને દ્વેષનું મૂલ્યાંકન આપે છે ને ભવ સંસ્કારો બાંધવાનું કાર્ય કરે છે તે અનિત્યનાં મૂલ્યાંકન આપતી થશે અને આમ પરમાર્થ તરફ કે સત્ય તરફ પ્રગતિ થતી રહેશે. ગુરુજીએ નીચેનો દાખલો આપતાં સ્પષ્ટતા કરેલ.

એક મુમુક્ષુ લાંબા સમયથી જંગલમાં સાધના કરતો હતો ને ખુબ જ પ્રગતિ કરતો રહેલ. તે દરમ્યાન એક પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો, વાત આગળ વધી ગઈને બોલાચાલી થતાં પત્ની ઘર છોડીને તે જંગલ તરફ આવી પહોચી. આ મુમુક્ષુને ઝાડ નીચે બેસીને આંખો મીંચીને ધ્યાન કરતો જોઈ ને જોરથી હસીને આગળ ચાલી ગઈ. થોડો સમય રહીને તેનો પતિ એને શોધતો શોધતો પાછળ આવ્યો ને મુમુક્ષુને પૂછ્યું તે એક ખૂબ જ સુંદર સ્ત્રીને આ વાટે જતાં જોઈ. ત્યારે મુમુક્ષુએ કહ્યું, કોઈક હસતું હતું મારી આંખો ખૂલી ગયેલ અને તે સુંદર હતું કે નહીં તે મને ખબર નથી પણ એક હાડપિંજર જેવું અહીંથી પસાર થઈ ગયેલ.

ફરી આવું બનતાં જ્યારે વાત આવી તો મુમુક્ષુએ કહ્યું કે એક પરમાણુનો પુંજ અહીંથી પસાર થતો મેં જોયેલ.

આપણું શરીર જેવું ઠોશ હમણાં દેખાય છે. આપણે સારું, ખરાબ, સુંદર, કઢંગું વગેરે ઉપનામો સાથે તેને સંબોધતા રહીએ છીએ પણ જ્યારે સાધનામાં પ્રગતિ થતાં તે જેવું છે તેવું અનુભવાતું થાય છે. જ્યારે જાગૃત મન ઊંડાણમાં પ્રવેશતું થાય છે ત્યારે બધી જ સઘનતા પીગળતી જાય છે ને ઠોસ લાગતું શરીર પ્રવાહીની જેમ અનુભૂતિ થાય છે ને આગળ વધતાં પરમાણુંના પુંજ જે અનન્ય તરંગોની સાથે ફરતાં અનુભવાય છે. સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ અનુભૂતિઓ થતી જાય છે અને આમ શરીર ઉપરની આશક્તિ ઓછી થતી જાય છે. સમતા વધતી જાય છે. ધર્મના, કુદરતના નિયમોનો સાક્ષાત્કાર થતો જાય છે. સમજણ વધતી જાય છે, દૃષ્ટાભાવ વધુને વધુ કેળવાતો જાય છે.

(ક્રમશઃ)

❑❑❑

સંપર્ક : ૯૮૬૯૦૩૬૯૦૦

ભવભ્રમણની ભીડમાં ભેરવાયા છતાં,
તને એવી ભીડી બાથ;
કારી બધી કારવી થાક્યો પછી,
માંડ તું આવ્યો મારે હાથ;
રાહમાં તારી ઊભો હું અડગ,
હવે તું તરછોડ કે આપ સાથ;
લાગું હું જો નડતરરૂપ પથ્થર તો,
ઉપાડ હાથમાં કે માર લાત;
મંજૂર! મારા તો બંને ફાયદા
સમાઉં હાથમાં કે પામું જીવનતોલ ઘાત;
શીખવ હવે કાંઈક એવું કે,
તું મને ભીડે બાથ
ને હું આવું તારે હાથ.

-પરાગ શાહ
(૧૨-૦૭-૨૦૧૪)
મો. ૦૯૫૩૭૨૬૫૬૫૬

# ૧ + ૧ = ૧

અધ્યાપક શ્રી તન્મયભાઈ એલ. શાહ

**શું** તમે મથાળુ વાંચીને ચમકી ગયા? આ કયું ગણિત - સમીકરણ? ૧+૧=૨ થાય અથવા ૧ અને ૧ બાજુમાં લખો તો ૧૧ થાય પણ ૧+૧=૧ જ કેવી રીતે થાય?

હા, આ ગણિત બધા જ સાચા છે કોઈ ખોટું નથી, અલગ અલગ દૃષ્ટિકોણથી બધા સાચા છે અને તેનાં ઉદાહરણો પણ મોજૂદ છે. દરેકનો ઉપયોગ પણ અલગ અલગ જગ્યાએ યોગ્યતા પ્રમાણે થાય છે. સામાન્ય ગણિત ૧+૧=૨ ની તો બધાને ખબર જ છે. તથા ૧ અને ૧ સાથે મળી ૧૧ નું ગણિત પણ એકતા-સંપ કરવા માટે બધા જાણે છે. કેટલાક ૧+૧=૧ નું ગણિત પણ જાણતાં હશે પણ મારે અહીં કોઈ અલગ જ દૃષ્ટિથી બતાવવું છે. જે આ ગણિત સમજશે અને અપનાવશે તે ચોક્કસ સુખી થઈ શકશે. એવો અત્યાર સુધી ઘણાના મુખે સાંભળેલો અનુભવ છે. સહુથી પહેલાં આપણે એક દૃષ્ટાંત સમજીએ.

દૂધ ૧ + પાણી ૧= દૂધપાણીવાળું = ૨

દૂધમાં પાણી નાખવાથી વજન - ભાર વધે, તપેલી છલકાય.

દૂધમાં પાણી નાખવાથી દૂધ પાતળું પડે, પૌષ્ટિકતા ઘટે, તાકાત ઘટે.

દૂધમાં પાણી નાખવાથી દૂધનું મૂલ્ય ઘટે/ગુણો ઘડાટે.

દૂધમાં પાણી નાખ્યાં પછી લીંબુ/મેળવણ આદિ નાખવાથી બંનેને છૂટા પણ પાડી શકાય. હંસ પણ દૂધ-પાણી અલગ કરી દૂધ પી જાય છે અને પાણી મૂકી જાય છે.

દૂધમાં પાણી એકમેક બનતું નથી પણ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ઊભું રાખે છે માટે એને છૂટું પાડી શકાયું. એટલે દૂધ+પાણીનું ગણિત થયું. ૧+૧=૨ નું. આવા બીજાપણ ઘણાં પદાર્થો આ ગણિતવાળા હોય છે. કદાચ આપણે પણ હાલ આ જ ગણિતમાં આવતાં હોઈશું તો શું આનો ગર્વ લઈ શકાય ખરો?

સંસારના પરિભ્રમણમાં આપણે હજી સુધી ઘણીવાર આ જ ગણિત અપનાવ્યું છે.

ભગવાન -૧ + ભક્ત-૧ = ભગવાનનો ભક્ત

ગુરુ -૧ + શિષ્ય-૧ = ગુરુનો શિષ્ય

દુનિયાના જીવો-૧ + હું - ૧ = દુનિયાનો હું

આત્મા-૧+ આત્મગુણો ૧ = આત્માનાં ગુણો.

પરિવારજનો ૧ + હું - ૧ = મારો પરિવાર

આ ગણિત અત્યાર સુધી આપણે અપનાવ્યું છે બરાબરને વગેરે? પણ, આ ગણિત અપનાવવાથી આપણું હજી કોઈ ઠેકાણું પડયું નથી, આપણો ઉદ્ધાર હજી ક્યારે છે? દેખાતું નથી.

ભગવાન અને ભક્તની ભેદરેખા ઊભી જ રાખી, ભગવાનની ભક્તિ કરી પણ દૂધમાં પાણીની જેમ રહીને વજન વધ્યું-ભાર વધ્યો અર્થાત્ પુણ્ય વધ્યું, ભોગવવા સંસાર પણ બાકી રહ્યો. ઉજ્જવળતા ઘટી. પૌષ્ટિકતા ઘટી - આત્મા પર પુણ્ય કર્મો લાગ્યા એટલે પુણ્યાધીન ભોગો ભોગવવાના, આત્માધીત સુખ ભોગવવાનું નહીં. આત્માની તાકાત ઘટી, પુણ્યની તાકાત વધી. આત્માનંદ અનુભવ વીસરાતો ગયો. પુણ્યથી જેટલું મૂલ્ય મળે એટલું મળતું ગયું, આત્મગુણોમાં ઓછાશ આવી.

પુણ્યથી મળેલ ભોગોમાં દૂધ-પાણીની જેમ લીન બની ગયા અને કોઈ ધન- પુદ્ગલ રૂપી ખટાશ નખાતા પરમાત્મા અને આત્મા છૂટા પડી ગયા. આપણે સંસારમાં અને પ્રભુ મોક્ષમાં... મોટું અંતર પડી ગયું...

બસ આજ ગણિત ગુરુ સાથે આપણે શિષ્ય તરીકે રહીને હજી સુધી અપનાવ્યું છે. બંનેને અલગ અલગ પણ ૧ તપેલીમાં ભેગા કરીને હળીમળીને રાખ્યા છે. દુનિયાના જીવો સાથે રહીને આપણું અસ્તિત્વ સ્વતંત્ર ઊભું રાખ્યું છે. આત્માના ગુણોને અલગ રાખી અનુભવ્યા છે. પરિવારજનોમાં આપણે સ્વતંત્ર છતાં ભેગા થઈને પરિવાર રૂપે રહ્યા છીએ.

કદાચ કોઈ ગણિત ૧+૧=૧૧ પણ થયાં હશે અને થતાં હશે, આ બધા ગણિત અપનાવવા સહેલા છે. થોડા ઘણા સામાન્ય ફાયદા પણ આપણે અનુભવ્યા હશે તેની ના નથી પણ એમાં આપણા જીવનું શું ઠેકાણું પડયું? અને પડે એવું લાગે છે ખરું?

દૂધ અને પાણી છેલ્લે છૂટા પડી જાય

શું આ ગણિત પર ગર્વ લેવા જેવો ખરો? શું હજી આ ગણિત અપનાવવું છે? કે પછી આનાથી વધારે ફાયદાવાળું આત્મોદ્ધારક ગણિત અપનાવવું છે? કયું છે આ ગણિત? જેને વાંચીને તમે ચોંકી ગયા હતા એ ? કેવી રીતે આ ગણિત થાય?

૧+૧=૨ નું ગણિત વ્યવહારમાં, ગણિતશાસ્ત્રમાં વપરાય છે.

૧+૧=૧૧ નું ગણિત યુદ્ધનીતિ - સંપ-એકતા માટે વપરાય છે.

૧+૧=૧ નું ગણિત અધ્યાત્મ જગતમાં વપરાય છે.

૧+૧=૧૧ નું ગણિત પણ અમુક દૃષ્ટિએ સારું છે પણ વધારે ઉપયોગી નથી થતું.

વ્યવહારિક દુનિયામાં આ ગણિત સંગઠિત સૂચવે છે અને એના પ્રભાવે મોટાં કાર્યો સિદ્ધ કરી શકાય છે. સમાજ, કુટુંબ તથા શાસનનાં પણ ઘણાં કાર્યો સિદ્ધ કરી શકાય છે.

આધ્યાત્મિક જગતમાં મોક્ષ પામવા માટે આ ગણિત ઉપયોગી નથી, એના કરતાં ૧+૧=૧ નું ગણિત સર્વત્ર ઉપયોગી થઈ પડે તેવું છે. પહેલાં બે ગણિત કરતાં પણ કંઈક ગણું ફાયદાકારક આ

ગણિત છે અને એના ફળ પણ ખૂબ મીઠા અને જલદી ચાખવા મળે છે. ખરેખર અપનાવવા જેવું છે અને અનુભવવા જેવું છે આ ગણિત. આજ સુધી ખાસ આપણે આ ગણિત અપનાવ્યું જ નથી તો પછી અનુભવવાની તો વાત જ ક્યાં રહી?

ચાલો આ ગણિતને સમજીએ. દૃષ્ટાંત દ્વારા

૧-દૂધ + ૧ સાકર = ગળ્યું દૂધ

દૂધમાં સાકર નાખવામાં આવે તો પણ દૂધનું વજન વધતું નથી કે ભાર વધતો નથી. છલોછલ દૂધમાં સાકર નાખવા છતાં દૂધ ઢળતું નથી, અંદર સમાઈ જાય છે.

દૂધમાં સાકરનું મિશ્રણ થવાથી દૂધ પાતળું નથી થતું. પૌષ્ટિકતા કે તાકાત પણ ઘટતી નથી. અકબંધ રહે છે. કલર પણ ઓછો થતો નથી. દૂધમાં સાકર નાંખ્યા બાદ દૂધના સ્વાદમાં મીઠાશ વધે છે. ગળ્યું બને છે. દૂધમાં સાકર નાખ્યા પછી દૂધનું મૂલ્ય પણ ઘટતું નથી. ગુણો પણ ઓછા થતા નથી. ગુણવત્તા જળવાઈ રહે છે.

દૂધમાં સાકર નાખેલી હોય અને પછી તેમાં ખટાશ નાખવામાં આવે તો સાકર કયાંય છૂટી પડતી નથી, હંસ પણ સાકરને છૂટી પાડી શકતો નથી.

એનું કારણ એક જ છે કે સાકર પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ મિટાવી દૂધમાં વિલીન થઈ જાય છે. દૂધમાં સાકર હોવા છતાં નામ દૂધનું જ આવે, સાકર માત્ર સ્વાદમાં જ અનુભવાય. કયાંય દેખાય તો નહીં માત્ર દૂધ જ દેખાય. હવે એને છૂટા પાડવાની કોઈની તાકાત નથી.

૫ લિટર દૂધમાં અડધો કિલો સાકર નાખવામાં આવ્યા બાદ સાકર ઓગળી જાય પછી પણ વજન કરો તો દૂધ ૫ લિટર જ થાય ૫/૫૦૦ નથી જ થતું એ જ બતાવે છે તે દૂધમાં સાકર વિલીન થઈ ગઈ છે.

દૂધમાં સાકર અસ્તિત્વ ઊભું નથી રાખતું, મિટાવી દે છે.

૧+૧=૧ નું ગણિત સાકરે અપનાવ્યું તો અમર બની ગઈ.

જે જે પદાર્થો આ ગણિત અપનાવતાં હોય તેમાં મોટી વિશેષતા હોવાની?

શું આપણે આ ગણિત અપનાવ્યું છે ખરું?

આ ગણિત જલદી અપનાવ્યું હોત તો શું આપણે સંસારમાં હોત? 'જિનાસા વિરુદ્ધ' હોય એને છોડીને બાકી બધામાં આ ગણિત અપનાવો.

પરમાત્મા-૧ + આત્મા - ૧ = પરમાત્મા

૧-ગુરુ + ૧ શિષ્ય = ૧ ગુરુ

૧ દુનિયા + ૧ હું = ૧ દુનિયા

૧ આત્મા + ૧ આત્મગુણો = ૧ આત્મા

૧ પરિવારજનો + ૧ હું = ૧ પરિવાર

આ બધામાં મારું સ્વતંત્ર અસ્તિત્વ કયાંય નહિ, બધાયમાં ભળેલો હું, અભેદ બની ગયેલ હું કયાંય જણાતો જ નથી અલગથી.

કોઈ જ ભેદરેખા ઊભી નથી રાખી, બધાયમાં વિલીન થઈ ગયો છું હું. દૂધમાં સાકરની જેમ. મને કોઈ જૂદું પાડી શકે તેમ નથી. હું પકડાઉં તેમ જ નથી. પૂર્વનાં મહાપુરુષોએ પણ આ ગણિત અપનાવી આત્મકલ્યાણ સાધ્યું. ભગવાનમાં સાકરની જેમ વિલીન થઈ ગયા. ગુરુમાં શિષ્યો એકમેક થઈ ગયા તે બધા જ હાલ શાશ્વત સુખ ભોગવી રહ્યા છે.

જેઓએ દુનિયા માટે બધુ સારુ માગ્યું છે, ઈચ્છયું છે, તેમનું પોતાનું ન માગવા છતાં બધું મળ્યું છે કારણ કે પોતાને દુનિયાથી અલગ ગણ્યા નથી, સર્વ જીવોનું હિત ઈચ્છવાથી પોતાનું આત્મહિત સાધી લીધું.

જેઓએ આત્માને આત્મગુણોમાં રમમાણ કરી દીધા તેઓ પણ શુદ્ધાત્મ સ્વરૂપ પામી ગયા.

પરિવારજનો સાથે જેમણે સાકરનું ગણિત અપનાવ્યું તે પરિવાર આજે પણ સુખી દેખાય છે, બાકી બીજા પરિવારોએ કયું ગણિત અપનાવ્યું છે? તે વિચારવા લાયક છે.

પરમાત્માના વહાલા દુનિયાના જીવો સાથેનું આપણે પાણીનું ગણિત છોડી સાકરનું ગણિત અપનાવવા જેવું છે.

હવે આવા જીવોને દૂધમાંથી સાકરની જેમ છૂટા પાડી શકાય તેમ જ નથી, દેખાતાં જ નથી, તો પછી છૂટા પાડી જ કેવી રીતે શકાય?

મહત્ત્વની વાત છે કે મારા ગુણો અને હું અનાદિકાળથી સાકરના ગણિત પર જીવીએ છીએ છતાં મને આજ સુધી ખબર જ નથી અથવા અનુભવ જ નથી. જેટલો શરીર-આત્માનો અભેદ માન્યો છે તેનો અંશ પણ અહીં નથી માણ્યો.

જેણે જેણે આ આત્મા + આત્મગુણો = ૧ આત્માનું ગણિત માણ્યું છે એને સાકરશી મીઠાશ અનુભવી છે, તે અનંત સુખનાં સ્વામી બન્યા છે. અંતરમાં કોઈ જ સંકલેશાદિ અનુભવ્યા જ નથી.

બીજી રીતે એમ કહી શકાય કે ૧+૧=૧ નું અભેદ ગણિત જ્યાં અપનાવવાનું હતું ત્યાં અપનાવ્યું નથી માટે જ આપણે સંસારી છીએ-દુ:ખી છીએ. અન્ય ખોટી જગ્યાએ આ ગણિત અપનાવ્યા છે તેથી તેમાં જ રમણતા થવાથી દુ:ખના ડુંગર ખડક્યા છે.

હવે આમાંથી બહાર આવવું છે. સાચી દિશા પકડવી છે અને યોગ્ય સ્થળે આ ગણિત અપનાવી કલ્યાણ સાધવું છે.

મારા આત્મા પર લાગેલાં કર્મો સાકર + પાણી છે પણ હું તેને દૂધ + સાકર સમજી બેઠો છું. એને છૂટા પાડી શકાય છે જો તેમાં શુક્લ ધ્યાનની ધારારૂપ ખટાશ નાખવામાં આવે તો...

જીવનમાં કયાંય પણ ખટાશને સ્થાન આપવાં જેવું નથી. જ્યાં આપણે આપીએ છીએ. કર્મોને અલગ પાડવા પૂરતું જ જીવનમાં ખટાશને સ્થાન આપો. બાકી દરેક વ્યક્તિ સાથે, સ્થાન સાથે પદાર્થ સાથે ખટાશ છોડી જિનાજ્ઞાને જોડી યથાયોગ્ય વિવેકપૂર્વક દૂધમાં સાકરની જેમ ભળવાથી પરમ આનંદની અનુભૂતિ થશે.

સગવડ અગવડમાં મન ન બગાડો, પહેલાં એને સ્વીકારો પછી અગવડને દૂર કરવા શાંતિથી મહેનત કરો સાકર બનીને... પ્રોબ્લેમ સોલ.

દુનિયામાં બધાં અજીવ દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ રહે છે તો પછી હું કેમ મારા જીવદ્રવ્યમાં નહીં, મારો સ્વભાવ જ્ઞાનાદિગુણો અને તેનામાં રમવાનો છે. બીજું બધું દૂરથી જોવા માટે છે.

સાકર બનવું એટલે શું? (૧) બીજા જીવમાં ગુણોને જ જોવામાં તેમાંથી જ આત્મસાક્ષાત્કારની ચાવી મળશે. (૨) બીજાના સ્વભાવને સમજી લેવાનો પછી એના સ્વભાવને અનુરૂપ થઈ જવાનું જે એને અનુકૂળ હોય.

જૈન દર્શનનો સિદ્ધાંત પણ ૧+૧=૧ ના ગણિતમાં માને છે.

જૈનદર્શનનો મુખ્ય સિદ્ધાંત છે સ્યાદ્વાદ - અનેકાંતવાદ

આત્મા ૧ નિત્ય + ૧ અનિત્ય = નિત્યાથીયુક્ત અનિત્ય

આત્મા + ગુણો = ભેદોથી યુક્ત અભેદ

અહીં ભેદ + અભેદનો સરવાળો નથી જે બંને સ્વતંત્ર અસ્તિત્વ ધરાવી શકે. દૂધમાં સાકરની જેમ ભળી ગયા = ભેદાભેદ

૧+૧=૨ કરો એટલે દ્વન્દ્વ થાય = ઝઘડો થાય

ખંડન + ખંડન કરો એટલે વાદ-વિવાદ ચર્ચા વધતી જાય.

સ્યાદ્વાદ ૧+૧=૧ બંને જણની સાચીવાત ગ્રહણ કરી સંધિ થઈને એક બની જાય.

એકાંતવાદ પાણીનું ગણિત અપનાવે છે પોતાનો એકડો જ સાચો. બીજાના એકડા સામે વિવાદ -

જીવનમાં ડગલે પગલે સમસ્યાઓ આવે છે એના સમાધાન માટે પહેલા વાતને સાંભળો પછી સમજો-ખંડન ન કરો. સામેવાળાને બોલવા દો, એ બોલશે તેમતેમ તેની વાતમાંથી આપણને કંઈક મળશે. પછી તેની વાતનો વિચાર કરો, છેલ્લે સ્યાદ્વાદ જાય વાણી દ્વારા સમજાવો. જો તરત જ ખંડન મંડન કરી દેશું તો તેની અંદર રહેલ બધું જાણવા નહિં મળે.

આપણે દૂધમાં સાકર જેવા બનવાનું છે. ડબામાંની સાકર જેવા નહીં. કારણ કે ડબામાં પણ સાકરનું સ્વતંત્ર અસ્તિત્વ જળવાઈ રહે છે. કોક પ્રશ્ન કરે છે કે - તમે દૂધમાં સાકરની જેમ ભળી જાઓ, પણ દૂધ જ મિલાવટવાળું હોય તો ભેળસેળિયા દૂધમાં ભળીને તો નુકસાન જ થાયને? તમારી વાત સાચી પણ એ દૂધ કોની ચોઈસથી લાવ્યા? પોતાની જ ને? તો હવે એ દૂધને નિભાવ્યે જ છૂટકો છે જો તેમાં બહારની મિલાવટ હોય તો તેને સ્યાદ્વાદની સમજણ દ્વારા દૂર કરો.

અગર ભેળસેળનાં પદાર્થો તરીકે કેસર, ઈલાયચી, બદામ જેવાં પદાર્થો નાખ્યા છે તો તો સારું જ કહેવાય ને? દૂધને વધારે ગુણકારી બનાવ્યું અને વધારે પુષ્ટિદાયક બનાવ્યું.

બીજા જીવોમાં દોષોની મિલાવટ દેખાય તો એ તો સંસારી તમામ જીવોમાં રહેવાની દોષ-વિનાની વ્યક્તિ માત્ર મોક્ષમાં જ મળશે અને કદાચ મહાવિદેહમાં મળશે. અહીંયા નહીં. જે છે અપનાવી લો અને શક્ય હોય તો સ્યાદ્વાદની સમજથી દૂર કરો.

જો ગુણવાન વ્યક્તિમાં ગુણોની મિલાવટ છે તો સારું જ છે ને. લાભ જ લાભ છે. આપણે પણ ગુણોને જોતા શીખીએ.

કોઈ વળી નવો પ્રશ્ન કરે છે - દૂધ હોય તો તેમાં સાકર બનાય પણ સામે જો દૂધ જ નથી તો શું કરવાનું? શેમાં ભળવાનું? કચકચ, ખટપટ, કડવાશને ખટાશ જ જ્યાં હોય ત્યાં શું કરવું?

જવાબ : સૌ પ્રથમ તો આ કડવાશને જીવનમાં સ્થાન જ ન આપો. દૃષ્ટિ બદલો, ગુણો જોતા હશો તો જીવ સ્વરૂપનાં જ દેખાશે બાકી દોષો તો બધા બાહ્યસ્વરૂપે રહેલા છે. જીવ છે એટલે સમજીને સાકર બની ગળપણ લાવી દેવાનું? છતાંય હજી ન માને ન સુધરે તો આપણી દૃષ્ટિમાં જ ક્યાંય ખામી છે તેમ સમજવું. વ્યક્તિને દોષ ન આપો પણ તેને સમજાવવા માટે પ્રયત્ન કરતાં રહો કારણ કે ઠંડા દૂધમાં સાકર જલદી ન ઓગળે તેને ચમચીથી હલાવવું પડે તેમ સમજણરૂપ ચમચીથી હલાવવાનું, ધીરે ધીરે સમજાશે.

જરાક જુઓ તો ખરા ગળ્યા દૂધમાં મેળવણ નાખો તો દહિં પણ ગળ્યું જ બનશે અને પાણી છૂટું પડી જશે, તેમ એકવાર ભળી ગયા પછી કોઈ ગમે તેટલી ખટાશ રૂપી ભેળસેળ કરે પણ મીઠાશ તો પકડાશે જ માટે જ સાકર જેવા મધુર બનો.

કોઈ એમ પૂછે છે કે આપણે જેમ જેમ વધારે સારું કરવા જઈએ તેમ તેમ તે આપણા પર વધારે ગુસ્સો કરે તો શું કરવાનું? શી રીતે સહેવાય?

જવાબ - જુઓ, દૂધ ગરમ હોય તો સાકર જલદી ઓગળે અને ચમચીની ખાસ જરૂર ન પડે, મહેનત ઓછી પડે અને દૂધ ગળ્યું મળી જાય અને જલદી પચી પણ જાય છે ને? તેમ આપણે સમજવાનું કે આપણે ગરમ દૂધમાં સાકર નાખી દીધી છે. જલદીથી ઓછી મહેનતે મધુર પરિણામ આપણને મળવાનું છે. થોડી ધીરજ રાખવાની છે.

દૂધ જો સામાન્ય છે તો સાકર એ વિશેષ છે પણ દૂધમાં સાકર ભળે પછી સાકર સામાન્ય બની જાય છે અને દૂધ પ્રમાણે ચાલે છે તેમ અહીં વિશ્વમાં જ્યાં જ્યાં ચૈતન્ય છે તે આપણું સામાન્ય સ્વરૂપ છે. શરીર અને નામ પાણી જેવા વિશેષ છે. વિશેષના કારણે રાગ દ્વેષ થાય, વિકલ્પો થાય, ભવભ્રમણ વધે છે. નિર્વિકલ્પ થવા માટે સામાન્ય કે શૂન્ય જ બનવું પડે તો જ પૂર્ણતા મળે. મોક્ષની સિદ્ધિ સામાન્યથી છે. દૃષ્ટિ વિશેષમાંથી સામાન્યમાં જાય ત્યારે મોક્ષ મળે. દરેક વ્યક્તિને પોતાના નામ - દેખાવથી ઓળખવાના બદલે અંદર રહેલા ચૈતન્યને સમદર્શિત્વ ભાવે જોવામાં આવે તો બધા જીવોમાં શિવ દેખાય અને ત્યારથી મોક્ષ તરફ ડગલું મંડાય છે.

આ વિશેષને છોડો, આત્મ સામાન્ય રૂપ સર્વજીવોને જુઓ, પોતાને પણ સામાન્ય બનાવો. 'હું' આખા જગતને ભુલાવે છે. એ 'હું' રૂપી બિંદુને સિંધુમાં ભેળવી દેવાથી વિરાટ સ્વરૂપ પામી જાય છે. અમર બની જાય છે, પૂર્ણ બની જાય છે. સિંધુમાં બિંદુ ભળે તો જીવ શૂન્ય બનીને પૂર્ણ બની શકે. સાકર દૂધમાં ભળીને શૂન્ય બની

જાય તો દૂધના કણકણમાં મળી જઈને બધું મીઠું બનાવે છે અને દૂધના સર્વગ્રાહીપણાને પામી જાય છે.

ચાલો તો હવે આ ગણિત અપનાવવા પ્રયત્ન કરીએ.

હું પરમાત્મામાં વ્યાપી જાઉં અને હું નાબૂદ થઈ જાઉં
હંસગુરુમાં ભળી જાઉં અને શિષ્યત્વ ઓગાળી નાખું
હું સર્વ જીવોમાં જ ગણાઈ જાઉં પછી મારું સ્વતંત્ર
કશું જ નહિ.

બધે મારું સ્વરૂપ મોટું, ગૌરવ સ્વરૂપને પામેલું છતાંય કયાંય સાકર જેમ દેખાય નહીં તેમ હું ન દેખાવા છતાં બધુ જ સુખ અનુભવું.

ખૂબ જ સુંદર છે ગણિત ૧+૧=૧

મૈત્રીભાવ, પ્રેમભાવને સાકાર કરી આપે તેવું છે. આ સમીકરણ અંદરના તમામ ઉચાટ, સંકલેશને હટાવનાર છે આ રેશિયો.

જો આને બધા જ જીવો અપનાવી લે તો કેટલું સુંદર થઈ જાય વાતાવરણ? મોક્ષ અહિંયા જ હાજર...

ચાલો પહેલાં તો હું જ અપનાવી લઉં છું આ ગણિત...

વાહ, આનંદ જ આનંદની અનુભૂતિ...

❑❑❑

ગોરેગામ, મુંબઈ. મો.૯૮૨૦૯૭૨૯૬૨

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ : મગજ સાથે મગજમારી

**કે. ટી. મહેતા**

**આ**જકાલ કોઈ વૈજ્ઞાનિક સંશોધન કે શોધખોળ કરવી હોય તો અઢળક નાણું જોઈએ અને અનેક ક્ષેત્રના પ્રતિભાવંતોની મદદ લેવી પડે. એકલા હાથે કોઈ સામાન્ય વ્યક્તિ સંશોધનો કરી તેને વાસ્તવિક જગતમાં મૂકી ના શકે. જેમની પાસે બુદ્ધિ અને મજબૂત ઈરાદાઓ હોય છે તેઓ અને જેમની પાસે નાણાં હોય છે તેઓ એકઠા થાય અને અમુક સંશોધનોને ધ્યેય બનાવી તેમાં રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ માટે કંપની શરૂ કરે. આ સ્ટાર્ટ-અપ કંપનીની કોઈ શોધ સફળ થઈ ગઈ તો તેમાં નાણાં રોકનારાઓને અઢળક ફાયદો થાય. કમ્પ્યૂટર જગતમાં સ્ટાર્ટ-અપ કંપનીઓ જોતજોતામાં દુનિયામાં અવ્વલ ક્રમની કંપનીઓ બની ગઈ અને તેમાં ભારતની અમુક કંપનીઓ પણ ગણાવી શકાય.

પશ્ચિમના આર્થિક અને વૈજ્ઞાનિક ભડવીરો એક પ્રણ લઈને આગળ વધે છે અને જરૂર પડે તો તેમાં ખુવાર થવાની તૈયારી રાખે છે. નવું વિજ્ઞાન નવી શોધખોળોને આહ્વાન આપી રહ્યું છે અને તેમાંનું એક વિજ્ઞાન છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે માનવનિર્મિત બુદ્ધિનું વિજ્ઞાન. કુદરતે જેમ માનવી અને માનવીના મગજની રચના કરી છે તે મગજને માનવનિર્મિત બુદ્ધિ સંપદા વડે વધુ કાર્યક્ષમ બનાવી શકાય. કમ્પ્યૂટરો એ માનવનિર્મિત મગજ છે, જે માનવીને અતિશય ઉપયોગી થઈ પડ્યું છે, કમ્પ્યૂટર વિજ્ઞાનમાં પ્રગતિ થવાની સાથે એવી શક્યતાઓના દરવાજા ખૂલી ગયા છે જેનો તાગ મેળવવાનું કમ્પ્યૂટર વગર ખૂબ મુશ્કેલ બની ગયું હોત.

કૅલિફોર્નિયાની કમ્પ્યૂટર અથવા સિલિકોન વેલી હવે નવી બુદ્ધિના નિર્માણમાં લાગી ગઈ છે. અનેક સ્ટાર્ટ-અપ કંપનીઓ ખૂલી છે. સિલિકોન વેલીના ટેક્નૉલૉજી ઉદ્યોગપતિ બ્રીઆન જ્હૉનસન માને છે કે હવેનું ભવિષ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નું હશે. માનવનિર્મિત બુદ્ધિના સાધનો પોતાની રીતે મોટરકાર ચલાવતા હશે અને માણસ જણાવે તે પહેલાં માણસને શું જોઈએ છે તે સમજી જશે. આ એઆઈ માનવીના મગજમાં નવી શક્તિ અને બુદ્ધિ ઉમેરશે. જેથી માનવી નવા જગતના સાધનોનો ઉપયોગ કરી શકે, તેને ચલાવી શકે. ટૂંકમાં કુદરતી અને કૃત્રિમ બુદ્ધિ સાથે મળીને કુલ બુદ્ધિ વધારવાની પ્રવૃત્તિ કરશે જે શરૂ પણ થઈ ચૂકી છે. બ્રીઆનની કંપનીનું નામ 'કરનેલ' છે, જે એક નાનકડી ચીપ તૈયાર કરી રહી છે જે માનવીના મગજમાં બેસાડવાથી માણસને નવી વધારાની, પૂરક બુદ્ધિ મળશે. શરૂઆતમાં આ ચીપથી એવા લોકોને ફાયદો થશે જેમના મગજને પક્ષઘાત, અલ્ઝાઈમર, વાઈ ફેફરા જેવી બીમારીને કારણે નુકસાન પહોંચ્યું હોય છે જે મગજ વિજ્ઞાનીઓ (ન્યૂરોસાયન્ટિસ્ટ) આ ચીપ તૈયાર કરી રહ્યા છે તેઓ કહે છે કે નવી ચીપને કારણે માનવીની બુદ્ધિ, યાદશક્તિ અને મગજની બીજી કાર્યશક્તિમાં વધારો થશે. સિલિકોન વેલીમાં વેન્ચર કૅપિટલ પેઢીઓ નાણાંનું રોકાણ કરી રહી છે. એક બાયોહેકિંગ કંપની આંતરડામાંના બેક્ટેરિયાઓની સિક્વન્સ તૈયાર કરી રહી છે. બીજી એક સ્ટાર્ટ-અપ કંપની માનવી જે ડીએનએ સાથે જન્મ્યો હોય તે ડીએનએની એટલે કે માનવીની તાસીર નવેસરથી રચવા માટે સંશોધન કરી રહી છે. માનવીની તાસીર અથવા પ્રકૃતિની નવેસર ગોઠવણી કરવાથી તેનું માનસ અને શારીરિક ક્ષમતામાં પણ ફેરફાર કરી શકાય. પણ આ પ્રકારની અલ્ટીમેટ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં હજી વરસોનાં વરસ લાગી જશે. ત્રીજી એક કંપની એ સંશોધન કરી રહી છે કે માનવીના લોહીનો ટેસ્ટ કરી તેને કૅન્સર છે કે કેમ તેનું નિદાન થઈ શકે. તેમાં સફળતા મળે તો નિદાન માટે બાયોપ્સી કરવાની જરૂર ના રહે. થીન્ક નામક કંપની એક હૅડસેટ તૈયાર કરી રહી છે જેને માથા પર પહેરવાથી તે મગજને વીજળીના ધબકારા આપશે, જેનાથી માનવીના મૂડમાં પરિવર્તન આવશે. નૂટરોબૉક્સ નામક કંપનીએ કૉફીની ટિકડી તૈયાર કરી છે જે પોતે કોષો વચ્ચેનાં સંદેશાઓની આપલેને ઉત્તેજન આપે છે. જેમની એ કુદરતી પ્રક્રિયા અટકી ગઈ હોય તેમને આ ચીપનો સહારો મળી રહે છે. જમ કે માનવી કોઈની સાથે ખૂબ મહત્ત્વની વાત કરી રહ્યો

હોય ત્યારે તુંદરસ્ત મગજ એ ટૂંકા સમયની યાદને, મગજના કોષોમાં નવી ઊર્જાનો સંચાર કરી લાંબા ગાળાની યાદદાસ્તમાં ફેરવી નાખશે. આ માટે મગજ જે ઊર્જાના સિગ્નલો છોડે છે તેનો ચોક્કસ કોડ હોય છે, જે વ્યક્તિ પ્રમાણે બદલાતો રહે છે. મતલબ કે કાંતિભાઈના મગજને સંચારિત કોડ કાંતિભાઈનો પોતાનો ખાસ હોય છે. આ કોડને પકડી પાડી કાંતિભાઈના મગજને સંદેશ ઊર્જા અપાય તો મગજ બરાબર કામ ન કરતું હોય તો કરવા માંડે છે. પ્રયોગો દ્વારા જણાયું છે કે બર્જરની ચીપના કારણે ઉંદર અને વાંદરાના મગજમાં નવી ચેતના આપી હતી.

એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની માનવીના જીન્સનો દુનિયાનો સૌથી મોટો ડાટાબેઝ તૈયાર કરી રહી છે. બીજી અમુક કંપનીઓ જીન સિક્વન્સીઝ નક્કી કરી કૅન્સરના નિદાન અને સારવારમાં ઝડપ લાવવા માગે છે. કમ્પ્યૂટરોને કારણે જીન્સના ડાટાબેઝ રાખવાનું શક્ય બન્યું છે અને ડાટાબેઝના કારણે તેની સિક્વન્સો નક્કી કરવાનું શક્ય બન્યું છે. AI સિવાયના વૈજ્ઞાનિક ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપ કંપનીઓ ખૂલી છે. આકાશમાં ઘૂમતા લઘુ ઉપગ્રહો (એસ્ટોરોઈડ્ઝ) પર પહોંચી તેમાંથી કીમતી ધાતુ, પથ્થરો મેળવવાના કામ માટે સ્ટાર્ટ-અપ કંપનીઓ શરૂ થઈ છે, પણ મગજ માટે મગજમારીના પરિણામો સફળ રહેશે તો માનવી માટે નવી વિશાળ શક્યતાઓનાં દરવાજા ખોલી આપશે. એક વખત વાંચવાથી બધું યાદ રહી જાય તો હોશિયાર અને ઠોઠ વિદ્યાર્થી વચ્ચે ફરક જ ના રહે!!

**સમાપન :**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI - એઆઈ)નો ખ્યાલ માનવી જે હાથ પગ વડે કામ કરે છે તે રૉબોટ કરી શકે તે પૂરતો જ સીમિત નથી રહ્યો. રૉબોટ તો મર્યાદિત યંત્રવત્ પ્રોગ્રામ્ડ હલનચલન કરે છે. તે માનવ બુદ્ધિમત્તાનું સ્થાન નથી લઈ શકતો. હવે રૉબોટને બીજા કેટલાંક ઘરેલું કાર્યો માટે પણ તૈયાર કરાય છે પણ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' તો માનવીના મગજની જેમ સંવેદના ઝીલે છે, અને પરિસ્થિતિનું પૃથ્થકરણ, વિશ્લેષણ કરીને નિર્ણયો લેતી ટૅક્નૉલૉજી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૅક્નૉલૉજી માનવીનો અવાજ, ભાષા ઝીલી શકે છે, ફિંગર પ્રિન્ટ અને આંખોની રેટિનાની માનવીની ઓળખ કરી બતાવે છે. ડ્રૉન, ડ્રાઈવર વગરની કાર વર્ચ્યુઅલ ટૅક્નૉલૉજી, મેડિકલ સર્જરી તેના દાયરામાં આવે છે. હજુ 'એઆઈ'ના પ્રથમ ચરણમાં જ માનવજગત અને તેના બુદ્ધિ કૌશલ્ય સામે પડકાર સર્જાયો છે, ત્યારે આગામી દાયકામાં તો જે તે ક્ષેત્રના બૌદ્ધિક કર્મચારીઓ, વ્યવસાયીઓના કાર્ય પણ અનેકગણી ઝડપે 'એઆઈ' પાર પાડશે. અઘરામાં અઘરી ગણતરીઓ, નિદાન, નિર્ણયો 'એઆઈ' લેતી હશે. વકીલ કે તેના કરતા અભ્યાસુ અને તર્કબદ્ધ દલીલો પણ 'એઆઈ' કરી શકશે અને જજની જેમ સચોટ ચુકાદો પણ તે આપી શકશે.

વર્લ્ડ ચૅસ ચેમ્પિયનોને કે સુપર કમ્પ્યૂટરને હરાવવા 'એઆઈ' સજ્જ બની રહ્યું છે. જીનિયસ માનવીના મગજની જેમ તે કાર્યરત રહેશે. 'લર્નિંગ ઍન્ડ પ્રૉબ્લેમ સૉલ્વિંગ' તેના પાયામાં રહેશે. તર્ક, જ્ઞાનસંગ્રહ અને જરૂર પડ્યે તેમાંથી ઉપયોગી માહિતી બહાર લાવવી, આંકડાશાસ્ત્રની આંટીઘૂંટી, પ્રમેયો પણ 'એઆઈ'એ પચાવ્યા હશે. તમામ વિષયો પર પ્રભુત્વ તો ધરાવશે. તેની સંગ્રહિત સંવેદના અને સાહિત્ય ભંડોળથી કવિતાઓ પણ સર્જશે અને સંગીત પણ. 'એઆઈ' કમ્પ્યૂટર વિજ્ઞાન, ગણિત, મનોવિજ્ઞાન, ભાષાવિદ્, તત્ત્વજ્ઞાન, મગજના જ્ઞાનતંતુઓનું વિજ્ઞાન, મન, ચિત્ત અને સંવેદનાની નજીક પહોંચી જશે. આ બધું ધસમસતા પ્રવાહની જેમ આગામી દાયકામાં માનવજગતને લઘુતાગ્રંથિની પીડા આપવા માટે આવી રહ્યું છે. આ તમામ સેવાની કિંમત માનવી કરતાં ઘણી સસ્તી હશે. 'એઆઈ' પર અને તેના પડકારો પર સૌથી વધુ અભ્યાસ અને ચિંતન વર્તમાન વિશ્વમાં થઈ રહ્યું છે.

આધુનિકતા ભરેલી આ દુનિયામાં હવે એવાં પણ શસ્ત્રો આવી ચૂક્યા છે જેને એકવાર રણમેદાનમાં ઉતારવામાં આવે એ પછી તેના પર નિયંત્રણ રાખવું મુશ્કેલ બની જાય છે. ખાસ કરીને રૉબેટિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત કૅમિકલ હથિયારો, તેમાં ડ્રૉન ટૅક્નૉલૉજી પણ સામેલ છે. તેના ઘાતક પરિણામોને ધ્યાનમાં રાખીને જગતના ટોચના વિદ્વાનોએ એક ખુલ્લો પત્ર જાહેર કર્યો છે, જેમાં આ પ્રકારનાં શસ્ત્રો પર વૈશ્વિક પ્રતિબંધ મૂકવાની માગણી કરવામાં આવી છે. આ શસ્ત્રો માત્ર માનવજાત માટે જ નહીં પણ સમગ્ર પૃથ્વી અને જીવસૃષ્ટિ માટે અત્યંત ખતરનાક માનવામાં આવે છે.

❑❑❑

સૌજન્ય : પરિચય પુસ્તિકા - 1441 Jan. 2019


**સ્થળાંતર થયેલ ઑફીસ**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૯૨૬, પારેખ માર્કેટ, ૩૯,

જે. એસ. એસ. રોડ,

કેનેડી બ્રિજ,ઑપરે હાઉસ,

મુંબઈ-૪૦૦ ૦૦૪.

ઓફીસ : ૨૩૮૨૦૨૯૬

મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯.

પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.

# નચિકેતાના સવાલોના અસ્થાયી જવાબો

કીર્તિચંદ્ર શાહ

**સૃ**ષ્ટિનો ઉદ્ભવ થયો છે, એવું પ્રતિપાદન કરતી એક થિયરી છે જે Big Bang Theoryના નામે ઓળખાય છે. એ મુજબ વર્તમાન સમયથી ૧૩.૭ અબજ વર્ષ પહેલાં શૂન્યાવકાશમાં પ્રચંડ ધડાકો થયો અને ખગોળીય, પુદ્ગલીય (પુદ્ગલ=પદાર્થ=મેટર) ઘટનાઓ શરૂ થઈ. એમ સૃષ્ટિનો ઉદ્ભવ થયો. જગતના ચાલક નિયમો અસ્તિત્વમાં આવ્યા.

સમયની શરૂઆત પણ ત્યારે થઈ.

આથી પહેલાંમાં જવાતું નથી. વૈજ્ઞાનિકો આને event horizon કહે છે. event horizon નો બીજો દાખલો Black holes નો છે. એની અંદર જવાતું નથી.

Big Bang Theory થી સદંતર જુદી પડતી Steady State Theory છે. એ મુજબ સૃષ્ટિ હંમેશાં હતી, છે અને રહેશે અને સમય પણ શાશ્વત છે.

વર્તમાન સમયથી કરોડો વર્ષ પહેલાં પૃથ્વી પર જીવન અને જીવરાશિનો ઉદ્ભવ થયો. ઉત્ક્રાંતિની શરૂઆત થઈ. ઉત્ક્રાંતિના વર્તમાન ચરમ શિખર પર આપણે મનુષ્યો બિરાજીએ છીએ. પશુ-પક્ષી જંતુ પણ બહુ તો દૂર ન ગણાય. સૂક્ષ્મ જંતુના શરીરમાં શ્વસન, પાચન, પ્રજનન વ્યવસ્થા છે. હેતુપૂર્ણ વ્યવહાર કરે છે. સંવેદના અનુભવે છે.

મારે જે કહેવું છે એની નજીક આવવા હું મનુષ્યના શરીરની રચના પર આવું છું.

આપણા જીવનનો મુખ્ય સૂત્રધાર મગજ, હાડકાંઓની પેટીમાં ઘણું સલામત છે. આપણી આંખો શરીરની ઉપરના સ્થાને છે અને એ સહેલાઈથી તેમ જ સ્વયમ્ ઉઘાડબંધ થાય છે. જ્યારે આંખોના પડોશી કામ અને નામ સ્વયમ્ બંધ થતા નથી. શ્વસન વધુ વખત ખોરવાય એ ન પરવડે. એવી જ રીતે કાનની ભયસૂચક અવાજો સાંભળવાની કામગીરી ખોરવાય એ પણ ન પરવડે.

હૃદય, ફેફસાં, હોજરી, આંતરડાં, પ્રજનન અંગો હાડકાંના માળખામાં છે, પરંતુ હાડકાંઓ આ કોઈપણ અંગની કામગીરીમાં વિક્ષેપ પાડતાં નથી. પુરુષ-સ્ત્રીની જનનેન્દ્રિઓ, ગર્ભાશય ને સ્તનમાં હાડકાં છે જ નહિ. ગરદન, હાથ અને પગોને જાણે મિજાગરા મળ્યા છે. જે એમની કાર્યક્ષમતા વધારે છે. હાથ, પગ અડધિયામાં છે. જે ક્ષમતા વધારે છે અને જો ઈજા થાય તો અડધાને જ થાય એવી જાણે ગોઠવણ છે. હાડકાંના પોલાણમાં જીવનરક્ષક દ્રવ્યો ઉત્પાદન થયાં કરે છે.

અમુક અંગો જરૂરત પ્રમાણે વિસ્તાર અને સંકોચ પામે છે.

મનુષ્યના હાથના પંજાની રચના તો અપ્રતિમ છે. આંગળીઓ સામે અંગૂઠો છે એટલે પક્કડ આવે છે. આ પંજો જ દૈનિક કામગીરી, કલા-સાહિત્ય, સમાજરચના, સ્થાપત્ય, ઉત્પાદનો અને યુદ્ધ સુધ્ધાંનો જનક અને સહાયક છે. સમાજચિંતકો માને છે કે મનુષ્યના હાથના પંજાની રચના પશુના પંજા જેવી હોત તો યુદ્ધો થાત નહિ. એટલે જ પ્રભાતે કરદર્શનમ્‌નો ઉપદેશ છે.

પંજાની ક્ષમતાનો ખ્યાલ મનુષ્યને બાળપણથી જ આવી જાય છે. બીજી કોઈપણ કર્મેન્દ્રિયની સમજણથી પહેલાં જ. થોડાં અઠવાડિયાંની ઉંમરના બાળકના હાથમાં કંઈક મૂકીએ તો તરત જ બળપૂર્વક પોતાની મૂઠી ભીડશે. (આમ Empowermentની શરૂઆત પણ થઈ)

મનુષ્યની ચિત્તવૃત્તિઓ પર નજર નાખીએ તો દેખાશે કે સ્ત્રી પુરુષના સહવાસ, ગર્ભાવસ્થા, બાળઉછેર, સ્વજનો માટે ભોગ આપવાની તત્પરતા વિ. લગભગ સૌને સુખ ને આનંદ આપે છે. તો મનુષ્યના શરીરની (અને બધા જ જીવિતોના શરીરોની) આટલી કાબેલિયત ભરેલી રચના કોણે કરી? વળી આવી મનોકામનાઓ ક્યાંથી આવી?

આ Prime Mover કોણ છે? ક્યાં છે?

સર્જનહાર ઈશ્વરની - Godની ધારણા હવે ઘણાને કબૂલ નથી. જૈન અને બૌદ્ધ દર્શનમાં તો સર્જનહાર છે જ નહિ.

વિજ્ઞાનજગત પદાર્થ અને ઊર્જા એમ બે તત્વને સ્વીકારે છે. જ્યારે ભારતમાં જન્મેલા દર્શનો અને દેશકાળથી પરના સ્વયમ્ બુદ્ધો, ચેતના/ચૈતન્યને પદાર્થ અને ઊર્જાથી અલિપ્ત અને ઉપરી તત્વ તરીકે સ્વીકારે છે. અહીં મારે એમ કહેવું છે કે જો આપણને Big Bang Theory માન્ય હોય તો Big Bang પહેલાંથી જ ચૈતન્ય હતું, ચેતના હતી અને જાણે સૃષ્ટિની લીલા આ ચૈતન્યે જ કરાવી? વૈદિક દર્શન પ્રમાણે, ઈશ્વરીય તત્વને એમ થયું 'એકોહમ્ બહુશ્યામ' અને જગતની લીલા શરૂ થઈ એ કલ્પના ને આ કેટલું નજીક છે?

જો ચેતનનું હોવાપણું આપણે Big Bang ના પહેલાથી ન સ્વીકારવું હોય તો, સાથે ચૈતન્યનો ઉદ્ભવ થયો એમ મારું કહેવું છે.

જ્યારે જગતને શાશ્વત માનનારાઓ માટે ચૈતન્યનું શાશ્વતપણું માનવું સહજ જ છે. આમ જગતની સર્વ જીવિત ઘટનાઓની સ્વામિની/સેનાપતિ ચેતના છે. આપણને ચેતના સ્વજાગૃતિ (conciousness) રૂપે મળે છે. તેમ જ આપણી શુદ્ધ બુદ્ધિ પણ ચેતનાની લહેરખી છે. ચેતના કોઈ વૈશ્વિક હેતુ કે દિશાને અનુસરતી હોય કે ન હોય; પરંતુ ચેતનાને કોઈ પસંદગી નથી. પક્ષપાત

નથી.

આપણે એ જોઈ શકીએ છીએ કે, આપણી શુદ્ધ બુદ્ધિને કોઈ ચોઈસ નથી. બુદ્ધિ મૂલ્યાંકન કરશે પણ ચુકાદો નહિ આપે. મદદગાર થશે. પસંદગી મહત્તમ અંશે લાગણીઓ ઊર્જા આધારિત છે. લાગણીઓની ઓછી-વધુ તીવ્રતા પ્રમાણે ઊર્જા ઓછી કે વધુ ખર્ચાશે. લાગણીઓને સહોદર અને સેનાપતિ અહ્‌મ છે. જે પણ ઊર્જા આધારિત છે. મતલબ એનુ પદાર્થરૂપમાં રૂપાંતર થાય એટલે લાગણીઓ અને અહ્‌મભાવની સ્મૃતિ બને છે. જે જ્ઞાનતંતુ રૂપે રહે/સંઘરાય. સમયાંતરે આ પદાર્થ પોતાનો ભાગ ભજવે. કર્મબંધનની ઘટનાનું આ dynamics હશે.

ઊર્જા એ Force શક્તિ - ચાલકબળ છે, પરંતુ એ muscle power (બાવડાનું બળ) નથી. કમનસીબે માનવજાતે જીવનની ઊર્જાને બાવડાના બળનો પર્યાય ગણ્યો અને એટલે આપણા દેવી-દેવતાઓ પ્રહારક/સંહારક શક્તિવાળા કલ્પ્યા છે. કદાચ ઊર્જા એક ક્ષણાર્ધમાં બે લાગણી વહી શકે નહિ અને મોટે ભાગે મિતના ભાવો/લાગણીઓ હટાવી શકાતા નથી પણ પ્રયત્નથી બદલાવી શકાય છે, replace થાય છે.

જ્યારે પૂર્ણ હોશથી, પૂર્ણ ચેતનમયતાથી થયેલી ક્રિયાઓની સ્મૃતિ બનતી નથી. ત્યાં અહ્‌મ નથી. કર્તાભાવ નથી. માત્ર ઘટના ઘટ્યા કરે છે. એટલે જ શ્રીકૃષ્ણને યોગી કહેવામાં આવ્યા. શ્રીકૃષ્ણનાં કર્મો કર્તાભાવ વિનાના હતા. ઘટનારૂપે જ હતા.

દા.ત. ફૂલ ખીલે તેમાં કર્તાભાવ નથી.

ધ્યાનઅવસ્થામાં /સમાધિની ક્ષણોમાં ચેતનાને ઘટનારૂપે કે સ્થિતિરૂપે જોઈ શકાય તો લાગણીઓની તરંગમયતાને પણ જોઈ શકાય. મનુષ્યની ચેતના જાગ્રત હોય ત્યારે નવી કેડી બને. લાગણીઓની વણઝારની ગતિ બંધ પડે કે અનુકૂળ થાય. આપણું શરીર, ચિતતંત્ર, ઊર્જા અને ચેતનાનું જાણે બ્રહ્માંડની ચેતના સાથે નેટવર્ક બને છે. એ રીતે આપણે વૈશ્વિક ઘટનાની અંદરની ઘટના છીએ. મહાકર્મની અંદરનું કર્મ છીએ.

આપણું ચેતાતંત્ર વૈશ્વિક નેટવર્ક સાથે સંકળાયેલ છે એટલે આપણી શ્રદ્ધા /પ્રાર્થના ફળતાં હશે, શ્રદ્ધાનું મહત્ત્વ છે, શ્રદ્ધાના પ્રતિકોનું નહીં.

Think and Grow Rich નામના પુસ્તકમાં એના લેખક, Nepoleaon Hill લખે છે કે, આ બધી લાગણીઓ પરિણામ લાવે જ છે. જે છે - Love, Faith, Hope, Anger, Hate અને Resentment. પણ કેમ પરિણામ લાવે છે એ મને (એટલે કે એ લેખકને) સમજાતું નથી. એનો જવાબ એ છે કે મનુષ્યનું ચિત્ત, વૈશ્વિક ચેતના સાથે સંકડાયેલ છે.

હવે જો આપણે માત્ર કર્મ જ છીએ અને દોરીસંચારથી બદ્ધ છીએ તો આપણી આ સ્વતંત્ર દેખાતી હસ્તિનું શું? આપણા પ્રારબ્ધ/પુરુષાર્થનો શો અર્થ?

મહાત્મા ગાંધીએ આનો જવાબ આમ આપ્યો છે : જાણે કે આપણે સમુદ્રમાં તરી રહેલા જહાજ પરના સહેલાણી છીએ. જહાજની દિશા કે ગતિ પર આપણો કાબૂ નથી, પરંતુ જહાજની અંદરના હલનચલન પૂરતા સ્વતંત્ર છીએ.

ચિંતકો કહે છે કે આપણે જ્યારે એક પગ ઉપાડીએ છીએ ત્યારે ઉપાડેલો પગ છૂટો છે. ભલે બીજો બંધાયેલ છે. તો આ રીતે આપણે આપણા કતૃત્વના કર્તા અને ભોક્તા છીએ.

હવે આપણી આ બધી સમજણો (perceptions) ધારણાઓ (Concepts) મૂલ્યો (Values) ઈત્યાદિ સઘળું ઉત્ક્રાંતિ દત્ છે એવું પ્રતિપાદન મારા ભાઈ સત્યપાલ સંઘવી કરે છે. આ એક નક્કર નિરીક્ષણ છે. અહીં ચૈતન્યની હસ્તિ કે અઘાડીનો સ્વીકાર નથી. એઓ એમની આ ઉત્ક્રાંતિજન્ય મૂલ્યો ઈત્યાદીની થિયરી આગળ લઈ જાય છે અને એમ ઠરાવે છે કે આપણું જીવન ઓક્સિજન આધારિત છે. અગર આપણું શરીર, જ્ઞાનતંતુના જાળાનું બનેલું ચિત્ વિ. ઑક્સિજનને બદલે નાઈટ્રોજન કે હેલિયમ કે કાર્બન આધારિત હોત તો આપણાં સઘળાં મૂલ્યો, સમજણો ઈત્યાદિ સમૂળગાં જ જુદાં હોત. હે પરગ્રહવાસી જો તમે આ રીતે અમારાથી જુદા પડતા હો તો તમારી પ્રજ્ઞા અમને આપો. પણ જો તમે મારી જેમ જ ઓક્સિજન આધારિત હો તો અમારા જ્ઞાન અને દર્શનના મિત્રભાવે આલોચક બનો.

મતલબ આપણાં મૂલ્યો, આપણા ધર્મો, આપણા ઈશ્વર જાણે કશું જ સ્થાયી નથી. આ બધું અમુક સ્રોતમાંથી આવ્યું છે તો જ્યારે સ્રોત બદલાશે તો નિષ્કર્ષ પણ બદલાશે.

જીવન નામની ઘટના અંગે એક માન્યતા સર્જનહાર ઈશ્વરની છે. તો બીજા દર્શનો વત્તે-ઓછે અંશે કર્મવાદને સ્વીકારે છે. જગતની મોટાભાગની પ્રજા આ કે તે પરંપરા સ્વીકારી લે છે અને તે પણ એકપણ હરફ ઉચાર્યા વિના.

પરંતુ આ રહસ્ય અંગે ખુલ્લું મન ધરાવતા બૌદ્ધિકો, સંશયવાદીઓ માટે જયાં પોલ સાર્ત્ર પ્રેરિત અસ્તિત્વવાદ ખરેખર સ્વીકાર માટે લલચાવનાર બને છે. સાર્ત્ર પોતાનો આ સિદ્ધાંત સમજાવવા માટે એક સરળ દાખલો આપે છે. ધારો કે કોઈ કાષ્ટ કારીગર પોતાના મનમાં કોઈ ફર્નિચર - સમજો કે ખુરશીની કલ્પના કરે. એ કાલ્પનિક ચિત્રને વિગતસભર કરે; અને એ કલ્પનાના આધારે નક્કર આકૃતિનું નિર્માણ કરે. અહી સાર્ત્ર એમ કહે છે કે આપણને આમ કોઈએ કયાંય પણ કલ્પ્યા-ધાર્યા નથી, સર્જ્યા નથી, કોઈપણ રીતે આપણને બસ જીવન મળી ચૂક્યું છે. હવે એને અર્થ આપવો/અર્ક આપવો/દિશા આપવી (કે વહેવા દેવું) એ માટે આપણે સ્વતંત્ર છીએ. એટલું જ નહિ આ સ્વતંત્રતા તો જાણે એક અભિશાપ છે. Not only that we are free, we are condemed to be free. આપણી ઉપર કોઈ શિરછત્ર નથી. આપણા મા બાપ નથી.

ખેર, આપણી આ સૃષ્ટિ શાશ્વત હોય કે Big Bang જન્ય હોય, પણ છે કેટલી પ્રકાંડ! એની પરિધિ જ લાખો પ્રકાશવર્ષની છે અને જીવન કેટલું complex છે!

આ સૃષ્ટિ, આ બ્રહ્માંડ આપણને હસ્તિ આપે છે; ઓળખ આપે છે, અનુભૂતિઓ ઝીલવા ઈન્દ્રિયો અને માણવા/સજવા મગજ આપે છે. પ્રેમની અનુભતિ, તૃપ્તિની અનુભૂતિ, પ્રસન્નતા, સર્જનોનો આનંદ આપે છે. તો વેદના અને પીડા પણ આપે છે. શું એ અંતર્મુખ થવા માટે છે! અને વિશ્વના રહસ્યો ખોજવાની તરસ આપે છે. આપણા મૂળ -Root- ની ખોજ (સ્વની ખોજ) અને એની સાથે સંલગ્ન થવાની ખ્વાહીશ આપે છે. આ ખ્વાહીશને કાર્લ યુંગ આધ્યાત્મિકતાનો પાયો ગમે છે. એ કહે છે કે આ તરસ આદિમ તરસ છે. કાર્લ માર્કસના કહેવા પ્રમાણે આ (આધ્યાત્મિકતા) સામાજિક ઘટના છે. જ્યારે કાર્લ યુંગ ધાર્મિકતાને અસ્તિત્વગત ગણે છે. આ બધું રોમાંચક છે. મોકળાશવાળું પણ છે, તો જવાબદારીવાળું પણ છે.

હવે બર્નાર્ડ રસેલની ચેતવણી એ કહે છે કે All Scientific Conclusions are but close approximations; and open to modifications. આ ચેતવણી એમણે તો વસ્તુનિષ્ટ વિજ્ઞાન માટે આપી છે. જ્યારે અમારી ઉપરોક્ત સમજણો તો માત્ર વ્યક્તિનિષ્ટ ઉદ્‌બોધન છે, અભિવ્યક્તિ છે જે સદંતર નિરર્થક હોય; અસ્થાયી હોય; ગેરમાર્ગે લઈ જાય - આમ સ્વીકારમાં જ બુદ્ધિનું ગૌરવ છે.

પરંતુ અમને મનુષ્યના ચૈતસિક આરોહણોમાં વિશ્વાસ છે. ભવિષ્યના ગર્ભમાં પણ છે. મિલ્ટન અને શેક્સપિયર; ડાર્વિન અને કાન્ટ અને નિત્સે; સ્વામી રામતીર્થ, રમણમહર્ષિ, રસેલ અને કૃષ્ણમૂર્તિ અને અમારા લાખ લાખ વંદનના અધિકારી વર્ધમાન શ્રી મહાવીર.

(તા.ક.: પુરાણ કથા પ્રમાણે નચિકેતા અને યમરાજ વચ્ચે જીવન, બ્રહ્માંડ ઈ. અંગે મૂળભૂત સંવાદ થયો હતો. એટલે મારા લેખના શીર્ષકમાં એ રૂપકનો ઉપયોગ કર્યો છે.)

આ લખવા બાદ એક અંગ્રેજી પુસ્તક "God - Part of Brain" by matthew Alpar વાંચ્યું. એ મુજબ આપણી consiousness પણ મંત્ર Physioneourological ઘટના છે. ત્યારથી હું પણ અવઢવમાં છું. ❑❑❑

ykshah3839@gmail.com

# જૈન દર્શન - દ્રવ્યાનુયોગ

**પ્રા.ડૉ. કોકિલા હેમચંદ શાહ**

જૈન તત્ત્વજ્ઞાન વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરાવે છે. જૈન દર્શનના બધા જ સિદ્ધાંતોનો આધાર દ્રવ્ય, ગુણ પર્યાય છે. વસ્તુવ્યવસ્થાના ક્ષેત્રમાં મહાવીરનું વિશિષ્ટ પ્રદાન છે. સંપૂર્ણ જગત દ્રવ્યપર્યાયાત્મક છે. ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. ગુણ અને પર્યાય વિના દ્રવ્યનું અસ્તિત્વ નથી. ગુણ અને પર્યાયનો આશ્રય દ્રવ્ય છે. સર્વજ્ઞ ભગવંતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત પદાર્થનું અસ્તિત્વ દર્શાવ્યું છે. આમ, આ દશ્યમાન જગત શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. જૈન દર્શન અનુસાર જે વસ્તુ ત્રયાત્મક છે તે જ સત્ છે, વાસ્તવિક છે. વસ્તુ સ્વરૂપનો યથાર્થ બોધ સત્ય તત્ત્વની, સમ્યકત્વની પ્રાપ્તિ માટે ઉપયોગી છે. જે દ્રવ્યની સંપૂર્ણ અવસ્થામાં રહે છે તેને ગુણ કહે છે. દ્રવ્યથી ગુણ જુદા થઈ શકતા નથી, તેની સર્વ અવસ્થામાં ગુણ રહે છે. આ અવસ્થા એટલે પર્યાય. ગુણના વિશેષ પરિણમનને પર્યાય કહે છે. લોક અર્થાત્ વિશ્વ એટલે અનાદિ, અનંત એવી અનંતાનંત વસ્તુઓનો સમુદાય. ભગતીસૂત્રમાં કહ્યું છે 'પંચાસ્તિકાયમયો લોકઃ' અથવા ષડ્દ્રવ્યાત્મકો લોકઃ' તેમાંની પ્રત્યેક વસ્તુ અનાદિ અને અવિનાશી છે. પ્રત્યેક વસ્તુમાં ગુણો છે જે નિત્ય છે, પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ નવીન પર્યાયો-અવસ્થાઓ ધારણ કરતી હોવા છતાં પોતાનો સ્વભાવ છોડતી નથી. સોનાનો દાખલો લઈએ - બંગડીરૂપે સોનું હતું તેની વીંટી બનાવી- બંગડી પર્યાયનો વ્યય, વીંટી પર્યાયનો ઉત્પાદ અને સોનુ સોનુરૂપે શાશ્વત છે. પોતાની પર્યાયનો કર્તા તે દ્રવ્ય પોતે જ છે અન્ય નહીં. પર્યાય ક્ષણિક, અશાશ્વત છે માટે પર્યાય દૃષ્ટિ આકુલતા ઉત્પન્ન કરે છે. તે પર્યાય જેમાંથી આવે છે તે શાશ્વતદ્રવ્ય તરફ દૃષ્ટિ કરતા નિરાકુલતાનો અનુભવ થાય છે. લોકની શાશ્વતતા દ્રવ્ય પર આધારિત છે. અશાશ્વતતા પર્યાય પર આધારિત છે. જે બધા ક્ષેત્ર એટલે કે સંપૂર્ણ પ્રદેશોમાં બધા પર્યાયોમાં એટલે કે અનાદિકાળથી અનંત કાળ સુધી સર્વ અવસ્થાઓમાં એકસરખા વિદ્યમાન રહે છે, તેને ગુણો કહેવાય છે.

ગુણના બે પ્રકાર છે (૧) સામાન્ય (૨) વિશિષ્ટ. જે સર્વ દ્રવ્યમાં રહે છે તેને સામાન્ય ગુણો કહે છે, જે ગુણ બધા દ્રવ્યમાં ન રહે પણ એક પોતાના જ દ્રવ્યમાં રહે તેને વિશેષ ગુણ કહે છે. જેમ કે જ્ઞાન આત્મામાં જ છે અન્ય પાંચ દ્રવ્યમાં નથી.

**સામાન્ય ગુણો (Common) છ છે :-**

(૧) **અસ્તિત્વ** - અસ્તિત્વ એટલે હોવાપણું. જે શક્તિને કારણે દ્રવ્યનો કદી પણ નાશ ન થાય, કોઈથી ઉત્પન્ન ન થાય તેને અસ્તિત્વ ગુણ કહે છે. અસ્તિત્વ ગુણથી એ સિદ્ધ થાય છે કે પ્રત્યેક દ્રવ્યની સત્તા કાયમ રહેનારી છે તેમ જ કોઈપણ દ્રવ્ય નવું ઉત્પન્ન થતું નથી. દરેક દ્રવ્યમાં પોતાનો અસ્તિત્વ ગુણ છે અર્થાત્ પ્રત્યેક દ્રવ્યની સત્તા ભિન્ન છે. દ્રવ્ય કાયમ રહે છે. માત્ર તેની સત્તા બદલાય છે. જેમ કે જીવ દ્રવ્ય કદી પણ મરતો નથી. માત્ર તેનો

પર્યાય બદલાય છે. આમ દ્રવ્ય સદા છે એ જ્ઞાન થતાં ભય દૂર થાય છે. 'Nothing can be created nor destroyed but the form only changes' આ વૈજ્ઞાનિક સત્ય છે. કોઈપણ દ્રવ્ય ત્રણે કાળમાં ક્યારે પણ સંપૂર્ણ નષ્ટ થતું નથી. તેની સત્તા હંમેશાં વિદ્યમાન રહે છે. અર્થાત્ અસ્તિત્વ શાશ્વત છે, આચાર્ય કુંદ કુંદ અસ્તિત્વનું સ્વરૂપ સમજાવતા પંચાસ્તિકાયમાં કહે છે - 'જે વસ્તુ વિદ્યમાન છે તે અસ્તિત્વમાં છે તે નિત્ય છે પણ એક જ કાળે ત્રણ અંશવાળી, ત્રણ અવસ્થાને ધારણ કરતી વસ્તુ સત્ જાણવી. દરેક દ્રવ્યની પોતાની સ્વતંત્ર સત્તા છે, અર્થાત્ અસ્તિત્વ છે. અસ્તિત્વ એટલે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યયુક્ત હોવું - ધ્રૌવ્ય જ પદાર્થનો અસ્તિત્વ ગુણ છે. અસ્તિત્વ ગુણ વિષે વિચારીએ તો એમ સમજાય છે કે દ્રવ્યગુણ નિત્ય છે જ્યારે પર્યાય અનિત્ય છે.

(૨) **વસ્તુત્વ** - આ ગુણને કારણે દ્રવ્ય વસ્તુમાં અર્થક્રિયા કરે છે - જેમકે ઘડામાં જલ ધારણ કરવાની શક્તિ છે. જે શક્તિને કારણે દ્રવ્યની પ્રયોજનભૂત અર્થક્રિયા સદાય થયા જ કરે છે. વસ્તુનું વસ્તુત્વ આ આધાર પર ટકે છે. જે શક્તિથી અર્થક્રિયા થાય તે શક્તિને વસ્તુત્વ કહે છે. અર્થક્રિયા ન હોય તે પદાર્થનું અસ્તિત્વ જ સંભવિત નથી. વસ્તુનું વસ્તુત્વ અર્થક્રિયા (Utility) પર જ ટકે છે. આ ગુણથી એમ સિદ્ધ થાય છે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, કોઈ એક પદાર્થ અન્ય કોઈ પદાર્થનું કાર્ય કિંચિતમાત્ર પણ કરી શકે નહીં એવો વસ્તુનો સ્વભાવ છે. દરેક દ્રવ્ય પોતાનું જ કાર્ય કરે છે. જેમ કે જીવ દ્રવ્ય પોતાની પ્રયોજનભૂત ક્રિયા - જાણવું - જોવું ઈત્યાદિ કાર્યો કરે છે પણ અન્ય જીવોનું અને પદ્ગલદ્રવ્યનું કાર્ય જીવ કરી શકતું નથી - પરદ્રવ્યનો જીવ કર્તા નથી એમ સમજવાથી આકુળતાનો અંત આવે છે.

(૩) **દ્રવ્યત્વ**– દ્રવ્યત્વ ગુણથી દ્રવ્ય સદા પરિણમિત થયા કરે છે. જે શક્તિને કારણે દ્રવ્યની અવસ્થા નિરંતર બદલાય છે તે શક્તિને દ્રવ્યત્વ કહે છે. દ્રવ્ય કાયમ રહે છે પણ તેની અવસ્થા બદલાય છે. દ્રવ્યત્વ ગુણને કારણે દ્રવ્ય એકસરખું ન રહેતા નવા નવા પર્યાયો ધારણ કરે છે. દ્રવ્યત્વ ગુણ એ સિદ્ધ કરે છે કે પ્રત્યેક દ્રવ્યનું પરિણમન નિરંતર ચાલુ જ હોય છે દા. ત. એક જ જીવ મનુષ્ય, તિર્યંચ દેવ આદિ વિવિધ ગતિઓમાં જાય છે. બાળક યુવાન બને છે, વૃદ્ધ થાય છે. આ અવસ્થાને કોઈ અટકાવી શકવા સમર્થ નથી. પ્રત્યેક દ્રવ્યનું નિરંતર પરિણમન તેની પોતાની દ્રવ્યત્વ શક્તિથી થાય છે. કોઈ પરદ્રવ્ય એનો કર્તા નથી. પરદ્રવ્ય કે નિમિત્ત અકિંચિતકર છે - તે કંઈપણ કરી શકતું નથી.

(૪) **પ્રમેયત્વ** - જે શક્તિને કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય બને તેને પ્રમેયત્વ ગુણ કહે છે. આ ગુણને કારણે આપણે પ્રત્યેક દ્રવ્યને જ્ઞાનથી જાણી શકીએ છીએ. તેથી જગતમાં એકપણ એવી બાબત બાકી રહેતી નથી કે જે જ્ઞાનમાં આવી શકતી નથી. આત્મા જણાયા વગર ન રહે તે પ્રમેયત્વ ગુણને કારણે.

(૫) **અગુરુલઘુત્વ** - જે શક્તિને કારણે દ્રવ્યનું દ્રવ્યપણું કાયમ રહે છે, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થતું નથી, એક ગુણ બીજા ગુણ રૂપે થતો નથી અને દ્રવ્યમાં રહેનારા અનંત ગુણો વિખરાઈ જુદા જુદા થતા નથી તે શક્તિને અગુરુલઘુત્વ કહે છે. દરેક દ્રવ્યમાં પરદ્રવ્યરૂપ ન થવાની શક્તિ છે. આ ગુણને કારણે દ્રવ્ય પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે. આ ગુણ વસ્તુસ્વરૂપ અને વસ્તુ સ્વાતંત્ર્ય દર્શાવે છે. પ્રત્યેક વસ્તુ પોતપોતાના નિયમમાં રહે છે. જેમ કે ધર્માસ્તિકાય ક્યારેય અધર્માસ્તિકાયમાં બદલાતું નથી. પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની સીમામાં રહે છે - બીજું ઉદાહરણ લઈએ તો - જીવનું સ્વદ્રવ્યપણું કાયમ રહે છે અને તે શરીરાદિરૂપ કદી થતું નથી. આ જાણવાથી ભેદજ્ઞાન શક્ય બને. આ ગુણથી એમ સમજાય છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહીં.

અગુરુલઘુત્વ એટલે નહીં મોટો નહીં નાનો. આ શક્તિ દ્રવ્યને નાનો અથવા મોટો થવા દેતો નથી. આ વસ્તુસ્થિતિ છે. પ્રત્યેક દ્રવ્યને પોતાનું સ્વતંત્ર સ્વચતુષ્ટય હોય છે - સ્વ-દ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ તેનું પરિણમન અને સ્વભાવ-એટલે પોતાના ગુણો એક દ્રવ્યના સ્વચતુષ્ટયનો પરચતુષ્ટયમાં પ્રવેશ થઈ શકતો નથી. એક ગુણ (ભાવ) બીજા ગુણરૂપે થતો નથી. એક ગુણ બીજા ગુણનું કાર્ય કરતું નથી. એક જીવદ્રવ્ય બીજા જીવદ્રવ્યરૂપ થતું નથી અથવા જીવદ્રવ્યપુદ્ગલદ્રવ્યરૂપ થતું નથી. તેથી જ શરીરમાં આત્મબુદ્ધિ રાખવી મિથ્યા છે. દ્રવ્યનું દ્રવ્યપણું કાયમ રહે છે અર્થાત્ દ્રવ્ય પર્યાયરૂપ નથી થતો, દ્રવ્ય તો નિત્ય છે જ્યારે પર્યાય - ઉત્પાદ-વ્યય થનારી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થતું નથી. તેથી વિશ્વમાં જેટલાં દ્રવ્યો છે તેટલાં જ કાયમ રહે છે.

(૬) **પ્રદેશત્વ** - જે ગુણને કારણે દ્રવ્યના પ્રદેશ હોય છે તથા લોકાકાશમાં દ્રવ્યના આકારરૂપ ભૌતિક ઉપસ્થિતિ હોય છે તે પ્રદેશગુણ. અર્થાત્ જે ગુણને કારણે દ્રવ્યનો કોઈ ને કોઈ આકાર હોય તેને પ્રદેશત્વ ગુણ કહે છે. કોઈ વસ્તુ કે પદાર્થ પોતાના સ્વક્ષેત્રરૂપ આકાર વિના હોય નહીં. પ્રત્યેક દ્રવ્યનો આકાર તેના પ્રદેશત્વ ગુણને લીધે બને છે.

વસ્તુસ્વરૂપનો મહત્ત્વનો સિદ્ધાંત આપણે જોયો.

વિશ્વ તે દ્રવ્યોનો સમૂહ. દ્રવ્યોનું વર્ગીકરણ કરતાં મૂળ બે દ્રવ્યો જડ અને ચેતન અને બન્ને મળી છ દ્રવ્યો છે. છ એ દ્રવ્યોના સમૂહને લોક-વિશ્વ કહેવાય છે. તે લોકને કોઈએ ઉત્પન્ન કર્યું નથી અને ધારણ કર્યું નથી. તેનો રક્ષણકર્તા પણ કોઈ નથી. આ દ્રવ્યો નિત્ય છે માટે લોક પણ નિત્ય છે, અનાદિ અનંત છે. લોકમાં છ દ્રવ્યો 'એક ક્ષેત્રાવગાહરૂપ છે અર્થાત્ તેમની સત્તા ભિન્ન-ભિન્ન હોવા છતાં એક જ જગ્યામાં રહે છે. બધાં દ્રવ્યો એકક્ષેત્રાવગાહી હોવા છતાં દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેકનું અસ્તિત્વ ભિન્ન-ભિન્ન છે. દરેક દ્રવ્યના પોતપોતાના ગુણો કાયમ છે. કુલ સંખ્યાની અપેક્ષાએ દ્રવ્યો અનંત છે. વિશ્વ અને દ્રવ્યોનું સ્વરૂપ સર્વજ્ઞકથિત

છે - આ વસ્તુસ્થિતિ છે.

મૂળભૂત બે દ્રવ્યો છે - (૧) જીવ-ચેતન

(૨) અજીવ જડ - અજીવ દ્રવ્યના પાંચ પ્રકાર છે.

વિશેષ ગુણો

(૧) પુદ્‌ગલાસ્તિકાય - રૂપાદિ ગુણવાળું મૂર્ત દ્રવ્ય છે.

(૨) ધર્માસ્તિકાય - ગમનસહકારી, ગતિનિમિત્તતા

(૩) અધર્માસ્તિકાય - સ્થિતિકરણત્વ

(૪) આકાશાસ્તિકાય - અવગાહનત્વ, દ્રવ્યોને જગ્યા આપવી

(૫) કાળ - વર્તના હેતુત્વ

ઉપર દર્શાવેલ સામાન્ય ગુણો દરેક દ્રવ્યમાં હોય છે. તે ઉપરાંત દરેક દ્રવ્યમાં પોતપોતાના વિશેષ Special ગુણો પણ હોય છે. જેને લીધે પ્રત્યેક દ્રવ્યમાં રહેલી ભિન્નતાનો ખ્યાલ આવે છે. વિશેષ ગુણોને કારણે આપણે તે કયા દ્રવ્યો છે તે જાણી શકીએ છીએ. સમગ્ર જગત આ છ દ્રવ્યોથી જ બનેલું છે, કોઈ સાતમું દ્રવ્ય નથી. બધાં જ દ્રવ્યો અનાદિકાળથી વિદ્યમાન છે અને અનંત કાળ સુધી રહેશે.

જીવ અર્થાત્ ચેતન તત્ત્વ. તે સદા જ્ઞાતા સ્વરૂપ પરથી ભિન્ન અને ત્રિકાળ સ્થાયી છે. અજીવ અર્થાત્ જેમાં ચેતના નથી, તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર અરૂપી છે અને પુદ્‌ગલ રૂપી છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સહિત છે. તેની સંખ્યા અનંત છે, જીવો પણ અનંત છે.

ટૂંકમાં જે ગુણ પર્યાયસહિત અને અસ્તિત્વમાં છે...સત્ સ્વરૂપ હોય તે દ્રવ્ય છે.

(૧) જીવ- ઉપયોગ એ જીવનું લક્ષણ છે. ઉપયોગ એટલે જ્ઞાન અને દર્શન. જ્ઞાન એટલે જાણવાની શક્તિ જ્યારે દર્શન એટલે જોવાની શક્તિ. જીવમાં ચેતનાશક્તિ હોવાથી તેને બોધ થાય છે. જડને જ્ઞાન થતું નથી કારણ કે તેમાં ચેતના નથી. આત્મામાં અનંત ગુણ પર્યાય છે પરંતુ તે બધામાં ઉપયોગ જ મુખ્ય છે તે સ્વપરપ્રકાશક છે.

(૨) પુદ્‌ગલદ્રવ્ય - જે દ્રવ્યમાં સ્પર્શ, રસ ગંધ અને વર્ણ હોય પુદ્‌ગલ છે.

(૩) ધર્મદ્રવ્ય - સ્વયં ગતિરૂપ પરિણત જીવ અને પુદ્‌ગલોને ગમન કરતી વખતે જે દ્રવ્ય નિમિત્ત છે તે. જેમ કે માછલીને પાણી સહાયક છે ગમન કરવામાં.

(૪) અધર્મદ્રવ્ય - સ્વયં ગતિપૂર્વક સ્થિતિપરિણમને પ્રાપ્ત પુદ્‌ગલ ને જીવોને સ્થિર રહેવામાં સહકારી કારણ અધર્મ દ્રવ્ય છે. જેમ પથિકને છાયા સહાયક છે સ્થિર રહેવામાં

(૫) આકાશ દ્રવ્ય જીવ, પુદ્‌ગલાદિ બધાં દ્રવ્યોને અવકાશ, જગ્યા-આપનાર દ્રવ્ય - જેના બે ભાગ છે લોકાકાશ અને અલોકાકાશ.

(૬) કાળ - જીવાદિ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્તરૂપ જેમકે દ્રવ્યને બદલવામાં મિનિટ, કલાક, દિવસ વગેરે રૂપ છે. કાળ દ્રવ્ય એકપ્રદેશી છે. તેથી આસ્તિકાય નથી. કાળ સિવાયના પાંચ દ્રવ્યો 'પંચાસ્તિકાય' કહેવાય છે. કાળ દ્રવ્ય અસ્તિ છે પણ કાય નથી. એકપ્રદેશી છે. (ક્રમશઃ)

સામાન્ય અને વિશેષ ગુણો વિષે વિસ્તૃત ચર્ચા આગળ કરીશું.

❑❑❑

કે.જે.સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ

મો. ૯૩૨૩૦૭૯૯૨૧

# યોગ એટલે પરમતત્ત્વ સાથે જોડાણ

**તત્ત્વચિંતક વી. પટેલ**

યોગ શબ્દ યુજ ધાતુ પરથી આવેલ છે. એનો અર્થ થાય છે જોડાવું. આ જોડાવું એટલે પરમતત્ત્વ પરમાત્મા સાથે, એમ એનો સ્પષ્ટ અર્થ છે. આ જોડાણ માટે સતત મથનારો સાધક પછી તે જ્ઞાન યોગી હોય. કર્મ યોગી હોય, ભક્તિ યોગી કે યોગ યોગી હોય. બધાની મથામણ પરમ તત્ત્વ પરમાત્મા સાથે જોડાવાની હોય છે.

આ જોડાવા માટે જ આંતરિક સાધના કરી. આંતરિક અને બાહ્ય રીતે પૂરેપૂરી શુદ્ધતા અને સ્થિરતા કરીને, આત્મભાવ, આત્મજ્ઞાન, આત્મસ્થતા, હૃદયસ્થતા, સમત્વ, સ્થિત પ્રજ્ઞ અને સાક્ષીભાવની સ્થિતિમાં સ્થિર અને પોતાના સ્વભાવમાં પોતાની જાતમાં સ્થિર થવું જ પડે છે.

માણસે બીજા જેવા થવાના મોહમાંથી અને વિચારમાંથી મુક્ત થવું પડે છે. કારણકે એ જ માગ ચિત્તને તનાવમાં રાખે છે. આવા તનાવમાંથી મુક્ત થવા અને પોતાનામાં સ્થિર થવા માટે ધ્યાન જ મહત્ત્વનું સાધન છે. આ સાધન દ્વારા જ સાધ્ય સુધી સહેલાઈથી પહોંચી શકાય છે.

ધ્યાન દ્વારા જ આંતરિક શુદ્ધતા, સ્થિરતા થતા જ આત્મભાવ પ્રાપ્ત થઇ શકે છે. સાક્ષીભાવમાં અને પોતાના સ્વભાવમાં પોતાની જાતમાં સ્થિર થઇ શકાય છે. આ માટે નિરંતરતાની અને સાતત્યતાની જરૂરિયાત પડે છે.

યોગાભ્યાસ દ્વારા સમત્વ બુદ્ધિમાં સ્થિર થવું જ પડે. એટલે કે જીવનમાં સરળતા, સહજતા અને સત્યતાનો અંગીકાર સાધકે હૃદયથી કરવો જ પડે, અને તમામ પ્રકારની આશાથી મુક્ત હૃદયપૂર્વક થવું જ પડે છે. એટલે કે મારે સાધના દ્વારા કાંઈક પ્રાપ્ત કરવું છે તેવા અંતરનાં અને હૃદયના ભાવથી મુક્ત થવું જ પડે. એટલે જ્યાં અપેક્ષા, આશા છે ત્યાં યોગ નથી, ત્યાં ભક્તિમાર્ગ નથી, ત્યાં જ્ઞાનનિષ્ઠા નથી અને ત્યાં કર્મનિષ્ઠાની સાધના નથી.

જીવનની કોઈ પણ સાધનામાં માગણવેડા છે, માંગણી છે, અપેક્ષા છે આશા છે, ત્યાં કોઈપણ પ્રકારની સાધના જ નથી, પણ દંભ છે, અહંકારને પોષવાનો ધંધો છે, અને માગણવેડાથી, માગણીથી કોઈપણ સાધનાની સિદ્ધિ પ્રાપ્ત થાય જ નહીં, આ સાધનાની પાયાની વાત છે.

**યોગની સાધનામાં આ આવશ્યક અને જરૂરિયાત**

૧. **પૂરેપૂરો એકાંત** - યોગની આખી સાધના એકલાએ જ કરવાની છે, તેમાં કોઈ ગુરુની આવશ્યકતા જ નથી ,અને ટોટલી એકાંતમાં સ્વસ્થ ચિત્તે પ્રસન્નતાથી સાધના કરવાની છે, જ્યાં પણ જરા પણ ઘોંઘાટ શોરબકોર હોય ત્યાં આપણા સ્વ સાથેનું જે જોડાણ જે ધ્યાન દ્વારા થયું હોય છે તે ખતમ થઈ જતું હોય છે, માટે સાવ એકાંત જરૂરી છે.

આજે આઈ ફોન આવતા માણસ એકાંતમાં શાંતિથી બેસી જ શકતો નથી, ફોન ઘૂમડયા જ કરતો હોય છે અથવા મેસેજ છે કે નહી તે રાત દિવસ જોયા જ કરતો હોય છે, અને ફોન જરાપણ શરીરથી અલગ કરતો જ નથી, એટલે એકાંત અને મૌન દોહ્યલું બની ગયું છે, માટે ધ્યાનમાં બેસતી વખતે ફોનને ટોટલી બંધ કરી દેવો જોઈએ, અને દૂર મૂકી દેવો જોઈએ અને તેને મનમાંથી સદંતર કાઢી નાખવો જ જોઈએ.

કોઈપણ જાતનો ઘોંઘાટ ન હોય તેવી જગ્યા પસંદ કરી, શાંત અને સ્વસ્થ થઈને ટટાર બેસવું અને શરીરને સાવ જ ઢીલું મૂકી દેવાનું છે અને પોતાની જાત સાથેનો પરિચય કેળવવાનો છે, આમ જાત સાથે એક થવાનું છે અને સ્વભાવને જાણી તેમાં સ્થિર થવાનું છે, આત્મસ્થ થવાનું છે. આત્મામાં સ્થિર થવાનું છે, નિર્વિચાર થવાનું છે, બીજા જેવા થવાના વિચારથી મુક્ત થવાનું છે.

આ માટે શ્વાસ સાથે ચિત્તને જોડવું વધુ અનુકૂળ પડે છે,કારણ કે શ્વાસ સાથે ચિત્તને જોડવાથી આપણે વર્તમાનમાં સ્થિર થઈ શકીએ છીએ, અને વર્તમાનમાં જ જાત સાથે આત્મસ્થ થઈને જોડાઈ શકીએ છીએ, આવું જોડાણ એકાંત વિના શક્ય નથી, આ માટે રાતનો સમય વધુ અનુકૂળ પડે છે, અને તેમાં નિયમિતતા અને સાતત્યતા આવશ્યક છે.

૨. **અપેક્ષા,આશા અને ઈચ્છાથી મુક્તિ** - માણસનો સ્વભાવ છે કે આશા, અપેક્ષા, ઈચ્છા કે તૃષ્ણા વિના કાંઈ કર્મ કરી શકતો નથી, જેને કારણે એક આશા, અપેક્ષા પરથી બીજી આશા અપેક્ષા પર ઠેકડા માર્યા જ કરે છે, એક પૂરી થઈ ન થઇ હોય ત્યાં તો બીજી ઊભી થઇ જ હોય છે, આમ આશા અપેક્ષા તૃષ્ણા વગેરે ગળે ફાંસો જ છે, બંધન છે, આમ આશા અપેક્ષા વગેરે જ બાધે છે, આમાંથી જ મુક્ત થવાનું છે, એટલા માટે જ આંતરિક સાધના કરવાની છે.

આખી યોગની ,ભક્તિની, કર્મની કે જ્ઞાનની સાધના જ બંધનથી મુક્ત થવા જ કરવામાં આવે છે, બંધનથી મુક્ત થવું એટલે પોતાના સ્વભાવમાં સ્થિર થવું છે, એટલે યોગની સાધનામાં તો પ્રથમથી જ સાધકે બીજા જેવા થવાની આશા, અપેક્ષા ઈચ્છા તૃષ્ણા, મહત્વકાંક્ષા, વિચાર વગેરે છોડવાના જ હોય છે, તેમાંથી મુક્ત થઇ ટોટલી નિર્ભાર થવાનું હોય છે, આ નિર્ભારના પાયા ઉપર જ આખી યોગની સાધનાનો આખો આધાર છે, જેટલા તમો તમારા જીવન વ્યવહારમાં- આચરણમાં નિર્ભાર, સરળ, સહજ અને સત્યમાં સ્થિર થઇ શકશો અને કોઈને પણ જીવનમાં નડશો નહીં, અને વ્યવહાર અને આચરણ-સરળતા, સહજતા અને સત્યતાપૂર્વક કરશો એટલે સફળતા મળવાની સંભાવના વધી જશે, એટલે કે જેટલું ચિત્ત પ્રસન્ન રહેશે, સ્વસ્થ રહેશે તેટલી સફળતા વહેલી મળે છે.

૩. **નિયમિતતા** - યોગની સાધનામાં પૂરેપૂરી નિયમિતતા, સત્યતાની અને સાતત્યતાની આવશ્યકતા છે, જે સમયે જેટલો સમય ધ્યાનમાં બેસવાનું નક્કી કર્યું હોય તેટલો સમય અને તેટલા સમયે નિયમિત બેસવું જ જોઈએ, તેમાં આળસ કરાય કે રજા રખાય નહીં કે ભૂલી જવાય નહીં, એટલે સાધનામાં સાતત્યતા અને સત્યતા આવશ્યક છે, તેમાં ક્યાય ખલેલ પડવી જોઈએ નહીં, આના માટે ચિત્તને સ્થિર કરવું પડે છે.

જો ચિત્ત સ્થિર નહીં, હોય તો ધ્યાનમાં બેસવાનો લીધેલો નિર્ણય ઘડીકમાં ફરી જતો હોય છે, માટે સાધકનું યોગની સાધનામાં ચિત્ત સ્થિર હોવું જરૂરી છે, તો જ નિયમિત રહી શકશો અને સાતત્યતા જાળવી શકશો, અન્યથા આજના વાતાવરણમાં મુશ્કેલ છે.

ચારેકોર મેળવી લેવાની અને લાભ અને લોભની પૂરતી માટેની અને બીજા જેવા થવાની હોડ લાગી છે અને આગળ થવાની દોડ છે, એમાં શાંતિથી બેસવું નિયમિતતા અને સાતત્યતા રાખવી અઘરી છે તે સાચું પણ ચિત્તને કેળવ્યા વિના સફળતા મળે જ નહીં, એ પણ એટલું જ સત્ય છે, ચિત્તને કેળવવા અને બીજા જેવા થવાથી મુક્ત થવા માટે જ ધ્યાન આવશ્યક છે.

આપણે શું જોઈએ છે તે આપણે જ સ્વસ્થ ચિત્તે પ્રસન્નતાપૂર્વક નક્કી કરવાનું હોય છે, આપણને પદાર્થ જોઈએ છે કે આનંદ અને અમૃતમય જીવન તે આપણે નક્કી કરવાનું હોય છે, તેમાં કોઈ મદદગાર થતું જ નથી, અને પરમાત્મા કે કોઈ દેવ દેવીઓ આમાં હાથ નાખતાં જ નથી, જે કંઈ છે તે આપણો પોતાનો જ ખેલ છે.

કોઈપણ કામમાં પરમતત્વ પરમાત્મા ક્યાંય આડા આવતા જ નથી કે કોઈને કોઈપણ જાતની પદાર્થની સહાય પણ કરતા નથી એટલું બરાબર સમજી લેવા જેવું છે, જાણી લેવા જેવું છે, જેથી આજની ઘણી મોટી ધમાલોમાંથી મુક્તિ મળી શકે અને સત્યના આધારે પુરુષાર્થ દિલ દઈને કરવાનું મન થાય અને સફળતાનું

પ્રમાણ વધે, જ્યાં ચિત્ત જ સ્થિર નથી, ત્યાં સફળતા મળવી જ મુશ્કેલ છે એટલું જાણો.

જીવનમાં કોઈનું માનીને ચાલવું એટલે અંધશ્રદ્ધા અને અંધ વિશ્વાસનો સ્વીકાર કરવો. કોઈના અનુયાયી થવું અને આપણી બુધ્ધી અને ચિત્ત તેમને ત્યાં ગીરો મૂકી દેવા અને સકુચિતમાં સ્થિર થવું, અને અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસનો સ્વીકાર કરવો જે હંમેશાં ઊંડા ખાડામાં જ નાખે છે.

માનીને ચાલવાથી જ જીવનમાં મુશ્કેલીઓનું સર્જન થાય છે, માટે તેનાથી દૂર થવું જરૂરી છે ને આવશ્યક છે, માટે શુદ્ધ મન અને બુદ્ધિથી જાણીને ચાલો, અને આ જગતમાં ભાગ્ય જેવી કોઈ ચીજ અસ્તિત્વ જ ધરાવતી નથી તેમ જાણીને અનુભવો.

જીવનમાં આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા અને સકારાત્મક દૃષ્ટિકોણનાં અભાવે ઘણીવાર વાંછિત ફળ પ્રાપ્તિમાં અંતરાયો ઊભા થતા હોય છે, તેમાં ભાગ્ય કોઈ અવરોધ કરતું જ નથી, તે સ્વસ્થ ચિત્તે જાણીને અવરોધોનું નિવારણ કરો, એટલે સફળતા મળશે જ પણ કોઈનું માનીને ચાલો જ નહીં, અને પ્રસન્નચિત્તે બધું જાણો અને જાણીને ચાલો, એ જ સત્યનો માર્ગ છે, અને સત્યના માર્ગ પર જ વિજય ઊભો છે અને અસત્યના માર્ગ પર તનાવ ઊભો છે, શું જોઈએ છે તે આપણે જ નક્કી કરવાનું છે.

જીવનમાં જાણવું એટલે કોઈપણ વિચાર વાત આપણી સમક્ષ આવે તેને શુદ્ધ મન અને બુદ્ધિથી આત્મસ્થ થઈને આત્મજ્ઞાનમાં સ્થિર થઈને શુદ્ધ ચિત્તથી કસવું. કસતા જો સત્ય લાગે તો સ્વીકાર કરવો અન્યથા વિચાર ફેંકી જ દેવો, આ આખી પ્રક્રિયા એ જાણવાની પ્રક્રિયા છે, આ રીતે જાણીને ચાલશો તો તે આત્માનો અવાજ હોય છે, જે સત્ય જ હોય છે, ને સત્યના માર્ગે વિજય જ હોય એટલે સફળતા જ મળે.

જેમણે આંતરિક સાધના કરી જીવનમાં, શાંતિ અને પરમ આનંદની પ્રાપ્તિ કરવી છે, તેમણે બીજાનું માનીને ચાલવાનું ટોટલી બંધ કરવું પડે છે, બીજા જેવા થવાનો ભાવ છોડવો જ પડે છે, ને પોતાના આત્માના અવાજ પ્રમાણે જ ચાલવું પડે છે, એટલે કે બીજાનું સત્ય તે આપણું સત્ય કદી બની શકે જ નહીં, એટલે જ શુદ્ધ અંતરથી પ્રસન્ન ચિત્તે જાણી આપણું સત્ય આત્મસ્થ થઈને જાણી ચાલવું પડે છે, તે કોઈપણ સાધનાની અનિવાર્ય શરત છે, પછી તે ભક્તિ હોય, જ્ઞાન હોય, કર્મ હોય કે યોગની સાધના હોય, તેમાં માનીને ચલાય જ નહી, માનીને ચાલવું એટલે અંધાશ્રદ્ધાને અને અંધવિશ્વાસનો જીવનમાં સ્વીકાર કરવો.

**૪. ચિત્તનો ભટકાવ બંધ કરવો :**

આખી યોગની પ્રક્રિયા જ ચિત્તનો ભટકાવ બંધ કરવા માટે જ છે, અને પ્રસન્નતા અને સ્વસ્થતામાં સ્થિર થવાની છે. આ માટે ઉત્તમમાં ઉત્તમ સાધન ચિત્તને શ્વાસ સાથે જોડાણ કરવું પડે છે, તે માર્ગ ઉત્તમ છે, કારણકે શ્વાસ હંમેશાં વર્તમાનમાં જ ચાલે છે, તેથી શ્વાસની સાથે ચિત્તનું જોડાણ કરવાથી ચિત્તને પણ વર્તમાનમાં જ સ્થિર રહેવું પડે છે,આમ સતત નિરંતર જોડાણ હોવાથી તેનો તમામ પ્રકારનો ભટકાવ બંધ થઇ જાય છે, આમતેમ ક્યાય ચિત્ત જઈ શકતું નથી, આમ ચિત્તવૃત્તિ નિરોધ સાબિત થાય છે.

આમ આપોઆપ ચિત્તની એકાગ્રતા થશે, શુદ્ધતા થશે અને સ્થિરતા થશે જ. આમે આપણું ચિત્ત જયારે વર્તમાનમાં સ્થિર હોય છે ત્યારે જ તે સ્થિર,એકાગ્ર અને શાંત હોય છે, તે આપણા સૌનો અનુભવ છે, માટે ચિત્તને શ્વાસ સાથે નિરંતર જોડી રાખો, શ્વાસ અંદર જાય તો અંદર જવાનું અને અંદર રોકય તો રોકાવાનું અને બહાર નીકળે તો બહાર નીકળવાનું અને બહાર રોકાય તો ત્યાં રોકાવાનું. આમ સતત ચિત્તને શ્વાસ સાથે જોડી જ રાખવાનું છે, અને શ્વાસ જેમ ચાલતો હોય તેમ ચાલવા દેવાનો છે, તેમાં કઈ પણ કરવાનું નથી, આ ઉત્તમોત્તમ સાધના છે, જગતમાં આનાથી ઉત્તમ કોઈ સાધના ચિત્તને સ્થિર કરવાની નથી.

જીવનમાં વર્તમાનકાળ જ જીવવાયોગ્ય કાળ છે, તેમાં જ ચિત્તની

શાંતિ અને આનંદ પ્રાપ્ત થતાં હોય છે,ભૂતકાળ તો ચિંતા અને દુઃખ દાયક હોય છે ,જ્યારે ભવિશ્યકાળ તો કલ્પનાઓમાં અને આશાઓમાં ચિત્ત તનાવગ્રસ્ત હોય છે,આમ વર્તમાન જ જીવવાલાયક છે.

જે શ્વાસ સાથેના જોડાણથી વર્તમાનમાં સ્થિર રહેવું શક્ય બને છે, તમામ પ્રકારના તનાવ ચિતા નાબૂદ થઇ જાય છે અને પ્રસન્નતા સ્વસ્થતા પ્રાપ્ત થાય છે, એ જ જીવન છે શ્વાસ હંમેશાં વર્તમાનમાં જ ચાલતો હોય છે, તેની સાથેના જોડાણથી ચિત્તને વર્તામાનમાં જ રહેવું પડે છે, એ જ જીવનની સિદ્ધિ બની રહે છે.

**૫. ઉપભોગની વૃત્તિમાંથી નિવૃત્ત થઇ ઉપયોગની વૃત્તિમાં સ્થિરતા**

માણસના જીવનમાં લાભ, લોભ, સ્વાર્થ, આસક્તિ વગેરેની કોઈ સીમા જ હોતી નથી, ખાધેપીધે સંપૂર્ણપણે સુખી હોય અને પૂરેપૂરા સંપન્ન હોય તો પણ ઉપભોગની વૃત્તિમાંથી નિવૃત્ત થઈને ઉપયોગની વૃત્તિમાં સ્થિર માણસ હોતો નથી, થતો જ નથી.

ઉપભોગ સદાય જીવનમાં તનાવમાં રાખે છે, જયારે ઉપયોગની વૃત્તિ સદાય પ્રસન્નતા અને સ્વસ્થતા પ્રદાન કરે છે, તોપણ માણસ ઉપયોગની વૃત્તિમાં સ્થિર થવા માગતો નથી, ને ઉપભોગની વૃત્તિને કારણે ભેગું જ કર્યે જાય છે, જેથી જીવનનો આનંદ દૂર રહી જાય છે, માણસ પાસે જેમ જેમ પૈસો વધતો જાય તેમ તેમ તેનામાં સત્યતા ઘટતી જાય છે, અને અસત્યતા વધતી જાય છે, ત્યાં જ બધી તકલીફ છે.

ધર્મને માનીને ચાલવાથી, મોટા ભાગના લોકો સફળતા અને નિષ્ફળતાને પોતાના ભાગ્ય કે નસીબ કે પૂર્વ જન્મનાં કૃત્યો સાથે

જોડી ને શુદ્ધ મન અને બુદ્ધિથી આત્મદર્શન કરવાનું ટાળે છે, આમ જાણવાથી દૂર ભાગે છે, અને માનીને જ ચાલે છે. હકીકતમાં જીવનમાં સફળતા નિષ્ફળતાનો આધાર અનેક વસ્તુઓ સાથે સંકળાયેલો હોય છે, અને સફળતા ઘણી- બધી વસ્તુઓ પર આધારિત હોય છે આમાં ભાગ્ય કે દેવ દેવીઓનો કોઈ હાથ હોતો જ નથી કે કોઈના આશીર્વાદથી સફળતા મળતી નથી, તેમ સ્પષ્ટપણે જાણો અને આવી તમામ માન્યતાઓથી મુક્ત થાવ તેમાં જ આનંદ છે, શાંતિ છે.

જીવનમાં સફળતા નિષ્ફળતા આપણી ઘણી-બધી ક્ષતિઓ કે ભૂલોમાંથી ઉદ્ભવતી હોય છે. અશુદ્ધ અને અસ્થિર ચિત્તથી અને અલ્પ શ્રમ કરી સફળતા કેમ મળે તેવા આપણા ખ્યાલો હોય છે, આમ ઓછી મહેનતે વધુ મેળવી લેવાનો ભાવ હોય છે, જેથી અસત્યનો રસ્તો પકડતા હોઈએ છીએ, જે ખતરનાક પુરવાર થતો જ હોય છે.

જયારે કર્મ પ્રત્યે ઉદાસીનતા દાખવીએ છીએ તો પણ ફળ ધાર્યા પ્રમાણે મળે નહીં તે સ્વાભાવિક છે, એટલે જો આપણે પૂરી સમજણ અને જાણકારીપૂર્વક બુદ્ધિયુક્ત શ્રમ જીવનમાં ઉપકારક નીવડે જ છે,તેમાં કોઈપણ જાતની શંકા કરવાની જરૂર નથી, હંમેશાં સત્યજ વિજય થાય છે અને અસત્યની હાર જ થાય છે. જીવનમાં દૃષ્ટિ શૂન્ય શ્રમ અને કાર્યનું પૂરું જ્ઞાન અને જાણકારી ન હોવાથી શ્રમ એળે જાય છે, એ શાશ્વત સિદ્ધાંત છે.

જીવનમાં અધૂરો આત્મવિશ્વાસ કે સંપૂર્ણ આત્મિક શ્રદ્ધા અને આત્મસ્થ થયા વગરનું જીવનમાં કોઈપણ કરવામાં આવેલું કર્મ કે કોઈપણ સાધના ફલદાયક બની શકે જ નહીં, એટલું જાણો.

તમારા હાથની રેખાઓ સફળતા જ બક્ષે છે. માત્રને માત્ર આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા અને આત્મસ્થ થઈને સ્વભાવમાં સ્થિર થઈને સત્યના આધારે પુરુષાર્થ જ કરવાની જરૂરિયાત છે. સફળતાને વરવું જ પડશે.

**૬. ધ્યાનમાં કઈ રીતે બેસવું** - યોગની સાધનામાં ખૂબ જ લાંબો સમય બેસવાનું હોય છે. આ બેસવા માટે આસનો દ્વારા શરીરને કેળવવું પડે છે, એટલા પૂરતા જ જુદા જુદા આસનોની કિંમત છે. ધ્યાન માટે ગમે ત્યાં બેસાય નહીં, એકંદરે સ્વચ્છ જગ્યા જોઈએ. હવા ઉજાસ સારો હોવો જોઈએ. જ્યાં અવરજવર ઓછી હોય અને આસન આપણને યોગ્ય લાગે તે સ્વીકારી શકાય છે. સુખાસન વધુ અનુકૂળ પડે છે, કારણકે લાંબો સમય બેસવાનું હોય છે.

કોઈપણ જગ્યાએ પીડા થાય કે તાણ થાય તે રીતે બેસવાનું નથી, ઘણા લોકો પલાંઠી નથી વાળી શકતા, ઘણા પદ્માસન નથી કરી શકતા, એટલે જે ફાવે તે રીતે બેસવામાં કોઈ વાધો નથી, માત્રને માત્ર ટટ્ટાર બેસવું અને શરીરને સાવ જ ઢીલું મૂકી દેવું અને માથું અને ડોક સીધા રાખવા, આંખો બંધ રાખવી અને આ રીતે પૂરેપૂરી સ્થિરતા પ્રાપ્ત કરવી.

શરીરનું કોઈ અંગ હલાવવું નહીં કે હલવું જોઈએ નહીં, કોઈ જગ્યાએ ચળ આવે કે બળતરા થાય તો ત્યાં ચિત્ત લઇ જવાનું નથી કે શરીરના કોઈ અંગથી ખંજોળવાં માંડવાનું નથી, આમ કરશો એટલે થોડા જ સમયમાં બળતરા કે ચળ બંધ થઇ જશે, તે આપણા મનની ચાલ હોય છે, તેને સ્થિર થવું ગમતું નથી, માટે નવા નવા નુસખા કરતું હોય છે, તેને તાબે થવાનું નથી, જો તેને તાબે થયા એટલે ધ્યાન લાગશે જ નહીં, અને જે કંઈ વિચારો આવે તેની સાથે વહેવા માંડવાનું નથી, પણ તેને જોવાના છે, આમ જોશો એટલે થોડા જ વખતમાં વિચારો શમી જશે.

કોઈ જાતના નામસ્મરણ કરવાના નથી કે કશું પણ રટણ કરવાનું નથી,માત્રને માત્ર જોયા જ કરવાનું છે ,જોવામાં બુદ્ધિનો કે મનનો ઉપયોગ કરવાનો નથી, એટલે ચિત્ર સારું કે નરસું છે તેવો વિચાર સુધ્ધાં કરવાનો જ નથી,એટલું જ ધ્યાન રાખવાનું છે, એટલે કે ધ્યાનમાં બેસો એટલે સંપૂર્ણ જાગૃતતા રાખવાની છે, પરમ ચેતનાની જાગૃતતામાં સ્થિરતા એ જ ધ્યાન છે, આ બધું ધૈર્ય ધરીને સ્વસ્થતાપૂર્વક કરવાનું છે.

માત્રને માત્ર ચિત્તને શ્વાસ સાથે જોડી જ રાખવાનું છે, આટલું જ કરો. એટલે થોડા જ વખતમાં ચિત્ત સ્થિર થશે. તેનો ભટકાવ બધ થશે અને શાંતિનો અનુભવ થશે ને જીવનમાં આંતરિક પરિવર્તન થતું માલૂમ પડશે અને ચિત્ત સ્થિર અને શુદ્ધ થતાં પરમ શાંતિ અને પરમ આનંદ ઉપલબ્ધ થશે.

આ ધારો એટલું સહેલું નથી, ચિત્ત વારંવાર ખસી જાય છે, તેને પાછું લાવવું પડે છે, પણ ધીરજ રાખી કરવામાં આવે તો તે શ્વાસ સાથે જોડાઈ રહે છે, જોડાઈ રહ્યું એટલે જીવનનો જંગ જીતી ગયા માનો, પરમ શાંતિ અને આનંદનો અનુભવ થશે, પછી જે કાઈ કર્મ કરતા હશો તે કર્મ સારી રીતે પૂરા પ્રસન્ન ચિત્તે સ્વસ્થતાપૂર્વક કરી શકશો અને કર્મની સફળતાનું પ્રમાણ વધી જ જશે , અને તમારી પૂરી શક્તિનો કર્મમાં ઉપયોગ કરી જ શકશો અને પરમ આંતરિક શાંતિ જ કર્મને સફળ કરશે.

**૭. પરમ શાંતિ અને સુખ.**

જીવનમાં પરમ શાંતિ અને પરમ સુખની અવસ્થા એટલે ચિત્તની તાણરહિત, ખલેલરહિત, તરંગરહિત, નિષ્પંદ ચિત્તની અવસ્થા છે, જે ધ્યાન દ્વારા પ્રાપ્ત થાય છે.

જ્યારે ધ્યાનની સાધના દ્વારા ચિત્તના તમામ પ્રકારના ઉધામા શાંત પડે છે, બીજા જેવા થવાની ભાવનામાંથી ચિત્ત નિવૃત્ત થાય છે, અને પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે, એટલે પરમ શાંતિનો અનુભવ થાય છે, પછી જ જીવનમાં કશુંક નવું જ પ્રાપ્ત થાય છે, જેનું નામ છે, આંતરજ્ઞાન. જેની પ્રાપ્તિથી જીવન ધન્ય બની જતું હોય છે, આખું જીવન પરિવર્તિત થઇ જાય છે. આ જગતમાં જ્ઞાન જેવી પવિત્ર ચીજ બીજી એકેય નથી, તેની પ્રાપ્તિ એ જ જીવનની સિદ્ધિ છે.

ધ્યાન દ્વારા ચિત્તમાં રહેલો બહારનો તમામ પ્રકારનો ઘોંઘાટ અને બહારની ભીડનો સદંતર નાશ થાય છે અને તદ્દન મૌન અને પરમ શાંતિ દ્વારા ચિત્તમાં રચાતું નિર્વિચાર અને અમનની સ્થિતિ અને નિષ્પંદ એકાંત અને ચિત્ત ટોટલી જંપી જાય એટલે આપણે જિંદગીનો જંગ જીતી ગયા.

આ સ્થિતિ ધ્યાન દ્વારા પ્રાપ્ત કરવાની છે, એટલે ધીરજ ધરીને ધૈર્ય રાખીને ધ્યાન ધરવાનું છે અને તેમાં નિયમિતતા અને સાતત્યતા રાખવાની છે, તો જ પરમ શાંતિ ઉપલબ્ધ થાય છે અને નિર્વિચારમાં સ્થિર થવાનું છે,એટલે પરમ શાંતિની ઉપલબ્ધી,

**૮. જીવનમાં પુરેપુરી અભયની સ્થિતિ**

જીવનમાં ભય એ અહંકાર અને રાગદ્વેષનું જ ફરજંદ છે, જયારે ચિત્ત બુદ્ધિ, અહંકાર અને રાગદ્વેષથી મુક્તિ પ્રાપ્ત કરે છે ત્યારે જ જીવનમાં અભય પ્રાપ્ત થાય છે. ભયનો સ્વભાવ હંમેશાં ચિત્તને ચંચળ કરવાનો છે જેને કારણે ભયભીત માણસ વધારે અસ્થિર હોય છે ,જેને યોગમાં સ્થિર થવું છે તેને જીવનમાં અસ્થિર બનવાનું પાલવે નહીં અને જે ભયમુક્ત નથી તે કદી કુટસ્થ હોઈ શકે જ નહીં, એટલે અભય થવા માટે અહંકાર અને રાગદ્વેષથી મુક્ત થવું પડે છે,અને અહંકારની નાબૂદી માટે આંતરિક શુદ્ધતા સ્થિરતા જરૂરી છે અને ત્રિગુણાતીત થવું જ પડે છે. તે જે ધ્યાનની સાધનામાં ઉપલબ્ધ થાય છે, જેથી અભયમાં સ્થિર થઇ શકાય છે અને અભય માણસ જ પરમ શાંતિમાં હોય છે.

**૯. બ્રહ્મભાવમાં સ્થિર થવું** - ધ્યાનયોગની સાધનાનો મુખ્ય ઉદેશ અને હેતુ બ્રહ્મભાવમાં સ્થિર થવાનો છે આ બ્રહ્મભાવની પ્રાપ્તિ ત્રિગુણાતીતની, નિર્ગ્રંથની, વીતરાગતાની, ઈચ્છા રહિતતાની, નિર્વિચારની અને અકર્તુત્વ મનની અવસ્થામાં સ્થિર થવાય છે ત્યારે જ બ્રહ્મભાવમાં સ્થિર થવાય છે, જે પરમતત્વ પરમાત્મામય થઈ જવું છે, એટલે પૂર્ણતા પ્રાપ્ત કરવી છે, જે જીવનમુક્તિ છે, આ ધ્યાનયોગ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

**૧૦.પરમાત્મામય બનવાનું છે**

યોગની આખી સાધનાનો હેતુ અને ઉદ્દેશ છે આપણા મનના તમામ વ્યાપારો, આપણો અહંકાર, કામના-વાસના, ઈચ્છા,આસક્તિ, મોહ, મમતા, રાગદ્વેષ વગેરેને બહાર છોડીને આપણા મૂળ સ્વભાવમાં સ્થિર થવાનું છે. આત્મામાં સ્થિર થવાનું છે, આપણો આત્મા એ જ પરમાત્મા છે, તેમાં સ્થિર થવાનું છે, એટલે આપણે જ પરમાત્મા સ્વરૂપ બની રહેવાનું છે, એ જ અમૃતમય જીવન છે.

આમ આપણે જ અસ્તિત્વના ગર્ભદ્વારમાં એટલે કે આપણા જ બીઈંગમાં આપણા પોતાના સ્વભાવમાં પ્રવેશ પામવાનું છે, તેમાં સ્થિર થઈને રમણ કરવાનું છે.

આમ આ રીતે એકાંતના મંદિરમાં મૌનનાં ઘુમ્મટ નીચે, સ્થિર અને શુદ્ધ ચિત્તે પરમ શાંતિપૂર્વક, નિર્ભય બનીને, આત્મભાવની, સ્વભાવની ,આત્માની મસ્તી ઘૂંટીને મસ્તપરાયણ એટલે કે પરમ શાંતિ અને પરમ આનંદમાં સ્થિર થઈને પરમાત્મામય થવાનું છે.

આ માટે જ આપણી સાતત્યપૂર્ણ ધ્યાનની સાધના છે , આ જ જીવનની સિદ્ધિ છે, આ સ્થિતિ પ્રાપ્ત કરવા જ આ દુનિયામાં આવ્યા છીએ, આ સ્થિતિ પ્રાપ્ત થતાં જ આપણા જીવનનું મિશન પૂરું થાય છે.

જયારે ચિત્ત સદા આત્મભાવમાં આપણા સ્વભાવમાં, આત્મામાં રમણ કરે છે ત્યારે જ બધી કામનાઓ -વાસનાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ ખરી પડે છે અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એ જ જીવનની પરમ અવસ્થા છે, જેને મોક્ષ, નિર્વાણ વગેરે કહેવામાં આવે છે.

જે પરમ આનંદની અવસ્થા છે અને આ રીતે જ આપણું ચિત્ત પ્રક્ષોભરહિત બને છે, આ જ જીવન છે, જેને અમૃતની અવસ્થા કહેવામાં આવે છે, અમૃતમય જીવન છે.

એટલું સ્પષ્ટ સમજી લ્યો કે આ સ્થિતિ કદી પણ માનીને ચાલવાથી પ્રાપ્ત થનાર નથી.

ધર્મ એટલે માનવું હરગીજ જ નહીં પણ જાણીને ચાલવું તેનું નામ ધર્મનું આચરણ છે, જો જીવનમાં જાણીને ચાલશો તો જરૂર આ અવસ્થાએ પહોંચી જ શકશો .

આ જ સુધીના ઈતિહાસમાં કોઈ માણસ માનીને આ અવસ્થાએ પહોચેલ નથી. તે હકીકત છે, ઈતિહાસ તેનો સાક્ષી છે, પણ જાણીને જેઓ ચાલ્યા છે તેઓ જરૂર પહોંચ્યા જ છે, જેમાં ચાલુ જમાનામાં મહર્ષિ અરવિંદ, મહર્ષિ રમણ વગેરે.

જો જીવનમાં પરમ શાંતિ જોઈતી હોય તો માનીને ચાલવાનું બંધ કરો, અને જાણીને ચાલો જરૂર શાંતિ, તનાવથી મુક્તિ અને પ્રસન્નતાપૂર્વક જીવી જ શકશો અને સ્વસ્થ જીવન જીવશો. આ જ જીવન છે, જાણીને ચાલવું એટલે આત્માના અવાજને જાણી આત્માના અવાજ પ્રમાણે વ્યવહાર અને આચરણ કરવું એનું નામ જાણીને ચાલવું છે,ભલે મોક્ષ કે નિર્વાણ સુધી ન પહોંચી શકીએ, તોપણ જીવનમાં શાંતિ અને આનંદમાં સ્થિર થઇ જ શકશો અને જીવનમાં તનાવથી મુક્ત રહી જ શકશો , આ જ જીવન જીવવાની સાચી રીત છે.

ચાલો આપણે માનવાથી મુક્ત થઈને અને જાણીને ચાલવાનું નક્કી કરીએ. જીવનમાં ધર્મનું આચરણ એટલે જાણીને ચાલવું તે છે, માનીને ચાલવું તે તો પાખંડને ઉત્તેજન આપવા બરાબર છે, ને તે તો તનાવગ્રસ્ત જીવનને આમંત્રણ આપવું છે, માટે વિચારો અને જાણીને ચાલવાનું નક્કી કરો, એ જ આશા.


❑❑❑

સંપર્ક : sarujivan39@gmail.com

# શરીરમાં ચક્રોનું સ્થાન અને ધ્યાન

**સુબોધી સતીશ મસાલિયા**

**આ**પણે જન્મ્યા ત્યારથી બહિર્મુખી જ જીવ્યા છીએ. બહારની દુનિયામાં શું બને છે તે બધું જ ધ્યાન રાખ્યું પણ અંદરની દુનિયામાં શું બની રહ્યું છે તે જોવાની ક્યારેય તસદી લીધી નહીં. આપણો આત્મા એ જ આપણે પોતે, એ જ ચેતન અને એના સિવાયનું બધું જ આપણા માટે 'પર' અથવા તો 'જડ'. જે પર છે તેને પોતાનું માનવાનો ભાવ તે આપણી પોતાની કલ્પના છે માટે એ ચેતનરૂપ થઈ, પણ હકીકતમાં એ આપણું નથી, જ્ઞાનીઓએ એને પારકું કહ્યું છે. હવે પારકાને પોતાનું માનવાનું જેટલું જોર ભાવકર્મમાં હોય, જીવનું તેટલું વીર્ય સ્ફૂરીત થાય. અને વીર્યસ્ફૂરણા થતાં જડ કર્માણુ આકર્ષાઈને આત્મા સાથે ચોંટી જાય છે. મન,વચન કાયાના ત્રણેય યોગો, ભાવકર્મ ને રાગદ્વેષ દ્વારા કર્માણુ આકર્ષાય છે ને આત્માને ચોંટી જાય છે. આત્મા સાથે બંધાઈ જાય છે. બંધનની આ ક્રિયા અનાદિ કાળથી ચાલી આવી છે. કર્મના બંધનથી આત્મા સુખ દુ:ખનો ભોક્તા બને છે. ભોગવતાં ભોગવતાં પાછા નવાં કર્મ બાંધે છે. આમ આ સાઈકલમાં અટવાતો જાય છે. જો કોઈપણ પ્રયત્ને આ કર્મના આવરણો હટતા જાય ને નવા ન બંધાય તો આત્મા કર્મમુક્ત બને છે. અનંત આનંદનો ભોક્તા બને છે. પ્રજ્ઞામય, કેવળજ્ઞાનમય બને છે. શાશ્વત સુખનો ભોક્તા બને છે. ધ્યાન એક એવી પ્રક્રિયા છે કે જેનાથી આત્મા પર લાગેલા આવરણો એક પછી એક હટતા જાય છે ને આત્મા નિર્મળ બનતો જાય છે.




**ચક્રો વિષે માહિતી :-**

**(૧) મૂળાધાર :** પ્રથમ ચક્ર મૂળાધાર ઊર્જાશક્તિનો અને કરોડરજ્જુનો મૂળ આધાર છે. આ ચક્ર શક્તિનો ભંડાર છે. અનાદિકાળથી આપણી ચેતના મૂર્છાને કારણે, મૂઢતાને કારણે સુષુપ્ત પડેલી છે. અહીં મૂળાધારથી સાદ કરવાથી આપણો અવાજ પરમાત્મા સુધી સરળતાથી પહોંચે છે. ઉપર જે ત્રણ નાડી બતાવી તે આપણા શરીરમાં લીફટનું કામ કરે છે. સુષુમ્ણા નાડી કરોડરજ્જુના મધ્યભાગે અતિ સૂક્ષ્મ જ્યોતિધારાના રૂપમાં, વિદ્યુતધારાના રૂપમાં ઊર્જા પરિણમન કરતી રહે છે. મૂળાધાર તલઘરને કહેવાય છે. અહીં એ ભાવના ભાવવાની કે **''મારી અંદરના લોકના મૂળઆધાર પરમાત્માને હું આમંત્રિત કરું છું''** (સુસુપ્ત શક્તિને જગાડવી) મંત્રોનું આલંબન આ શક્તિને વિકાસ અને ગતિમાં સહયોગ આપે છે. આપણે અહીંથી જ ઊર્જા ભરવાની છે ને ઉપર જઈને ખાલી કરવાની છે. જેમ કૂવાના તળિયે બાલટી નાખીએ, પાણી ભરીને દોરડાથી ખેંચી ઉપર લાવી ઘડો ભરીએ અને બાલટી ખાલી થતાં પાછી કૂવામાં નાખીએ. બસ આવી જ રીતે મૂળાધારમાં ઊર્જા ભરવામાં આવે છે. ભર્યા પછી સહસ્રાર સુધીના પ્રવાસમાં મૂળાધાર સક્રિય રહે છે. ઉપર સુધી પહોંચાડે છે. ઉપર સહસ્રારના ઘડામાં શક્તિ ઉલેચવામાં આવે છે અને ત્યાર પછી પાછી શક્તિ સંપાદનની રિટર્ન જર્નીની શરૂઆત થાય છે. આ ચક્રનું સ્થાન ગુદા અને ગુપ્તભાગની વચ્ચે છે. અગર ચક્રો તમારી પકડમાં ન આવે તો તેની તમે ચિંતા ન કરો. એ તો ઊર્જાને ચડવાના પગથિયા છે. તમે બસ ધ્યાનમાં આગળ વધતા રહો. ઊર્જા પોતાના સ્થાન પોતે જ ગોતી લેશે.

**સ્વાધિષ્ઠાન :** સ્વ (પોતાનું) રહેવાનું અધિષ્ઠાન છે, પ્રતિષ્ઠાન છે. આ જગ્યાએ જ આઠ રૂચક પ્રદેશો છે જે સિદ્ધના આત્મપ્રદેશી જેવા જ શુદ્ધ, કર્માણુ રહિત છે. આ આઠ રોચક પ્રદેશોને લીધે જ આપણને આપણા નિજ નું જ્ઞાન થાય છે. સ્વ (પોતે) શુભનો સહારો લઈ શુદ્ધ અને પરમશુદ્ધ સુધી પહોંચાડે છે. સ્વાધિષ્ઠાનનું આ સ્થાન મૂળાધારથી થોડું ઉપર પ્રજનન સ્થાનની નજીક હોય છે. અહીં પરમાત્માના ચ્યવનનું ધ્યાન કરવાનું છે. **''મારા સ્વાધિષ્ઠાનમાં પરમાત્માનું ચ્યવન થઈ રહ્યું છે.'' અહીં આત્મધ્યાન થવાથી મોક્ષની અનુમતિ પ્રગટ થાય છે.** મૂળાધારના મૂળ કેન્દ્રમાંથી નીકળતો ઊર્જાસ્ત્રોત સ્વાધિષ્ઠાનની આગળ (નાભી તરફ) પાછળ (કરોડરજ્જુ તરફ) બંને વિભાગોમાં વહેંચાઈ જાય છે. ધર્મ જ્યારે મૂળ આધારમાં આવે છે તો આપણું સ્વનું અધિષ્ઠાન શાંતિમય બની જાય છે. શીતલતાનો અનુભવ થાય છે. આત્મશાંતિનું અધિષ્ઠાન કેન્દ્ર સ્વાધિષ્ઠાન છે.

**મણિપુર ચક્ર** : આ છે આપણા નાભિમંડળની નજીકનું સ્થાન. જેમ દોરામાં મણિ પરોવીને માળા બનાવવામાં આવે છે તેવી જ રીતે પ્રાણ ઊર્જાને સૂક્ષ્મ કરી નાભિના મણીમાં પ્રવેશ કરાવીએ તો સૂક્ષ્મ બની, ઊર્જામય બની, પ્રાણમય બની, ચેતનામય બની જાય છે. મંત્રો દ્વારા ઊર્જાની ઉત્પતિ અહીં જ થાય છે. આ કેન્દ્રમાં જ આપણે માતા સાથે સંબંધ સ્થાપિત કરેલો. હવે એમાં જ આપણે પરમાત્મા સાથે જોડાઈ જઈશું ''**હે પરમતત્ત્વ! તારું પરમ સ્વરૂપ મારામાં પ્રગટો તારા સ્વરૂપનો મારામાં જન્મ થાય તો મારું કલ્યાણ થાય.**'' આને આપણે ધ્યાનમય જન્મકલ્યાણક કહીએ છીએ.

**અનાહત ચક્ર** : હૃદય પાસેના આ ચક્રનું નામ અનાહત ચક્ર છે. જે મંત્ર મણિપુર સુધી પહોંચે છે તે ઊર્જામય બની હૃદય સુધી પહોંચે છે. સંસારમાં આને પ્રેમનું સ્થાન માનવામાં આવે છે. અહીં દુનિયાના પ્રેમનું પૂર્ણવિરામ અને પ્રભુ (સ્વ)ના પ્રેમની અવિરામ યાત્રાનો શુભારંભ થાય છે. ''હે **પ્રભુ! તારી સાથેની પ્રેમ દીક્ષા અને સમર્પણનું આપણું આ દીક્ષા કલ્યાણક છે.**'' યોગીઓએ હૃદય સ્થાનને અનાહત ચક્ર કહ્યું. આહત એટલે ટકરાવું. અનાદિ કાળથી 'સ્વ'માં રમણતા ન હોવાને કારણે આપણે આહત, પીડિત થતાં રહ્યાં છીએ. હવે અનાહતમાં **પરમતત્ત્વનું અભિનંદન** કરી અનંત આનંદને પ્રાપ્ત કરીએ. અહીં આપણા ગુણો (અનંતજ્ઞાન-દર્શન) નું અભિનંદન છે.

**વિશુદ્ધિ ચક્ર** : કંઠકૂપ ના ઉંડાણમાં રહેલા આ ચક્રનું નામ વિશુદ્ધિ ચક્ર છે. વિષય કષાયને કારણે અશુદ્ધિ આવે છે માટે વારંવાર વિશુદ્ધિ ચક્રમાં આવી વિશદ્ધ થવું પડે છે. ''**હે પરમાત્મા (સ્વ) તત્વ કર્મમળ સામે લડવાની શક્તિ પ્રગટ કર.**'' મિથ્યાત્વથી ભરપૂર ભ્રમણાયુક્ત મતિ વિશુદ્ધિ ચક્રમાં છે. પરમતત્ત્વનું અભિનંદન કરી યાત્રાની પ્રગતિ કરતાં જ હૃદયથી કંઠ સુધી પહોંચીએ છીએ. પરમાત્માના પ્રેમની પ્રયોગશાળામાં પ્રવેશ કરતાં પહેલાં પૂર્વે કરેલા **પાપોનું પ્રાયશ્ચિત કરવું પડે. પ્રાયશ્ચિત લેતાં જ વિશુદ્ધિ થાય છે અને વિશુદ્ધિ થતાં જ સાધક માયા**, નિદાન અને **મિથ્યા દર્શનથી** અલગ થઈ જાય છે. શાસ્ત્રોમાં આને ઉત્તરિકરણ, વિશુદ્ધિકરણ પ્રાયશ્ચિતકરણ સાથે કાઉસગ્ગમુદ્રા સિદ્ધ થવાથી વચનસિદ્ધિ પણ થાય છે.

**આજ્ઞાચક્ર** : વિશુદ્ધિ પછી **અર્પણ** યાત્રાનો આરંભ થાય છે. આપણે વિશુદ્ધિ ચક્રથી આજ્ઞા ચક્ર સુધી પહોંચીએ છીએ. બંને ભ્રમરોની વચ્ચે તિલકના સ્થાને અંદરમાં આ ચક્ર જ્યોતિ સ્વરૂપે છે. અહીં ઊર્જા સ્રોત અત્યંત તીવ્રગતિએ વર્તુળાકારે ફરે છે. આપણા ક્રોધ, માન, માયા, રાગ, દ્વેષના તરંગો પણ ગોળ હોય છે. ભક્તિ અને ભાવોથી ઉત્પન્ન થતાં તરંગો પણ ગોળ હોય છે. અહીં ચક્રની ફરવાની ને પરિણમનની પ્રક્રિયા કેવી છે તે જુઓ. ક્રોધાદિ ભાવતરંગોનું ચક્ર એન્ટી ક્લોકવાઈઝ હોય છે, પરમસત પ્રત્યે કરવામાં આવતું શ્રદ્ધામય, જ્ઞાનમય, ધ્યાનમય, સમતામય, સ્મરણ-સંસ્તવ આદિ દ્વારા ઉત્પન્ન થતા તરંગો ક્લોક વાઈઝ ફરે છે. આ સ્થિતિમાં ક્રોધાદિ ભાવ કરુણા અને ક્ષમા રૂપે રૂપાંતરિત બની જાય છે. આજ્ઞાચક્ર તે ભાવના કેન્દ્રની સાથે આભામંડળનું પણ મુખ્ય કેન્દ્ર છે. આજ્ઞા ચક્રમાં ગુરુનું સ્થાપન કરી બંને હાથ જોડી આજ્ઞાચક્ર સુધી લઈ જઈ વિતરાગની આજ્ઞાપાલનની શક્તિ માગવાની છે. આજ્ઞાચક્રમાં પરમ આત્મતત્ત્વની પ્રતિષ્ઠા કરી મોક્ષદાયી વિરતીધર્મનો સ્વીકાર કરવો છે. આપણા આજ્ઞા ચક્રમાં કમળ છે. પરમાત્માને અહીં પ્રતિષ્ઠિત કરી આજ્ઞાકીય બની વિનંતી કરીએ કે **મને મંગલમય જીવન જીવવા માટેની આજ્ઞા આપો. મારું આજ્ઞા કમળ (પુષ્પ) તમને અર્પણ કરું છું. તમારી આજ્ઞા જ અમારી પ્રજ્ઞાનું ઉદ્ઘાટન કરશે.**

**સહસ્ત્રાર ચક્ર** : અંતર્પ્રજ્ઞાનો મુખ્ય સ્રોત સહસ્ત્રાર છે. હજારો આરાઓથી બનેલું આ ચક્ર મસ્તિષ્કમાં શિખર સ્થાને છે. મૂળાધારથી સહસ્ત્રારનો પ્રવાસ એ યોગીઓની ભાષા છે. આ રસ્તો દેહના મધ્યભાગમાંથી પસાર થાય છે. અપાર ક્ષમતા અહીં હાજર છે. ફક્ત એનો ઉપયોગ કરવામાં નથી આવતો. આજ્ઞાચક્રથી સહસ્ત્રારની યાત્રા હવે બ્રહ્મરંધ્રમાં સમાવિષ્ટ થઈ રહી છે. અહીં મગજ ત્રણ વિભાગમાં વિભાજીત છે. મોટું મગજ, નાનું મગજ અને સુષમ્ણા શીર્ષ જે સુષુમ્ણા નાડીથી મસ્તિષ્કનો સંબંધ જોડે છે. આ બધાની ઉપર પૂર્ણ ઊર્જામય સહસ્ત્રાર વિભાગ છે. આપણું મગજ નિરર્થક વિચારો, ચિંતાઓ અને ગ્લાનિઓથી ભરેલું છે એને ખાલી કરી આ મંત્રથી પૂરીત કરી પવિત્ર બનવાનું છે. **વિશુદ્ધ પરિણતિ થતાં દેહાધ્યાસથી છૂટવાની પ્રાર્થના અહીં થાય છે. નેમોથી માર્ગમાં પ્રવેશવાની આજ્ઞા મગાય છે** ત્યારે પરમાત્મા કહે છે, ''એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ અનંત દર્શન જ્ઞાન તું અવ્યાબાધ સ્વરૂપ'' મોક્ષ તારી અંદર જ છે. મારી પાસે માંગવાની જરૂર નથી. ફક્ત ઉપર ચઢેલા આવરણોથી તારે દૂર થવાનું છે. પરમાત્માનો આ શુભ સંદેશ હજારો નાડીઓથી ઘેરાયેલા આ મગજમાં અવતરે છે, આ સ્થાનને યોગીઓએ સહસ્ત્રાર કહ્યો છે. ઊર્જા શક્તિને અહીંથી કરોડરજ્જુ તરફ વહેતી કરવાની છે. ધ્યાનમાં જેમ જેમ એકાગ્રતા વધશે તેમ તેમ એકેક ચક્રમાં સ્થિરતા વધશે. ને જેમ જેમ સુષુમ્ણા નાડી છેદાતી જશે (અત્યારે સુષુપ્ત અવસ્થામાં છે) તેમ તેમ આજ્ઞાચક્ર અને બ્રહ્મરંધ્રમાં પ્રવેશ મળશે. ત્યાંથી જાણે અમૃત ઝરી રહ્યું હોય તેવી અનંતની અનુભૂતિ થશે, પણ સુખદ અનુભૂતિમાંય ક્યાંય ચીટકી ન જવાય તે માટે સતત જાગ્રત રહેવાનું છે. નહીં તો રાગના કર્મોના ગુણાકાર થઈ જશે.

## દેહની સ્થિરતા કાયોત્સર્ગ છે અને ચિત્તની સ્થિરતા ધ્યાન છે

જ્યારે જંબુસ્વામિ સુધર્માસ્વામિને પૂછે છે કે ''ભંતે કાયોત્સર્ગથી શું લાભ મળે છે, તે ક્યારે અને કેવી રીતે કરી શકાય છે? ત્યારે સુધર્માસ્વામી કહે છે ''વત્સ! કાયોત્સર્ગથી સર્વ દુઃખોનો નાશ થાય

છે. ક્રિયા વિસર્જન અને મમત્વ વિસર્જન થાય છે. દેહની જડવૃત્તિ સમાપ્ત થાય છે. મતિની જડતા પણ સમાપ્ત થાય છે. સુખ દુ:ખની તિતિક્ષા થાય છે અને ધ્યાન લાગી જાય છે. દેહની સ્થિરતા એ કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગનો અર્થ છે કાયાનો ત્યાગ. (ઉત્સર્ગ) આમ તો જ્યાં સુધી આયુષ્ય બાકી હોય ત્યાં સુધી કાયાનો ઉત્સર્ગ થઈ શકતો નથી. પરંતુ ''આ શરીર મારું નથી હું એનો નથી, હું જુદો છું શરીર જુદું છે. આ રીતે વિચાર કરવાથી, વારંવાર ભાવિત થવાથી શરીર પ્રત્યે મમત્વ ઓછું થાય છે. જ્યારે કાયામાં મમત્વ નથી રહેતું ત્યારે કાયા પરિત્યક્ત થઈ જાય છે એને કાયોત્સર્ગ કહે છે. કાયોત્સર્ગને અભ્યંતર તપનું સર્વશ્રેષ્ઠ અને અંતિમતપ કહેવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ છે, આત્માનું કાયાથી વિયોજન. કાયા સાથે આત્માનો જે સંયોગ હોય છે તેનું મૂળ છે પ્રવૃત્તિ. જે એનો વિસંયોગ ઈચ્છે છે, એટલે કે આત્માના સાંનિધ્યમાં રહેવા માગે છે તેણે (૧) કાયાની પ્રવૃત્તિનું શિથિલીકરણ (કાયગુપ્તિ) (૨) વાણીથી મૌન (વચનગુપ્તિ) (૩) મનની વૃત્તિનું એકાગ્રી કરણ-ધ્યાન (મનોગુપ્તિ) ની સાધના કરવાની છે. કાયોત્સર્ગમાં શ્વાસોશ્વાસ જેવી સૂક્ષ્મ પ્રવૃત્તિ હોય છે, બાકી પ્રવૃત્તિનો નિષેધ છે. આગમોમાં કાઉસગ્ગ શ્વાસોશ્વાસ રૂપે હતો. આવશ્યક નિર્યુક્તિમાં આનો પુરાવો છે. પરંતુ સમયાંતરે કાઉસગ્ગમાં લોગસ્સને સ્થાન આપવું પડ્યું. અતિચાર શુદ્ધિ માટે જે કાયોત્સર્ગ કરવામાં આવે છે તેમાં એક ઉચ્છવાસમાં લોગસ્સના એક ચરણનું ધ્યાન કરવામાં આવે છે. આમ સાતમી ગાથાનું પહેલું પદ ''ચંદેશુ નિમ્ન લયરા'' સુધી ધ્યાન ૨૫ શ્વાસોશ્વાસમાં સમાવિષ્ટ થાય છે. અતિચાર શુદ્ધિ માટેના કાયોત્સર્ગને **ચેષ્ટાકાયોત્સર્ગ** કહે છે જેનો સમય ઉચ્છવાસ પર આધારિત છે. જુદા જુદા પ્રયોજનથી એ ૮, ૨૫, ૨૭, ૩૦૦,૫૦૦, ૧૦૦૮ ઉચ્છવાસ સુધી કરવામાં આવે છે. વિશેષ વિશુદ્ધિ અથવા પ્રાપ્ત કષ્ટોને સહન કરવા માટે જે કાઉસગ્ગ કરવામાં આવે છે તેને **અભિનવ કાયોત્સર્ગ** કહે છે. તેનો સમય ઓછામાં ઓછો અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટ એક વર્ષનો છે. બાહુબલીએ એક વર્ષનો કાઉસગ્ગ કરેલો. કાઉસગ્ગ અને ધ્યાન (૧૨ મું ને ૧૧મું અભ્યંતર તપ) એક જ સિક્કાની બે બાજુ છે. ચિત્તની સ્થિરતા એ ધ્યાન છે. પરંતુ તે મેળવવા માટે દેહની સ્થિરતા ને વાણીની સ્થિરતા જરૂરી છે. : **દેહની સ્થિરતા માટેના ત્રણ આસન : (મુદ્રા)**


**ઉત્થિત મુદ્રા :** ઊભા રહી, બંને હાથ સીધા રાખી, બંને પગો સીધા સમશ્રેણીમાં રાખવા. બંને પગ વચ્ચે ચાર આંગળની જગ્યા રહેવી જોઈએ. બંને પગ પર શરીરનું વજન સમતોલ રહેવું જોઈએ. શરીરનો કોઈપણ ભાગ ચલાયમાન ન થવો જોઈએ. આ મુદ્રામાં અર્થિંગ, ગુરુત્વાકર્ષણ અને મસ્તકનું સંતુલન સમત્વ સ્થાપિત કરે છે. પ્રાણ ઊર્જા પણ નીચેથી ઉપર સુધી સમશ્રેણીમાં ફરવા લાગે છે. નાડિઓના આધારે આ પ્રાણ ઊર્જા જ્યારે જ્યારે સ્થાનોમાં અટકીને આદાન-પ્રદાન-સંવર્ધન-આરોહણ-અવરોહણ કરે છે એ સ્થાનોને ચક્ર નામ આપવામાં આવે છે. પ્રાણ ઊર્જા અને ચક્ર સ્થાનના સંતુલનમાં મંત્રાક્ષર ધ્વનિ અને તેનાથી ઉત્પન્ન થતો આકાર સહયોગ આપે છે.

**આસિતમુદ્રા : પદ્માસન, અર્ધપદ્માસન અથવા સુખાસનમાં સીધા બેસવું. કરોડરજ્જુ સીધી, સરળ, સ્વાભાવિક રહેવી જોઈએ. કમરનું પૂરું વજન નિતંબ પર સંતુલિત.** બેઠકના આ હિસ્સામાં જ્ઞાનેંદ્રિયની બહુ ઓછી નાડીઓ હોવાને લીધે સમતોલપણાની બહુ ખબર નથી પડતી. પગના કોઈપણ ભાગમાં વજન વધી જવાથી ધ્રુજારી અથવા ખાલીપણાની અનુભૂતિ થાય છે. જો બેઠકમાં સંતુલન હોય તો લાંબા સમય સુધી અવરોધ વગર બેસી શકાય છે.

**શયિત મુદ્રા :** આ મુદ્રામાં સાધક સીધો સૂઈ જાય છે. આખાયે શરીરને શિથિલ અને નિશ્ચલ રાખે. બંને હાથ અને બંને પગ એકબીજાથી ને શરીરથી અલગ રહેવા જોઈએ. જે સાધક સીધો નથી સૂઈ શકતો તે એક પડખે સૂઈ એક પગવાળી તેની ઉપર બીજો પગ લંબાવી અને બંને હાથ મસ્તક તરફ લંબાવી શિથિલીકરણ કરવામાં આવે છે. ને આવેલા કર્મ નિર્જરા થઈને ખરી પડશે. ધ્યાનાવસ્થા દરમ્યાન જ્યારે જ્યારે કર્મ સંવર થશે ત્યારે જૂના કર્મ એક પછી એક ઉદીરણા થઈને શરીર પર એની સુખદ કે દુખદ અનુભૂતિ આપીને ખરી પડશે, પણ શરત એ છે કે સુખદ અનુભૂતિમાં ચીટકી જવાનું નથી કે દુ:ખદ અનુભૂતિમાં દૂર ભાગવાનું નથી. તો જ કર્મની નીર્જરા થશે. નહીં તો કર્મોના ઓર ગુણાકાર થશે. ધ્યાનની આ જ મુખ્ય થીમ છે. આ થીમને બરાબર સમજ્યા વગર સુખદ-દુ:ખદ અનુભૂતિના ખેલ ખેલવા લાગ્યા તો કરવા બેઠા કર્મની નીર્જરા અને ઊભા થશો કર્મના ઢગલા વધારીને. માટે જ કહ્યું છે કે ગુરુની ગાઈડન્સ વિના સ્વચ્છંદતાથી વિપશ્યના ધ્યાન કરવું નહિ. ધ્યાનની થિયરીને બરાબર સમજ્યા વગર ધ્યાન કરવું નહિ. યાદ રાખો.. કોઈપણ રીતના ધ્યાનમાં આગળ વધો, ધ્યેય તો ફીક્ષ હોવો જરૂરી છે. **આપણો ધ્યેય છે મોક્ષ. આત્માની કર્મબંધનમાંથી મુક્તિ.** સંસારમાં જેને ખરેખર વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, ભવભ્રમણથી જેને ખરેખર થાક લાગ્યો છે, આત્માના શાશ્વત સુખને પામવાની જેને તાલાવેલી લાગી છે. નિરંજન નિરાકાર પામવાની ઉત્કૃષ્ટ ભાવના જેને જાગી છે, ધ્યેયની એકતામાં જે સાધકનું પૂરેપૂરું સમર્પણ છે તે સાધક જરૂર આનંદને પ્રાપ્ત કરી શકે છે. ધ્યેય ફીક્ષ થયા પછી હવે ધ્યાન કોનું ધરશો? ધ્યાન તો આત્માનું જ ધરવાનું છે. પરમાત્માના સહારે સહારે સીડીઓ ચઢીને આત્માને જ પ્રાપ્ત કરવાનો છે. પણ આત્મા છે કયાં? શરીરના અણુએ અણુમાં આત્મપ્રદેશ વ્યાપેલા છે. સૂક્ષ્મ મન દ્વારા અંતરયાત્રા કરતાં કરતાં શરીરના એક પણ અણુ મૂર્છિત ન રહી જાય...અણુએ અણુને મન દ્વારા સ્પર્શ કરવાનો છે. શરીરનો અંશમાત્ર ભાગ છૂટી ન જાય માટે ક્રમસહ જ યાત્રા કરવાની છે. તમારા સૂક્ષ્મ મન દ્વારા જ્યાં તમે ધ્યાન દેશો ત્યાં ઊર્જા શક્તિ દોડી જશે. અશુભમાં ધ્યાન દેશો તો અશુભ શક્તિમાન બની જશે, શુભમાં ધ્યાન પરોવશો તો શુભ શક્તિમાન

બની જશે. જેણે સંપૂર્ણ પ્રત્યાહાર (ઇંદ્રિયો પર નિગ્રહ) અને શુભ-અશુભ ઈચ્છાઓનો જય કર્યો છે તે જીવ અંતરત્મામાં સહજતાથી સતત રમી શકે છે. જેવા વિચારો તેવા જ તમે થવાના. એટલે જ મનનો મહિમા છે. પ્રાણાયમ સુધીના બધા જ જીવો કર્તાભાવમાં રમતા હોવાથી કર્તાના ભાવમાં જાય છે ને પુણ્ય-પાપના કર્તા-ભોક્તા બને છે. જ્યારે ધ્યાન-સમાધિમાં રમતો જીવ નિરંજન નિરાકારના આનંદમાં તરબોળ હોઈ નિરાકારમાં જઈને વિરમે છે.

**ક્યારેક એવું બનશે વિચારોના ધોધેધોધ વહ્યા કરશે. રોકાયા રોકાશે નહીં. ગભરાવું નહિ. ધ્યાનમાં નીતનવા અનુભવ થયા જ કરશે. પરંતુ ધ્યાન એ રાખવાનું છે કે વિચારોની સાથે તમારે જરાપણ** ઓતપ્રોત થવાનું નથી. જેમ આકાશમાંથી વાદળાં પસાર થતાં હોય ને તમે ફક્ત એને જોયા જ કરો તેમ વિચારોને પણ ફક્ત જોયા કરો. એને દબાવાનો પ્રયત્ન નહીં કરો. દબાવવાથી તે વિલય નહીં પામે, બમણા જોરથી ઉછળશે. ફક્ત મનને વારંવાર શ્વાસ પર લાવી મૂકો કે ભાઈ તારે ફક્ત શ્વાસની આવન-જાવન નિહાળવાની છે. બીજું કાંઈ જ નહીં. આમ આ શ્વાસનું આલંબન લઈ મનને અંદર વાળવાનું છે. જ્યારે લાગે કે હવે ક્ષણે ક્ષણે ભાગી જતું મન શ્વાસ પર સારો એવો સમય ટકી રહે છે ત્યારે એમના દ્વારા શરીરની અંદરની યાત્રા આરંભ કરવાની છે. તે આ રીતે :- શ્વાસ પરથી મનને સીધું બ્રહ્મરંધ્ર- સહસ્ત્રારમાં લઈ જાઓ. આખા સહસ્ત્રારના અણુએ અણુને મન દ્વારા સ્પર્શ કરો. જો મન અંદર જ છે, બહિર્મુખી નથી તો જરૂર અનુભવ કરશે કે ત્યાં શું થઈ રહ્યું છે. યાદ રાખો ચોવીસે કલાક શરીરના અંદરના અણુએ અણુમાં કાંઈને કાંઈ ઘટીત થઈ રહ્યું છે પણ આપણને તે અનુભવમાં આવતું નથી કારણ કે મન બહિર્મુખ-સ્થૂળ છે. બ્રહ્મરંધ્રથી કપાળ આખું મુખ-કંઠ- બંને ભૂજા -છાતી-પેટ-નાભિ-ગુપ્ત ભાગ-બંને પગ એમ ક્રમસર યાત્રા કરવાની છે. એકે એક અણુને મન દ્વારા સ્પર્શવાનું છે. જ્યાં જ્યાં તમારું ધ્યાન કેન્દ્રિત થશે તે તે જગ્યાને શક્તિ પ્રદાન થશે. ઊર્જા જાગ્રત થશે. દરેક જગ્યાએ કાંઈ ને કાંઈ સંવેદના પ્રાપ્ત થશે. ક્યાંક સંવેદના પ્રાપ્ત ન થાય તો પણ કોઈપણ જગ્યાએ વધારે વાર અટકવાનું નથી. જ્યાં જ્યાં મન દ્વારા સ્પર્શ કર્યો ત્યાં સંવેદના પ્રાપ્ત થઈ કે ન થઈ... એક બે મિનિટ અટકીને આગળ વધવાનું છે. જ્યાં જ્યાં સંવેદના પ્રાપ્ત થઈ ત્યાં સુખદ હોય કે દુઃખદ આગળ સમજાવ્યું તેમ રાગ કે દ્વેષમાં ખેંચાયા વગર સંપૂર્ણ સમતા ભાવમાં સ્થિર થવું. સુખદ કે દુઃખદ બંને અનુભૂતિ અનિત્ય છે તે ભાવને પુષ્ટ કરવો. અત્યાર સુધી આ ભાવથી ફક્ત ભાવિત થતાં હતા. ધ્યાનમાં તમે પોતે અનુભવશો કે જેવું ત્યાંથી ધ્યાન હટ્યું કે સુખદ કે દુઃખદ અનુભૂતિ પણ ખલાસ. બીજી જગ્યાએ બીજી અનુભૂતિ અનિત્ય ભાવના જે શબ્દમાં હતી તે **અનુભવમાં આવી. અનુભવજ્ઞાન પુષ્ટ થશે.** સમતા પુષ્ટ થશે. કર્મોના આવરણો હટશે. દુર્ગુણો ઉખડતાં જશે, ગુણો પ્રગટ થતાં જશે. માથાથી પગ, પાછું પગથી માથા સુધી ચક્કર લગાવતા રહો. **સંવેદના મળી તો ખુશી નહીં, ના મળી તો દુઃખ નહીં મેળવવા માટેનો કોઈ આગ્રહ નહી, કયાંય વધારે સમય અટકવું નહી, સંવેદનાના ખેલ ખેલવા નહીં ફક્ત સમતા.. સમતા...અનિત્ય બોધ...અનિત્ય** બોધ... નિર્જરા...નિર્જરા... આવરણ હટશે એને હટવું જ પડશે...પુરુષાર્થ...પુરુષાર્થ... પ્રગતિ... આત્મા પ્રાપ્ત થશે જ...પૂર્ણ વિશ્વાસ...શ્રદ્ધા ''છૂટે દેહા ધ્યાસ તો નહીં કર્તા તું કર્મ. નહીં ભોક્તા તૂં અહનો અહીં જ ધર્મને મર્મ. આખા શરીરમાં તરંગો ઉત્પન્ન થતાં ને નાશ થતાં અનુભવશો. શરીર પ્રત્યેનો મોહ છોડવો નહીં પડે, છૂટી જશે. શરીરના આ પ્રપંચ વચ્ચે આત્માને ધ્રુવ-અટળ અનુભવશો. આત્મા પરના આવરણો હટતાં જશે તેમ તેમ તે નિર્મળ થતો જશે. નિર્મળ આત્માના પ્રકાશમાં કેટલાય પર્યાય આવી શકે છે, ચમત્કાર થવા પણ સંભવિત છે. પરંતુ પર્યાય કે ચમત્કારમાં કયાંય અટકવાનું નથી. અહંકારથી ખૂબ જ બચવાનું છે. ખૂબ જ જાગ્રતતાની જરૂર છે. પર્યાયો આવે (પૂર્વભવ દેખાવા ભવિષ્ય દેખાવું વગેરે) કે ચમત્કાર સંભવે તો જ ધ્યાન થયું કે થાય છે નહિ તો નથી થતું એવું નથી. જેને પર્યાયો વધુ આવે કે ચમત્કાર સંભવિત બને તેને વધુ ધ્યાન થયું એવું પણ નથી. **ધ્યાનનો માપદંડ કોઈ પર્યાય કે ચમત્કાર નથી. ધ્યાનનો માપદંડ તો 'સમતા' છે.** તમારામાં કેટલી સમતા પુષ્ટ થઈ, પહેલા વાતવાતમાં જે ક્રોધમાન માયારૂપી રિએક્શન આવતું હતું તે કેટલું ઓછું થયું, તમે કેટલો સમય આત્માનાં ઉપયોગમાં જ રહી શકો છો, વૃત્તિઓને કેટલી અંતર્મુખી બનાવી શકો છો, એટલા તમે ધ્યાનમાં આગળ વધી રહ્યા છો. આપણું લક્ષ્ય તો મોક્ષ અને આત્મદર્શન જ છે. તેમાં જો પર્યાયોની કે ચમત્કારની અપેક્ષા પણ કરી તો ચૂકી જશો. પ્રાણ



ઊર્જા જેમ જેમ ચક્રોના એક એક સ્ટેપ ચડતી જશે તેમ તેમ પર્યાયો કે ચમત્કાર સંભવશે પરંતુ તેને પણ ફક્ત જ્ઞાતા-દ્રષ્ટા બની જોવાનું છે. નહીં તો તે જ તમને અહંકાર જગાવશે ને ઉપરના સ્ટેજ પરથી પાછા નીચા પટકી દેશે. સમજી લો કે કોઈ સાધક આગલા જન્મમાં ઘણી સાધના કરીને આવ્યો છે. માટે એના આત્મા પર કર્મમળ ઓછો છે ને તમારા આત્મા પર તેની સરખામણીમાં હજી ઘણા કર્મોનો ઢગલો છે. હવે તે સાધક આ જન્મમાં સાધનામાં આગળ વધતાં જ બહુ જલદી આત્માની નિર્મળતા અનુભવશે. આત્મા પાસે તો બધું જ જ્ઞાન છે. તમારો આત્મા તો બધું જ જાણે છે કે તમે કેવા ભવ કરીને આવ્યો છો ને હવે આગળ શું થવાનું છે. અનંતજ્ઞાનની જેમ આત્મામાં શક્તિ પણ અનંત પડેલી છે. હવે તે સાધકના ધ્યાનસાધના દ્વારા થોડા ઘણા આવરણો ખમતાં આત્માનો નિર્મળ પ્રકાશ અંશમાત્ર પાત્ર બહાર આવતાં તે પ્રકાશમાં પર્યાયો જાણવી કે ચમત્કાર થવા અંતર્નાદ સાંભળી શકવો. વગેરે શક્ય છે. તેની સરખામણીમાં હજી તમારા આવરણો ઘણા તૂટવાના બાકી છે. તેથી કદાચ તમને આવો કોઈ અનુભવ ન પણ થાય તો શું તમે એમ માની લેશો કે ફલાણી વ્યક્તિનું ધ્યાન થાય છે ને ''મારું ધ્યાન બરાબર નથી થતું.'' કદાચ speed ની દૃષ્ટિએ તમારા આવરણો બહુ ઝડપથી તૂટી રહ્યા હોય. ગતિની દૃષ્ટિએ કદાચ પેલો સાધક તમારા કરતાં ઘણો slow હોય. પરંતુ ફરક એ છે કે એની પાસે કચરો ઓછો છે તમારી પાસે વધુ છે એટલે સાફ કરતા કદાચ વધુ ટાઈમ લાગે. કદાચ થોડા સમયમાં તમે speed ના લીધે એનાથી આગળ પણ નીકળી જાઓ... માટે બીજા સાધકની પ્રગતિ જોઈ નિરાશ થવું નહીં, મારું તો ધ્યાન નથી થતું તેવું માની લેવું નહિ, દરેકે દરેક સાધકની દશા અલગ હોઈ શકે છે, બીજાને જે પર્યાયો આવી કે અનાહત નાદ સંભળાયો કે તમારા સૂર્યના પ્રકાશ દેખાયા તેવા બધા પર્યાયો તમને આવે જ એવું કંઈ જરૂરી નથી પર્યાયો આવવી જ એવો કોઈ ધ્યાન સાધનાનો નિયમ નથી...કોઈની પર્યાયો વિષેની વાતો સાંભળી અંજાઈ જવું નહિ, તે નરી કલ્પના પણ હોઈ શકે, ખોટી પણ હોઈ શકે, સાચી પણ હોઈ શકે. એવું પણ બની શકે કે કદાચ તમને એકપણ પર્યાય ન આવી હોય છતાં તમે ધ્યાન સાધનામાં ઘણા આગળ નીકળી ગયા હો... પર્યાયોની અપેક્ષા રાખવી, પર્યાયોમાં આનંદ માણવો એ તો ભૌતિકતા છે.. નીચે પડવાનાં પગથિયાં છે આપણે તો આત્માની શોધમાં છીએ, આત્મિકતાનો સહજાનંદ માણવો છે...શાશ્વત સુખ મેળવવું છે તે જ ધ્યેય છે... ધ્યેય મૂકી જઈને કયાંય ભૌતિકતામા અટવાઈ ન જઈએ તે માટે સતત જાગ્રત રહેવાનું છે. તમે અંતરદર્શન કરતાં કરતાં કયાંય પાછા બહાર નીકળી ગયા તો પાછો શ્વાસનો સહારો લઈ મનને તેના પર ટેકવી સૂક્ષ્મ બનતાં પાછી અંતરયાત્રા ચાલુ કરો.

કહેવત છે કે જે 'જેવું અન્ન એવું મન'. સાધના કરનાર સાધકે આહારનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. એક તો આહારનું પ્રમાણ થોડુંક ઓછું રાખવું જેથી ઊંઘ ન આવી જાય. વળી આહાર થોડો ઓછો લેવાથી જે પ્રાણ ઊર્જા બચે છે તે ધ્યાનમાં ઉર્ધ્વગમન થાય છે. આહારમાં વધુ પડતો તીખો તથા વાસી, ઠંડો ખોરાક avoid કરવો. તીખાશથી બળતરાની સંવેદના ઉત્પન્ન થાય છે. વળી તીખો એ તામસી ખોરાક છે તેનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. વાસી અને ઠંડા ખોરાકથી શરીરમાં ભારેપનની સંવેદના ઉત્પન્ન થાય છે. સાધકે સાધના દરમ્યાન તો આવો ખોરાક avoid જ કરવો પરંતુ સાધના ન કરતા હો તો પણ આવા ખોરાકને વર્જ્ય જ ગણવો. જૈનદર્શને જે જે ખોરાક વર્જ્ય ગણ્યા છે તેની પાછળ આવા ભૌતિક અને આધ્યાત્મિક બંને કારણો સમાયેલાં છે. આપણે રસનેંદ્રિયની પાછળ લુપ્ત બની આપણા જ ગુણોનો છેદ ઉડાડીએ છીએ. **ધર્મ પામવાનું ધ્યાન ઉત્તમ અનુષ્ઠાન છે**. કેવી રીતે? તો કે ભાઈ પહેલાં ધર્મ શું છે તે સમજ. આ દેહાધ્યાસ છૂટે, દેહ અને આત્મા અલગ છે તે અનુભવાય, તો કર્તાપણું મટે, કર્તાપણું મટે તો કર્મથી આત્મા લપેટાય નહિ અને કર્મરહિત થઈ મોક્ષ સુખને પામે આ જ ધર્મ છે. **તો એમાં ધ્યાનથી કેવી રીતના ધર્મ ?** ધ્યાનમાં આગળ વધતાં એ ક્ષણો આવશે કે જ્યારે તમે જોઈ શકશો, અનુભવી શકશો કે સમયે સમયે દેહના પરમાણુએ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે. સતત બદલાતા રહે છે જે શરીર તમને ઠોસ દેખાય છે તે ફક્ત તરંગો જ તરંગો છે, કાંઈ જ ઠોસ નથી તેવું અનુભવી શકશો... જેમકે જે પિક્ચર તમે પડદા પર જુઓ છો (ઠોસ) તે હકીકતમાં તો તરંગો કિરણોના સ્વરૂપમાં જ છે તે તો તમે જાણો છો. ફોનમાં જે શબ્દ તમે સાંભળો છો (ઠોસ) તે તો vaves ના રૂપમાં જ છે. શબ્દો vaves માં transfer થાય છે, vaves પાછા શબ્દોમાં transfer થાય છે. picture તરંગોમાં - કિરણોમાં, તરંગો પાછા pictureમાં transfer થાય છે. બસ તેવી જ રીતે આ ઠોસ દેખાતું શરીર ફક્ત તરંગો જ છે vaves છે rays છે. તે તમે ધ્યાનમાં આગળ વધતાં તમે પોતે અનુભવી શકશો. અંતરચક્ષુથી જોઈ શકશો. આ અનુભવ (પોતાના અનુભવ)થી જે જ્ઞાન મળશે, જે દર્શન થશે... તે આજ સુધી ફક્ત શબ્દોમાં કે વિચારોમાં જ હતું કે 'આ દેહ તે હું નથી 'દેહમાં કોઈ મોહ નથી' એ શબ્દ કે વિચારો તો કોઈના બીજાના કહેતા હતા માટે તે આપણા માટે ટેમ્પરરી જ્ઞાન હતું, એક જ્ઞાન હવે પોતાનું જ્ઞાન બને છે. અનુભવ જ્ઞાન બને છે, અનુભવ જ્ઞાન ભૂલાતું નતી, ભૂંસાતું નથી, permanant રહે છે. તરંગો રૂપે શરીરને અનુભવ્યા પછી શરીર પ્રત્યેનો મોહ છૂટી જાય છે, છોડવો પડતો નથી. દેહાધ્યાસ જ છૂટી જાય છે. પછી 'હું' તે દેહ નહિ, હું તે જ આત્મા બની જાય છે... ધીરે ધીરે 'હું'જ ખોવાઈ જાય છે. હું પોતે જ નિરંજન નિરાકારમાં વિલિન થઈ જાય છે...અલૌકિક અનુભૂતિ... અલૌકિક ધર્મ.

ધ્યાન માર્ગ, યોગ માર્ગ સંસારથી તદ્દન વિરૂદ્ધ છે માટે તેમાં ટકી રહેવું બહુ મુશ્કેલ છે. શરૂઆતમાં ગભરામણ થશે, કષ્ટપદ લાગશે. ત્યાં અત્યંત રૂચિ હોવા છતાં દુ:ખરૂપ લાગશે. કારણ કે હજી સંસારના વિષયો પ્રત્યે ખેંચાણ ઘણું છે.

જેમ જેમ અભ્યાસ વધશે તેમ તેમ તે ઓછું થશે. છેવટે એવી સ્થિતિ આવશે કે અંતરમાં સુખ મળશે...અને બાહ્ય પદાર્થ દુ:ખરૂપ બનશે. જ્યારે બાહ્યમાં કોઈ ઉત્સુકતા નહીં રહે ત્યારે તેનાથી દૂર રહેવા કોઈ પ્રયત્ન નહીં કરવો પડે. સહજતાથી જ ચિત્ત અંદરમાં રહેશે. ત્યારે ઉત્તમ આત્મસુખ પમાશે. જેમ જ્ઞાન વધશે તેમ એકલતા ગમશે. બહારના વિષયોથી મન પાછું ફરશે ત્યારે આત્મામાં સ્થિર થશે. જેમ સ્થિરતા વધશે તેમ તેમ રાગદ્વેષરહિત અવસ્થા તરફ પ્રયાણ થશે. આત્મામાં જ રમણ કરતું મન તે જ મનોગુપ્તિ છે. વધતી જતી શ્રદ્ધા, ધીરજ અને સમજણ વડે વારંવાર મનને અંકુશમાં રાખવું. જેટલી ક્ષણો મળે તેમાં પ્રમાદ કર્યા વગર જબરજસ્ત પુરુષાર્થ કરવો. દરેક ક્ષણ, દરેક પળ આપણને મોક્ષ તરફ લઈ જવા આવી છે, ધ્યાનમાં આગળ વધતાં જીવ કોઈ એક ક્ષણે સ્વાનુભૂતિનો રસ ચાખે છે. આવી સ્વાનુભૂતિ વારંવાર સહજપણે શક્ય બને ત્યારે જીવ પરમાત્મા તરફ ગતિ કરે છે, વિતરાગી થઈ પરમાત્મા બને છે. છેલ્લે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટી એક થઈ જાય છે. સાધનાથી ગુસ્સો પ્રેમમાં બદલાશે, રોકટોક મૌનમાં, અભિમાન ક્ષમામાં, પ્રભુ તરફની બાહ્ય દૃષ્ટિ આત્મા તરફ વેગ પકડશે. સંબોધીમાંથી રાગદ્વેષ ઓછા થઈ, મમતા પ્રેમ - કર્તવ્યનું રૂપ પકડશે. 'હું' ઓગળતો જશે, ઈચ્છાઓ ઓગળતી જશે, સંતોષનો અનુભવ થશે. દેહ તમને ત્યાગે તે પહેલાં જ દેહનો પરિત્યાગ થઈ જશે દેહ પરથી મમત્વ ઘટી જશે. સાધનામાં આગળ વધતાં વધતાં આત્માને ઢંઢોળીને પૂછતાં રહેવું કે 'જીવ ક્યાં સુધી પહોંચ્યો? રાગદ્વેષ મમત્વ કેટલા ઓછા થયા? જેમ ક્રિયા રાગ-દ્વેષ ઓગાળી રહી છે - તો સમજવું કે તે ક્રિયા દ્વારા જ્ઞાન પ્રાપ્ત થઈ રહ્યું છે, તે જ્ઞાન શુદ્ધ આત્માને મિલાપ કરાવશે. જો ક્રિયાથી રાગ દ્વેષ, ઓગળી નથી રહ્યા તો ક્રિયા બધી નકામી. મુક્તિ મેળવવી જીવન હાથમાં છે પણ તે માટે જ પરિવર્તન જરૂરી છે તે નથી કરવું તો આ ભવ તો શું કોઈ ભવમાંય પરિવર્તન વગર મુક્તિ નહીં મળે. મોક્ષે જવાની એક પ્રબળ ઈચ્છારૂપી જ્યોત પ્રગટાવો, આત્માને બધે સાક્ષી રૂપે રાખી ભૌતિક ઈચ્છાઓ રૂપી મૂળિયાને આ જ્યોત દ્વારા બાળતા જાઓ. હે અજ્ઞાની જીવ! તું પ્રભુ પાસે મુક્તિ માગે છે, પણ મુક્તિ કોઈ વસ્તુ નથી જે ભગવાન તને હાથમાં આપી દેશે, એણે જે મુક્તિનો માર્ગ બતાવ્યો છે તેના પર એક આંધળી દોટ મૂક, મુક્તિ તારા હાથમાં છે. આ શરીર મળ્યું. શુદ્ધ આત્મસ્વરૂપમાં સમાવા માટે, આ તક ઝડપી લે. સંજોગોને ફગાવી, તનને સ્થિર કરી, આત્મામાં ડૂબકી માર. મનને વશ કરવું તે જ મોટામાં મોટી ક્રિયા છે. તેના માટે જ બીજી દ્રવ્ય ક્રિયા છે. સંકલ્પ-વિકલ્પ વિનાનું મન - સહજાનંદનો અનુભવ. દ્રવ્યચારિત્ર સાધન-Easy, ભાવચારિત્ર સાધ્ય - (hard), જંગલોમાં પરિભ્રમણ કરવું - Easy, મનને પરિભ્રમણ કરવું, અટકાવવું - hard લોચ કરવો Easy, શરીર પરની મૂર્છા ત્યાગવી hard સંસારમાંથી છૂટવા જે વિચારોને આચરણમાં મૂકો તે જ જ્ઞાન. જ્ઞાનની હાજરી ત્યાં સ્થિરતા - તે જ ચારિત્ર.

(શું છે અનુબંધની તાકાત? એક વાર્તા દ્વારા સમજો. આવતા અંકે)

❑❑❑

સંપર્ક : ૮૮૫૦૦૮૮૫૯૭

# નિષ્ણાત અર્થશાસ્ત્રી, પ્રખર સમાજશાસ્ત્રી સ્વતંત્ર ભારતના શિલ્પી ''મહાત્મા ગાંધીજી''

હિંમતલાલ શાંતિલાલ ગાંધી

**એ**કવીસમી સદીના આરંભે હિંસાની આગમાં સળગતી કે હિંસાનાં ઓથાર નીચે જીવતી આજાર માનવજાતને તબીબી માવજત કરીને તેને મુક્તિનો માર્ગ બતાવીને મુક્તિ અપાવનાર મહાપુરુષ એ 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી.'

૩૦ જાન્યુઆરી એ ગાંધીજીનો નિર્વાણ દિવસ છે. ૭૦ વર્ષ પહેલાં આ ગોઝારા દિવસે વિઘાતક પરિબળ-નથુરામ ગોડસે દ્વારા ગોળી મારી તેમની હત્યા કરવામાં આવી હતી. જે રીતે પ્રેમના પ્રતીક ઈશુને વધ:સ્થંભ પર ચડાવવામાં આવેલ તેમ જ એક અણિશુદ્ધ વૈષ્ણવજન-ભક્તકવી નરસિંહ મેહતાનાં ભજન - 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' સમસ્ત જીવન માનવજાતના દુ:ખના નિવારણમાં સમર્પિત કરનાર યુગપુરુષની હત્યા કરવામાં આવેલ.

ભારતની પ્રજા-તેમના જન્મદિવસ ૨જી ઑક્ટોબર અને બલિદાન-દિવસ નિર્વાણ દિવસે તેમને યાદ કરીને પોતાનું કર્તવ્ય પૂરું થયાનું માને છે. શું આપણે એ મહાપુરુષ અને તેમણે આપેલા માનવજાત તથા ભારત અને ભારતની પ્રજાનાં ઉત્થાન માટે આપેલા યોગદાન વિષે જાણીએ છીએ, સમજીએ છીએ? ઉંમરલાયક વડીલ વર્ગ ભારતની સ્વતંત્રતા તથા સ્વતંત્રતા અપાવનાર મહાત્માજી અને તે વખતનો ઈતિહાસ જાણતો હશે. યુવા વર્ગને તો પ્રાશ્ચાત્ય જીવનશૈલીમાં ડૂબેલા હોવાથી એ જાણવાની કે સમજવાની ફુરસદ

જ કયાં છે? જ્યારે બાળકો અને વિદ્યાર્થી વર્ગ ઉપરોક્ત જણાવેલ બે દિવસે મહાત્માજી અંગે સાંભળે છે.

મારા મિત્ર ડૉ. કુમારપાળ અવારનવાર એક સત્ય હકીકત સંભળાવે છે કે જે વ્યક્તિ, સંસ્થા, સમાજ, પ્રજા, દેશ કે રાષ્ટ્ર તેનો ભવ્ય ઈતિહાસ ભૂલી જાય છે તેનું કોઈ જ ભવિષ્ય હોતું નથી. આ ઈતિહાસ, મહાપુરુષોના જીવનચરિત્રોનો અભ્યાસ તથા તેમાંથી ગ્રહણ કરવાયોગ્ય સિદ્ધાંતો તથા માર્ગ જ વિકાસના પંથે લઈ જઈ શકે અને તો જ સાચો વિકાસ તથા પ્રગતિ સાધી શકાય.

ગાંધીજીનાં વ્યક્તિત્વ તથા જીવન અને ખૂબીઓ ઓળખવી તથા પારખવા ખૂબ જ દુષ્કર છે. કોઈ એક વ્યક્તિ તેમનાં બધાં પાસાઓ અને તેનાં મહત્ત્વને યોગ્ય રીતે નીરખી, પારખી કે સમજી શકે નહીં. ગાંધીસાહિત્ય તથા તેમનાં જીવન અને કાર્યો વિષેનાં ઊંડા અભ્યાસુ નિષ્ણાતો પણ કદાચ યોગ્ય ન્યાય આપી શકે.

કદાચ મોટા ભાગના લોકો ઈતિહાસ વાંચતા હશે, તેમાંના કેટલાક ઈતિહાસના અભ્યાસુ પણ હશે જે ઈતિહાસ સમજતા હશે, પણ ઈતિહાસ સર્જનાર-રચનાર વિરલા-મહાપુરુષો તો સદીઓમાં કોઈક જ નીકળે છે. ગાંધીજી એક ઈતિહાસ સર્જન કરનાર વિરલ પુરુષ હતા. જ્યારે તેમણે અહિંસા દ્વારા સ્વતંત્રતા મેળવવાની વાત કહી ત્યારે તેમના સાથીઓ તથા ઈતિહાસવિદોએ કહ્યું કે વિશ્વના ઈતિહાસમાં એવો એક પણ દાખલો નથી કે અહિંસા મારફત સ્વતંત્રતા પ્રાપ્ત થઈ હોય. ત્યારે ગાંધીજીએ કહેલ કે હું ઈતિહાસને અનુસરતો નથી પણ ઈતિહાસ રચનાર છું. અને અહિંસાના માર્ગે ભારતને સ્વતંત્રતા અપાવીને તેમણે વિશ્વ માટે એક નવા જ ઈતિહાસનું સર્જન કરેલ છે.

ગાંધીજી શું હતા? સંત, મુત્સદી, રાષ્ટ્રવિધાયક, વૈષ્ણવજન, સંપૂર્ણ શ્રાવક, ઈતિહાસ રચનાર, મનની તથા શરીરની સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટેના તબીબ, શિક્ષક, સત્યાગ્રહી, નિષ્ણાત અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, પછાત અને બિછડેલા વર્ગના ઉદ્ધારક-મસિહા, પીડિતોની પીડા હરનાર, ભારતના ઈતિહાસના ઊંડા અભ્યાસુ, સ્વતંત્ર ભારતના શિલ્પિ, ક્રાંતિ અને શાંતિનો સંગમ-શું શું હતા? યુગ-સર્જક-એક યુગપુરુષમાં હોવા જોઈતા દરેક સદ્‌ગુણો અને પ્રચંડ કાર્યશક્તિ-હિંમતના પુંજ હતા. લોકનાયક હતા.

એ સર્વવિદિત છે કે સાસ્વત અનમોલ સિદ્ધાંતો - અહિંસા, સત્યાગ્રહ અને ઉપવાસનો યોગ્ય ઉપયોગ કરીને એ સમયે જેનાં સામ્રાજ્યમાં કદી સૂર્યાસ્ત થતો નહોતો એવી સશક્ત સત્તા બ્રિટિશ સલ્તનતની ચુંગાલમાંથી-ગુલામીમાંથી છોડાવીને ભારતમાં રાજકીય સ્વતંત્રતાના સૂર્યનો ઉદય કરાવ્યો એ ભારતના તથા વિશ્વના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલ છે.

શું ગાંધીજી આધુનિક હતા?

સત્યને વળગી રહેવું અને નીતિના નિયમોને સર્વોપરી ગણવો એ જો આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક હતા.

વચનપાલન અને ઉપાડેલ કાર્ય પાર ઉતારવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક હતા.

જો સહિષ્ણુતા અને સમજદારી આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

જેઓ આપણા કરતાં જુદો અભિપ્રાય ધરાવતા હોય અથવા આપણા વિરોધી હોય તેમની સાથે પણ સહૃદયતાથી સ્વસ્થપણે વર્તવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

જો દરજ્જાનો, હોદ્દાનો, સત્તાનો કે સંપત્તિનો ખ્યાલ કર્યા વગર સર્વ પ્રત્યે સમાન સૌજન્ય દાખવવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

જો દીનહિન સાથે તાદાત્મ્ય સાધવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

જો ગરીબો, દરિદ્રો, દલિતો, દુર્ભાગીઓ માટે અવિશ્રાંત કામ કરવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

અને સૌથી વિશેષ એ કે કોઈ ઉમદા હેતુ માટે મૃત્યુ વહોરી લેવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

એ સાચા અર્થમાં વૈષ્ણવજન હતા - રાષ્ટ્રપિતા હતા. પરદુઃખભંજક હતા. મહાપુરુષો અને સંતોનાં વાણી, વિચાર અને વર્તનમાં એકવાક્યતા હોય છે અને તેમનું સંપૂર્ણ જીવન એ જ રીતે હોય છે - જેમનું આચરણ જીવન જ એક ઉપદેશ હોય છે. ગાંધીજી આફ્રિકા તો ત્યાંના વેપારીનો કેસ લડવા ગયેલા, પરંતુ ત્યાંની બ્રિટિશ સરકાર અને ગોરા માલિકોના હિંદીઓ ઉપરના જુલમો સામે તેમણે લડાઈ શરૂ કરી અને એ રીતે અહિંસા, સત્યાગ્રહ અને ઉપવાસનાં શસ્ત્રો દ્વારા તેમણે વિજય પ્રાપ્ત કર્યો. હકીકતમાં અહિંસા, સત્યાગ્રહ અને ઉપવાસના દિવ્ય શસ્ત્રોનો જન્મ થયો તે તેમનાં જીવનમાં વણાઈ ગયો.

સ્વતંત્રતાની લડાઈ પહેલાં બિહારનો ચંપારણનો સત્યાગ્રહ, ગુજરાતના મજુરો-કામદારોના હક્કની લડાઈ જેવી કેટલીયે લડાઈઓ તેઓ લડેલા -દરેકમાં સત્યનો આગ્રહ, સાધ્ય અને સાધનશુદ્ધિ, અવિરત શ્રમ, લીધેલ કાર્ય નિશ્ચયપૂર્વક પૂરું કરવાની પ્રતિજ્ઞા-ધગશ, પોતે જ સૌથી આગળ રહીને જુલમ સહીને પોતાની જિંદગી દાવમાં લગાવી. દુશ્મનો પ્રત્યે પણ આદર, પ્રેમ, સહિષ્ણુતા બતાવીને દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરીને સાચા અર્થમાં લોક-હૃદયમાં અપ્રતિમ સ્થાન પ્રાપ્ત કરી મહાત્મા-રાષ્ટ્રપિતાનું બિરૂદ્ધ પ્રાપ્ત કર્યું.

ધર્મ બાબતમાં તેમના વિચારો સ્પષ્ટ હતા. તેમના જ શબ્દોમાં ''મારી હિંદુ ધર્મવૃત્તિ તો મને શીખવે છે કે બધા જ ધર્મો ઓછેવત્તે અંશે સાચા છે. બધાની ઉત્પત્તિ એક જ ઈશ્વરમાંથી છે, અને છતાં બધા ધર્મ અપૂર્ણ છે, કારણકે તે અપૂર્ણ એવા મનુષ્ય દ્વારા આપણને મળેલા છે, ખરી શુદ્ધ પ્રવૃત્તિ તો હું એને કહું કે દરેક સ્ત્રી અગર

પુરુષ પોતપોતાના ધર્મમાં રહીને પૂર્ણત્વ પ્રાપ્ત કરવા મથે. જો માણસ નીતિમાં ચડિયાતો ન થાય તો એક વાડામાંથી નીકળી બીજામાં પેસવાથી શું મળવાનું હતું? (નવજીવન-૨૯-૫-૧૯૨૪) મો. ક.ગાંધી.

''ગૌતમ બુદ્ધે જગતને નવો ધર્મ નથી આપ્યો. તેમણે તો આપણને સનાતન ધર્મનું નવું રહસ્ય બતાવ્યું છે. બીજાનો જીવ લેવાનો નહીં, પણ પોતાનો આપવાનો ધર્મ તેમણે હિંદુ સમાજને શીખવ્યો. તેમણે શીખવ્યું કે પશુને હોમીને યજ્ઞ નથી થતાં, પણ પોતાને હોમીને મનુષ્ય સાચો યજ્ઞ કરે છે. પણ હિંદુ ધર્મ વેદોની ઉપર કોઈ હુમલો કરે તે સાંખી નથી શકતો. તેથી હિંદુ સમાજે બુદ્ધનાં શિક્ષણનું સત્વ ગ્રહણ કર્યું, પણ નવા ધર્મ તરીકે તેનો ત્યાગ કર્યો.''(મો.ક. ગાંધી) ૨૨-૫-૧૯૨૪

દુનિયાના બધા ધર્મગ્રંથો વાંચવા છતાં ખરો ધર્મ મળી શકતો નથી. ધર્મ વસ્તુતઃ બુદ્ધિગ્રાહ્ય નથી પરંતુ હૃદયગ્રાહ્ય છે. આપણાંથી જુદી એવી એ વસ્તુ નથી. પરંતુ એ એવી વસ્તુ છે કે જેને આપણે આપણા પોતામાંથી જ ખીલવવાની છે. તે સદા આપણા અંતરમાં જ છે. કેટલાકોને તેનું ભાન છે. બીજા કેટલાકોને તેનું ભાન નથી. પરંતુ તે તત્વ તેઓમાં પણ છે.'' મો.ક. ગાંધી -(૨-૧૯૧૭)

''મેં બધા ધર્મોનો અભ્યાસ શરૂ કર્યો. 'કુરાન'વાંચ્યું. 'ઝંદ અવસ્તા વાંચ્યું. યહૂદીઓનાં ધર્મપુસ્તકો પણ વાંચ્યા. પણ આખરે મારા ઉપર અસર એ થઈ કે સૌ ધર્મો યથાર્થ છતાં અપૂર્ણ છે. અપૂર્ણ એટલાં માટે કે આપણે તે સૌનો સિદ્ધાંતોની અપૂર્ણ બુદ્ધિથી અર્થ કરવા બેસીએ છીએ. દરેક ધર્મમાં ટીકાઓ અને ભાષ્યો છે. એક ભાષ્ય કાંઈ કહે તો બીજું કાંઈ કહે. 'ગીતા' ઉપર પણ અનેક ભાષ્યો અને 'ઉપનિષદ'. ૫ પણ હું તો બધા ભાષ્યોથી અને ટીકાઓથી કંટાળ્યો. નાસ્યો અને ભાગી છૂટયો અને બોલ્યો, 'અરે જીવ' આમાં તારો પત્તો ન લાગે.' તું તારા હૃદયનો જે સ્પર્શ કરે તેને વળગ. તું નિર્બળ થઈને હૃદયનાથને શરણે જા'' નવજીવન ૯-૮-૧૯૨૫ મો.ક. ગાંધી.

''હિંદુ તરીકે મારી પ્રાર્થના એ ન હોય કે ઈતર ધર્મના હિંદુ ધર્મ સ્વીકારે, અથવા મુસલમાનની પ્રાર્થના એ ન હોય કે બીજા ધર્મના ઈસ્લામ સ્વીકારે કે ખ્રિસ્તિની એ પ્રાર્થના ન હોય કે બધા ખ્રિસ્તિ થાય. આપણી પ્રાર્થના તો એ હોય કે સૌ પોતપોતાનાં ધર્મમાં મક્કમ બને. ખ્રિસ્તિ સાચો ખ્રિસ્તિ બને, હિંદુ સાચો હિંદુ બને, મુસલમાન સાચો મુસલમાન બને.'' નવજીવન - ૨૨-૧-૧૯૨૮ મો.ક.ગાંધી

ઈંગ્લેંડથી બેરિસ્ટર થઈને ત્રીજે જ દિવસે ગાંધીજી સ્વદેશ પાછા ફર્યા. મુંબઈ બંદરે ઉતર્યા ત્યાં કવિ રાયચંદભાઈ અથવા શ્રીમદ રાજચંદ્રની ઓળખાણ થઈ જે ૨૫ વર્ષનાં ચારિત્રવાન અને જ્ઞાની હતા. ગાંધીજી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાત જ ન કરે. ઘણા ધર્માચાર્યોના સંપર્કમાં ત્યારપછી ગાંધીજી આવ્યા. દરેક ધર્માચાર્યોને મળવાનો પ્રયત્ન એમણે કર્યો પણ જે છાપ એમની ઉપર શ્રીમદ્ રાજચંદ્રે પાડી તે બીજા કોઈ ન પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો એમને સોંસરા ઉતરી જતાં. પોતાની આધ્યાત્મિક ભીડમાં ગાંધીજી તેમનો આશ્રય લેતા. એક સમયે ગાંધીજી ધર્મપરિવર્તન કરવાનાં વિચારમાં આવી ગયા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રે જ સાચું માર્ગદર્શન આપેલ.

રાયચંદભાઈ વિશે એમનો આટલો આદર છતાં ગાંધીજી તેમને પોતાનાં ધર્મગુરુ તરીકે હૃદયમાં સ્થાન ન આપી શક્યા. એમની એ શોધ કદાચ છેવટ લગી ચાલુ રહી. હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને ગાંધીજી માનનારા હતા. ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્યને તેઓ ઘણેઅંશે સાચું માનતા, પણ કહેતા કે ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય. જોકે રાયચંદભાઈને ગાંધીજી પોતાના હૃદયના સ્વામી ન બનાવી શક્યા. તો પણ પોતાના જીવન ઉપર ઊંડી છાપ પાડનાર ત્રણ આધુનિક મનુષ્યોમાં તેમની ગણના એમણે કરી છે. રાયચંદભાઈએ એમના જીવનસંસર્ગથી, ટોલસ્ટોયે તેમના ''વૈકુંઠ તારા હૃદયમાં છે'' નામના પુસ્તકથી ને રસ્કિને 'અન ટુ ધ લાસ્ટ' નામના પુસ્તક દ્વારા તેમના જીવન ઉપર ઊંડો પ્રભાવ પાડયો હતો.

ગાંધીજી અણિશુદ્ધ શ્રાવક હતા. ભગવાન મહાવીરનાં પાંચ મહાવ્રત અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ, અચૌર્ય અને બ્રહ્મચર્ય તેમણે સંપૂર્ણ રીતે જીવનમાં ઉતાર્યા હતાં. આ મહત્ત્વનાં સિદ્ધાંતો જીવનપર્યંતે તેમણે આચરણમાં મૂક્યાં હતા, જે ખરા અર્થમાં જીવન ધર્મ - Way of Life છે અને જીવનની ખરી સફળતા તેના આચરણમાં જ છે. આ ઉપરાંત સત્ય એ જ ધર્મ, અભય, સ્વાદત્યાગ, અસ્પૃશ્યતા નિવારણ, જાતમહેનત -સતત પરિશ્રમ, સર્વધર્મ સમભાવ અને સ્વદેશી વ્રત વિ. તેમનાં અન્ય જીવનભરનાં મહત્ત્વનાં વ્રતો હતા. આ અંગે ખૂબ જ લખાયેલ હોવાથી સંક્ષિપ્તમાં નામોલ્લેખ જ કરેલ છે.

ગાંધીજી માનસિક સ્વાસ્થ્ય અંગેના ઉત્કૃષ્ટ તબીબ તો હતા જ પરંતુ શારીરિક સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ તેમનું પ્રદાન મહત્ત્વનું છે. તેઓ વિલાયતી દવા કે ઈન્જેક્શન દ્વારા ઉપચારના વિરોધી હતા. તેમનું આજે પણ એટલું સચોટ અને ઉપયોગી પ્રદાન છે. 'કુદરતી ઉપચાર' તેમના પાંચ ડૉક્ટર હતા - માટી, પાણી, વ્યાયામ, ઉપવાસ અને રામનામ - આકાશ - તેજ અને વાયુ પણ ઉપચારની દયા છે. તેમણે પુના પાસે ઉરુલીકાંચનમાં કુદરતી ઉપચાર કેન્દ્રની સ્થાપના કરેલ જેનો વહીવટ સંતશ્રી વિનોબા ભાવેના ભાઈ શ્રી બાલકોજી ભાવેને સોંપેલ. આ લેખના લેખકને ૧૯૬૫માં 'Jaundice' કમળો થયેલ, કોઈ જ ઉપચાર કામ ન લાગ્યા, ત્યારે એક મિત્રની સલાહથી ઉરુલી ગયેલ અને ત્યાં કુદરતી ઉપચારથી સંપૂર્ણ તંદુરસ્ત થઈને પરત આવેલા.

ગાંધીજી ગ્રામસ્વરાજનાં હિમાયતી હતા. ગામડાં પોતે જ

સ્વાવલંબી બને, ગામમાં રહેતો દરેક જણ સ્વરોજગાર મેળવે. ખેડૂત, પશુપાલક, દરજી, મોચી, સુતાર, કડિયા વિ. દરેક સ્વતંત્ર રોજગારથી સ્વાવલંબી બને. કોઈપણ કામ નાનું કે મોટું નથી. કોઈ કામની શરમ ન હોય. માનવ મશીન ઉપર આધારે ન રાખે તો દેશને ખરા અર્થમાં આર્થિક સ્વાતંત્ર્ય મળે તેમ તેઓ મક્કમપણે માનતા. શિક્ષણમાં પાયાની કેળવણી-ઉત્તર બુનિયાદી કેળવણી જ ઉપયોગી છે કે જેથી માનવ માનવ બને.

ધાર્મિક, સામાજિક કે જ્ઞાતિ ઉત્કર્ષનાં કાર્ય કરતી સંસ્થાઓ માટેનો તેમનો સિદ્ધાંત સ્વચ્છ, પારદર્શક વહીવટ માટે આજે પણ એટલો જ મહત્ત્વનો અને ઉપયોગી છે.

''આરંભમાં જ મેં શીખી લીધું હતું કે જાહેરકામ કદી કરજ કરીને કરવું નહીં.'' મો.ક. ગાંધી (સત્યના પ્રયોગો)

ઘણી જાહેર સંસ્થાઓમાં જવાબદાર રહ્યા પછી મારો દ્રઢ નિર્ણય એ થયો કે કોઈ પણ જાહેર સંસ્થાએ સ્થાયી ફંડ ઉપર નભવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. તેમાં તેની નૈતિક અધોગતિનું બીજ રહેલું છે. જાહેર સંસ્થા એટલે લોકોની મંજૂરી અને લોકોનાં નાણાંથી ચાલતી સંસ્થા. એ સંસ્થાને જ્યારે લોકોની મદદ ન મળે ત્યારે તેને ચાલુ રહેવાનો અધિકાર જ નથી. સ્થાયી મિલકત ઉપર નભતી સંસ્થા લોકમતથી સ્વતંત્ર બની જતી જોવામાં આવે છે ને કેટલીક વેળા ઉલટા આચરણ પણ કરે છે. આવો અનુભવ હિંદુસ્તાનમાં આપણને ડગલેને પગલે થાય છે. કેટલીક ધાર્મિક ગણાતી સંસ્થાઓના હિસાબ કિતાબનું ઠેકાણું જ નથી. તેના સંચાલકો તેના માલિક થઈ પડયા છે, ને કોઈને જવાબદાર રહેતા નથી. જાહેર સંસ્થાઓના ચાલુ ખરચાનો આધાર લોકો પાસેથી મળતો ફાળો જ હોવો જોઈએ. પ્રતિવર્ષ મળતો ફાળો તે તે સંસ્થાની લોકપ્રિયતા અને તેના સંચાલકોની પ્રામાણિકતાની કસોટી છે અને દરેક સંસ્થાએ એ કસોટી ઉપર ચડવું જોઈએ એવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે.''

''મારા અનુભવે મને તો એ જ બતાવ્યું છે કે કોઈપણ પ્રવૃત્તિ પૈસાના અભાવે નથી પડી ભાંગતી. આનો અર્થ એવો કે દુન્યવી કોઈપણ પ્રવૃત્તિ પૈસા વિના ચાલી શકે. જ્યાં પ્રામાણિક સંચાલકો હોય છે ત્યાં પૈસો એની મેળે જ આવે છે. એથી ઉલટો અનુભવ મને એ પણ થયો છે કે જે સંસ્થામાં પૈસાનો ધોધ વહે છે તે સંસ્થાની તે સમયથી અવનતિ શરૂ થાય છે. એટલે મારો એ સિદ્ધાંત છે કે કોઈપણ સંસ્થાએ મૂડી એકઠી કરી વહીવટ તેના વ્યાજમાંથી ચલાવવો એ અયોગ્ય છે. સાર્વજનિક સંસ્થાની મૂડી તે જનસમુદાય છે. જ્યાં સુધી તેઓ ઈચ્છે ત્યાં સુધી જ તે સંસ્થા ચાલવી જોઈએ. વ્યાજ ઉપર કામ ચલાવનારી સંસ્થા સાર્વજનિક ન રહેતા સ્વતંત્ર અને આપમતીલી બની જાય છે. જાહેર ટીકા કે મતના અંકુશમાં નથી રહેતી. આ રીતે ચાલતી અનેક ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં કેટલો બધો સડો પેસી ગયો છે તે લગભગ સ્વયંસિધ્ધ જેવી વાત છે - ગાંધી ગંગા.

❑❑❑


૪૦૪, સુંદર ટાવર, ટી.જે. રોડ,
શીવરી, મુંબઈ - ૪૦૦૦૧૫.
મો. ૯૩૨૩૩૩૧૪૯૩



**પ્રબુદ્ધ જીવનમાં**
**પુસ્તક પરિચય સમાવવા માટે પુસ્તક મોકલવાનું સ્થળ**
**ડૉ. સેજલબેન શાહ**
૧૦/બી-૭૦૨ અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ
કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.
(કુરીયરના કવર પર Drop લખવું)



**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.

**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................. દ્વારા આ સાથે મોકલું છું / તા. ............... ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ...........................................

સરનામું..............................................

.............................................

પીન કોડ.................. ફોન નં. .....................

મોબાઈલ..............................................

Email ID ..........................................

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા.૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦

**જીવનપંથ : ૧૭**

# જે હારે છે તે શીખે છે

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

ગયા અંકથી ચાલુ...

જિંદગીમાં બધું સરળતાથી ગોઠવાતું જતું હતું, ત્યાં જ વંટોળનું વાતાવરણ બન્યું. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી આવવાના એંધાણ હતાં. અચાનક મારી બ્રાંચમાં લૉન માગનારનાં ટોળાં આવવાં લાગ્યાં. મહિને ચાલીસ-પચાસ અરજીઓ આવતી તેના બદલે દસ દિવસોમાં ત્રણસો અરજીઓનો ઢગલો થયો!. કેટલાક રાજકારણીઓ બેંકના ચક્કર લગાવવા લાગ્યા. મને ધીમે ધીમે બધું સ્પષ્ટ થવા લાગ્યું. મારા ઑફિસર મને દબાણ કરવા લાગ્યા. 'દરેકના ઘરે જવાની જરૂર નથી', 'લગભગ કોઈને ના કહેવાની જરૂર નથી','સ્થળ પર ગયા વગર જ પોઝિટિવ રિપોર્ટ આપી દેવામાં કંઈ વાંધો નથી'. આવા વિચિત્ર આદેશાત્મક સૂચનો મને થવા લાગ્યાં. મને થયું જિંદગી આપણી કસોટી કરવાના મૂડમાં છે!

મેં વીસ દિવસનો મારો સઘન કાર્યક્રમ તૈયાર કર્યો. રોજ સવારે સાતથી રાત્રે નવ સુધીના ચૌદ કલાકમાં પંદર સ્થળે જવા સમયપત્રક ગોઠવી લાગી ગયો દોડવા. ફિલ્ડમાં ગયો ત્યારે વિચિત્ર અનુભવ થવા લાગ્યા. લગભગ દસ ટકા અરજીઓ જ સાચી, બાકી સદંતર ઉપજાવી કાઢેલું. 'અમે તો અરજી કરી જ નથી', 'અમારા ધારાસભ્યના માણસો ફોરમ ભરાવી ગયા છે અને કીધું છે કે બેંક લોન આપે તો વાપરજો,' 'બેંકની લોન પાછી નહીં ભરો તો બેંક કંઈ નહીં કરી લે, તમે જલસા કરો,'.. આવા જવાબો સાંભળતા મને તો વીજળી ત્રાટક્યા જેવી લાગણી થઈ. મેં સ્વસ્થતાથી, સમજથી કામ લઈ, ભલા ભોળા થઈ, ઘણા બધા પાસે તેના આવા જવાબો અરજીપત્રકમાં જ લખાવી લીધા અને વીસ દિવસના આવા ત્રણસોમાંથી ત્રીસ અરજી માટે પોઝિટિવ રિપોર્ટ આપી મારા અધિકારીને કામ સોંપી દીધું. ગડગડિયું શ્રીફળ પોતાના ચોકમાં આવ્યાનું જાણી અધિકારી મૂંઝાયા. મારા પર દબાણ લાવવાના અથાક પ્રયત્નો તેમણે આદર્યા. શામ-દામ-દંડ-ભેદથી મને મારા રિપોર્ટ બદલવાનું દબાણ કર્યું. મેં ઘસીને 'ના' પાડતાં મને રૂબરૂ પોતાની એ.સી. ચેમ્બરમાં ત્રણ કલાક બેસાડી રીઝવવાના પ્રયાસો કર્યા. મારા ઉપરી અધિકારીએ પેટ છૂટી વાત કરી કે : રાજ્યના તે સમયના ગર્વનર દલિત છે, શાસક પક્ષના છે એટલે તેઓ ઈચ્છે છે કે આ બધા જ ત્રણસો અરજદારોને આપણી બેંક લોન આપે જ. ગર્વનરશ્રીની અનૌપચારિક સૂચના છે કે આવી રહેલ ચૂંટણી પહેલાં આપણે લોનના ચેક વિતરણનો સમારંભ રાખીએ અને તેમાં ગર્વનરશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી તથા અન્ય પ્રધાનો હાજર રહે. આમ કરવાથી હાલની સરકારને ચૂંટણીમાં નબળા વર્ગના મતો મળી શકે અને ગર્વનરશ્રીની કેરિયર પણ બની રહે!!.. અધિકારીશ્રીની આ સ્પષ્ટતા પછી તો હું સમસમી ગયો અને હળાહળ જુઠ્ઠાણાના સહભાગી ન જ બનવાનો મને પાનો ચઢયો. લગભગ ગળગળા કંઠે મને મારા અધિકારીએ વિનંતી કરી કે હું બધાં જ અરજીપત્રકોમાં મારો અભિપ્રાય બદલી નાખું ને ત્રણસો નહીં તો અઢીસોને તો લોનપાત્ર ઠેરવું. જિંદગીની કસોટીની નિર્ણાયક પળોમાં મારે નિર્ણય લેવાનો હતો. મેં ત્વરિત મારો નિર્ણય સંભળાવી દીધો : 'સર, મેં મારું કામ કર્યું છે, સાચું છે તે ચકાસીને લખ્યું છે, શક્ય બન્યા ત્યાં આધારો આપ્યા છે. હું મારા અભિપ્રાયો બદલી શકું નહીં, મારું હૃદય અને મારું મન આવા ફેરફાર કરવાની મને ના પાડે છે. ખોટા લોકોને લોન આપવાથી તેઓ લોન પરત ભરપાઈ કરશે નહીં, તેથી બેંકને નુકસાન જશે અને મારા અભિપ્રાયનું મૂલ્ય ઘટશે. જેને જરૂર જ નથી તેને જરૂર છે તેમ કહેવું મને અનૈતિક લાગે છે.. અને હા, આપ મારા ઉપરી અધિકારી છો, આપ ઈચ્છો તો મારા અભિપ્રાયને અવગણીને આપની જવાબદારીએ જે કરવું હોય તે કરી શકો છો.'.. હું દિલગીરી વ્યક્ત કરી ઉઠવા જતો હતો ત્યાં તેઓ તાડુક્યા અને ધમકી આપતાં કહ્યું : તમે કેમ નોકરી કરી શકો છો તે હું જોઉં છું!.. મારા અંતરાત્માએ મારા મનનો કબજો લઈ લીધો. હું પાછો બેસી ગયો. લેટરપેડમાંથી કાગળ કાઢી મેં મારી બેંક ઑફ બરોડાની કાયમી નોકરીમાંથી રાજીનામું લખી ઑફિસરશ્રીને સોંપી બેંક છોડી દીધી.. બેંકમાં, કુટુંબમાં, સમાજમાં વાયુવેગે વાત પ્રસરી ગઈ અને ઠેરઠેરથી ખટ્ટામીઠા પ્રતિભાવો મળવા લાગ્યા. મારો માસ્તરનો માહ્યલો ફરી જાગ્યો, જે પ્રાથમિક શાળા છોડી બેંકમાં આવેલો ત્યાં ફરી રૂા. ૨૫૦/- થી શિક્ષક થઈ ગયો! પણ એટલો નિર્ણય કર્યો કે, એટલું ભણવું કે જ્યાં હોઈએ ત્યાંથી ભાગી છૂટવાનું મન થાય ત્યારે ભણેલું કામ લાગે! B.Ed., M.Ed., Ph.D. થયો અને આજે સાત સ્થાન બદલી, ઉચ્ચશિક્ષણમાં મોભાદાર, માલાદાર અને માલદાર સ્થાન પર કાર્યાનંદ માણું છું.

જિંદગી આપણી કસોટી કરે ત્યારે આપણે કસદાર બનીએ છીએ.

(ક્રમશ:)

❑❑❑

સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.
મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩, ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

(ગતાંકથી ચાલુ...)

**સર્વભય નિવારક**

આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્તદોષં ।
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ॥
દૂરે સહસ્ત્રકિરણઃ કુરુતે પ્રભૈવ ।
પદ્માકરેષુ જલજાનિ વિકાસભાંજિ ॥૯॥

**ભાવાર્થ :-** હે પ્રભો! સર્વ દોષોથી રહિત એવું આપનું સ્તવન ભલે અપ્રાપ્ય હોય પરંતુ આપના ચારિત્રની કથા કે ઉપદેશનો એક માત્ર શબ્દ પણ જગતના પ્રાણીઓના પાપોને દૂર કરે છે, નાશ કરે છે. જેમ હજારો કિરણોથી યુક્ત સૂર્ય પૃથ્વીથી લાખો જોજન દૂર હોવા છતાં પણ તેની સર્વ પ્રથમ પ્રકાશિત પ્રભા-કાંતિ સરોવરના કમળને વિકસિત કરે છે.

**વિવેચન :-** પ્રસ્તુત શ્લોકમાં સાતમા શ્લોકનો દ્વિરુક્તિ ભાવ જોવા મળે છે. સાતમી ગાથામાં જે વાત કરી છે, તેનાથી આચાર્યશ્રી સંતુષ્ટ થયા નથી. તેથી જ ફરીથી આ ગાથામાં તે જ ભાવોને પ્રગટ કરીને પોતાની અસંતુષ્ટિ બતાવે છે. જો કે ભક્તની અસંતુષ્ટિ જ વારંવાર ભક્તને ભક્તિ કરવા માટે પ્રેરિત કરતી હોય છે. ભક્ત જો સંતુષ્ટ થઈ જાય તો ભક્તિની ઈતિશ્રી થઈ જાય. જે રીતે બીમાર માણસ પોતાની પીડાને વારંવાર યાદ કરીને કહે છે, તેમ ભક્ત પણ પોતાના ભાવોને વારંવાર વ્યક્ત કરે છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ ભાવ અને પ્રભાવનું મહત્ત્વ દર્શાવ્યું છે. જેમ કે ચંદનબાળાના અડદના બાકુડાનું શું મૂલ્ય હતું? પણ ચંદનાના ભાવ મૂલ્યવાન હતા અને આ ભાવોથી વિશેષ પરમાત્મા પ્રભુ મહાવીરનો પ્રભાવ હતો. તેવી જ રીતે સિદ્ધ પરમાત્મા તો આપણાથી સાત રજ્જૂ દૂર સિદ્ધક્ષેત્રમાં બિરાજે છે અને અરિહંત પરમાત્મા પણ વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે. તેમ છતાં તેઓનો પ્રભાવ કેવો હોય એ વાત કમળ અને સૂર્યના દૃષ્ટાંતથી આચાર્યશ્રીએ સમજાવી છે.

માનતુંગ આચાર્યશ્રી ભક્તિ યોગનો મહિમા દર્શાવતા કહે છે કે, જેમ દૂર દૂર અંતરિક્ષમાં રહેલ સૂર્ય પોતાના કિરણો અવનિ પર ફેલાવે છે ત્યારે સૂર્યના આ તેજસ્વી કિરણોની પ્રભા સરોવરમાં રહેલ પદ્મકમળ પર પડતાં જ તે વિકસિત થવા લાગે છે. તેની કોમળ પાંખડીઓ ઉઘડવા લાગે છે, ને જોતજોતામાં જ બધા કમળ પૂર્ણરૂપે ખીલી ઊઠે છે. જેમ પાણીનું સરોવર દૂર હોય તો પણ તેના ઉપરથી પસાર થતી જલબિંદુઓની શીતળતા ગ્રીષ્મના તાપથી તપ્ત પથિકને ઠંડક આપે છે. બસ, એવી જ રીતે પ્રભુના નામસ્મરણ રૂપ તેજસ્વી કિરણોનો સ્પર્શ થતાં જ ભક્તોના પાપ નાશ થવા લાગે છે. હૃદયમાં આત્મિક ગુણો ખીલવા લાગે છે અને રોમ-રોમ ઉલ્લસિત બની કમળની જેમ પૂર્ણ વિકસિત બની મન આનંદવિભોર બની નાચી ઊઠે છે.

પ્રભુની પૂરી સ્તુતિની વાત તો દૂર રહી, પ્રભુના નામસ્મરણથી જ અનાદિના મિથ્યાદિ પાપો દૂર થઈ જાય છે. સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. પ્રભુનો આ કેવો અદ્ભુત પ્રભાવ છે! જો સ્મરણ માત્રથી આટલું બધું મળતું હોય તો પછી પ્રભુભક્તિમાં લીન બની સ્તુતિ કરવામાં આવે તો કેવો અનન્ય લાભ મળે... તે તો માત્ર અનુભવગમ્ય છે.

આચાર્યશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં '**अस्त समस्त दोषम्**' શબ્દ દ્વારા પરોક્ષ ભાવે સ્તોત્રનો મહિમા કેવો હોય અને કોને સ્તવન કહી શકાય તેવો ભાવ દર્શાવ્યો છે. અર્થાત્ એવું સ્તવન કે જેમાં સ્તવનના બધા દોષો શૂન્ય - અસ્ત હોય, થઈ ગયા હોય, ઉદ્ભવ્યાં જ ન હોય તેવા સ્તોત્રને '**अस्त समस्त दोषम्**' - સમસ્ત દોષ અસ્ત છે, એમ કહી શકાય. માણસ ગમે તેવું સ્તોત્ર બનાવે પણ એમાં જો ભગવદ્ સ્તુતિ ન હોય તો તે સ્તોત્ર ધર્મદૃષ્ટિએ બરાબર ન કહેવાય. કદાચ ભગવદ્ સ્તોત્ર હોય પણ તેમાં દૂષિત ભાવનાનું પ્રદર્શન હોય તો સ્તોત્ર દૂષિત કહેવાય. દોષરહિત હોય તેવું નિર્દોષ સ્તોત્ર સહુને કયાં પ્રાપ્ત થાય છે! અને પ્રાપ્ત થાય તો પણ બધા તેનું અનુગાન કરી શકતા નથી. તેથી સ્તુતિકાર પણ અહીં કહે છે કે આવું શુદ્ધ કે જેના બધા દોષો અસ્ત થઈ ગયા છે, તેવાં સ્તોત્રને રહેવા દો, બોલી ન શકાય તો હરકત નથી, પરંતુ તેની એક સંકથા અર્થાત્ સમ્યક્ પ્રકારે કહેલી કથા પણ પાપોનો નાશ કરે છે. પ્રભુના ઉત્તમ ગુણોની સુકથા જગતના પાપોને દૂર કરવા સમર્થ છે. આચાર્ય પદ્મનંદી મુનિએ પણ આ જ વાત કરી છે કે, ''ચૈતન્ય પ્રીતિ ચિત્તમાં રાખી કથા પણ સાંભળે તે ભવ્ય ભાવિ મોક્ષનો પાત્ર જ ધ્રુવપણે બને.'' એ જ રીતે સ્તુતિકારે સ્તોત્રનું ગૌરવ તેમ જ સ્તોત્રથી સંબંધિત કથાનું પણ ગૌરવ બતાવી 'ઉભય ગૌરવાલંકાર' પ્રગટ કર્યો છે. વિશેષમાં અહીં તેમના વિશ્વાસનું પરમ માધુર્ય અને શ્રદ્ધાની પ્રબળતા જોવા મળે છે.

પ્રસ્તુત શ્લોકના છેલ્લા પદમાં તેઓ દર્શાવે છે કે સૂર્યની પ્રભા કમળના સમૂહને વિકસિત કરે છે. અર્થાત્ કમળ સ્વયં સુંદર છે. કોમળ તેમ જ મનોહર રંગોથી સુશોભિત હોય છે. આવા ત્રિગુણાત્મક કમળ જ્યારે વિકસિત થાય છે ત્યારે તેના નિર્લિપ્ત ભાવોને પ્રગટ કરે છે, એટલે જ સાધનાના ક્ષેત્રે જળકમળવત્ સાધના સુપ્રસિદ્ધ છે. ભોગોમાં રહીને પણ જે નિર્લિપ્ત રહે છે તેની તુલના કમળ સાથે કરવામાં આવે છે. આવા કર્મયોગી નિર્લિપ્ત જીવોનો વિકાસ તે અધ્યાત્મ પ્રતિભાને દર્શાવે છે. આમ કમળ અને કમળનો વિકાસ તથા કર્મયોગીનો કર્મમાં રહેવાં છતાં થતો ભાવવિકાસ બંને મહત્ત્વપૂર્ણ છે. સૂર્યની પ્રભા જેમ કમળને વિકસિત કરે છે તેમ ભક્તિની પ્રભા

મનુષ્યના હૃદય કમળને વિકસિત કરે છે. સૂર્ય ભલે દૂર હોય પણ તેની પ્રભા જગતને જીવન આપે છે, તેમ પરમાત્મા અને તેના ભવ્ય ભાવ ભરેલાં સ્તોત્રો કદાચ અગમ્ય હોય તો પણ તેમાંની એક કથા પણ ભક્તોના હૃદયને વિકસિત કરે છે.

આ શ્લોકમાં પદ્મની ઉપમા તે કવિશ્રીના સ્થાને છે. સૂર્યની પ્રભા તે સંકથા અને પાપોનો પરિહાર તે કમળના વિકાસ સાથે સરખાવ્યો છે. આખી ઉપમા અભાવ ગુણને સદ્ભાવમાં પરિવર્તિત કરે છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ **'कुरुते'** ક્રિયાપદ દ્વારા નિમિત્તભાવને પણ દર્શાવ્યો છે. નિમિત્ત કર્તૃત્વભાવથી યુક્ત હોય પણ તેનું કર્તૃત્વ સાપેક્ષ હોય છે. પદાર્થની યોગ્યતાના આધારે જ નિમિત્ત કર્તાના સ્થાનમાં સ્થાપિત થાય છે. એટલે કે યોગ્ય ઉપાદાનને જ પ્રભાવિત કરે તે નિમિત્ત છે. જેમ કે સૂર્યના કિરણો નિમિત્તમાત્ર છે. જો કમળમાં વિકસિત થવાની યોગ્યતા ન હોય તો સૂર્યના કિરણો કમળને વિકાસવી શકે નહિ. પરંતુ જેનો વિકાસ થાય છે, તે તેની યોગ્યતા છે, ઉપાદાન છે. જેમ કે પત્થર જેવા કઠોર પદાર્થ વિકસિત થઈ શકે નહિ કારણ કે ત્યાં ઉપાદાન નથી, યોગ્યતા નથી. એવી જ રીતે જે જીવો હળુકર્મી બન્યા છે. યોગ્યતા ધરાવે છે, જેના અંતરમાં શ્રદ્ધા પ્રગટી છે તેવા જીવોના પાપોને ધર્મકથા નાશ કરી શકે છે. પરંતુ યોગ્યતા વિનાના જીવોનું સંકથાથી પરિવર્તન થતું નથી. જેને પોતાના ભક્તિભાવ ઉપર ભરોસો નથી ત્યારે ભાવ વિના પ્રભાવ કેવી રીતે સંભવ બને... તેમ છતાં પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ સમગ્ર સ્તોત્રની શક્તિ સંકથા દ્વારા દર્શાવી સામાન્ય માનવી માટે એક સરળ માર્ગનું નિરૂપણ કરી લઘુતામાં પ્રભુતાના દર્શન કરાવ્યાં છે. તેમ જ તેઓ પ્રભુમય બની ભક્તિમાં આગળ વધી રહ્યા છે...

ऋद्धि :- ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो संभिण्णसोदराणं।
ह्रां ह्रीं ह्रूं फट् स्वाहा। ॐ ऋद्धये नमः।

मंत्र :- ॐ ह्रीं श्रीं क्रौं क्लीं रः रः हं हः नमः स्वाहा।
ॐ नमो भगवते जय यक्षाय ह्रीं हूं नमः स्वाहा।

વિધિવિધાન :- નવમી ગાથા, ઋદ્ધિ અને મંત્રનું પ્રતિદિવસ એકસો આઠ વાર જાપ કરવા. તેમ જ ચાર કાંકરી લઈ પ્રત્યેક કાંકરીને એકસો આઠ વાર મંત્રીને ચારે દિશામાં ફેંકવાથી રસ્તો કીલિત થાય છે.

ફલાગમ (લાભ) :- આ ગાથા, ઋદ્ધિ અને મંત્રનું વારંવાર સ્મરણ કરવાથી તેમ જ યંત્રને પાસે રાખવાથી માર્ગમાં ચોર-ડાકુઓનો ભય રહેતો નથી, તેમ જ ચોર ચોરી કરી શકતો નથી.

ભક્તામરની પ્રસ્તુત નવમી ગાથાના જાપથી શું લાભ મળે છે તે દર્શાવતી એક પ્રાચીન કથા...

**મહારાણી હેમશ્રીની કથા :-**

કામરૂ દેશની ભદ્રાનગરીમાં હેમબ્રહ્મ નામના રાજા રાજ્ય કરતા હતા. એમની આજ્ઞાકારી પત્નીનું નામ હેમશ્રી હતું. રાજા હેમબ્રહ્મ ન્યાય અને નીતિથી રાજ્ય ચલાવતા હતા. તેમ જ આ દંપતી જૈનધર્મમાં પણ આસ્થા ધરાવતું હતું. મહારાજા હેમબ્રહ્મ બધી વાતે સુખી-સંપન્ન હતા પરંતુ સંતાનના અભાવમાં સદા બેચેન રહેતા હતા.

એક દિવસ રાજા-રાણી બન્ને આનંદ-પ્રમોદ કરવા વન-વાટિકામાં ગયા. ત્યાં તેમણે સાધનામાં નિમગ્ન જૈન મહામુનિ જોયા. આથી તેઓ જૈન મુનિ પાસે જઈને વંદન કરી, ચરણ પાસે બેસી અપલક દષ્ટિથી તેમને જોતાં જોતાં મનમાં ને મનમાં સંતાન પ્રાપ્તિની કામના કરવા લાગ્યા. આ જૈન મુનિ મનઃપર્યવજ્ઞાની હતા. જ્યારે તેઓ પોતાની સાધનામાંથી જાગૃત થયા ત્યારે રાજા-રાણી બંનેને પોતાની પાસે બેઠેલાં જોયા. મહાજ્ઞાની એવા મુનિએ તેમનાં મનમાં ચાલતાં ભાવોને જાણી લીધા.

મુનિને સાધનામાંથી જાગૃત થયેલાં જોઈ, રાજા-રાણી કંઈક બોલે તે પહેલાં જ મુનિ બોલ્યા, હે રાજન! સર્વ પ્રથમ તારા રાજ્યમાં પંચેન્દ્રિય જીવહિંસા પર પ્રતિબંધ મૂકી દે, મુંગા-અબોલ પશુઓ પ્રત્યે દયા, દીન-દુઃખી અપંગોને દાન આપ. તેમ જ સાધુ સંતોની સેવા કરવાનો સંકલ્પ લઈ લે. દયા, દાન અને સેવા જ દુઃખોના સાગરથી પાર ઉતારે છે. સાથે સાથે જૈન ધર્મની પ્રભાવના કર. જૈન મંદિરો બનાવી ચોવીસ તીર્થંકરોની મૂર્તિ બનાવી, પ્રતિષ્ઠા કરી મન-વચન અને કાયથી તેની ભક્તિ કર. આમ ચાર પ્રકારે દાન કરવાથી સુખ-સંપત્તિ મળે છે.

આ ઉપરાંત સોનાની અથવા ચાંદી-કાસાની થાળીમાં શ્રી ભક્તામરની નવમી ગાથા કેશર અને ચંદનથી લખી, અને તેને પાણી વડે ધોઈ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક તે પાણી પીવું. તારી મનોકામના અવશ્ય પૂર્ણ થશે.

રાજા-રાણીએ મુનિએ બતાવેલી વિધિનો આદરભાવ સાથે સ્વીકાર કર્યો અને તેમને ભાવપૂર્વક વંદન-નમસ્કાર કરી રાજમહેલ પાછા ફર્યા. ત્યારબાદ મુનિએ પણ ત્યાંથી વિહાર કર્યો. મુનિએ બતાવેલ વિધિ પ્રમાણે રાજા-રાણીએ આસ્થા સાથે જલપાનનું સેવન કર્યું. તેમ જ દાનધર્મ, અહિંસાનું પાલન યથાયોગ્ય રીતે કરવા લાગ્યા.

થોડા સમયમાં જ મંત્રનો પ્રભાવ ફળીભૂત થયો. રાણી હેમશ્રીએ રાજાને શુભ સમાચાર આપ્યા. જોતજોતામાં નવ મહિના વીતી ગયા. રાણીએ એક સુંદર બાળકને જન્મ આપ્યો. આ સમાચાર મળતાં જ રાજા ખૂબ જ હર્ષ પામ્યા. તેમની મનોકામના પૂરી થઈ. આખા રાજ્યમાં પુત્ર જન્મોત્સવ ખૂબ જ ધામધૂમ પૂર્વક કર્યો. તેમ જ જૈન ધર્મનો જયજયકાર કર્યો.

સાચે જ ભક્તામરના મંત્રોનો કેવો અદ્ભુત પ્રભાવ ....

ક્રમશઃ

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
મો.નં. ૯૮૯૨૮૨૮૧૯૬

## જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૩

### માનવમૂલ્ય, ધર્મનો આદર્શ અને આત્માની ઉન્નતિ પ્રેરતું શ્રેષ્ઠ સાહિત્યસર્જન !

# જયભિખ્ખુ : ગુજરાતી જૈન સાહિત્યના વિરલ આલેખક !

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

ઓગણીસમી અને વીસમી સદી ગુજરાતી સાહિત્ય માટે યાદગાર બની રહી. આ સદીના સાહિત્ય સર્જકોએ જે સર્જન કર્યું છે તે એકવીસમી સદીમાં પણ લોકપ્રિય છે.

'જયભિખ્ખુ' ગુજરાતી સાહિત્યના વિરલ જૈન સાહિત્યકાર હતા. તેમની લોકપ્રિયતા દંતકથા સમાન હતી. બાલાભાઈ વીરચંદ દેસાઈ - જયભિખ્ખુ (૧૯૦૮-૧૯૬૯) અને તેમના ભાઈ રતિલાલ દીપચંદ દેસાઈ શિવપુરી પાઠશાળામાં જૈન શિક્ષકો ને મુનિવરો પાસે ભણીને તૈયાર થયા. તે પછી સાહિત્યના ક્ષેત્રે એમણે જે સમયે પદાર્પણ કર્યું ત્યારે સામાજિક, કૌટુંબિક અને આર્થિક પારાવાર મુશ્કેલીઓની વચમાં તેઓએ સાહિત્યનો પંથ પકડ્યો. જયભિખ્ખુની શૈલી વીરરસ પોષક હતી અને માનવ મૂલ્યોને પ્રેરતી હતી. તેમનું જે ઘડતર થયેલું અને તેમના જે વિચારોમાં ઘૂંટાયેલું તે સાહિત્ય દ્વારા અનોખી શૈલીમાં પ્રગટી નીકળ્યું અને તેને અપાર લોકપ્રેમ મળ્યો.

જયભિખ્ખુના જીવનનો પ્રારંભકાળ એ દેશની આઝાદીનો સંક્રાન્તિ કાળ હતો. ગાંધીજીના આદર્શો, ટાગોર અને શરદબાબુનું સાહિત્ય અને જૈનસાહિત્યની પરંપરા જયભિખ્ખુ વિશેષ સ્વરૂપે સમજ્યા હતા. એ એક એવો સમય હતો જ્યારે માનવી પાસે સગવડો ઓછી હતી, સાધનો ઓછાં હતાં, ભવિષ્યની કલ્પનાઓ કેમ સાકાર થઈ શકે એની ખબર નહોતી. તેવા સમયે એ માનવીને મનની શાંતિ, જીવનનો ઉત્કર્ષ અને આત્માની ઉર્ધ્વગતિ મેળવવામાં જો કોઈ મદદ કરે તો તે સાહિત્યની શીતળછાયા જ હોઈ શકે અને એવું જ બન્યું. એ સંક્રાન્તિ સમયમાં માનવમૂલ્ય અને જૈનધર્મનો આદર્શ જાળવીને જયભિખ્ખુએ પોતાની શૈલીમાં જે લખ્યું તેમાં નવીનતા હતી, રસિકતા હતી, ભાવુકતા હતી, વાચક વાંચે અને ડોલે.

જૈન કથાઓને ગુજરાતી સાહિત્યમાં અધિકાધિક લોકપ્રિય કરવાનું કાર્ય જયભિખ્ખુએ કર્યું છે. તેમણે કથાઓ, બાળકથાઓ, નવલકથાઓ, જીવનચરિત્રો સ્વરૂપે લગભગ ૩૦૦ પુસ્તકો લખ્યા છે. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના આગ્રહથી એમણે યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું જીવન ચરિત્ર પણ લખ્યું છે. એમ કહી શકાય કે અત્યાર સુધીના લખાયેલા સાધુઓ માટેના જીવન ચરિત્રોમાં તે સર્વશ્રેષ્ઠ છે. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે તે સમયે સુવર્ણચંદ્રક અર્પણ કર્યો હતો. તેમને અનેક માન સન્માન મળ્યા.

તેમણે નાટકો પણ લખ્યાં છે. તેમની નવલકથાઓ પણ તે સમયે ખૂબ વંચાઈ. તેમણે અનેક અખબારોમાં અનેક કૉલમ પણ લખી.

જયભિખ્ખુના લેખનનો આદર્શ માનવમૂલ્ય છે અને તે જ તેમની લોકપ્રિયતાનું રહસ્ય છે. તેમને અસંખ્ય મહાનુભાવોનો પ્રેમ પણ પ્રાપ્ત થયો. શારીરિક અસ્વસ્થતા, નબળી આંખો અને ડાયાબિટીસ હોવા છતાં તેમણે લેખનને પોતાનું જીવનકાર્ય બનાવી દીધેલું. જૈન મુનિઓ અને જૈન શ્રેષ્ઠીઓનો સંપર્ક પણ તેમને પરિતોષ આપનારો હતો.

પૂ. મારા ગુરુદેવ આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મ.સા. સાથે તેમને અનન્ય સંબંધ હતો. મેં મારા નાનપણમાં દીક્ષા પૂર્વે પૂ. મારા ગુરુમહારાજને અને જયભિખ્ખુને આત્મીયતાપૂર્વક વાતો કરતા સાંભળ્યા છે. પૂ. મારા ગુરુમહારાજ તે સમયે 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' અને 'શ્રી મહાવીર જૈન ગીતા'નું પ્રકાશન કરાવી રહ્યા હતા. આ બન્ને ગ્રંથો યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા. એ પોતાના જીવનના અંતિમ સમયમાં લખેલા. તે સમયે તેનો વિવાદ થયો. ત્યારે જયભિખ્ખુ બોલેલા : 'દુર્લભસાગરજી મહારાજ, આ ગ્રંથ પ્રગટ કરવા માટે તમે અડગ રહેજો. જરૂર પડશે તો હું તમારા માટે નવો સમાજ ખડો કરીશ.'

શ્રી દુર્લભસાગરસૂરિજી મહારાજે જયભિખ્ખુને ખૂબ આગ્રહ કર્યો કે તમે શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજનું બાળકો માટેનું જીવનચરિત્ર લખો. જયભિખ્ખુએ આંખનું ઑપરેશન કરાવ્યું હોવા છતાં એક પ્રકરણ લખ્યું અને ત્યાં અચાનક તેમનું દુઃખદ નિધન થયું! જો તે પુસ્તક લખાયું હોત તો જયભિખ્ખુનું તે અંતિમ પુસ્તક ગણાત. ત્યાર પછી તે પુસ્તક જયભિખ્ખુના સુપુત્ર શ્રી કુમારપાળ દેસાઈએ 'બાળકોના બુદ્ધિસાગરસૂરિજી'ના નામે લખ્યું અને અમારી પ્રેરણાથી પ્રગટ થયું. આવી સરસ ભાવનાત્મક ઘટના જયભિખ્ખુ જીવનકથામાં લખવાની કેમ ભુલાઈ ગઈ હશે?

વાર્તાનું અનોખું વિશ્વ છે. એ જીવનને ઘડી આપે છે, જીવનનું ઉત્થાન કરે છે, જીવનને શ્રેષ્ઠ બનાવે છે. જૈનધર્મમાં રત્ન ભંડાર સમી અસંખ્ય કથાઓ છે. તે કથાઓને વિશિષ્ટ રીતે આલેખીને જયભિખ્ખુએ લોકપ્રિય બનાવી દીધી. એમનો ચાહક વર્ગ એટલો વિશાળ હતો કે દેશ-વિદેશમાં ગુજરાતી વાંચનારો વાચક તેમના

નામથી અજાણ હોય તેવું ભાગ્યે જ બને. અલંકાર ભરેલી ભાષાશૈલી, પ્રાચીનને અખંડ જાળવી રાખવાની દૃષ્ટિ અને વાતનો મર્મ પ્રગટ કરવાની અનોખી કળાએ જયભિખ્ખુને સૌથી જુદા પાડ્યા અને સૌથી વધુ ચાહક વર્ગ આપ્યો. જયભિખ્ખુએ પોતાની લેખિની દ્વારા અનેક સંસ્થાઓને પણ મદદ કરી હતી.

જયભિખ્ખુ રોજનીશી લખતા હતા. એક દિવસ તેમણે લખ્યું, ‘જીવન તો આખરે પૂરું થવાનું છે. બાસઠ વર્ષનો માણસ. અનેક રોગોથી ભરેલો ને મનસ્વી પુરુષ માગી માગીને કેટલાં વર્ષ માગે?’

આ વાક્ય તેમના લગભગ અંતિમ સમયનું છે. સાત્વિક અને ઉત્તમ જીવન જીવનાર માનવીના જીવનમાં શું પોતાનું મૃત્યુ દેખાઈ જતું હશે?

ગુજરાતી ભાષામાં વાર્તાનું લેખન જ્યાં સુધી થતું રહેશે ત્યાં સુધી સવાયા સાહિત્યકાર ‘જયભિખ્ખુ’ સદાય સ્મરણમાં રહેશે.

❑❑❑ સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩

# રશિયન પુસ્તક "JAIN STORIES" માં લેખકની પ્રસ્તાવના

**પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી**

જૈન ધર્મ એક વિશિષ્ટ ધર્મ છે. જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન, જૈન ધર્મની ભૂગોળ, જૈન ધર્મની આત્માના ઉદ્ધાર માટેની પ્રક્રિયા વિશિષ્ટ છે. એ જે સમજે છે અને એના પંથે જે ચાલે છે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જૈન ધર્મ મોક્ષ વિશે જે સમજાવે છે તે પણ એવું અદ્ભુત તત્વજ્ઞાન છે કે જે સમજ્યા પછી આત્માની અલૌકિક અવસ્થાની પ્રાપ્તિ થઈ જાય છે. આ પ્રાપ્ત કરવા માટે અનેક લોકોએ પુરુષાર્થ કર્યો અને પોતાના આત્માનું કલ્યાણ કર્યું.

ભારતનો સૌથી પ્રાચીન ધર્મ જૈન ધર્મ છે. એમ કહી શકાય કે વિશ્વનો પ્રાચીન ધર્મ જૈન ધર્મ છે. દુનિયાના શ્રેષ્ઠ વિદ્વાનો હવે જૈન ધર્મની પ્રાચીનતા સ્વીકારતા થયા છે. જૈન ધર્મ આજકાલ ભારતમાં વિશેષ છે તે વાત સાચી પણ એક સમય એવો હતો કે વિશ્વના અનેક દેશોમાં જૈન ધર્મની આરાધના થતી હતી. આજે પણ વિશ્વના અનેક દેશોમાં અનેક સ્થાપત્યો એવા મળી આવવા માંડ્યા છે કે જે સ્વીકારે છે કે તેમના દેશમાં જૈન ધર્મ હતો. જૈન પરંપરામાં કેટલીક રૂઢિચુસ્ત માન્યતા છે. એમાં એક પરંપરા એવી છે કે જૈન સાધુ વાહનમાં વિહાર કરી શકતા નથી. આ પરંપરાને કારણે વિશ્વના દેશમાં ફેલાયેલો જૈન ધર્મ જૈન સાધુઓના સંપર્કના અભાવને કારણે છેલ્લે ભારતમાં રહી ગયો. પરંતુ હવે સંપર્કનાં સાધનો જે વધ્યા છે તેના કારણે દુનિયાભરના સમાજમાં અને વિદ્વાનોમાં જૈન ધર્મ પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે. લોકો જૈન ધર્મ પામવા, સમજવા અને આત્મકલ્યાણ પામવા મહેનત કરવા લાગ્યા છે.

આટલી વાત મેં કરી તેનું કારણ છે.

તા. ૮મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ એક ઘટના બનશે. મારું એક પુસ્તક જે ગુજરાતીમાં વાર્તા સંગ્રહ છે અને તેનું નામ ‘કોઈ ડાળી કોઈ ફૂલ’ છે તેનું રશિયન ભાષાંતર પ્રગટ થઈ રહ્યું છે ત્યારે કેટલાક હૃદયના વિચારો અહીં રજૂ કરું છું. તે દિવસે મારો ૫૦મો દીક્ષા દિવસ છે.

હું એક જૈન સાધુ છું. મેં બાળપણમાં દીક્ષા લીધી છે. આજે મારી ઉંમર ૬૧ વર્ષની છે અને મને દીક્ષા ગ્રહણ કર્યાને ૪૯ વર્ષ થયા છે. દીક્ષા ગ્રહણ કર્યા પછી જે રીતે ધર્મની આરાધના કરવા મને મળી તેનો મને અપૂર્વ સંતોષ પણ છે.

ઈસ્વીસન સંવત ૧૯૯૨માં હું વિજયનગર જૈન સંઘ (અમદાવાદ, ગુજરાત, ભારત) ચાતુર્માસ રોકાયો હતો. તે સમયે મોસ્કો-રશિયાથી શ્રી લ્યુદમિલા સવેલ્યેવા ગુજરાત વિદ્યાપીઠમાં અમદાવાદમાં આવેલા. તેમણે વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર શ્રી રામલાલ પરીખને જૈન ધર્મ કોણ ભણાવી શકે તેવું પૂછ્યું. તેમણે મારું નામ આપ્યું. તે બહેન ચાતુર્માસમાં મને મળવા આવ્યાં. તેમણે જૈન ધર્મ વિશેના જિજ્ઞાસાથી પ્રશ્નો કર્યા. મેં તેમને સમજાવ્યું કે આ તમામ વાતો ધીરજથી સમજવી જોઈએ. તેઓ ખુશ થયા અને દરરોજ લગભગ ૩ મહિના સુધી મારી પાસે ભણવા આવ્યાં. તે બહેન રશિયા જવા પાછા વળતાં હતાં ત્યારે તેમણે મને પૂછ્યું કે તમે મને ભણાવી તો હું શું પેમેન્ટ આપું? હું હસી પડ્યો. મેં કહ્યું કે બહેન હું તો જૈન સાધુ છું. મારે કશા જ પૈસાની જરૂરત પડતી નથી અને હું પૈસાને અડતો નથી. તે સમયે મારું ગુજરાતીમાં એક પુસ્તક પ્રગટ થયેલું તેનું નામ છે ‘કોઈ ડાળી કોઈ ફૂલ’ તે પુસ્તક તેમણે હાથમાં લીધું. તેમને તે ગમ્યું, તેઓ ગુજરાતીના સ્પેશ્યાલિસ્ટ હતાં. તેઓ તરત જ આ પુસ્તક વાંચી ગયા. તેઓ ખુશ થયા. તેમને પોતાને ભાવના થઈ અને તેમણે કહ્યું કે હું પાછી આવીશ ત્યારે આ પુસ્તકનો રશિયન ભાષામાં અનુવાદ કરાવીને આવીશ. અને ખરેખર તેઓ ૨ મહિના પછી પાછા આવ્યા અને તેનો અનુવાદ તેમણે મારા ચરણ પાસે મૂક્યો.

હું ખૂબ ભાવવિભોર થઈ ગયો.

અલેક્સેઈ સ્મિર્નોવ નામના ભાઈએ તે અનુવાદ કરેલો.

તે પછી લ્યુદમિલા સવેલ્યેવા નામના આ બહેનનો મને કદી સંપર્ક થયો નહીં. હું મારા કામોમાં વ્યસ્ત હતો. તે દરમ્યાન ગુજરાતી નાટ્યજગતના વિદ્વાન શ્રી હસમુખ બારાડી મને મળ્યા. તેઓ ૧૯૬૯ થી ૧૯૭૧ દરમ્યાન રશિયામાં રહેલા. તેમને મેં આ અનુવાદ બતાવ્યો. તેઓ ખુબ ખુશ થયા. તેમણે આ અનુવાદની નકલ પર મને આટલા શબ્દો લખી આપેલા છે.

૧. સરસ, ૨. વાર્તાઓના અનુવાદો ખૂબ સરસ, ભાષા પ્રવાહી. ૩. બન્ને પ્રસ્તાવનાઓમાં અત્યન્ત નજીકના સુધારા જે પેન્સીલથી સૂચવેલ છે અનુવાદકને બતાવવા. ૪. મહારાજશ્રી અને અનુવાદકને અભિનંદન. - હસમુખ બારાડી. ૧૮-૦૬-૯૩.

હસમુખ બારાડી ઈચ્છતા હતા કે આ પુસ્તકનું પ્રકાશન થાય. રશિયામાં મને કોઈ સંપર્ક નહિ. હું મારી વ્યસ્તતામાં ડૂબેલો રહું. હમણાં ૨ વર્ષ પહેલાં ગુજરાત વિદ્યાપીઠના જ આજના વાઈસ ચાન્સેલર ડૉ. અનામિક શાહ મળવા આવ્યા. મને આ અનુવાદની વાત યાદ આવી. મેં તેમને આ આખી ઘટના કહી. મેં તેમને વિનંતી કરી કે તેઓ લ્યુદમિલા સવેલ્યેવા વિશે તપાસ કરે, સંપર્ક મેળવે અને સંપર્ક કરે, પણ તેમનો કોઈ સંપર્ક થયો નહિ અને હું ચિંતામાં પડયો કે આ અનુવાદનું પ્રકાશન કેવી રીતે થઇ શકે.

તે દરમ્યાન ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીના અંગ્રેજીના હેડ ડૉ. મૌનસ ઠાકર મળ્યા. મેં તેમને વાત કરી, તેમણે કહ્યું કે મારા એક મિત્ર રશિયા જઈને ભણી આવ્યા છે. એ રીતે ડૉ. સૌરવ મિસ્ત્રી મળ્યા. તેમણે કહ્યું કે મારા એક ડૉ. મિત્ર છે. તેમનાં પત્ની રશિયાના છે. એ રીતે ડૉ. સંદિપ ઓઝા અને તેમનાં ધર્મપત્ની ડૉ. નતાશા બહેન જેઓ બેલારૂશના છે તેઓ મળ્યાં. તેમને મેં વિનંતી કરી કે આ અનુવાદ જોઈ આપો અને પ્રકાશન કરી શકાય તેમ ટાઈપ કરાવી આપો. અને આ સૌ ભાવિક સજ્જનોની મદદથી આ પુસ્તક તૈયાર થયું છે.

અને હવે ગુજરાતની સૌથી જાણીતી પ્રકાશન સંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (અમદાવાદ-ગુજરાત) ના માલિક શ્રી મનુભાઈ શાહ દ્વારા તે પ્રગટ થઈ રહ્યું છે.

આ પુસ્તકમાં વાર્તાનો અનુવાદ કેવો થયો છે. તેમાં શુદ્ધિ કે અશુદ્ધિ છે કે નહિ એ હું જાણતો નથી. હું એ ભાષા પણ જાણતો નથી. પણ સમગ્ર વિશ્વમાં જૈન ધર્મમાં હજારો વર્ષના ઈતિહાસમાં એક જૈન સાધુનો લખેલો વાર્તા સંગ્રહ રશિયન ભાષામાં અનુવાદિત થાય છે અને સર્વ પ્રથમ વાર પ્રગટ થાય છે તે એક ઐતિહાસિક અને અદ્ભુત ઘટના છે.

જૈન વાર્તા શું છે? જૈન વાર્તામાંથી ધર્મ, તત્વજ્ઞાન, ઈતિહાસ, પરંપરા વગેરે સમજાય છે. જૈન ધર્મમાં અદ્ભુત વાર્તાઓ છે. એમ કહો કે વાર્તાઓનો અદ્ભુત ખજાનો છે. આ વાર્તાઓ અનેક સ્વરૂપે સમગ્ર વિશ્વમાં ફેલાઈ છે. એક નાનકડો ઉલ્લેખ કરું કે સેક્સપિયરનું પ્રસિદ્ધ નાટક 'મર્ચન્ટ ઑફ વેનીશ' જાણીતું છે અને તેનું મૂળ જૈન ધર્મના ઉત્તરાધ્યયન સૂત્ર નામના આગમમાં છે. એટલે જૈન ધર્મની વાર્તાઓ વિશ્વમાં અનેક સ્વરૂપે ફેલાઈ છે.

વિશ્વની વાર્તાઓ, કવિતાઓ, માન્યતાઓ, પરંપરાઓ અંગે વ્યાપક વિચારવિમર્શ થવો જોઈએ. જો એ કરવામાં આવે તો સમજાશે કે તેના મૂળમાં જૈન પરંપરાનો ધ્વનિ રણકે છે. વિશ્વના અનેક દેશોમાં જૈન ધર્મ ફેલાયો હતો. આજે પણ જાણે અજાણે તે દેશોમાં તેના સંસ્કાર ફેલાયેલા તો છે જ, પણ ત્યાં જૈન સાધુઓનું વિચરણ ન થયું તેથી તે સમાજ આ ધર્મને ભૂલી ગયો. આજે પણ બિહારના સમ્મેતશિખરના આસપાસના પ્રદેશમાં સરાક જાતિના લોકો મૂળ તો શ્રાવકો જ છે. શ્રાવકનું અપભ્રંશ સરાક થઈ ગયું. હવે ત્યાં જૈન મુનિઓનું વિહરણ વધ્યું છે એટલે તે સમાજ પાછો ધાર્મિક બનવા લાગ્યો છે.

વાર્તા અલગ વસ્તુ છે. વાર્તાનો તંતુ પકડીને લેખક તેને પોતાની રીતે ગોઠવે છે. વાર્તા અનેક દેશ, જાતિ અને સમાજ સુધી ફેલાઈ શકે, વર્ષો સુધી ટકી શકે પણ એનો અર્થ એ નથી કે તેનું જે મૂળ છે તે અસ્તિત્વ ગુમાવી દે છે. તે તો ક્યાંક રહે છે. અને જ્યારે કોઈ વિદ્યાર્થી તેનું સંશોધન કરે અને મૂળ પકડી પાડે ત્યારે ઓરિજિનલ બહાર આવે જ છે.

હું વર્ષોથી જૈન વાર્તા લખું છું. મારા લખાણની ભાષા ગુજરાતી છે. ગુજરાતી સમાજમાં તે લોકપ્રિય પણ છે અને તેમાંથી જ મારા પુસ્તકોની વાર્તાઓ મરાઠી, હિન્દી, અંગ્રેજી અને હવે રશિયન અનુવાદ થયા છે. આ વાર્તાઓ લખવાનો મને ખૂબ આનંદ પણ મળ્યો છે. કેમકે આ વાર્તાઓમાં લેખકનો કોઈ સ્વાર્થ હોતો નથી. પરંતુ કોઈને પ્રેરણા મળે અને તેના જીવનનું અને આત્માનું કલ્યાણ થાય તેવી શ્રેષ્ઠ ભાવનાથી જ તે લખાય છે. મેં એ જ સ્વરૂપે નાનપણથી આ જ સુધી વાર્તાઓ લખી છે. ભિન્ન-ભિન્ન વિષયોના આ જ સુધીમાં લગભગ મારાં ૬૦ પુસ્તકો થયાં છે. તેમાંથી એક સંગ્રહની આ વાર્તાઓ રશિયન ભાષાના જાણકાર સમાજ સુધી પહોંચી રહી છે ત્યારે મને બે આનંદ થઈ રહ્યા છે ૧. જૈન ધર્મનું આ ઐતિહાસિક કાર્ય થઈ રહ્યું છે અને ૨. નવા અને વિશાળ સમાજ સુધી આ પ્રેરક વાર્તાઓ પહોંચી રહી છે.

મેં ઉપર કહ્યું તેમ હું એક જૈન ધર્મનો સાધુ-આચાર્ય છું. આ ધર્મ એક અલૌકિક વસ્તુ છે. જે તેની સાધના કરે છે. તેનું ઉત્તરોત્તર કલ્યાણ થાય છે. જૈન સાધુ નમ્ર પણે હંમેશાં એમ માને છે કે આપણા હાથે જે કંઈ સારું કામ થાય તે દેવ, ગુરુ અને ધર્મની કૃપાથી થાય છે. આ કાર્ય થવામાં જો કંઈ સારું છે તો તે પરમાત્માની કૃપાનું ફળ છે અને જો કોઈ ભૂલ છે તો તેનો હું સ્વીકાર કરું છું.

જેમણે આ અનુવાદ કર્યો, જેમણે અનુવાદ કરાવ્યો તેઓ ક્યાં છે તે હું જાણતો નથી. પરંતુ હું ઈચ્છું છું કે તેઓ જ્યાં પણ હોય ત્યાં આ વાર્તા સંગ્રહ પહોંચે અને તેમને પણ આ ખુશી પ્રાપ્ત થાય. હું એ પણ ઈચ્છું છું કે આ શરૂ થયેલી એક પરંપરા આગળ વધે. અને હું એ પણ ઈચ્છું છું કે જૈન ધર્મનો પ્રભાવ રશિયા સુધી પહોંચે અને ત્યાંના સૌ લોકો આત્મકલ્યાણ પામે.

જેમણે પણ આ કાર્યમાં સહકાર આપ્યો છે તેમને હું ધન્યવાદ આપું છું અને તેઓનું આત્મકલ્યાણ થાઓ તેવી હું પ્રાર્થના કરું છું.

❑❑❑

જૈન ઉપાશ્રય, ૭, રૂપમાધુરી સોસાયટી,
સંઘવીના ક્રોસિંગ પાસે, નારણપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૩

# Gandhiji

**Prakash Mody**

On the 150th birth anniversary of Mohandas Karamchand Gandhi (2nd October 1869– 30th January 1948), widely known as *Mahatma* (Great Soul) and*Bapu* (Father of the Nation), allow me a few moments to reflect on his life and works.Little ink has been spared in writing about India's struggle for freedom and about Gandhiji, some possibly untrue, some perhaps biased. The purpose of this piece is to shed light about some facts less known, many known but not publicised as much, and fewentirely unrecognized!

Gandhiji's exceptional and innovative yet ethical vision freed India from the British rule. Grounded on high morals, his simplicity and conviction silently influenced Indians to follow his leadin the freedom movement. Although Britain's 'divide and rule' strategy favoured Muhammad Ali Jinnah's proposal to create Pakistan, it marked the fall of British rule in India. Britain's power and ammunition ultimately succumbed to the strength of non-violence, truth, and patriotism.

### Philosophy

Most of us hear or use the term "Gandhian philosophy" – which would lead us to believe that Gandhiji, like prominent leaders and philosophers, would have penned his ideology.Colleagues at Sabarmati Ashramexpressed the need for a codified book, but Gandhijideclined. Kishorilal Mashruwala took upon himself the task, and authoreda book with 16 chaptersin Gujarati, titled "*Gandhi Vichar Dohan*", which was published by Navjivan Trustin 1935. Gandhiji endorsed that the book appropriately depicted his thoughts and principles. The book remains in Gujarati due to absence of a suitable translator who can do justice to its expression in other languages. As a result, Gandhiji's philosophy remains veiled to the rest of the world. What immense joy and honour it would be if in his 150th birth anniversary year, a suitable individual would attempt this translation feat.

### Literature & Language

Gandhiji's autobiography "*Satya-na Prayogo Athva Atmakatha*" (Gujarati),"The Story of My Experiments with Truth" (English), describes his understanding of the concept of truth and explained his efforts to apply the principle of non-violence which he learned from Shrimad Rajchandraji (referred to as Raychandbhai in the book). He also discussed topics like vegetarianism, celibacy, relationships much more. This book in many languages has been sold globally, reprinted multiple times, and read widely.

Gandhiji authored other books, editorials, and articles in different languages (Gujarati, English, Hindi, and Devanagari).He used both hands, left and right, when writing, which is a testament of his passion for it.

Many of Gandhiji's works are translated into Indian regional and foreign languages. A complete catalogue of his writings would runinto many pages; and writings about him many, many more – perhaps even a world record.

Gandhiji helped place the Gujarati language on the world map. He inspired Gujarat Vidyapith (University) to compile a Gujarati Dictionary with spelling rules for convenient and widespread adoption. He served as President of the Gujarati Sahitya Parishad (Literary Conference), during which invited guest Rabindranath Tagorehonourably referred to him as "*Mahatma*".

### Gandhiji's Inspirations

Gandhiji was born into a Hindu (Vaishnav) family in Gujarat; his religion and place of birth both forbid meat consumption, but in his younger days, he felt an attraction for it; Gandhiji's vegetarianism experiments with Virchand Raghavji Gandhi (not related to Gandhiji), are noteworthy.

In his autobiography, Gandhiji mentioned not accepting anyone as his Guru. He did,however, claim the influence of 3 people in his life – Leo Tolstoy through correspondence, John Ruskin through his book "Unto the Last", and to Shrimad Rajchandraji, (10th November 1867 - 9th April 1901) through personal association, correspondence and meetings over the course of a few years. He attributed most reverential importance to Shrimadji, and devoted a full chapter in his autobiography, along with many other references.

Shrimadji replied to Gandhiji's 27 questions, which resolved his confusion about the Hindu religion and spirituality. Through this communication, Gandhiji felt motivated to remain Hindu and delve into it deeper to find what he was seeking, as opposed to exploring other faiths. These questions and answers are published and worth reading. Rabindranath Tagore

called Gandhiji "*Mahatma*", but Shrimadji's influence transformed Gandhiji into the "*Mahatma*" we know him to be.

2017 marked the 150th birth anniversary of Shrimadji – to commemorate the occasion, a record-breaking drama "*Yugpurush – Mahatma's Mahatma*" depicted the close relationship between the two great souls. The drama, featured in 8 languages, had over 1,000 live performances, and sought to promote awareness of their relationship and Shrimadji's influence on Gandhiji's. Early passing away of Shrimadji at the age of 34, although was considered a great personal loss by Gandhiji, did not shake his faith in Shrimadji's teachings. 3 books:"*Shrimad Rajchandra Ane Gandhiji*", "*Shrimad Rajchandra Ane Mahatma Gandhi*"(Gujarati and English Translated Edition), and "*Bae Veeral Vibhutioe (Two Great Personalities) – Shrimad Rajchandra Ane Mahatma Gandhiji*"are written exclusively on the relationship between these two great souls.

Gandhiji included *Apurva Avsar* (Unprecedented Occasion) composed by Shrimadji in his *Ashram Bhajanavali* for daily prayer recitation; this being the only Jain prayer selected, showed Shrimadji's influence on Gandhiji.

While Gandhiji is referred to as "Man of the Century", Shrimadji, can aptly be referred to as "Man of the Era", though not publicised.

### Gandhiji As Inspiration

Several world leaderssuccessfully applied Gandhiji's principles in their countries and to this day, admire his impact on the world. Personalities such asThe Dalai Lama (Tibet – now in India); Martin Luther King Jr., Barack Obama, Steve Jobs, all from USA; Aung San Su Kyi of Burma (now Myanmar), Dr. P.J. Mehta (considered as "Gandhi of Burma"); Albert Einstein; Nelson Mandela (considered "Gandhi of South Africa"); Khan Abdul Gaffer of now Afghanistan ("Frontier's Gandhi") and… many more.

### Secularism

Gandhiji is referred to as a "Universal Hindu"; he respected all religions, including Jainism. The principle of non-violence, when translated to the freedom movement by Gandhiji, took the form of powerfully tranquil civil resistance in the face of British ammunition. Terminology in his autobiography is also contextually Jain in nature.

A strong foundation of Jain principles such as Truth, *Ahimsa* (Non-violence), Celibacy, *Aparigrah* (non-possessiveness), *Anekantvad* (multiplicity of view points, i.e., every view point is right relative to the perspective), were laid through Shrimadji, and which fuelled Gandhiji's resolve and strength in his freedom struggle which was characterized by non-violence, *Satyagrah*, non-cooperation and civil disobedience.

India is home to people of many religions, some which originated in India and some which didn't. Gandhiji never endorsed partition. His legacy has played a significant role in ensuring any secularism prevalent in today's India. Yes, there are the unfortunate events of fanaticism, but the underlying code of equality remains pronounced.

### Philately and Numismatics

A picture may be worth a thousand words – but a postage stamp is equivalent to a page in history. On average, India Post issues each stamp of 2.5 million, which conveys the breadth of exposure a stamp can provide, and the potential it provides to serve as a messenger. India Post issues at leastone stamp annually on Gandhiji's birthday; on 2nd October 2018, 7 stamps were issued! Since Indian independence, more than a hundred stamps have been issued that directly relate to Gandhiji, or associated persons, occasions, celebrations and places. No other leader has received such recognition. It would be of special significance, if stamps that honour Gandhiji's mentors, perhaps even one with Gandhiji & Shrimadji, are released on 2nd October 2019; this can be an appropriate recognition of the role Gandhiji'smentors played in hislife.

Many countries have released postage about Gandhiji, which is why he holds the record of most stamps issued by different countries – over a hundred nations, over 200 stamps! Some assigned titles such "*Man of the Century*", "*Champion of Liberty*", and some even have "Gandhi" inscribed in Gujarati!

Indian currency notes carry Gandhiji's picture since past few years; and coins bearing the same have been released. Other countries have honoured him on milestone occasions such as 100th, 125th birth annivassares through local coins as well.

### Statues & Road Names

Statues not only embellish the charm of any city, town or village, but along with road or street names, represent the values and historical figures that its residents aspire to. This is one area where Gandhiji has triumphed. He is truly a global hero; his name is widely used for road or street names and he has the

most statues across the world. There's a life-size one in Britain, where he was once referred to as "*Half Naked Fakir*" by their Prime Minister. In this commemorative year, it will be a great tribute if a statue like Swami Vivekanand's atKanyakumari or Sardar Vallabhbhai Patel's "Statue of Unity" is erected at his birth-place in Porbandar.

**The Un-acknowledgements – Nobel & More!**

It is disheartening that the Nobel Prize Committee did not consider Gandhiji's nomination. Many questioned fairness of the selection process and unfair weight of political pressures. His political and literary contributions are worthy of consideration. Allow me to insert the idea that its never too late - the situation can easily be remedied by awarding posthumously! Gandhiji also never received an invitation fromthe United Nations or the United States to address their assembly sessions; thought-provoking!

Rabindranath Tagore's Gitanjali was translated by a Britisher in English, after which he was awarded the Nobel Prize for literature. A Gujarati author Jhaverchand Meghani and poet Umashankar Joshi's writings, who were of the same calibre did not attract an ardent foreign translator, although both were as qualified for the Prize! Even after over 7 decades of Indian independence, the doubt arises if some Indian leaders and global organizations still partial to race and skin colour.

Gandhiji's close association with Shrimadji is not mentioned or recognized by most writers, including his biographers. We have seen it happen in other instances where one's popularity sometimes supresses others' contributions. At the 1893 World Parliament of Religions in Chicago, Swami Vivekanand represented Hinduism and Virchand Raghavji Gandhirepresented Jainism. Swamiji received great ovation but Virchandbhai, who was awarded Silver Medal for his contribution, is not widely known. What immense source of global joy it would be for Indians to duly recognize and support theirgems.

**Conclusion**

Gandhiji's life was truly his powerful yet serene message to the world – the decisions he faced, the choices he made, the elevated ethics of his simple lifestyle, all prove that Truth and Non-violence are timelessly victorious.

Lastly, by no means is the list above exhaustive or chronological; it represents my personal views, and while every effort was made to fact check, errors and omissions may have crept in for which I seek forgiveness, and for which any feedback of such is welcome.

❑❑❑

email : 4prakash@gmail.com

# 'Bahubali' - The Charismatic name known for victory over vicious.

**Prachi Dhanvant Shah**

I came across a phrase once, that said, ' a piece of advice from a tree'-, " Stand tall and proud, go out on a limb, remember your roots, drink plenty of water, be content with your natural beauty, and enjoy the view ." I always keep this advice adaptable to galvanize my children in their growing age. Be like a tree, no matter how tall it is, it's nature and spirits are always high because it's roots are strongly grounded. No matter how far you go in life and face this worldly life with its difficulties if your roots are strongly grounded to your faith and belief in your religion, your culture, you would stand tall in your fortitude and will sail through the waves of your life smoothly.

This being said, shimmers the phase of my growing age. With a blink, a memory sails by of an image - tall, upright, undisturbed - monument standing affirm delineating resolute and obstinate morale of a Jain ascetic the ***Arihanta Shri Bahubali***. During my childhood, when my parents took us to visit a section of South India, our trip also included a visit to *Shravanabelagola* and my father informed us that we would be seeing world's tallest statue. I was unaware of what the statue was about and whose statue was it until we stepped out of the car and saw a huge monument standing tall and upright on top of a mountain. His vivid and vivacious face protuberant from distance captivated my sight and reflections. When I asked whose statue was that, my father just said it is a monument of *Arihanta Shri Bahubali*, also called as Gomateshwara. But besides just the name I did not know anything about it. It was a habitude practiced by my parents contouring the upbringing that whenever

we went to see any historical place, we were never told the history behind it or educate us with any details in advance. It was our brainstorming that we were to come up with questions and curiosity to learn about it. But that I'm sure was certainly challenging for my parents. As I looked up to the serene looking upright, an elegant and profound countenance of this spiritual ascetic, my curiosity reached to its extent. And then, after a long treasured conversation with my father, I got answers to all my questions. I still remember his precious auspices, "Hold yourself upright and affirm, just as the spirits and essence of ***Shri Bahubali***, bow down to your teachings and your self-ethics, free yourself of all the evil thoughts and commemorate the roots of your religion staunch. This would always keep your spirit elated and you shall accomplish this most precious human life".

Bahubali as the name describes the one with strong arms was the second son of the first Jain Tirthankar Bhagwaan Shri Rishabdev. He is the much illustrious figures specifically amongst *Digambar* sect of Jainism for his asceticism and ultimately attaining omniscience. He is deemed to be an *Arihanta in kevali kshetra*, one who attained *keval Gyan* conquering inner passions, overcoming all the four Ghati karmas and accomplished liberation and Moksha. He is known to be a kevali and first to be *Kamdev*. Although he is not identified as *Tirthankara Arihanta*, he is considered as Arihanta - *Kevali*, the liberated soul, residing in a perfect blissful state in moksha. As per Digambar sect of Jainism, he is considered to be the first human of this *Kalpa* (world age) to gain liberation. He is much venerated as his life exemplifies the inner victory of a human being. His strength is glorified by the fact that he continued in *kayortsarga* ( meditation ) posture for a year unmindful of vines, snakes, ants, dust swathing all around. His strong determination to conquer over his inner self, sustaining all the difficulties, is what makes him escalating and that is what every Jain looks up to and seeks for while worshiping his idol. He is worshiped for his characteristic elements of complete renunciation of the world, the endowed procurement of undisturbed, harmony with the boundless, and the identity of the liberated soul with peace everlasting.

The virtues of Bahubali are celebrated in the form of the mammoth figurine in several parts of India such as *karakala, Dharamsthala, Venure, and Gommatagiri.* Extensively believed to be one of the largest free-standing upright statues of ***Gomateshwara – Bahubali** is at Shravanabelagola. It was* built in 983 AD, by the ruler and minister of Ganga dynasty Chamunda-Raya. Although, it is unclear till date weather Chamunda Raya got the statue constructed or it already existed at the site and the minister discovered it. But nevertheless, it was he who brought the site of this enormous shrine to the public's notice. This monument of *Bahubali at Shravanabelagola* is 57 foot tall, nearly 40 feet wide at the base, and weighing 1,000 tons is fabricated from one piece of granite. It is meticulously carved with its minutest of detail unveiling bruises on his face below his right eye that he annexed during the fight with his brother, climbing vines around his legs, the groove between the upper lip and nose, eyes half-closed manifesting his kayortsarga posture and shimmering serene smile. This idol of *Bahubali Gomateshwar* is situated on the *Vindyagiri hill* located in *Shravanabelagola*, in the *Hassan district, Karnataka state, India*. As the ritual depicts, every 12 years, this sculpture of *Bahubali* is anointed by means of several elements and the occasion is called as *Mahamastaka-bhisheka Mahotsav*. Archeologists also conclude that the use of elements used during this festive carries anti-corrosive ingredients which is the reason behind sustaining such an open aired wide Monmouth monument.

The first *Tirthankar* of Jainism and founder of this religion in the present Jain *Avsarpini Era* ( according to Jain cosmology ) - ***Bhagwaan Shri Rishabdev*** had one hundred sons. Of those, his first son was *Bharat* and second son was *Bahubali*. *Bahubali*, as his name described, was profoundly strong physically with strong arms. When Shri Rishabdev decided to renounce the world giving up worldly desires and become a monk, he divided his kingdom amongst all his sons. *Bharat* being the oldest of all was the seeker of the entire kingdom and was destined to be *Chakravarti*, the ruler of the whole world. Hence all his other brothers gave up their kingdom to *Bharat* and became monks like their father, except for *Bahubali*. *Bahubali* was not willing to surrender his kingdom to his older brother and as a result, they both declared war. But, they being brothers, the ministers on both ends concluded that there cannot be a war between brothers themselves as they cannot be killed by any means. They were in their last incarnations in transmigration and possessed bodies which no weapon can wound. Eventually, to prevent bloodshed and to resolve the situation, it was decided to conduct three kinds of contests to be held

between *Bharata and Bahubali. Bahubali* acclaimed victory over all the contests but *Bahubali* experienced a moment of acute self-awareness in the midst of the fight. It made him realize his ego and selfishness lead him to fight his own older brother and that too just for a piece of mere land. He felt the world not worth experiencing and decided to renounce his worldly life and seek the path that his father and other brothers pursued. He became a monk. The hand that he raised to triumph his older brother was deflected to pull off his hair declaring giving up his crown, kingdom and worldly life to rejoice the life of monkhood. He shed off his clothes, closed his eyes and seized himself in kayortsarga posture with the desire of attaining omniscience. He stood affirmed, undisturbed in the same posture for years such that he was swathed with vines, ants, dust, snakes but nothing distressed his interior strength and fortitude. But despite conducting penance and meditating for years, he could not attain liberation and *kevalgyan*. This sympathetically surprised *Bahubali's* brother Bharat. He went to his father *Rishabdev* to seek an answer to why *Bahubali* is yet not attaining what he is seeking for. To this, *Rishabdev* acclaimed that Bahubali has renounced all his karmas and given up all his desires except he has not yet given up his self-love. He still entangled himself in the thought that he gave up his entire kingdom and land to his older brother *Bharata*, hence the land he is standing on, the ground he is using to stand upright in *Kayotsarga*, belongs to his brother. This same thought disturbed him and unless he did not give up this pride and sorrow, he cannot attain enlightenment. As a result, Bharata went to *Bahubali*. He bowed down to his younger brother *Bahubali* and exclaimed to give up his feeling and guilt that he is standing on *Bharata's* kingdom. Give up his pride that he gave up his kingdom to *Bharata*. These feelings are a mere attachment and that the land is just earth which belongs to neither him nor anyone. Upon hearing this, *Bahubali* realized what was holding him from attaining omniscience and continued his meditation without any thoughts of self. He then immediately attained enlightenment – *kevalgyan*. This was his victory over his inner self! Victory over Vicious. Victory attained with the strength of his determination.

In our life, we might be facing such incidents almost every day may be every minute of a day where our ego gets endangered, we cannot overcome the word "I" , we cannot give up attachments, cannot let go of other's mistakes, cannot forgive others for what they said to you or did to you. I understand it is difficult to lead a mere selfless life in this world and society, but it is not impossible. We can at least take small steps, make some initiative to change our thought process and vision towards others. Look at others with love and not hatred, ignoring the thought of how that other person thinks of you. Sometimes put your foot in others shoe and check how it feels and maybe their perspective has valid existence. Try to synchronize with other's perspectives. Let go of your ego... Sometimes, let others satisfy their ego and see how contented and elated you would feel. Birth as a human is bestowed by Jains as the highest stage of life short of liberation. This is the only ideal chance when one can seek the spiritual path of liberation in this brief period of human incarnation. Spirituality is attained not only by practicing rituals and penance. But it is also extensively important to seek and attain spirituality by peeking your inner self. By rejuvenating your thought process, attaining spirituality by all means. And so today, let that initiate within your soul by emancipating the murky ego residing within you. Exhilarate your spirit and selfdom to seek the right path of spirituality which would entrust you with immense serenity and peace.

Allow me to share one of my favorite ancient Sufi sayings ***"When the heart weeps for what it has lost, ( here heart is referred to as Ego) the spirit rejoices for what it has found!"***

❑❑❑

49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# Gyan Samvad : For Youth By Youth

**Mrs. Kavita Ajay Mehta**

અવારનવાર અંગ્રેજી ભાષાની ડિમાન્ડ આવે છે. ધર્મ-તત્વ વિશે, તમારા પ્રશ્નો અંગ્રેજીમાં પૂછો, અને ઉત્તર આપશે વિદ્વાન શ્રીમતી કવિતાબેન મહેતા - **તંત્રી**

**Q.1 : What is a Kalyanak?**

**Ans :** There are five important events in the life of a Tirthankar. They are celebrated as auspicious days and there are various prayers, plays and fasting on these days. They are :

1) Chyava Kalyanvak - The day that the Tirthankars soul enters the womb of His mother is called Chyava Kalyanak. The mother experiences fourteen auspicious dreams and it is believed that Indra and other Devas come to worship her and the child and explain the dreams.

2) Janma Kalyanak - This is the day the Tirthankar is born. There are a lot of festivities, Lord Indra comes to worship and takes the child to mount Meru and gives him a bath.

3) Deeksha Kalyanak - The day of the Tirthankars renunciation. The Tirthankar abandons his family and all his material belongings. All his belongings are distributed to the citizens and the needy.

4) Kevalya Kalyanak - When the Tirthankar achieves absolute enlightenment and omniscience, He achieved Kevalya Gyan. He sheds his four Ghati karma. Indra and other Devas construct a Samavasarana where all living beings gather to hear the Tirthankars first sermon.

5) Nirvana Kalyanak - When the Tirthankar is freed from the body and his four Aghati karmas, He achieved. Nirvana or Liberation. He then resides in Perpetual peace and bliss as a Siddha

**Q.2 : Where should I make a donation? What according to Jainism is the best place to donate?**

**Ans :** Donation or charity can be done to anyone but one should be cautious that the money will not be misused or used for purposes which are against Jain tenets.

Jain texts have given a list of the seven areas of merit. They are -

1) Jina-Bimba - making statues or images of Tirthankars and other Devs

2) Jina - Bhavana - making temples or places to stay for the Jain monks and nuns

3) Jina - Agama - Getting Jain Agams (books) printed, translated and distributed

4) Giving alms to the monks

5) Giving alms to the nuns

6) Providing assistance to the male members of the lay community

7) Giving assistance to women members of the lay community

Besides this they are encouraged to build schools, colleges, hospitals and other such institutions which would also benefit those other than Jains.

**Q.3 : I have some health problems and therefore cannot do Tapasya. How can I do Nirjara and shed away my past karmas?**

**Ans :** Nirjara (shedding of karmas) and Tapasya (austerities) are very important and it is unfortunate that either due to health reasons or otherwise one cannot perform them. But not eating food or fasting is not the only ways of performing Tapasya.

There are twelve types of Tapasya mentioned in the Agams. Six are internal and six are external.

**TAPASYA OR AUSTERITIES**

**External Austerities -**

1) Anshana - fasting or staying hungry for long or short period of time

2) Unodari - To stop eating just before one is full, keep the stomach slightly empty. Although this seems simple, it is very difficult

3) Vritti Sankshep - To keep a limit on the quantity of food or food items that one partakes of

4) Rasa-Parityaga - Restriction on tasty food

5) Vivikta Sayyasan - Staying in a quiet place in solitude for a stipulated time and doing meditation

6) Kayaklesh - Training the body to tolerate difficult situations in life with equanimity and patience

**Internal Austerities**

1) Prayashchitt - Atonement for any vows broken
2) Vinaya - Respect for knowledge
3) Vaiyavrattya - Rendering service to the deserving
4) Svadhyay - Study to acquire knowledge
5) Vyutsarga - Discarding the ego
6) Dhyana - Meditation

So we see that fasting or remaining hungry are not the only ways to do Tapasya. Any of these can be done - One can eat a few bites less than required, avoid favourite foods, eat limited number of items per meal, eat after sunrise, eat before sunset, avoid eating certain foods for a limited time, eat only twice a day and

many more such minor austerities.

Besides this, one can take a two or three hour fast and be alert and eat food only after this period is over, after reciting a vow, not eating after sunset (Chauvihara), by doing the most easy but popular austerity of Navkarsi, where one recites a vow and eats only forty eight minutes after sunrise.

Besides this there are so many other ways of doing Tapasya as mentioned in the list above. Most important is to remember the bhav or state of mind at the time of doing these austerities. If a person can manage a small austerity but with pure feelings, it is more beneficial than without.

Email : kavitajainism@gmail.com

## ફેબ્રુઆરી અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે : ગયા અંકની વાત

**લલિતભાઈ પી. સેલારકા**

ગુજરાતની સાહિત્યિક પરંપરામાં સંસ્કૃતિપુરુષ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનુ મુલ્યાંકન પાયામાં ગણાય. જૈન આચાર્ય કવિઓ, ધર્મના સિદ્ધાંતો, તીર્થંકરો અને આચાર્યનો મહિમા તેમ જ ધર્મવિષયક ઉપદેશાત્મક અને વીરરસિક તેમ જ શૃંગારિક સાહિત્ય પરંપરાનો નિર્દેશ કરે છે.

પ્રબુદ્ધ જીવનનો આ માસનો અંક તંત્રીશ્રી સેજલ શાહ અને તેના તંત્રીલેખે મને નજીકથી, એની અનન્યતા તેમ જ સહિયારા પ્રયાસના સંદર્ભમાં આકર્ષે છે. તેમનાં વિચારો અને લખાણ તણખા જેવા લાગે છે, એમાંથી હૂંફ, પ્રકાશ મળે અને આગ ન લાગે, તેવા છે. આપણામાં સદ્‌વિચારોનું સુમન ખીલે અને સુવાસ પણ આવે.

આત્મસ્મરણ + આત્મસમર્પણ જેમ વર્તમાન આપે અને એમાં મીઠાશ અને સ્પષ્ટતા હોય તેવો આ લેખ વાંચતા લાગે કે આપણે ઉપસ્થિત છીએ અને પ્રેમ ભાવથી ભીંજાઈ રહ્યા છીએ.

પ્રબુદ્ધ જીવનની પોતાની લેખનદૃષ્ટિ છે, તેને ધ્યાનમાં રાખી કહેવાનું થાય કે બુદ્ધિની સાત્વિક અવસ્થા મધ્યમાં હોય - ''સાકાર જગત અને નિરાકાર અક્ષર''

જેમ વેદાન્તી માટે બ્રહ્મ

જૈન માટે મહાવીર / ઋષભદેવ

ફલવાંચ્છિત તમોને આપે - વિભક્તમાં અવિભક્તને ઓળખવાનું જ્ઞાન છે તે તમોને આપે. સત્ય તો એક જ છે.

જેમ ભગવત ગીતાનો એક શ્લોક / વચન આપણા હૃદયમાં આવે અને એ મુજબ આપણે કંઈક કરતા થઈએ તો કહેવાય કે ભગવત્ ગીતા આપણે વાંચી-સાંભળી. તેના ૧૮ અધ્યાયો એટલે ઔષધિનો ભંડાર - ઘણા રોગોની ઔષધિ આમાં છે. તમો કેવા પ્રકારના દર્દી છો તે મુજબ ઔષધિ લેવાની.

ઉપદષ્ટા : સાક્ષીભાવથી - રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ તરફ વાળવાનો ઉપદેશ.

અનુમન્તા : એટલે જે કામ તમે કરી રહ્યા છો તેની તમોને છૂટ આપનાર -

''કર બેટા જે કરવું હોય તે કર''

આપણું મન પરમતત્વમાં મૂકવાનું - તો તે તમારામાં, તમારા મનમાં પધારશે અને સાચી પ્રેરણા આપશે.

ભર્તા : તમારું ભરણ કરનારો, તમારી જિમ્મેદારી લેતો હોય. બુદ્ધિને પણ સમર્પિત કરવાથી તે આપણો ભર્તા બની જાય છે. ''ધિયો યો નઃ પ્રચોદયાત્''

ભોક્તા : સુખ આપણી વાસના મુજબ આપણને મળે છે. સાત્વિક, રાજસ અને તામસ

મહેશ્વર : દૈન્યભાવ જાળવવાથી જરૂર.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર - મારી કાયામાં કે હવેલીમાં હું જ ઈશ્વર છું.

પરમાત્મા : આત્મસર્મપણ - સર્વસાધનરહિત શરણાગતિ એ ચરમોપદેશ ગીતાજીમાં છે. સ્વકર્મનો ત્યાગ નહીં કરવો.

જેમ ગાયનુ દૂધ વાછરડાને સીધુ મળે તે ઉપનિષદ.

જેમ પુરુષોત્તમ અને પુરુષ - ઉપદષ્ટા, અનુમંતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા - આમ છ રીતે સંબંધ થતો હોય છે. તંત્રી સેજલ શાહ આવા સમજણ સાથે પ્રબુદ્ધ જીવનને સંભાળે છે. આપણે કઈ રીતે તે લઈએ તો સહિયારો પ્રયાસ ફળદાયી થાય.

ડૉ. સેજલ શાહને અભિનંદન અને અંકના નિરીક્ષણની તક આપી, મારું માન વધાર્યુ તે બદલ ધન્યવાદ.

મુખપૃષ્ઠમાં સૃષ્ટિના યૌવન એટલે વસંત-જીવનની વસંત છે. નિસર્ગનો છલકાતો વૈભવ-પ્રેમ-મૈત્રી-ક્ષમા અને ધર્મરૂપી વસંત સંગીતમય બને તેવી મંગળ કામના-શુભકામના અતિ સુંદર દર્શાવાયેલ છે.

અંકમાં સામગ્રી લગભગ તંત્રીલેખ સહિત ૨૮ કૃતિઓ છે અને શુભયોગથી માસના દિવસો પણ એટલા જ છે.

પદ્મશ્રી કુમારપાળ દેસાઈના લેખ સંત કબીર-૪ એમાં અંધશ્રદ્ધા અને આત્મસાક્ષાત્કારનું આલેખન વાચકોને સુજ્ઞ કરે છે. સચોટતાથી ઓપતો માહિતીસભર આપણને આનંદિત અને સમજણની નવી દિશા ખોલી આપે છે.

ડૉ. નરેશભાઈ વેદ ક્ષરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને અક્ષયબ્રહ્મ જે ક્રમાનુસાર ભૌતિક જગત, ઈશ્વર અને સર્વોચ્ચ ચેતના કેટલી સુંદરતાથી બતાવેલ છે જે સમજાવી જીવવાનો રાહ બતાડેલ છે.

શ્રી ભાણદેવજી આપણને ગાળનો પ્રત્યુત્તર સ્મિત - સાથોસાથ મા અને બાળકનું દૃષ્ટાંત - આધ્યાત્મમાર્ગના પ્રહરી લેખક સુંદર રીતે મર્મને સ્પર્શતા વિષય ઉપર જ રહ્યા છે.

શ્રી નિરંજન રાજ્યગુરૂ રવિભાણ સંપ્રદાયનું ઘડતર જે શ્રદ્ધાના બળ ઉપર સંકલ્પથી આવતા પરિણામો ઉપર અકલ્પનીય હોય છે તે સમજાવેલ છે.

શ્રી મોહનભાઈ - મારી મા - તેમના જીવનના ઉત્તમ પ્રસંગો સુંદર રીતે વીણી આપણી સમક્ષ રજૂ કર્યા છે. એમનો મહદ્ અંશનો જીવનનો સારાંશ સેવા, લોકસેવા, અને સત્કર્મમાં પસાર થયો છે. નજીકથી ઓળખવાનો લાભ મને પણ મળેલ છે જે મારા માટે પણ અભિમાન છે. ગુજરાતનું ગૌરવ કહેવાય એવા વ્યક્તિત્વના માલિક, આ લેખથી અભિનંદનના પાત્ર છે.

ડૉ. વિજય શાસ્ત્રી મળવું અને ભળવું તેનો ભેદ પરખાય તો જીવનદૃષ્ટિ વધુ સચોટ બને તેમ આ લેખથી સમજાય છે. વિકટ સમસ્યાઓ પણ એથી આસાન બને અને કટોકટી શબ્દથી ગભરાતા સામાન્ય પ્રજાજનો મૂંઝવણ દૂર કરી શકે. સુંદર આલેખન.

પારૂલબેન ગાંધીએ ભારતની શિક્ષણવ્યવસ્થા ખરેખર વર્તમાન અને ભવિષ્ય માટે ચેતવણીરૂપ છે. સંસ્કૃતિનું જતન અને સમજાવટ આપતું શિક્ષણ દૂરોગામી અસર ત્યારે જ આપે જ્યારે બાળકો-શિક્ષણ-મા-બાપ અને સંસ્થાઓ વચ્ચે સંયોજન અને એક ધ્યેય આવે. પારૂલબેન વર્તમાનને વધુ વિશાળ દૃષ્ટિથી, કમ્પ્યુટર યુગનો સમાવેશ કર્યો હોત તો વ્યવસ્થામાં આધુનિકતાનો હિસ્સો પણ લીધો હોત તો વધુ તલસ્પર્શી બનત.

બારણું ઠોકવાનું કર્તવ્ય

માતાની પવિત્રતા એ જ અહિંસા અને એ જ સત્યાગ્રહ- ગાંધીજીની આ સમજ અહિંસક રસ્તેથી ભારતને આઝાદી અપાવી એ જ સમજ. નીલમબેન સુંદર લેખ.

નટુભાઈ દેસાઈ સ્વપ્નદૃષ્ટા તરીકે આલેખાય જ, પ્રેમહરી આશ્રમ સુંદર દૃષ્ટાંત. ''અમૃતા''ના શરૂઆતના હિસ્સેદાર, હંમેશાં મળવા જેવા વ્યક્તિનું બાબાભાઈએ સુંદર રીતે આપણી સમક્ષ રજૂ કરેલ છે.

શ્રી ભદ્રાયુ વછરાજાનીએ જીવનપંથ-૧૬માં જે હારે છે તે શીખે છે તે દ્વારા જિંદગીની સમજાવટ આપેલ - પ્રમાણો એકસરખા હોઈ પણ વ્યક્તિદીઠ સમજણ કેવલળી ઉપર આધારિત રહેતી હોય છે.

દુઃખ અને સુખની સાથે અને સામે જો વર્તનમાં સંયમ અને સહનશીલતા હોય તો જિંદગીનું ગણિત સુંદર પરિણામ લાવે છે. સિદ્ધાંતો અને નૈતિકતાના બળ ઉપર પણ મૂલ્યવાન જીવન જીવાય તે પ્રેમમંદિરમાં રહેતા ડૉ. ભદ્રાયુને સ્નેહ યાદ.

ડૉ. છાયાબેન શાહ - જૈન ધર્મમાં અપવાદ માર્ગનું સ્વરૂપ વિગતવાર આલેખ્યું છે

ભરતભાઈ પંડિત - ગુજરાતી ભાષા અને ગુજરાતી મીડિયા - નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે ૬ કરોડ ગુજરાતીઓની હિતની વાતો કરતા પણ હવે તો ૧૩૦ કરોડ ભારતવાસીઓની યુવક-યુવતીઓ સમાવાય છે ત્યારે આ વસ્તુ ધ્યાનમાં રાખી સરકારના ફાળા માટે ગુજરાતને ન્યાય-ગુજરાતી લોકોની દૃષ્ટિ ભાષા પ્રત્યે વધુ થાય તે સરકાર જુએ - જાપાન જો ગુજરાતી ભાષા અને જૈન નવકારમંત્રને સરળતાથી અપનાવે તો એ દૃષ્ટિબિન્દુ વિશાળ ફલક ઉપર કેમ ન લઈ જઈ શકાય?

અભિનંદન ભરતભાઈ.

શુભલેશ્યા વિના શુભ ધ્યાન નથી, શુભ ધ્યાન વિના સમતા નથી. સુબોધી મસાલિયાનું સચોટ આલેખન. લેખ કુંભમેળા ઈતિહાસ અને અગત્યતા પુષ્પાબેનનો અલ્પ માહિતીસભર મારા વિષય ઉપર લેખ -

ગાંધીવાચનયાત્રા નીલમબેન વર્ણવેલ ગાંધી-રસીઓ માટે અખૂટ ચૈતન્યસ્રોત

જૈન પરંપરાના પુનરુધ્ધારકો - ૨૧ લેખ પ્રબુદ્ધ જીવનમાં નિયમિત રીતે આવે છે. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી આપણને વિવિધ દૃષ્ટિથી જણાવે છે. યાત્રા દરમિયાન ધ્યાનમાં આવતી જરૂરિયાતો અને ઉપાય - આત્માને જિનદર્શનનો આનંદ પુલકિત કરે તેવી ભાવના -વંદન.

ડૉ. રતનબેન ખીમજી છાડવા શ્રી ભક્તામર સ્તોત્રના આસ્વાદ અગાઉથી અપાતી રસલહાણી આ અંકમાં ક્રમશ આપે છે અને હજી પણ આપશે. પરમાત્મા પવિત્ર અને શુદ્ધ છે એમ જ ભગવદ્ ભક્તિ સર્વશ્રેષ્ઠ છે.

જયેશભાઈ દ્વારા નગીનદાસભાઈ સંઘવીનું સન્માન, વિવિધ વિષયો ઉપર ઉંડો અભ્યાસ અને વક્તવ્યોના પ્રણેતાનું આ સન્માન યોગ્ય જ છે પણ ખૂંચે એ છે કે સરકાર સન્માનમાં પણ ઢીલ કરે છે. અંતરઈચ્છા કે તેમને ૧૦૦ વર્ષ સ્વસ્થ દીઘાર્યુ અને લાંબુ જીવન સ્વસ્થ રીતે અર્પે.

ભારતીબેન દ્વારા પ્રાર્થના વિષેનો લેખ આપણામાં રહેલી શ્રદ્ધાના પ્રતિક તરીકે સરસ આવરેલ વિવરણ - અભિનંદન ભારતીબેન.

શાંતિલાલ ગઢીયા દ્વારા શાંતિની તલાશ જે હરેક માનવીની શોધ છે અને સત્તામાં નથી જે ઔદાર્ય, ચરિત્ર, સામંજસ્ય, શૃંખલા અને શાંતિના સોપાન દ્વારા દર્શાવેલ છે ને આજના સંદર્ભમાં એમની તાતી જરૂરિયાત પણ છે.

ડૉ. અભય દોશી પાલીતાણા તીર્થ સંબંધી વિવાદો અંગે એક મનોમંથન જે સૂચક છે પણ પ્રશ્નના ઉકેલ માટે જુદા જુદા વ્યક્તિવિશેષો સાથે મળે તે વધુ સારું.

સ્વાસ્થ્ય શ્રેણી આહાર-વિજ્ઞાન, આયુર્વેદ અને ધર્મ હિંમતલાલ

ગાંધી લૌકિક, આધ્યાત્મિક રીતે સમજાવે છે. જાણકારી વ્યવસ્થિત રીતે આપે છે. સાધના જોડે સ્વાસ્થ્ય.

કૃતિ, આકૃતિ અને પ્રકૃતિ - સવજી છાયા કહે છે કે પ્રકૃતિ પ્રત્યે આપણે કેટલા સજાગ છીએ! અદ્દ્ભુત.

શ્રી સુરેશભાઈ ગાલા. અંતિમ પત્રમાં અંતિમ સૂચનો ૯ બાબતોમાં આપી સરસ સંદેશ આપેલ છે.

વધુ ગમે સંપૂર્ણતાની વ્યાખ્યા માનવ તલાસતો જ રહે છે. આટલું સુંદર પ્રકાશન રૂપકની સાથોસાથ અન્ય વિવિધતાથી સમૃદ્ધ બને તો ગમે. 'માધુકરી' જે વિશેષ માહિતી ટૂંકમાં આપે. સ્થાપત્ય, પશુ-પક્ષીની ખાસિયતો, શાહબુદ્દિન રાઠોડ દ્વારા અપાતી જેવી ગમ્ય રમૂજો-કહેવતો-ન ભૂલાય તેવા સ્વાનુભવો ટૂંકમાં'' તો એક પેજમાં સમાવાય તેવી ઈચ્છા - તંત્રી સેજલ શાહ તેમ જ મુંબઈ જૈન યુવક સંઘને વિનંતી. ❑❑❑

સંપર્ક : ૯૬૬૪૧૧૧૪૯૫

# ભાવ - પ્રતિભાવ

વિશ્વના સર્વ ધર્મોમાં વિશેષ આપણા જૈન ધર્મમાં આત્મશુદ્ધિ અને દેહશુદ્ધિનું અનેરું મહત્વ છે. પ્રાચીન અને અર્વાચીન સમયમાં જૈન સંપ્રદાયના અને સમુદાયે વિશાળ પ્રમાણમાં ભવ્ય જિનાલયો-ઉપાશ્રયો-ધાર્મિક સ્થળોના નિર્માણ કર્યા છે. હજી પણ અતિરેક કહેવાય તેમ નિર્માણ થઈ રહ્યા છે.

અમારી સંસ્થા નાસા સેનીટેશન જે છેલ્લે ૫૦ વર્ષોથી - જાહેર સેનીટેશન - ને વિશેષ કરીને આપણા પવિત્ર તીર્થધામોમાં જાહેર શૌચ-સ્નાન સંકુલો બાંધવાનો અનુભવ ધરાવે છે - તેમને દુખદ રીતે જણાવવું પડે છે કે આપણે ભવ્ય અને અત્યંત સુંદર જિનાલયના નિર્માણ પાછળ જેટલો ખર્ચ કરીએ છે તે જ જિનાલયોના શૌચ-સ્નાન સંકુલોની સુવિધા અને જાળવણી પાછળ ખૂબ જ મર્યાદિત ખર્ચ અને ઉદારતા રાખીએ છીએ.

આપણા અત્યંત શ્રધ્ધેય અને પવિત્ર તીર્થધામો શ્રી સમેતશિખર શ્રી શત્રુંજય - ગીરનાર આપણા અવિરત પ્રમાણે આવતા શ્રદ્ધાળુઓની પ્રાથમિક જરૂરિયાત જેવા સ્વચ્છ અને સુવિધાયુક્ત શૌચાલયો લગભગ નહિવત છે. આજથી લગભગ ૧૦ વર્ષ પહેલાં અમારી સંસ્થા નાસા ફાઉન્ડેશને જ્યારે પાલીતાણામાં આવા જાહેર સંકુલ બાંધવાની પરવાનગી માગી - ત્યારે અનેક વિલંબ પછી અમારા જ ખર્ચે બાંધવાની શરત પછી પરવાનગી મળી - આજે વરિષ્ઠ નાગરિકો અને વિશેષ કરીને શ્રધ્ધાળુ સ્ત્રી સમુદાય માટે સ્વચ્છ અને સુવિધાયુક્ત સ્નાન - શૌર્ય સંકુલની તાત્કાલિક જરૂરિયાત છે.

ભવ્ય અને સુંદર જિનાલયો પણ અસ્વચ્છ અને અસુવિધાયુક્ત સ્નાન-શૌચાલયોની વરવી વાસ્તવિકતા દૂર કરવા માટે જૈન સમાજમાં જાગૃતિ અનિવાર્ય છે.

**અરુણ શાહ**
બી-૧૧૦૭, સર્વોત્તમ સોસાયટી, જૈન મંદિર પાસે,
ઈર્લા, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૮.

❋❋❋

જૈન શાસનની સંસ્થાઓના ટ્રસ્ટી કેવા હોવા જોઈએ?

સમગ્ર ભારતમાં જૈન સમાજનું ટ્રસ્ટીપણું અને મહાજનપણું વખણાય છે, પરંતુ આજે એવું જોવા મળે છે કે આપણે કરોડોના દાન કરી ઊભી કરેલી સંસ્થાના વહીવટ કયાંક સંતોષજનક જોવા મળતા નથી, તેની સુધારણામાં પહેલા નવા ટ્રસ્ટીશ્રીઓની નિમણૂક કરતાં પહેલાં અને હાલના ટ્રસ્ટીશ્રીઓએ નીચેની બાબતોએ આત્મમંથન કરવું જોઈએ.

જૈન સંસ્થાના ટ્રસ્ટીને દેવગુરુ અને ધર્મપર અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ.

વજસેનવિજયજીએ ટ્રસ્ટીના પાંચ લક્ષણ કહ્યા છે

(૧) ધાર્મિક અને વ્યવહારિક બાબતોથી વિનમ્ર જ્ઞાની અને શ્રદ્ધાળુ (અંધશ્રદ્ધાળુ નહિ)

(૨) આર્થિક રીતે સમ્પન્ન

(૩) રાજદોષ અને સમાજદોષથી મુક્ત

(૪) ચારિત્ર્યની દષ્ટિએ શંકાથી પર

(૫) શારીરિક રીતે તંદુરસ્ત

તમે જો સંસ્થાને પૂરો સમય આપી શકો તો જ હોદ્દેદાર બનશો, ''મને સમય નથી આ તો બધાનો આગ્રહ હતો એટલે ટ્રસ્ટી બન્યો'' જો આ વાક્ય તમારે બોલવા કરતાં રાજીનામું આપી દેશો કારણ કે આ દુનિયા મોટા મહાપુરુષો વગર પણ ચાલે છે તો સંસ્થા તમારા વગર ચાલશે જ ખોટા ભરમમાંથી બહાર આવી જશો.

જે સંસ્થાના ટ્રસ્ટી હો તે સંસ્થામાં તમારા સગાસંબંધીને ત્યાં નોકરીએ રખાવશો નહિ અને ત્યાંના કોઈ બાંધકામ - સપ્લાય વગેરેના કોન્ટ્રાક્ટ લેવો જ નહિ તે અપકીર્તિ-અપજશનું મૂળ છે તેમાં તમારા બધા સારા કાર્યો પાણીમાં જશે.

કોઈ પાપ કર્મના ઉદયે તમારી પેઢી નબળી પડે કે પરિવારમાં આત્મહત્યા જેવો બનાવ બને તો તત્કાલ નૈતિકતાના ધોરણે તમે સ્વેચ્છીક રાજીનામું આપી દેશો જેથી તમારું માન વધશે અને સંસ્થા ની બદનામી ઘટશે.

સંસ્થાના કર્મચારી પાસે અંગત કામ કરાવવા નહિ અને અંગત સવલત માગવી નહિ. (અમુક ભોજનશાળાના ટ્રસ્ટીશ્રીઓ પોતે જુદા જમવા બેસે તથા પહેલેથી વિશેષ સૂચના આપે તે યોગ્ય નથી, અચાનક આવી મુખ્ય પંગતમાં જ જમવા બેસો)

બને ત્યાં સુધી સંસ્થાની ફોન કે જાણ કર્યા વગર જ મુલાકાત લેવી જેનાથી સાચી પરિસ્થિતિની ખબર પડે (શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈ ૧૯ તીર્થના ટ્રસ્ટી હતા પણ પોતાની ગાડી અડધો

કિ.મી. દૂર પાર્ક કરી સંસ્થામાં ચાલીને જતા જેથી ગાડીના આવાજ થી પણ આળસુ કર્મચારી સતર્ક ના થાય)

જીહજુરી કરનાર કર્મચારીથી સતર્ક રહો, ''નમન નમન મે ફેર હૈ બહુત નમે નાદાન'' તેમ કેટલાક હોંશિયાર કર્મચારીઓ સંઘ ને નહિ પણ મુખ્ય ૨-૫ લોકોને જ સાચવતા હોય છે અને અમુક કિસ્સામાં તો ખરું-ખોટું બોલી ટ્રસ્ટીઓ વચ્ચે વિખવાદ પણ ઊભો કરતા હોય છે તેવા લોકોથી ચેતો.

કર્મચારી જ સંસ્થાનું સાચું સ્વરૂપ બહાર બતાવે છે માટે કર્મચારી સાથે નમ્રતાથી વર્તો પણ સંસ્થાહિતમાં કડક થતા અને કડક નિર્ણય લેતા પણ અટકાવ નહિ. સંસ્થાનું હિત સર્વોપરી છે.

મોટા ભાગે જૈન સંસ્થામાં કર્મચારીના પગારધોરણ નીચા હોય છે માટે યોગ્ય કર્મચારી મળવા મુશ્કેલ બને છે. આપણે અન્ય કાર્યમાં કરોડો ખર્ચ કરીએ પણ આ દિશામાં વિચારતા નથી, બની શકે તો તેમનાં બાળકોના એજ્યુકેશન વગેરેની જવાબદારી પણ સ્વીકારો.

તમે સાધનસંપન્ન છો માટે જ ટ્રસ્ટીપદે છો માટે સંસ્થાની મુલાકાત વગેરે પ્રવાસ ખર્ચ સંસ્થામાં ના લખો.

યોગ્ય સમયે પદ છોડી નવા અને યોગ્ય લોકોને તક આપો. તમારી ટીમમાં સગાવહાલા મિત્રોને નહિ પણ યોગ્ય લોકોને પસંદ કરો, ઘણી સંસ્થાઓ તો જાણે મિત્રો -વેવાઈઓને સાચવવાનું માધ્યમ બની ગઈ છે.

પદભાર સંભાળ્યા પછી એવા કોઈ સંજોગ ઊભા થાય કે તમે સંસ્થાને સમય શક્તિ ના આપી શકો તો આભાર સાથે રાજીનામું આપો.

તમે સંસ્થાના જીવંત ટ્રસ્ટી છો કે પહેલી અને છેલ્લી મિટિંગમાં હાજર રહેનારા અને બાકીના સમયમાં બોર્ડ પર નામ સાથે જ હાજર રહેનાર? તે વિચારજો અને નવી પેઢીને તમે કોણ છો તેમાં કોઈ જ રસ નથી, તમે શું અને કેવા હકારાત્મક કામ કરો છો તેમાં જ રસ છે માટે કયાંક પડદા પાછળ તમે ટીકાપાત્ર તો નથી બનતા ને?

તમારી સંસ્થા કોઈ ગુરુ મહારાજ ના માર્ગદર્શન મુજબ જ ચલાવી જોઈએ. આપણી પાસે ગતિ હશે, દૃષ્ટિ હશે પણ દિશા તો તેમની જ હશે.

ગુરુ મહારાજની કોઈ વાત અયોગ્ય હોય દેશ કે કાળ સાથે સેટ ના થતી હોય તેવા સમયે એ તરત વિરોધ ના કરતા થોડું જવા દઈ અને કારણ સાથે નમ્રતાપૂર્વક વાત કરવી તેમ છતાં યોગ્ય નિર્ણય ના આવે તો તેમના વડીલ ગુરુ ભગવંતને વાત કરવી, અને છેલ્લે તે કામ કરવામાં લાચારીપૂર્વક અસમર્થતા દર્શાવી પણ ભાષા વિવેક ના તોડવો તેમ જ તેને ઈશ્યુ ના બનાવવો.

સંસ્થાના વિજાતીય કર્મચારી સાથે અંગતમાં ના મળો કે કામ ના સમય સિવાય ટેલિફોનીક સંપર્કમાં ના રહો, યોગ્ય સમયે ફોન કરો, તમારું ચારિત્ર્ય એ તમારી મૂડી છે તે શંકાથી મુક્ત જ હોવું જોઈએ.

કર્મચારી સાથે માનવસહજ સરળ વ્યવહાર રાખો પણ અતિ નિકટતા પણ વ્યાજબી નથી જેનાથી તમે પ્રભાવહીન થઈ શકો છો.

કર્મચારીને રાખવા સમયે અને છૂટા કરવા સમયે ગમે તેટલા સારા હોય તો પણ કાગળ પર યોગ્ય લખાણ કરીને જ છૂટા કરવા કે રાખવા. ક્યારેક કોઈની ઉશ્કેરણીથી તે સંસ્થા ટ્રસ્ટીઓને હેરાન કરવા નો પ્રયાસ કરી શકે છે.

કર્મચારીના દુઃખ કે ગંભીર બીમારીના સમયમાં અંગત સ્વજનની જેમ તમે તેમની સાથે ઊભા રહો.

જો તમે દાતા સાથે ટ્રસ્ટી હો તો એ પણ વિચારો કે તમારી પેઢીના કર્મચારીને તમે પૂરતો પગાર આપો છો. જો ત્યાં શોષણ થતું હોય તો તમારું દાન અને ધર્મ બને ટીકાપાત્ર બનશે, તમારી પેઢીના કર્મચારીઓને પણ જૈન ધર્મ પ્રત્યે માન જાગે તેવો વર્તાવ કરો.

સંસ્થાનો આર્થિક વ્યવહાર શુદ્ધ અને ચોખ્ખો રાખવો, ક્યારેય સંસ્થાની સ્થાવર મિલકત વેચવી જ નહિ, તે ભવિષ્યમાં ગમે ત્યારે ઉપયોગી થઈ શકે તેમ હોય જ છે.

વધુ પડતો ફિક્સ ડીપોઝીટ કરવાનો મોહ ન રાખવો. સમાજ ગમે ત્યારે સમર્થ છે, આવતું દાન યોગ્ય પ્રકલ્પમાં વાપરતાં જ રહેવું, કટોકટી વાળા સમયપૂરતું જ રાખવું.

કોઈપણ પ્રકારની ખરીદી કે આર્થિક નિર્ણય એકલા ના લેવો, વિશ્વાસમાં રાખી સહુને સાથે રાખી જ લેવા.

કેટલીક સંસ્થામાં અન્ય ગ્રુપના દાતા કે ગુરુ મહારાજના નામ દૂર થયાના દાખલા છે આ ના થવું જોઈએ. આ વિશ્વાસઘાત અને દાતાદ્રોહ છે.

કર્મચારીને છૂટા કરતાં સમયે સોના ચાંદીના દાગીનાની ખરાઈ અવશ્ય કરાવવી.

હમણાં હમણાંથી જૈન સમાજ ની કેટલીક ભોજનશાળા પ્રાઈવેટ રસોયાને કોન્ટ્રાકટ બેઝ પર ચલાવવા આપી દેવાય છે તો ભોજન શાળાને હોટલમાં ફર્ક શું રહેશે? શું સાધર્મિક અને સાધુ સાધ્વી યોગ્ય થશે, આ પ્રથા શરૂથી ડામવા જેવી છે. આપણી ભોજનશાળા નો હેતુ કમાવવાનો નહિ પણ યોગ્ય શુદ્ધ સાત્વિક જૈનાચાર મુજબ નો આહાર હોવો જોઈએ, તેમાં થોડો તોટો આવે તો પણ ઈચ્છનીય છે જૈન શાસન સમર્થ છે.

તમારી સંસ્થામાં નવા લોકો અને નવા વિચારોને સ્થાન આપો, સાથે સાથે જેમની આગાઉની પેઢીએ સંસ્થામાં ભોગ આપેલો તેમને પણ સાથે રાખો, તેમની ઉપેક્ષા ના કરો, તેમની અનન્ય લાગણી સંસ્થા સાથે જોડાયેલ હોય છે.

તમે ટ્રસ્ટી હો અને બહારગામ રહેતા હો ત્યારે ત્યાંના સ્થાનિક

સંઘ સમિતિ સાથે સંકલન રાખો કારણ કે તે ૨૪ કલાક ત્યાં જ હોય છે તેમને પુરતું માન અને સન્માન સાથે તેમની વાત સાંભળો.

**પૂ. આચાર્ય ભગવંત જયઘોષસૂરિશ્વરજી મ.સા.**

**મોકલનાર**

**ડી. એમ. ગોંડલિયા, અમરેલી**

●●●

સેજલબેન શાહ 'સહિયારી વાત' ને સહારે વિસ્તરવા માગે છે એમનો આ વિસ્તારવાદ (૧) આપણને સૌને ચૈતસિક આનંદ આપશે જ.

વર્તમાન અંક ફેબ્રુ - ૨૦૧૯ના પહેલા પાનાના ત્રીજા પેરેગ્રાફનું વાક્ય ''જે ચેતનવંતુ છે એનો હરખભેર સ્વીકાર કરવાની બુદ્ધિ આપણને મળી છે.'' મૌલિક છે તો સર્વમાન્ય પણ છે.

'સહિયારી વાત'ના બીજા પાને પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીની ડાયરીનો પેરેગ્રાફ (જમણે બાજુથી બીજા)માં તેઓ (પૂ.શ્રી) લખે છે. ''ધર્મ અને પ્રેમ એ બે અભિન્ન વસ્તુ છે... ત્યાંથી પૂરા થતો પેરેગ્રાફ પૂ.શ્રી નું મૌલિક દર્શન બતાવે છે. પ્રશ્ન એ છે કે જૈન આગમો અને પરંપરા તો અરિહંત અને સિધ્ધને વિતરાગી - નિર્વિકાર ગણે છે તો અહીં પ્રેમ કેમ આવે એથી આગળ પ્રેમને મોહકર્મનો અંશ પણ ગણાય છે.

તો પછી એમનું આ વિધાન ક્રાન્તિકારી વિધાન છે અને છેલ્લું વાક્ય તો જુઓ ''પ્રેમના ઈચ્છુકને પ્રેમ ન આપવો એ જ અધર્મ છે.'' વાહ -વાહ

આ બધા શબ્દો કવિહૃદયથી કહેવાયા હોય તો જુદી વાત છે. પણ તત્વદર્શીની દૃષ્ટિએ કહેવાયા હોય તો જબરદસ્ત છે.

હું તો ઉત્ક્રાન્તિજનક જીવિત જગતમાં માનું છું. એટલે સમગ્ર જીવિત જગત પ્રત્યેના પ્રેમ અને સરસંધાનને શ્રેષ્ઠ તત્ત્વ સમજું છું.

**કીર્તિચંદ્ર શાહ**

૨૦૩, ઓમ આશા નિકેતન,
જૈન મંદિર નજીક, ઓફ જીતેન્દ્ર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૭.

●●●

જાન્યુ. ૧૯ નો અંક, તમારા આગલા અંકોની જેમ ખૂબ સરસ બન્યો છે.

શ્રી સુરેશભાઈ ગાલાનો 'આચાર્યોના પ્રદાન' લેખ ખૂબ જ માહિતીસભર છે. લેખકશ્રી અંગે માહિતી આપી શક્યા હોત તો વધુ મજા પડત.

આચાર્યશ્રી વાત્સલ્યદીપજી પદ્મશ્રી કુમારપાળભાઈ, ડૉ. સોનલ પરીખ, પુષ્પાબહેન પરીખ, માલતીબહેન શાહ, ડૉ. શૈલેશ શાહ વગેરેના લેખો પણ એક કરતાં એક ચઢિયાતા છે. આપને તેમ જ અંક માંના પ્રત્યેક લેખકને ખૂબ ખૂબ અભિનંદન.

As usual, ફેબ્રુઆરી ૧૯નો આપનો તંત્રીલેખ મનનિય છે અને જરુરી અનુપ્રેક્ષા બાદ દરેકને યોગ્ય વિચાર-ભાથું મળી રહે તેમ છે.

શ્રી મોહનભાઇ પટેલનો લેખ ''મારી મા'' અમારી જૂની પે ઢીને વાગોળવો ગમે તેવો છે.

પારુલબહેન ગાંધીના ભારતની શિક્ષણવ્યવસ્થા અંગેના લેખે, હકીકતમાં આપણી સહુની આંખો ખોલી નાખવી જોઇએ, પરંતુ પૈસા,પદ અને પ્રતિષ્ઠાના મોહપૂરમાં તણાઇ રહેલાં આપણે કશુંય કરવાં અસમર્થ છીએ.

શ્રી ભરતભાઇ પંડિતના ગુજરાતી ભાષા અંગેનો લેખ વિચારપ્રેરકછે; પરંતુ આપણે ચર્ચાના ચગડોળમાંથી નીચે ઊતરી એકમત થઇ કશુંક કરવા નિર્ણય કરીએ તો થાય બાકી,મારા નમ્ર મત મુજબ, જોડણીકોશની જોડણી વિશે બહુ ઓછા જાણે છે અને ઉચ્ચારો તો પ્રદેશે પ્રદેશે અલગ થાય છે. એ પરિસ્થિતીમાં જો ઊંઝા જોડણી પર સર્વસંમતિ સધાય તો પણ બહુ મોટું કામ થઇ જાય.

+'સ્વાસ્થ્ય શ્રેણી' નો શ્રી હિંમતભાઇ ગાંધીનો લેખ ખૂબ જ સરસ; પરંતુ હોટેલ વ. નું ખાવાની વધતી જતી ઘેલછા, કે જે શરીર અને આત્મા બન્ને માટે નુકશાનકારક છે, તે આવા અનેક લેખો પછી પણ આપણી આંખો ખૂલવા દે કે નહીં તે શંકાસ્પદ છે.

એ જ, આપનો

**અશોક ન. શાહ, અમદાવાદ**

●●●

શબ્દને સંબોધીને લખાયેલો શ્રી પ્રફુલ્લભાઈ રાવલનો 'અંતિમ પત્ર', પ્રેરક અને વિચારણીય રહ્યો, 'નવનીત સમર્પણે' તો એક આખો 'શબ્દ વિશેષાંક' પ્રસિદ્ધ કર્યો છે. જિજ્ઞાસુઓએ તે વાંચી જવા વિનંતિ.

અક્ષરોનાં માધ્યમથી બનેલો શબ્દ વિચારો, ભાવનાઓ અને લાગણીઓનો વાહક બની રહેતો હોય છે. તે વ્યક્તિને વ્યક્ત થવામાં મદદરૂપ બનતો રહે છે. આ શબ્દનો સથવારો જ આપણને ભવસાગર તરવામાં ઉપયોગી બનતો રહે છે. બાવન અક્ષરમાં વ્યક્ત થતી ભાષા દ્વારા જ ત્રેપનમાં અક્ષરને ઓળખી શકાય છે. પ્રાર્થના દ્વારા વ્યક્ત થતા હૃદયના ભાવમાં પણ શબ્દનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આ શબ્દ દ્વારા સામી વ્યક્તિનાં મન-હૃદયમાં પ્રવેશી શકાય છે. માણસ જ્યારે બોલે છે ત્યારે તેનું આંતરિક સત્ત્વ કે તત્ત્વ બહાર પડે છે માટે માણસે ખૂબ વિચારીને, મુદ્દાસર જ બોલવું કે લખવું જોઈએ. શબ્દોનો સદુપયોગ થતો રહેવો જોઈએ. આ શબ્દ દ્વારા કોઈને ગાળ દઈ શકાય, શ્રાપ દઈ શકાય તેમ આશીર્વાદ પણ આપી શકાય. ક્રોધાવેશમાં વ્યક્ત થતા શબ્દો ખાનાખરાબી સર્જતા રહે છે તેથી તે સમયે સંયમ જાળવવો જરૂરી બની રહે છે. શબ્દો વપરાય પણ તે વેડફાય નહીં કોઈની આંતરડી ને ઠારે.

●●●

કુશળતા વાંછુ છું. ડિસે. ૨૦૧૮ અંક માધ્યમે, ફોન પત્રાચાર થી લેખનકર્મી સાથેનો ઘનિષ્ટ પારદર્શક સંબંધ બંધાય જ છે. આનંદ જ હોય.

ડિસે. ૨૦૧૮ના અંકમાં મનુભાઈ દોશી, પ્રજ્ઞાચક્ષુ, ચિંતક જાણ્યું આટલું ઉત્તમ લેખનકર્મ સંસ્કૃત, ગુજરાતીમાંનો લેખ હૃદય સ્પર્શી ગયો. સાચે જ અંક ગમે જ છે વાચન કરવા. ફોન નંબરથી સંપર્ક કરતાં મનુભાઈ સાથે વાત થઈ શકી નહીં. બીજી વ્યક્તિ હતી તેથી વસવસો રહી ગયો છે.

વિનંતિ કે ફોન પર વાતચીત કરી શકાય તો વિશેષ હૃદય પ્રસન્નતા અનુભવે 'દિવ્યાંગ' સાચે જ સર્વથા ઉચિત છે. આ બાબતે ભાવ પ્રતિભાવમાં નોંધ મૂકવામાં આવે તે માટે પ્રાર્થના છે, હું માનું છું કે સાચે જ અને સ્વાનુભવોથી જણાવુ છું કે, તેઓની સાથે મૈત્રીભાવ કેળવવા જેવો છે જ. મિતભાષી, આત્મિયતાને સહજ સરળતાથી આનંદ થાય જ. છેલ્લે પાને સવજી છાયા દ્વારકાનું સુંદર ચિત્ર સાદું છતાં વારંવાર દર્શન કરવું ગમે તેવું. અભિનંદન હોય જ. પ્રફુલ્લ રાવલ હયાત નથી જાણ્યુ'

**દામોદર કૃ. નાગર,**
'જૂગનું' ઉમરેઠ,
મો. ૯૭૨૩૪૪૯૦૯૨

●●●

જાન્યુઆરી - ૨૦૧૯ના 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીલેખને વાંચવાનો કોઈક અનેરો આનંદ આવ્યો.

દરેક અસહિષ્ણુ માનવ બની ગયા છીએ છતાં પોતાની ક્ષતિઓને કેવા સહી લઈએ છીએ! અસહિષ્ણુતા તો બીજાના થકી જ આવે છે!!

શ્રી હેમંતભાઈ શાહની કવિતા ખૂબ જ પ્રસ્તુત અને માણવાલાયક રહી.

શિખરે ધજા ફરકાવવાની રૂપકથા પર ઓવારી જવાય.

પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈના લેખમાં પૂ.બાપુ અને સંત કબીરના સામ્યને માણવાલાયક રહ્યું.

ડૉ નરેશભાઈ વેદના ઉપનિષદ વિષેના લેખમાં તેઓએ ટૂંકમાં સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. પરંતુ મારી અક્ષમતાનું મને ભાન થયું.

બીજા લેખો પણ સરસ છે.

**પરાગ એમ. શાહ**
૧, અકીક એપાર્ટમેન્ટ, ગુજરાત સોસાયટી,
પાલડી, અમદાવાદ. (મો. ૯૫૩૭૨૬૫૬૫૬)

●●●

જાન્યુઆરી ૨૦૧૯ ના અંક નં. ૧૦ માં, શ્રી સુરેશભાઈ ગાલા નો 'જૈન ધર્મમાં આચાર્યોનું પ્રદાન' લેખ ખૂબ જ માહિતીસભર લેખ છે. સદ્ગુરુ અંગેના દોહાઓ, જૈન ધર્મની સુધર્માસ્વામીથી ચાલી આવતી પાટપરંપરા તેમ જ આપણો અલ્પસંખ્યક જૈન ધર્મ ટકી રહ્યો છે તે માટે આચાર્યોનું બહુમૂલ્ય યોગદાન. સુરેશભાઈએ આપેલાં ચાર કારણો શ્રાવકોએ યાદ રાખવા જેવા અને યથાશક્તિ આચરવા જેવા છે. હીરસૂરિ, હેમચંદ્રાચાર્ય, માનતુંગસૂરિ, આર્યરક્ષિતસૂરિ, ધર્મમૂર્તિસૂરિ, કલ્યાણસાગરસૂરિથી લઈને ભદ્રંકરવિજયજી, જંબુવિજયજી, કલાપૂર્ણસૂરિ, ગુણસાગરસૂરિ જેવા અનેક આચાર્યો કે મુનિ ભગવંતોને ગણવા બેસીએ તો યાદી તો બહુ લાંબી થાય. તેઓએ જે કાર્યો કર્યા છે તેમ જ શ્રાવકોને ધર્મમય બનાવ્યા છે, પ્રેરણા આપી છે એ તો બહુમૂલ્ય નહિ પણ અમૂલ્ય જ છે. એમણે યશોવિજયજીએ શ્રીપાળ રાજાના રાસમાં કરેલા આઠ પ્રકારના શાસન પ્રભાવકોનો ઉલ્લેખ કરી આચાર્યોએ ચતુર્વિધ સંઘની રક્ષા તેમ જ તપ, જપ, જ્ઞાન અને જીવદયાનાં કાર્યો માટે પ્રેરણા આપી રહ્યાં છે. આ ઉપરાંત શ્રીવલ્લભસૂરિ, મુનિશ્રી ચારિત્રવિજયજી, શ્રી કલ્યાણચંદ્રજી, શ્રી કાનજીસ્વામી, શ્રી શુભવિજયજી, શ્રી ચંદ્રશેખર મહારાજ, આચાર્ય સુશીલમુનિ, શ્રી સંતબાલજી, શ્રી અમરમુનિ, શ્રી જયંતમુનિ, બંધુ ત્રિપુટી, સાધ્વીશ્રી ચંદનાશ્રીજી, શ્રી નમ્રમૂનિ વિગેરે નો તેમ જ પૂજા અને સ્તવનોના રચયિતા શ્રી આનંદઘનજી, વીરવિજયજી, યશોવિજયજી વિગેરે આપણને જરૂર જ યાદ આવશે.

ધર્મના અનુષ્ઠાનો નિરસ ન લાગે તે માટે મૂર્તિપૂજક પરંપરામાં, ૧૪ સ્વપ્નાઓ, ભગવાનના જન્મોત્સવો, ભગવાનોની પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે થતાં અંજનશલાકા મહોત્સવો, સંઘયાત્રાઓ, શૈક્ષણિક શિબિરો, વિવિધ પૂજાપાઠના અનુષ્ઠાનો, ઉપધ્યાન તપો વિગેરેના આયોજનો પાછળ આચાર્યો અને સદ્ગુરુઓની પ્રેરણા અને માર્ગદર્શન હોય છે. સૂરિમંત્રમાં આચાર્યોને પાંચ પ્રસ્થાન એટલે કે પાંચ પીઠોની વાસક્ષેપ દ્વારા પૂજા તેમ જ મંત્ર દ્વારા આરાધના કરવાની હોય છે જે થકી આચાર્યોની સ્મરણશક્તિથી કરીને અનેક શક્તિઓ એમને પ્રાપ્ત થતી હોય છે તેમ જ અન્ય ધર્મોનું જ્ઞાન પણ જરૂરી હોય છે તે બાબત પણ સુરેશભાઈએ પોતાના લેખમાં આલેખી છે. દ્વાદશાંગીના ૧૨ આગમોનો ઉલ્લેખ પણ કર્યો છે. છેલ્લે છેલ્લે જૈન અને ક્રિશ્ચન ધર્મના ગુરુઓ અને દેરાશરો અને ચર્ચોની સરખામણી કરી આચાર્યોની બાહ્યપ્રવૃત્તિઓ તેમ જ આંતરિક દશા અંગે પદ્યમાં વર્ણવી છે. આપણી દૈનિક ખાવાપીવાની પદ્ધતિ અને વ્યંજનો અંગે પણ સુરેશભાઈનો નિર્દેશ પણ ધ્યાનમાં લેવા જેવો છે.

શ્રી સુરેશભાઈ સારા વક્તા અને લેખક છે જેઓએ જૈન ધર્મના વિષયો અંગે ઘણું લખ્યું છે. આ લેખ મેં બબ્બેવાર વાંચ્યો છે. કહેવાની જરૂર નથી કે બધાએ આ લેખ વાંચવો જોઇએ. આવા ઉત્કૃષ્ટ લેખ બદલ હું એમને તેમ જ 'પ્રબુદ્ધ જીવન'માં છાપવા બદલ ડૉ. સેજલ શાહને ધન્યવાદ આપું છું. કયાંક અઘટિત લખાયું હોય તો મિચ્છામિ દુકકડમ્.

**રતનશી રામજી ગાલા**
મો. ૯૮૨૧૧૧૩૧૭૮ / ૦૨૨-૨૬૭૧૦૭૪૫

●●●

મધુસૂદન વ્યાસના નમન અને જય જિનેન્દ્ર. હમણાંનો નવો પ્ર. નો અંક મળ્યો, ખૂબ જ આનંદ એ વાતનો છે કે માતા સરસ્વતીનાં ચિત્રોની શ્રેણી મુખપૃષ્ઠ ઉપર છપાતી રહે છે અને એ હારમાળામાં મારાં તમારાં જેવાં બીજા ભગિનીનું ચિત્ર-પેઈન્ટીંગ આ વખતે છપાયું છે. તેમનું રચેલું 'મુંબઈ નગર' શીર્ષકનું કાવ્ય સંસ્કૃતાનુવાદ કરીને બિરદાવી પત્રિકામાં મુદ્રિત કરાવેલું. ઉપરાંત 'અંતર્નાદ'નું શીર્ષકનો એમનો કાવ્યસંગ્રહ વાંચી એની ગ્રંથસમીક્ષા પણ કરેલી.

આપનું સ્મરણ તે દિવસે કરવાનું અન્ય એક નવું કારણ એ હતું કે જે કોલેજમાં મેં મુનિ વ્યાખ્યાન આપેલું તેવી ગાંભોઈની કોલેજમાં શ્રીમતી ડૉ. પિનલબેન દોશી આચાર્યારૂપે છે. તેમને નીચે મુજબના સ્થાને પ્રબુદ્ધ જીવનનો નમૂના પ્રત ગ્રાહક બનવા મોકલશો તો ચોક્કસ નવા ગ્રાહક બનશે તેવી શ્રદ્ધા છે. તેમણે મેગેઝિનનો આપના એડ્રેસનો મોબાઈલ ફોટો પણ પાડેલો.

'આપણે અસહિષ્ણુ થઈ ગયા છીએ' લેખ સાર્થક જણાયો તો 'યાત્રા ભીતરની' વિશેનો સમીક્ષા લેખ ગમ્યો.

પ્રાચાર્ય ડૉ. પિનલબેન દોશી, ગર્વમેન્ટ આર્ટ્સ કોમર્સ કોલેજ, મુ.પો. ગાંભોઈ, ગાંભોઈ હાઈ. કેમ્પસ, તા. હિંમતનગર, જિ. સાંબરકાંઠા, પિન-૩૮૩૦૩૦. ફોન : (૦૨૭૭૨) ૨૫૦૭૫૧

Email : govtmacgambhoi@gmail.com

મુંબઈથી સુરતની સાહિત્ય પરિષદમાં (અધિવેશનમાં) આવ્યાનો અનુભવ પણ તમે તંત્રી લેખ રૂપે વ્યક્ત કરીને પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને સાહિત્ય અભિમુખ કરી શકો અથવા સાહિત્યિક અધિવેશનમાં વધુ સારું ભાષા-સાહિત્યની દૃષ્ટિએ શું થઈ શકે એના વિચારો મૂકી શકો. બાકી તો પ્રતિમાસ પત્રિકા માટે કેટલો બધો સમય તમે આપતાં હશો તે આશ્ચર્યનો વિષય છે. પરિવારમાં સૌ પ્રસન્ન હશે.

**મધુસુદન એમ. વ્યાસ**

મો. ૯૪૨૭૬૯૩૫૫૪ | Email : vyasmm105@gmail.com

❀❀❀

મારો સ્વભાવ લખવાનો છે, આપને મળતા અનેક પત્રો સાથે આનો પણ એ જ રીતે નીવેડો લાવશો એવી ખાતરી છે.

અરિહંત પદનો ઉલ્લેખ અરિહંત તરીકે વાચવામાં આવે છે નિયમિત લખતા કે નૂતન લેખકના લખાણમાં અરિહંત શબ્દ કોઈના ને કોઈના લેખમાં વંચાય છે.

અરિહંત શબ્દ સંસ્કૃત છે. બાકીના ૪ પદો પ્રાકૃત મૂળ અંગસૂત્રો ૧૧ અને ઉપાંગસૂત્ર ૧૨ પણ પ્રાકૃતમા છે. પરમાત્માએ દેશના પ્રાકૃત લોકભાષામાં આપેલ એ માગધી મગદની ભાષા જૈનોની ભાષા.

જ્યારે સંશોધન થતું હોય છે અને જે કરતા હોય છે એમને નાનામાં નાના ગુણ કે દોષ, ઉમેરાયેલ કે ઘટાડેલની નોંધ લે છે, લેવાય છે, એમાં જ એની વિદ્વતા અંકાય છે અને એ સ્વાભાવિક છે.

સંસ્કૃત અરિહંત શબ્દની સંધિ છૂટી પાડીએ તો અરિ એટલે દુશ્મન અર્થ નીકળે, હંત એટલે હણનાર-મારનાર. પરમાત્મા માટે દુશ્મનને મારનાર એમ કહેવાય? દુશ્મનને મારનારની વાત આવી એટલે કાગડાઓએ ટીકા કરવી શરૂ થઈ એથી બચવા આપણે કે અમે નૂતન પાસો મૂક્યો કામ ક્રોધ-લોભ-મોહ-માયા જેવા આત્માને લાગેલા દોષને હણે છે. મોટાભાગનો બચાવ બધાએ સ્વીકારી લીધો.

કોઈપણ વ્યક્તિ વિશેષણ આપવામાં આવે તેનો સાર ગુણ બદલવા ન જોઈએ, પ્રથમ અંગ સૂત્ર આચારાંગ સૂત્રમાં પરમાત્મા માટે ખાસ વદ્ધમાન સ્વામી માટેના ચરિત્રમાં માહણ શબ્દપ્રયોગ કરવામાં આવેલ છે. આ પ્રાકૃત શબ્દનો અર્થ (મા) નહીં નકારવાચક હણ એટલે મારવું-હણવું નાશ કરવો એવો અર્થ સૂચવે છે. અહીં આપણે મારતા નથી એમ લેશું એક બાજુ દુશ્મનને હણનાર કહો છો એ જ વ્યક્તિ માટે બીજે સ્થળે (કોઈને) મારતા નથી. પરમાત્માનું જીવન જોઈશું તો આદ્રતા કરુણ મૈત્રી માધ્યસ્થથી ભરેલું છે. વિપરીત ઉપમા વિરુદ્ધ ઓળખ એક જ વ્યક્તિ દુશ્મનને હણનાર મારનાર અને એને જ माहण કોઈને મારતા નથી બંને વિશેષણ વિપરીત થાય છે.

આગમ સૂત્રોમાં પરમાત્મા માટે अरहंत શબ્દ વધુ પ્રચલિત છે જે પ્રાકૃત શબ્દ છે. આગમ સૂત્રોમાં अरहंताणं આ પ્રમાણે નમસ્કાર સૂત્રનો પ્રથમ પદ છે.

અરહંત શબ્દનો અર્થ થાય છે અષ્ટ પ્રતિહાર્ય યુક્ત. દેવોના વંદનીય, પૂજનીય, યોગ્યતા પ્રાપ્ત જેવા અર્થ કહ્યા છે. મારા દેવ કોણ દુશ્મનને હણનાર અરિહંત કે જે દેવોથી વંદન પૂજન થાય છે તે અરહંત.

થોડા સમય પહેલાં ભારતના યુદ્ધજહાજો મનવારોમાં એક સબમરીનનો ઉમેરો થયો છે જેને અરિહંત નામ આપવામાં આવેલ છે એ નામ યોગ્ય છે કારણ કે એ દુશ્મનોનો સંહાર કરવા માટે જન્મી છે એ ઉદ્દેશ્ય સાથે નિર્માણ થયેલ છે.

પરમાત્મા દીક્ષા લે છે ત્યારે પચ્ચખાણ લે છે, જે જીવું ત્યાં સુધીના હોય છે. એ કરેમિભંતેમાં સાવજ્જં જોગ પચ્ચખામી પરમાત્માનો નિયમ પચ્ચખાણ તૂટે જો એ રાગદ્વેષ, ક્રોધ, માન જેવા દુશ્મનોને હણે તો સંદર્ભ જોયા વગર ગોટા વાળીએ છીએ.

આટલી રજૂઆત થયા પછી વાચકે નિર્ણય લેવાનો છે અરિહંત બોલવું કે અરહંત. અરિહંત સબમરીન છે. અરહંત બાર ગુણ સહિત દેવો દ્વારા પૂજ્ય અને વંદનીય છે.

અન્ય ઉદાહરણ

(૧) હૈદ્રાબાદના સાલારજંગ મ્યુઝિયમમાં પ્રાચીન હસ્તલેખિત કલ્પસૂત્ર છે તેમાં નમોથ્થુણં સૂત્રમાં અરહંત તરીકે ઉલ્લેખ છે.

(૨) મથુરા પાસેના કંકાલી ટીંબાના ઉત્ખલનમાં તીર્થંકરની

પ્રતિમા મળેલ છે જેના પર अरहंत वध्ध मान मुद्रायेल છે.

(૩) અધિક પ્રાચીન શિલાલેખમાં ઓડીસાની હાથી ગુફામાનો રાજા ખારવેલનો શિલાલેખ જૈનોના બધા લેખો કરતાં અતિ પ્રાચીન છે જે પરમાત્માના નિર્વાણ પછી ૨૦૦ વર્ષમાં કોતરાયેલ છે એ લેખના મંગલાચરણમાં अरहंत શબ્દ છે.

(૪) મુનિરાજ શ્રી દીપરત્નસાગરજી મહારાજ દ્વારા પ્રકાશિત आगमसदकोसो (આગમ શબ્દકોષ)ના પ્રથમ ભાગ પેજ ૨૪૦-૨૪૧ ''અરહ'' અને અરહંત શબ્દ માટે બસોથી વધારે પ્રમાણ માત્ર ૧૧ અંગસૂત્રમાં જ જોવા મળે છે. અંગ આગમ સૂત્રોની રચના ગણધરો કરે છે.

આચારાંગસૂત્ર સ્કંધ-૧ અધ્યયન-૫ ઉદેશક-૬મા ભલામણ છે. આગમાનુસાર વર્તન કરવું ન કરે તો દોષ લાગે છે. જાણમાં આવેલ દોષ ન સુધારીએ તો મિથ્યાત્વ કે મિથ્યાત્વિ લેખાઈ જવાય છે.

નોંધ : કામ-ક્રોધ-લોભ-રાગ-દ્વેષ આ બધા દોષો જીવને લાગેલ છે એને હણી ન શકાય એ પરી હરવા જોઈએ, સુધારવા જોઈએ. વ્રત લેતા પહેલા પડીલેહણમાં પંચાવન બોલમાં ક્યાંય મારું, હણું, નાશ કરું શબ્દ જ નથી છે તે પરીહરું શબ્દ ઉપયોગમાં લેવાનો છે.

अरहंत शब्दो ना प्रमाण

(૧) ભગવતી સૂત્રના મંગલાચરણ માં नमो अरहंताणं

(૨) કલ્પસૂત્રના શક્ર સ્તવમાં (૩) જ્ઞાતા ધર્મ કથાંગસૂત્ર-આચારાંગ સૂત્ર - ઠાણાગસૂત્ર

આટલા આધાર પુરાવા પછી अरहंताणं शब्द का प्रयोग आगमीक और वास्तविक है અને બોલવો એ જ લખવો, એ જ છાપવો. અરિહંત નામ ઉલ્લેખવાળા જેટલા લેખો આવે તે સુધારવા પાછા મોકલવા જોઈએ તો જ સબમરીનને થતા નમસ્કારનો નાતો તૂટશે.

મને દુ:ખ એ વાતનું થાય છે નામ પહેલા ડૉ. ph લગાવીને આગમને વફાદાર નથી રહેતા. આપને સમ્યકજ્ઞાન પ્રગટ થાય અને આગમ વિરુદ્ધના વર્તન સામે વિરોધ કરવાની હિંમત અને શક્તિ મળે એવી શુભકામના સાથે વિ.

**મહેન્દ્ર ભણસાલી, મુંબઈ**

❋❋❋

દરેક લેખના Visual હોય તો લેખ વધારે સારો બને. હું લેખકના ફોટાની વાત નથી કરતો પરંતુ લેખ સંદર્ભે ફોટોગ્રાફ હોય તો સારું

**જયેશભાઈ ચિતલિયા**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૧/- | નાણાવટી ફેમીલી ચેરિટી ફંડ (માર્ચ સૌજન્ય) |
| ૨૫,૦૦૧/- | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રી મોનિકભાઈ એન. મહેતા |
| ૧,૫૦૧/- | બેલા ગાંધીના ઉપધાન નિમીત્તે (હસ્તે : બિંદીયા અને સુરભી) |
| ૧૨,૫૦૧/- | |

### જનરલ ડોનેશન

| | |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રીમતી યોગિનીબેન શેઠ |
| ૧૧,૦૦૦/- | |

### સંઘના નવા આજીવન સભ્ય

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી હાર્દિક એચ. શાહ |
| ૫,૦૦૦/- | |


## પ્રબુદ્ધ જીવન પત્રિકા

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર - સેન્ટ્રલ રૂલ્સ - ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન' માસિક પેપર અંગેની માહિતી ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)**

| | |
|---|---|
| (૧) પ્રકાશનનું સ્થળ | : ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪. |
| (૨) પ્રકાશનની સામાયિકતા | : માસિક પત્રિકા |
| (૩) મુદ્રકનું નામ | : રાજેશ પ્રિન્ટરી ૧૧૫, પ્રગતી ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ૩૧૬, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઇ), મુંબઈ - ૪૦૦ ૦૧૧. |
| (૪) પ્રકાશકનું નામ | : પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪. |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| (૫) તંત્રીનું નામ | : સેજલ એમ. શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪. |
| (૬) માલિકનું નામ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪. |

હું પુષ્પા ચંદ્રકાંત પરીખ ખાસ જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬.૨.૨૦૧૯ પુષ્પા ચંદ્રકાંત પરીખ

# સર્જન-સ્વાગત



## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : બે આકાશ - શોભના શાહ**
પ્રકાશક : એન. એમ. ઠક્કરની કંપની,
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦૦૦૨.
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
પૃષ્ઠ : ૧૮૬ મૂલ્ય : રૂા. ૨૦૦/-



ભારતના તેજસ્વી યુવાધનને અર્પણ થયેલી પ્રસ્તુત નવલકથા બે રાષ્ટ્રોની પૃષ્ઠભૂમિમાં પાંગરી છે.

વૈજ્ઞાનિક આવિષ્કારના આ યુગમાં વૈશ્વિક દિવાલો ઓગળી રહી છે, સ્થળના અંતરને પાર કરીને વહેતી સંવેદનાની સમાનતા અને સંખ્ય આલેખતા લેખિકાએ આ ઔત્સુક્ય સંભર કથાના માધ્યમે ભારત અને જાપાનના સાંસ્કૃતિક ઉજાગાર કર્યો છે.

હેરતભર્યા પ્રસંગોની આ કથા માનવીય સંવેદનાથી ધબકે છે. રોબોટિક ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર બનવા થનગનતો કથાનાયક કેયૂર, વહાલસોયા માતાપિતા સ્વપ્નલોકથી ઉતરી આવેલો મજાનો ટિએલ, જાપાનના સંશોધકની જીવનભરની સાધના અને તેને ગુમાવ્યાની પીડા, જાપાનમાં ખોવાઈ ગયેલા બાળકોના ઝૂરાપામાં જીવતું ભારતીય દંપતી... કથાના તાણાવાણા વાચકને જકડી રાખે છે.

ચલચિત્રની જેમ માનસપટ પર ઉભરતા ચિત્રો ફેન્ટસીની આ કથાને રમ્ય બનાવે છે. બે દેશોના સાંસ્કૃતિક સમન્વયની આ કથા નોખી છે ની છે - લેખિકાની પહેલી નવલકથાના ઓવારણાં...

***

**પુસ્તકનું નામ : પત્ર લાભ**
સંપાદક : રમણીક સોમેશ્વર
પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮-૨, બીજો માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧
પૃષ્ઠ : ૧૧૫ મૂલ્ય રૂા. ૧૨૫/-
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬



કચ્છના કવિ રમણીક સોમેશ્વરને તેમના પ્રિય સર્જક, વિદ્વાન કવિ, નાટ્યકાર ને નિબંધકાર લાભશંકર ઠાકરે લખેલા પત્રોની આ રસધારા છે.

પ્રેમની મધુરપ અને અધૂરપ વ્યક્ત કરતા સતત કશુંક નવું નિપજાવવાની નેમ ધરાવતા, ગુજરાતી કવિતાના 'લાભ-શુભ' સમા આ અગ્રણી આધુનિક કવિની ખળખળ વહેતી પત્રધારામાં અનાયાસે જ તેમનો વિશ્વ સાહિત્યનો અનુબંધ છલકાયો છે. દેશ વિદેશના સર્જકો-ચિત્રકારો - તેમની અદ્ભુત કૃતિઓની સ્મૃતિ સાથે સાંપ્રતમાં રચાતી સમકાલીન સાહિત્યકારોની રચનાઓની વિશેષતાઓ સહજપણે વણાઈ છે. કાફકા, કામૂ, દોસ્તોવેસ્કી, રિલ્કેની વાત હોય, ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, હિમાંશી શેલત ને વીનેશ અંતાણીની વાત હોય, કવિવર રવીન્દ્રનાથ ટાગોર, જીવનાનંદદાસની વાત હોય. પાબ્લો નેરુદાના ચલચિત્ર 'પોસ્ટમેન'ની વાત હોય કે જે. કૃષ્ણમૂર્તિની ચેતનાની અનુભૂતિની વાત હોય. પ્રકૃતિની રુદ્રતા ને રમ્યતાની સાથે સર્જકચિત્તમાં છલકાતા આ સંવેદનો ભાવકને ભીંજવે છે.

સંપાદક શ્રી રમણીકભાઈને લખાયેલા આ પ્રેરક અને પોષક પત્રો એક વિશિષ્ટ મૂલ્ય ધરાવે છે. કળાના સર્જન અને સર્જકની વિશેષતાઓના આ વહેણમાં વાચકોને ભાગીદાર બનાવ્યા તેનો આનંદ છે. શુદ્ધ મૈત્રીની અપાર સ્મૃતિઓ સુપેરે જાળવીને પ્રગટ કરી તે માટે અભિનંદન.

***

**પુસ્તકનું નામ : હાથ સળગે છે હજી**
લેખક : પીયૂષ ચાવડા
પ્રકાશક : આસ્થા પબ્લિકેશન,
૪, મનોહર બ્લોક, મંગલા મેઈન રોડ, વૃંદાવન એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૨૦૪, રાજકોટ : ૩૬૦ ૦૦૧
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
પૃષ્ઠ : ૨૦ + ૧૦૮ મૂલ્ય : રૂા. ૧૧૦/-



હાથ બળવાની પીડા અને ભીતરના ભાવથી રસાયેલો ગુજરાતી ગઝલનો એક નવો અવાજ છે પીયૂષ ચાવડા. સર્જન અને સ્વાધ્યાયનું સાતત્ય ધરાવતા પ્રાધ્યાપક પીયૂષ ચાવડાની ગુજરાતી ગઝલને પામવાની મથામણ એટલે આ ગઝલ સંગ્રહ... એક દાયકાની

'ભીતરે નરસિંહ અને ખંધેરિયા ધબક્યા કરે

ક્યાં ઠરે છે! આજે પણ આ હાથ સળગે છે હજી...'

ગઝલ સાથે જ Ph.D. અને M.Phil. કરનારા આ યુવા સર્જકથી ૧૦૮ રચનાઓમાં પરંપરા અને આધુનિક્તાનો સમન્વય છે. નવા પ્રતીકો, નવા કલ્પનો થકી ઘૂંટાયેલા પ્રેમ, તડપ અને વિરહની અહીં નોખી રજૂઆત છે, વિફળતાનો વિષાદ છે, સ્મરણોની ભીનાશ છે.

કેટલાક મનભાવન શેર

- 'આપનાં સ્મરણો થકી નીકળ્યા અને પાવન થયા
  યાદનો એ સ્પર્શ પામી આંસુ પણ હરખાય છે.'
- શ્વાસ છે, સુગંધ છે, આ બાગ આખો મઘમઘે ને આપણે બેઠા છીએ સાંજ ટાણે,


એક વેળા જે અધૂરી રહી હતી એ વારતા માંડો તમે

- તું મને ભૂલી ગઈ એ રંજ છે;
  આપણો બસ આટલો સંબંધ છે?
  વાત મીરાંની બધાં કરતા રહ્યા
  એક રાણાની પીડા અકબંધ છે.
- હું સતત બળતો રહું છું હર ગઝલના શેરમાં, થઈ જખમ કળતો રહું છું હર ગઝલના શેરમાં
- અંધારાને સળગાવીને રાતોને મેં બાળી છે, પછી મેશને ભેગી કરતાં બધી ક્ષણોને ગાળી છે
  અને છેલ્લે
- કોઈ બીજું હોત તો, હું ન્યાય માગત, કોર્ટમાં હું કેસ પણ દાખલ કરત, પણ કરું શું? શ્વાસ જેવો શ્વાસ મારો સાવ અંગત, એ મને લૂંટી ગયો...

દર્દ, પીડા, જખ્મ અને આંસુ સમેત લખાયેલી ગઝલો થકી પ્રગટ થઈ રહેલા આ નવા અવાજને વધામણાં...

♦♦♦

પુસ્તકનું નામ : કૂંપળ લીલીછમ
ધર્મેન્દ્રસિંહ રાઠોડ
પ્રકાશક : કોમલ પબ્લિકેશન, ૪૧૯/એ સર્વોદય કોર્મશિયલ સેન્ટર, જી.પી.ઓ. પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૧
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
પૃષ્ઠ : ૧૪૪
કિંમત : રૂા. ૧૬૫/-



નિવૃત્ત શિક્ષકના ભાવસભર હૈયાને સ્પર્શેલી સંવેદનાઓની કલા-ગરી થકી સર્જાયેલી લઘુકથાઓનો આ સંગ્રહ છે.

કલમના એક લિસોટાએ અજવાળું પાથરી શકે તે લઘુકથા. કોઈપણ પુસ્તક વિના લક્ષ્યને સાધવાની કુશળતા એ લઘુકથાની પહેલી શરત છે.

જીવનની સંવાદિતાના લયને ઘૂંટતી આ ૭૨ લઘુકથાઓમાં વૈવિધ્ય છે. આ કથાઓમાં મૂલ્યોની મહત્તા, પ્રેમની પ્રતીક્ષા, અંજાનોનો સ્નેહ-વડીલોની મમતા અને વતનનું વહાલ છે. બાર વર્ષથી લાપતા થયેલા પતિની પ્રતીક્ષામાં રોજ સાંજે અચૂક બસ સ્ટેન્ડ પર જતી ગંગા, સોનુ તને ખબર ન પડે એમ કહ્યા કરતા પતિની વિદાય પછી સઘળો ઘર સંસાર સૂપેરે ઉપાડી લેતી સોનલ, ભગવાનના સ્વરૂપે જ ભીડમાં કામ આવતા ભગત, સ્નેહના તાંતણે બંધાયેલા ને વડીલોને પણ બાંધતા સંતાનો, ભલાઈનો બદલો ઈશ્વર આપે જ તેની શ્રદ્ધા દાખવી લીલીછમ કૂંપણની પ્રતીક્ષા કરતી નાયિકા, એન્ટીક પીસ બનેલી મા એ ગૂંથેલી ગુલાબી ગોદડી, માતાપિતાના આદર થકી તીર્થસ્થાન બનેલું મિત્રનું ઘર, જિદથી છૂટી થયેલી વહુનું ઘર ગોઠવવા ગયેલી માતાનો અનરાધાર સ્નેહ, શતાબ્દી ઉજવતી શાળાનું ઋણ ચૂકવવા મફત છાપાઓ નાખતો વિદ્યાર્થી... આ બધાં પાત્રોની ટચૂકડી કથાઓ વાચકના હૃદયનું સરસંધાન કરી શકી છે.

♦♦♦

પુસ્તકનું નામ : સ્વાંગ પ્રેરિત સનાતન ધર્મ
સુરેશ કોઠારી
પ્રકાશક : યુનિવર્સલ સ્પીરિચ્યુઅલ અપલીફ્ટમેન્ટ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ૭૦૧, એ-શ્રી કૃપા બિલ્ડિંગ, જે.પી.રોડ, અંધેરી સ્પોર્ટસ ક્લબની બાજુમાં, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૩.
દ્વિતીય આવૃત્તિ : ૨૦૧૩
પૃષ્ઠ : ૧૭૪
કિંમત : રૂા. ૧૦૦/-



શ્રી સુરેશભાઈ કોઠારીએ મૃત્યુ સમીપની યાત્રાની અનુભૂતિ કરી. પુનઃ દેહમાં પ્રવેશ કર્યો ત્યારે મનની સ્થિતિ બદલાઈ ગઈ. દિવ્ય જ્યોતના પુનિત પ્રકાશથી અંતર ઝળહળી ઊઠ્યું. અંતરધ્યાનની જાગૃતિ અને પરમની પ્રાપ્તિના આર્તનાદથી છલકાતા ભીતરતમથી શબ્દોનું વહેણ વહેવા લાગ્યું. પંચોતેર હજારથી પણ વધુ પદો સહજતાથી રચાયા...

જાગૃતિનો માર્ગ દર્શાવતા, ધોધ રૂપે વહી આવેલા જ્ઞાનસાગરના થોડાક બિંદુઓ એટલે 'સ્વાંગ પ્રેરિત સનાતન ધર્મ' – મુક્તિના માર્ગે જવા ઈચ્છુક યાત્રીએ દેહની સંગાથે આ યાત્રાનો આરંભ કરવો રહ્યો. સાક્ષીભાવે દેહનો સંગાથ માણનાર દેહની આસક્તિમાંથી છૂટી જાય ને તીર્થંકર સ્વરૂપ અંગોના સત્સંગમાં એકરૂપ થઈ જાય. સત્ સાથે સંગ કરાવતો સત્સંગ હરપળે આપણા દેહમાં ચાલુ જ હોય છે – મનમાં ઊગેલા સદ્‌વિચારો કર્મનું સ્વરૂપ ધારણ કરે તે જ ધર્મનું આચરણ.

સનાતન ધર્મ અને તીર્થંકર રૂપી અંગોની સૂક્ષ્મ પ્રક્રિયા આ પદોમાં પ્રગટ થઈ છે. આત્મસ્વરૂપમાં રમમાણ થવા કાજે ૨૩ અંગોના સમર્પણભાવની પ્રક્રિયાને લેખકે ૨૩ તીર્થંકરો સાથે સરખાવી છે જેથી ચોવીસમાં તીર્થંકર જેવું મન જાગૃતિમાં સ્થિર થઈ શકે.

♦♦♦

પુસ્તકનું નામ : ઝાણં ૬૩ દુર્ધ્યાનો – પતિત મનને પાવન કરો.
વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
પ્રથમ આવૃત્તિ: વિ.સં. ૨૦૭૪
પૃષ્ઠ : ૧૧૯ મૂલ્ય : રૂા. ૫૦/-




મોક્ષ માર્ગની પ્રાપ્તિ માટે વિતરાગ પરમાત્માએ ધ્યાન-સાધનાનો માર્ગ દર્શાવ્યો છે. કાયા-વાચા અને મનને જ નહીં કિંતુ આત્માની સ્થિરતા પણ કેળવાય તે જૈન દર્શનની ધ્યાન માટેની વિભાવના છે. આ આત્મિક શુદ્ધિ પામવા માટે પ્રશસ્ત ધ્યાનની આરાધના અને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનના ત્યાગની સાધના જરૂરી છે. 'મનને જીતવા' જરૂરી ધ્યાનની

મહત્તા અને ૯૩ દુર્ધ્યાનોની દૂરી માટેના જે પ્રવચનો પૂ.આ. શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજે આપ્યા તેમાંનું આ આઠમું પુસ્તક છે. સંગધ્યાન, સંગ્રહધ્યાન, વ્યહવારધ્યાન તથા ક્રય-વિક્રયધ્યાનનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

દુર્ધ્યાનોથી દૂર રહી, મનને જીતવાનો આયામ દર્શાવતા પ્રસ્તુત ગ્રંથમાં ચાર દુર્ધ્યાનો અને તેની નિવૃત્તિ માટેનો ઉપદેશ સંકલિત કરવામાં આવ્યો છે.

***

પુસ્તકનું નામ : **સ્થિત પ્રજ્ઞ**
પ્રવક્તા : પ. પૂ. મુનિશ્રી ભાનુવિજયજી મહારાજ
સંકલન : પુરૂષોત્તમદાસ બી. શાહ
પ્રકાશક : સર્વમંગલમ્ આશ્રમ,
સાગોડિયા તા. જિ. પાટણ ૩૮૪૨૬૫
તૃતિય આવૃત્તિઃ ૨૦૦૦
પૃષ્ઠ : ૮૧ મૂલ્ય : રૂા. ૪૦/-




કોઈપણ માનવીને જીવનના તમામ વ્યવહારોમાં સમ્યક્ માર્ગે દોરી પરબ્રહ્મની પ્રાપ્તિના રત્ન સમા આ ગ્રંથમાં જ્ઞાન, કર્મ, ભક્તિ અને યોગનું અપૂર્વ જ્ઞાન પ્રગટ થયું છે. અનુષ્ટુપ વંદમાં લખાયેલા ૭૦૦ શ્લોકના વિસ્તારવાળા અને ૧૮ અધ્યાયમાં વહેંચાયેલા આ ગ્રંથનું જગતની તમામ ભાષાઓમાં ભાષાંતર થયું છે.

જૈન ધર્મના અનેકાંતવાદને સાચા અર્થમાં આત્મસાત્ કરી સાંપ્રદાયિક સંકુચિતતાથી અળગા રહેલા પૂ. મુનીશ્રી ભાનુવિજયજી મહારાજે અહીં ગીતાના બીજા અધ્યાયના ૫૪થી ૭૫૨ કુલ ૧૯ શ્લોકો દ્વારા સ્થિતપ્રજ્ઞ કોણ કહેવાય અને તેના લક્ષણો કયા તે વિશે આપેલા પ્રવચનોનો સાર સંકલિત કરવામાં આવ્યો છે.

અપાર ઐશ્વર્યમાં આળોટતા હોય, પણ મનની શાંતિ ન હોય તો એ સંપત્તિનો અર્થ નથી. આ શાંતિ મેળવવા માટે, પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે, સાચા આનંદની અનુભૂતિ કરવા માટે, કામનાઓનો ત્યાગ કરી, ઉદ્વેગથી દૂર રહી, એષણાઓથી પર રહી ઈન્દ્રિયોને વશમાં રાખી પરમાત્મ પરાયણ બનવું રહ્યું. કામ, ક્રોધ, રાગ, દ્વેષ થી મુક્ત થઈએ તો જ ચિત્તની પ્રસન્નતા અનુભવી શકાય. પ્રસન્નતાથી બુદ્ધિ પરબ્રહ્મમાં કરે છે...

સંકલનકારે મહારાજશ્રીના શબ્દોનું લેખાંકન કરી સર્વમંગલમ્ આશ્રમની પ્રવૃત્તિઓ, પૂ. મુનિશ્રીનો પરિચય અને તેમના જ્ઞાનયજ્ઞની વિગતો સાથે આ પુસ્તક પ્રગટ કર્યું છે.

***

પુસ્તકનું નામ : **સોળ ભાવના**
સુરેશ ગાલા
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
૩૩, મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એબીસી ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ - ૪
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮
પૃષ્ઠ : ૧૬૦ કિંમત : રૂા. ૨૦૦/-




આત્મતત્વની અનુભૂતિ કરવા ઝંખતા, ચૈતન્યતત્વની પ્રાપ્તિ ઝંખતા સાધકે સહુ પ્રથમ તો મનને શાંત કરવું જરૂરી છે. આત્મા પર ચડેલા વિષય-કષાય ને કર્મના આવરણો હરાવવા જરૂરી છે. આત્માના મૂળ સ્વરૂપને પામવા માટે, વૈરાગ્ય ભાવનાના સંસ્કારને દૃઢ કરવા માટે આંતરિક ભાવનાઓનું ખૂબ જ મહત્ત્વ છે.

ઉપાધ્યાય વિનયવિજયજી રચિત શાંતસુધારસ ગ્રંથમાં ૧૬ પ્રકરણોમાં ૧૨૮ છંદોબધ્ધ ગાથામાં આ ઓળ ભાવનાઓનું વિવરણ છે. પરમ ચૈતન્યની અનુભૂતિ ને કેન્દ્રસ્થાને રાખી રચાયેલા આ ગેય ગ્રંથનો અભ્યાસ કરી સુરેશ ગાલાએ અહીં આ ભાવનાઓની મહત્તા વર્ણવી છે.

અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્ત્રવ, સંવર, નિર્જરા, ધર્મભાવના, લોકસ્વરૂપ, બોધિદુર્લભ, મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ... આ સોળ ભાવનાઓનું ચાર વિભાગમાં વર્ગીકરણ કર્યું છે. એકથી છ ભાવનાઓ મનમાં વૈરાગ્ય કેળવવા માટે, ૭ થી ૯ એટલે કે આસ્ત્રવ, સંવર અને નિર્જરા આત્મસાધના માટે, દસથી બાર એટલે કે ધર્મ, લોકસ્વરૂપ અને બાધિદુર્લભ ધર્મની મહત્તા સમજાવવા માટે અને તેરવી સોળ એટલે કે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ની ભાવના ઓ અન્ય વ્યક્તિઓ સાથે આપણું વર્તન કેવું હોવું જોઈએ તે દર્શાવે છે. આ વૈશ્વિક ભાવનાઓ છે, અનુભૂતિની સઘનતા વૃધ્ધિ પામતી રહે અને એક એવા તબક્કે આત્મસાધકના મુખમાં યુગુલામાંથી મીઠો રસ ઝરવા માંડે છે. આ મીઠા સુધારસનું પાન કરનાર સાધક શાંતિનો અનુભવ કરે છે. 'શાંત સુધારસ ગ્રંથ' ના નામના સાર્થક્યને આલેખતા અભ્યાસુ લેખકે સંસ્કૃતના શ્લોકની સાથે તેના અર્થનું વિવરણ કર્યું છે. અને આ સોળ ભાવનાઓ ની સાધક માર્ગ માટેની મહત્તા દર્શાવી છે. ટૂંકમાં ભાવના **'ભાવના ભવનાશિની'** ઉક્તિ અહીં ચરિતાર્થ થાય છે.

***

પુસ્તકનું નામ : મારો પ્રિય ગ્રંથ
સંપાદક : મુનિ વૈરાગ્યરતિ વિષ્ય ગણિ
પ્રકાશક : શુભાભિલાષા રિલિજિયસ ટ્રસ્ટ
પ્રાપ્તિસ્થાન : શ્રુતભવન સંશોધન કેન્દ્ર,
૪૭-૪૮, અચલ ફાર્મ, કાત્રજ, પુણે.
આવૃત્તિ : દ્વિતીય
પૃષ્ઠ : ૧૮૪ કિંમત : રૂા. ૧૦૦/-

આગમોમાં ગ્રંથાયેલી પ્રભુ મહાવીરની વાણીના માધ્યમે બહુશ્રુત સંતોએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ભાષામાં અનેક ગ્રંથો રચ્યા.




આપણા જીવનમાં અજવાળું પાથરી શકે. સાચો રાહ દર્શાવી શકે તેવા અનેક ગ્રંથોમાં સહુથી પ્રિય ગ્રંથ કયો? એવો પ્રશ્ન પૂછીને મુનિ વૈરાગ્યરતિ વિજય ગણિએ વિદ્વાન

આચાર્યોને તે વિશેના લેખ લખવાની વિનંતી કરી. શ્રાવક-શ્રાવિકાઓને ......... આ ઉત્તમ કાર્યના પ્રતિસાદ રૂપે આપણા મહાન ગ્રંથોના પ્રિયતાના પ્રદેશની સફર કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું.

વૈચારિક, આધ્યાત્મિક અને ભાવનાત્મક સ્તરે ૨૫ વિદ્વાનોએ પોતાના પ્રિય ગ્રંથની વિશેષતાઓનું વિવરણ કર્યુ છે. આચારંગ સૂત્ર, ભગવતી સૂત્ર, નંદીસૂત્ર, ઈસિભાઈથાઈ, તત્વાર્થસૂત્ર, પ્રશમરતિ, યોગશાસ્ત્ર, દેવેચંદ્ર ચોવીસી, શાંત સુધારસ... અને ઉપમિતિભવ પ્રપંચ કથા જેવા ગ્રંથોની સમીક્ષા જ્ઞાનપીપાસુઓને આ ગ્રંથ સમીપે લઈ જવા સક્ષમ બની છે.

પૂ. શ્રીમદ્ વિજયરત્નસુંદર-સૂરીશ્વરજી પૂ. શ્રી રત્નાત્રયવિજયજી, પૂજ્યશ્રી રત્નવલ્લભવિજયજી, પૂજ્ય શ્રી દાનવલ્લભવિજયજી, મુનિશ્રી આત્મદર્શન વિજય, પૂજ્ય શ્રી વૈરાગ્યરતિવિજયજી તથા પૂજ્યશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોવિજયસૂરીશ્વરજી આદિ ૨૫ સંતોએ પોતાના પ્રિય ગ્રંથોની લાલિત્યપૂર્ણ ભાષામાં સુંદર છણાવટ કરી છે. વાચકોને આચમની ભરીને અમૃત મળ્યુ છે ને આ ધર્મગ્રંથોના અમૃતને ઘૂંટકે ઘૂંટકે પીવાની તત્પરતા....

❑❑❑

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની
(આ પુસ્તકોની ઑફિસમાં
સંપર્ક કરી મેળવી શકાશે.)
સંપર્ક : ૯૧૩૭૭૨૭૧૦૯

## સંસ્થા સમાચાર

જળ ઈંતિ ટ્રસ્ટ ગામડાંનાં અંતરિયાળ વિસ્તારમાં વરસાદમાં વહી જતાં પાણીને રોકવા છેલ્લાં ૨૦ વર્ષથી એક ડેમ બાંધવાનું કામ કરે છે. ન કોઈ સરકારી મદદ, ન કોઈ સરકારી કારીગર. પોતાની સમજણ અને હૈયા ઉકલત દ્વારા ગામડાના ખેડૂતો અને જન સમાજની મદદથી તેઓ આ એક ડેમ બનાવે છે. અને તે પણ સરકારી ખર્ચ કરતાં ૨૦% ખર્ચમાં અને સરકારી ડેમ કરતાં ૫ ગણો વધુ મજબૂત ડેમ બનાવે છે. અત્યાર સુધીમાં ૩૦૦ ગામોમાં ૩૦૦૦ થી વધુ એક ડેમ - તળાવ, સરકારી સહાય વગર ફક્ત શ્રમદાન દ્વારા આવું કામ કરનાર તેઓ ફક્ત દેશ નહી પરંતુ વિશ્વનાં પ્રથમ વ્યક્તિ છે. તેમને આ કામમાં મદદ કરનાર ગામડાના ખેડૂતો, ક્ષત્રિયો, શિક્ષીતો, દલીતો, ગોપાલડો, મજુરો, સાધુઓ અને મહિલાઓ પણ છે.

એમની બીજી અગત્યની પ્રવૃત્તિ છે. હો પાલન, ગાય આધારિત ખેતી અને ખાસ તો ગાયનો વંશ સુધારીને ઉત્તમ કક્ષાની ગાયનું પ્રજનન કરાવી ગ્રામ્ય પ્રજાનું આર્થિક સ્થિતિ સુધારવી.

અમને એમની દરેક પ્રવૃત્તિમાં પૂ. ગાંધીજીની છાંટ દેખાઈ. શ્રમદાન કરતી વખતે પહેલી કોદારી તો એમની જ પડે. શ્રમદાનની જગ્યાએ બીજા શ્રમીકો સાથે જ ખાવું પીવું ને સુવું એ એમનો નિત્યક્રમ. ખરા અર્થમાં બહુ સાદું જીવન પરંતુ અત્યંત ઉચ્ચ વિચાર તેમજ છેવડાના હિતમાં ચાલતી પ્રવૃત્તિ.

આવી એક ઉચ્ચ સંસ્થા અને ઉચ્ચ કક્ષાના વ્યક્તિને મળવાની અમને તક મળી. એ ભાથું લઈને અમે સૌ ઘરે પાછાં આવ્યા.

ગત વર્ષના પર્યુષણ પર્વ દરમ્યાન આપણા મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ખોળે લેવાયેલી સંસ્થા તે રાજકોટની જળક્રાંતિ ટ્રસ્ટ ગામડાઓના છેવાડાના માણસો અને આદિવાસી લોકોના ઉત્સાધન માટે કામ કરતી સંસ્થા. એ સંસ્થા માટે પર્યુષણ પર્વ દરમ્યાન લગભગ રૂા. ૩૫ લાખનું ભંડોળ ભેગું કરી શકયા એનો અદકેરો આનંદ અને વળી એ ભંડોળની ચેક આપવાની વિધીના પ્રસંગે સંસ્થાની મુલાકાતે રાજકોટ જવાની તક મળી એનો સવાયો આનંદ અને હા, એ ટ્રસ્ટનાં કર્તા-હર્તા અને પ્રાણસમાન શ્રી મનસુખભાઈ સુવાગિયાને મેળવાની અને જાણવાની જે તક મળી, જાણે સોનામાં સુગંધ ભળી.

તા. ૧૫ મી ફેબ્રુઆરીની રાત્રે સંઘના પ્રમુખ શ્રી નિતિનભાઈ, શ્રી વિનોદભાઈ, સંઘના ખજાનચી શ્રી જયદીપભાઈ તેમની પત્ની રૂપાબેન અને અમે બન્ને રાજકોટનાં પ્રસંગમાં હાજરી આપવા નીકળ્યાં. શનિવારની બપોર પછી મુ. શ્રી મનસુખભાઈની કંપની મે. ફલોટેક એન્જીનિયરિંગના વિશાળ, અત્યંત સ્વચ્છ અને સુઘડ કારખાનામાં સમારંભ હતો. સ્વાગત હૉલ પણ ખુબજ સાદો, ન વિજળીનો ઝગમગાટ ન તો ફૂલોનો બગાડ, ન તો હાર-તોરા પરંતુ હા, દરેક મહાનુભાવ મહેમાનનું ગાયના ઘી અનને ઓર્ગેનીક અનાજથી સ્વાગત. કાર્યક્રમ પત્યા પછી આવેલ સૌ મહેમાનો માટે શુદ્ધને સાત્વીક દેશી ભોજન.

તમારા સૌની જણખાતર, શ્રી મનસુખભાઈ એટલે જન, જમીન અને જળમાં માણસ એમનો અત્યંત બહોળો વેપાર છતાં ખૂબ જ સાદા અને સૌમ્ય. એમની વાતોમાં ક્યાંય કોઈ આડંબર નહીં પણ હૃદયને સ્પર્શે ને મગજમાં ઉતરે તેવી વાણીને વર્તન. જાણે ''મુઠ્ઠી ઉંચેરા માનવીને'' મળ્યા એવો અનુભવ થયો.

ભારતીબેન પરીખ, મુંબઈ

♦♦♦

**વિશ્વનીડમ : આશાનો પ્રકાશ**

તા. ૧૦-૬-૧૮ ને સાંજનો સમય શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા વિશ્વનીડમ ને રાજકોટના આંગણે પધારીને ૩૦ લાખ રૂા. જેટલી રકમનો ચેક અર્પણ કર્યો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પર્યુષણ

પર્વ વખતે મુંબઈના જૈન શ્રેષ્ઠીઓને વ્યાખ્યાન પર્વ યોજી આમંત્રિત કરે છે અને પછી સમાજમાં સારાં કાર્યો કરતી સંસ્થાઓ માટે દાનની સરવાણી વહાવવાની અપીલ કરે છે.

૨૦૧૬ના વર્ષ દરમ્યાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા થયેલા પર્યુષણ પર્વમાં વિશ્વનીડમને આવું શ્રેષ્ઠી દાન આપવાનું નક્કી કરાયું. જૈન શ્રેષ્ઠીઓએ પણ છેવાડાના માનવીના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાય તે હેતુ દાન છૂટે હાથે કર્યું. કંઈક અનિવાર્ય કારણો વસાત આ રાહત ૨૦૧૮માં વિશ્વનીડમને અર્પણ થઈ. પછી આ દિવસ જ જાણે આ અતિ પછાત માનવીઓના જીવનમાં પ્રકાશનું કિરણ નહીં પણ પ્રકાશવર્ષ બનીને ઝળહળી ગયું. કહેવાય છે કે પવિત્ર દાન અને પવિત્ર સંપત્તિની ખૂબ જ તાકાત હોય છે. વિશ્વનીડમ પણ છેલ્લાં નવ વર્ષથી જમીન શોધતી હતી 'ગુરૂકુલમ' માટે જે કોઈ અજ્ઞાન કારણસર શક્ય બનતું ન હતું. જેવું મુંબઈ જૈન યુવક સંઘનું દાન મળ્યું કે રાજકોટના જ શ્રી રસિકભાઈ ડોબરિયા નામના પટેલ યુવાનની ૭૬૦ વાર જમીન વિશ્વનીડમને ૧૦૦% ના દસ્તાવેજથી મળી.

અને શરૂ થયું અતિ પછાત અને ગરીબ વિસ્તારનાં બાળકોના અંધકારમય જીવનને પ્રકાશવાન બનાવવા માટેનું ભગીરથ કાર્ય, આ જમીન ઉપર 'ગુરુકુલમ' બનાવવાનો વિચાર આવ્યો અને વિશ્વનીડમે 'ગુરુકુલમ બનાવવા માટે આકર્ષક કે તેમના સ્વરૂપને સુંદર રીતે જમીન ઉપર ચીતરીને અપાર સ્વરૂપે રાજકોટની જમીન ઉપર આકાર કરે તે હેતુ મથામણ અને મહેનત શરૂ કરી. ધીરે ધીરે એક પછી એક સાથીદારો મળવા લાગ્યા. મા ધરતીની ગોદમાં વધાયેલા અને વટવૃક્ષ સ્વરૂપ આપવા માટે ખાતર, પાણી ને ઓક્સિજન જરૂરી છે. છેવાડાના ગરીબ વર્ગ માટે આપણને સૌને દયા તો છે અને કરુણા પણ છે. તેમનું જીવન સમય નિરંતરનું છે. તેમને કદાચ ભીખમાં રૂપિયા તથા વસ્તુ તો ચોક્કસ મળે છે પરંતુ નથી મળતું જીવન જીવવા માટેનું સાચું જ્ઞાન. જૈન ધર્મમાં સુપાત્ર દાનનો મહિમા ખૂબ જ વર્ણવાયેલો છે.

મહાવીર સ્વામીએ સંસારના અજ્ઞાન સ્વરૂપને પોતાના તેજ દ્વારા જ્ઞાનસભર કર્યું અને સમગ્ર સંસારને દિવ્ય બનાવ્યો. અમે પણ આ ગરીબ પછાત વર્ગના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથર્યો છે. એક ટંકનો રોટલો તો સૌ દાન કરે છે. આ સમાજને પણ આપણે તો કાયમ રોટલો કેમ રળી આપવો તે જ શીખવવું છે, માટે આપણું દાન તો કાયમની ભૂખ ભાંગે તે પ્રકારનું હોવું ઘટે, ગુરુકુલમનું નવનિર્માણ તો જૈન શ્રેષ્ઠીઓ દ્વારા મળેલા દાનથી શરૂ થઈ ગયું છે. પછી આ ગુરુકુલમ તો તીર્થધામ બને તેવું આપણું સ્વપ્ન છે. અહીં પુસ્તકનું જ્ઞાન તો મળશે, પણ સાથે સાથે જીવન જીવવાનું જ્ઞાન પીરસવામાં આવશે. બાળકને પ્રકૃતિની ગોદમાં વિસ્તરવા દેવું છે. સમાજ ઉપયોગી જ્ઞાન અને જીવન ઉપયોગી ઈંજન પૂરૂ પાડવાનો પ્રયત્ન અહીં આપણે સૌએ મળીને કરવાનો છે.

વિશ્વનીડમ તો ખુલ્લી આંખે સ્વપ્નાઓ જુએ છે અને જોતા શીખવાડે છે. આ ગુરુકુલમના નવનિર્માણ માટે આપણને અંદાજે ૫.૨૩ કરોડ ધનરાશી વપરાય તેવો અંદાજ છે. તો ચાલો આપણે સૌ મળીને સૂરજની ગરજ સારતા દિપક બનીને રાત્રીના અંધકારને દૂર કરવા આ સમાજમાં રહેલા અંધકારને દૂર કરીએ. સત્ કર્મોને હંમેશાં શ્રેષ્ઠીઓએ જ જીવંત રાખ્યા છે અને સમાજના શ્રેષ્ઠીઓના પ્રતાપે આ અંધકાર ભરેલા જીવનમાં આશાનો પ્રકાશ ફેલાયેલો જ રહે છે.

અસ્તુ,

**વિશ્વનીડમ જીતુ**

♦♦♦

ધર્મ-જાગૃતિ કેન્દ્ર, ગુજરાત વિદ્યાસભા અને રાષ્ટ્રીય એકતા કેન્દ્રના ઉપક્રમે ૫મી જાન્યુઆરી, શનિવારે **ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ-ગૌરવ યાત્રા યોજવામાં આવી હતી.** આ યાત્રાનું આયોજન અને તેનું નેતૃત્વ શ્રી પ્રમોદભાઈ શાહે સંભાળ્યું હતું. આમાં સહયોગી સંસ્થા તરીકે ગુજરાત સાહિત્યસભા, માતૃભાષા અભિયાન, કવિ ન્હાનાલાલ ટ્રસ્ટ જેવી જુદી જુદી સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ પણ જોડાઈ હતી. આ યાત્રાનો પ્રારંભ ધીરુબહેન પટેલ, કુમારપાળ દેસાઈ અને ચંદ્રકાન્ત શેઠે લીલી ઝંડી ફરકાવીને વિશ્વકોશ ભવનથી કર્યો હતો. આમાં હાથીની અંબાડી પર ગુજરાતી વિશ્વકોશનાં ગ્રંથો મૂકવામાં આવ્યા હતા. યાત્રાના પ્રારંભે વિશ્વકોશનાં પ્રકાશનોની સરસ્વતી-પૂજા કરવામાં આવી હતી. તેમ જ યાત્રામાં બે બગી, ઊંટગાડીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત બેન્ડ સામેલ થયા હતા. કૉલેજ અને સ્કૂલના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આમાં ભાગ લીધો હતો. જુદાં જુદાં ક્ષેત્રના અગ્રણીઓ અને સાહિત્યકારો આ ગૌરવ યાત્રામાં સામેલ થયા હતા. આ યાત્રાનો સમાપન સમારોહ ગાંધીઆશ્રમના 'હૃદયકુંજ'માં યોજવામાં આવ્યો હતો અને ત્યાં જાણીતા સ્થપતિ શ્રી બાલકૃષ્ણભાઈ દોશીના પ્રમુખપદે એક સભાનું આયોજન કર્યું હતું. આ સભામાં ગુજરાતી વિશ્વકોશના વિદ્વાનો અને સહુ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ગ્રંથ-ગૌરવ યાત્રાને કારણે વિદ્વાનો અને સામાન્ય જનતામાં વિશ્વકોશની પ્રવૃત્તિ અંગે સારી એવી જાગૃતિ ફેલાઈ હતી.

**પ્રમોદ શાહ**
રાષ્ટ્રીય એકતા કેન્દ્ર

**અંબરીષ શાહ**
ગુજરાત વિદ્યાસભા

❑❑❑

પ્રબુદ્ધ વાચકો,

અહીં આપણે આજના સમકાલીન વિષયો અંગે ચર્ચા, વિચારણા પણ કરીશું. (તંત્રીશ્રી)

## આપણે આપણા તીર્થોની સલામતી માટે વિચારીશું ?

જેમને ધર્મમાં આસ્થા છે તે સૌને પોતાના તથા અન્યના તીર્થનું શું મહત્વ છે, તીર્થ કોને કહેવાય, તીર્થયાત્રા ક્યારે કેવી રીતે કરવી અને ક્યારે કેમ તીર્થયાત્રા ન કરવી આવું જ્ઞાન હોય છે એટલું જ નહીં જેમને- પોતાના દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા છે તેઓ મૂર્તિપૂજામાં નહીં માનનારા પણ ધર્મસ્થાનકોમાં આશાતના થાય તેવું ઈચ્છતા નથી. સમાધાનમાં ઓછું ગુમાવવાનું અને કોર્ટમાં ઘણું જ ગુમાવવાનું થાય છે. કોણે ક્યાં તીર્થો ક્યારે કેમ ગુમાવ્યાં? કયાં તીર્થોના કેસ કેટલા સમયથી ચાલે છે? તેની પાછળ કોને કેટલો ખર્ચ થયો? તેનું શું પરિણામ આવ્યું? દરેક સમજદાર વ્યક્તિ કોઈનું પડાવી લેવામાં માનતા નથી, પોતાના તીર્થની પવિત્રતા અને સુરક્ષાનો જ ફક્ત વિચાર અને કાર્ય કરતા હોય છે. આજ સુધીના દરેકના અનુભવો એમ કહે છે કે કોર્ટમાં જનારા સમય, શક્તિ અને પૈસાનો ખોટો વ્યય કરી ધર્મને બદનામ કરવાનું કાર્ય કરે છે. દરેક તીર્થોનો મહિમા-પુસ્તક પ્રકાશિત થવાં જોઈએ.

તીર્થયાત્રાનું નામ પડતાં જ આપણી દૃષ્ટિ સમક્ષ અનેક તીર્થો દૃષ્ટિગોચર થાય છે. તેમાં કેટલાંક પ્રાચીન તીર્થોનો જિર્ણોદ્ધાર થાય તે જરૂરી છે. દરેક પૂજ્ય ગુરુભગવંતો તેમના વ્યાખ્યાનમાં નૂતન જિનાલય કરતાં પ્રાચીન તીર્થના જિણોદ્ધારમાં અને તેની સુરક્ષામાં અનેકગણું પુણ્ય થાય છે તેમ કહેતા હોય છે પરંતુ મોટાભાગના પૂજ્યો અને દાતાઓ નૂતન જિનાલય વિહારધામ અને નૂતનતીર્થ નવનિર્માણમાં વધુ રસ લેતા હોય છે. તેના કારણમાં કેટલાકનું એવું કહેવું છે તેમાં તેમનાં નામ આવે છે અને તેમનો વહીવટ રહે છે. કેટલાંક તીર્થો, ગામો, વિસ્તારમાં જૈનોની વસ્તી નથી.પૂજ્ય ગુરુભગવંતો જૈનોની અવરજવર નથી ત્યાં પુષ્કળ ખર્ચ આવે છે. ભગવાનની ખુબ જ આશાતના થાય છે. જૈનોના પૈસે ત્યાંની સંસ્થામાં કેટલાક કર્મચારીઓ જલસા કરે છે અને જૈનોની નિંદા પણ કરે છે. આવા સ્થળે જૈનોને મોટી સંખ્યામાં વસાવાય તો કોઈ જ ભગવાન અપૂજ રહે નહીં અથવા ત્યાંથી બધી જ પ્રતિમાઓ જ્યાં જ્યાં નૂતન જિનાલયો થતાં હોય ત્યાં પધરાવવામાં આવે.

શત્રુંજય શાશ્વત મહાતીર્થ છે. ભગવાન ઋષભદેવે પૂર્વ નવ્વાણુવાર જેની યાત્રા કરી છે અને અનંત લોકો જે તીર્થ પર મોક્ષ પામ્યા છે. જ્યાં ૮૬૩ જેટલાં શિખરબંધી જિનાલયો ૨૦ એકરનો ઘેરાવો, ૩૭૫૦ શિખરનાં પગથિયાં ૬૦૩ મીટર ઊંચી પર્વતમાળા છે. અનેક ધર્મશાળા, ભોજનશાળા છે તેમ છતાં પણ તેની આસપાસ નૂતન જિનાલયો થઈ રહ્યાં છે જે ખુશીની વાત છે. પરંતુ શત્રુંજય તીર્થમાં પૂર્વમાં તથા વર્તમાનમાં બનેલ અનિચ્છનીય ઘટનાઓનો વીડિયો જોઈ તે વખતે યાત્રાળુઓને પડેલ મુશ્કેલીઓ સાંભળી આ તીર્થના સંરક્ષણ, સુરક્ષા, પવિત્રતા જાળવવા જૈનોએ શું કરવું જોઈએ તે બાબત ગામે ગામ પૂજ્ય ગુરુ ભગવંતો વ્યાખ્યાનમાં માર્ગદર્શન આપે તેવી વિનંતી છે.

દરેક તીર્થની ચારે બાજુ જાડી મોટી ઊંચી મજબૂત પત્થરની સુરક્ષા દીવાલ હોવી જ જોઈએ ને દૂરથી જૈનતીર્થ દેખાય તે માટે દીવાલની ચારે બાજુ જૈનધર્મનાં પ્રતિક, જરૂરી સૂચના અને જૈનધ્વજ ફરકતા હોવા જોઈએ. દરવાજા પાસે એક વોચમેન ૨૪ કલાક માટે રાખવો જોઈએ જે તીર્થની નજીકમાં કે અંદર કોઈ ગંદકી કરે નહીં, પોસ્ટરો લગાડે નહીં, લારી ગલ્લાં મૂકે નહીં, વાહન રાખે નહીં, અન્ય દેવ-દેવીની દેરીઓ ઊભી કરે નહીં. તીર્થમાં પણ કોઈ ટ્રસ્ટીઓની લેખિત પૂર્વમંજૂરી વિનાં કોઈ ફોટા-પ્રતિમા મૂકવા દેવાં જોઈએ નહીં. દરેક દેવ-દેવીના નામ ઉપર જૈન શાસનરક્ષક દેવ-દેવી, જૈન અધિષ્ટાયક દેવદેવી લખાવવું જ જોઈએ જેથી માલિકી હક્કના ઝઘડા ઊભા થાય નહીં. અત્યારે સારા માણસો મળતા નથી, ટ્રસ્ટીઓને તીર્થની મુલાકાત લેવાનો સમય નથી માટે જ્યાં જે તીર્થ ઊભું કરીએ તે ગુમાવા વખત ન આવે કે ખોટા વિવાદો ઊભા થાય નહીં તેનો પ્રથમ વિચાર કરવો જોઈએ. જે જૈન શાસનના નામે જૈન શાસનને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરનારને અટકાવવા જોઈએ.

❑❑❑

પારસ પ્રવીણચંદ્ર મહેતા
ઠે : ઈશીતા પાર્ક, બીલ્ડીંગ નં.૩, પહેલે માળે,
ફ્લેટ નં. ૧૦૩/૧૦૪, અડાજણ રોડ,
દીપા કોમ્પલેક્ષ સામેની ગલીમાં, અડાજણ પાટીઆ,
મું-સુરત - ૩૯૫૦૦૯. મો.નં. ૯૮૨૫૧-૭૧૭૬૯

❋❋❋

## સાચી તીર્થયાત્રા

સર્વ દોષો, સર્વ પાપોનું મૂળ અભિમાન છે. વૃદ્ધાવસ્થા રૂપને હરે છે. આશા ધૈર્યને હરે છે. મૃત્યુ પ્રાણ હરે છે. ઈર્ષ્યા સંબંધોને હરે છે. ક્રોધથી લક્ષ્મી જાય છે. અભિમાન સર્વેને હરે છે. અભિમાની માણસ પોતાનો નાશ પોતે જ નોતરે છે. અભિમાની માણસમાં સદ્‌ગુણો, સારા સંસ્કારો દૂર ભાગે છે. આગળ વધવા માટે જીવનમાં નમ્રતા અત્યંત આવશ્યક છે. નમ્રતા એ સદ્‌ગુણ છે જે માણસને મહાનતા સુધી પહોંચાડી દે છે. અસંખ્ય લોકોને મહાન બનવું છે પણ એ લોકો મહાન બની શકતા નથી કેમકે એમનામાં નમ્રતાનો અભાવ હોય છે. સદ્‌ભાવનાનો અભાવ

હોય છે.

એક ભાઈને મહાન બનવાનો અભરખો જાગ્યો કેમકે એને કોઈ પૂછતું ન હતું. જ્યારે મહાન આત્માઓને લોકો ઝૂકી ઝૂકીને સલામ ભરે છે, એમનો બોલ ઝીલી લે છે. એટલે એ એક સંત પાસે ગયો અને મહાન બનવાનો ઉપાય બતાવવા કહ્યું. ''તમને પહેલા નાના બનવું પડશે. લોકોની પ્રેમથી સેવા કરવી પડશે. તમારામાં અહંકારનો છાંટો પણ ન હોવો જોઈએ તો જ તમે મહાન બની શકશો, નહિ તો તમે છો એમાં સંતોષ માનો.''

એક ભાઈ એક સંત પાસે આવે છે અને કહે છે કે હું રોજ પ્રભુની ભક્તિ કરું છું છતાં મારા ઉપર પ્રભુ ખુશ થતા નથી. મારી વાત સાંભળતા નથી. સંતે કહ્યું ફક્ત પ્રભુભક્તિથી પ્રભુ ન મળે. તમારામાં સદ્ભાવના, નમ્રતા હોવી જોઈએ. તમારો સાચ્ચો પ્રેમ કેવો છે એ પ્રકટ કરવો જોઈએ. સંતે કહ્યું પ્રભુ પ્રત્યેનો પ્રેમ એવો હોવો જોઈએ એ જોઈને પ્રભુ પીગળી જવા જોઈએ, ઓગળી જવા જોઈએ. એને એક દૃષ્ટાંત સંભળાવ્યું.

એક ભાઈ પ્રભુની સેવા કરે છે, પૂજા કરે છે. એ પૂજારી હતો. ૪૦ વરસ સુધી એણે પ્રભુની ભક્તિ કરી સેવા પૂજા કરી. એક દિવસ એને બહારગામ જવાનું થયું એટલે એણે પોતાના પુત્રને પૂજા, સેવા, ભક્તિ કેવી રીતે કરવી એને શીખવીને જાય છે અને છેવટે પ્રભુને દૂધ, પ્રસાદ ધરાવવાનો હોય છે. એ છોકરો પ્રભુની પૂજા સેવા કરવા લાગ્યો. જેમણે પ્રભુને દૂધ અને પ્રસાદ ધર્યો અને એ પ્રસાદ પ્રભુ ખાય, વાપરે એની વાટ જોવા બેઠો, પણ પ્રભુએ કાંઈ પણ ચાખ્યું નહિ. હવે એ વિચાર કરવા લાગ્યો કે હવે હું શું કરું? એ બહાર ગયો અને એક છડી લઈ આવ્યો અને પ્રભુને કહ્યું ''હું આ દ્વાર બંધ કરું છું નહિ તો આ મારી પાસે છડી છે એનાથી જોઈ લઈશ. ચૂપચાપ પ્રસાદ ચડાવ્યો છે એને ખાઈ લો.'' એણે મંદિરનું દ્વાર બંધ કરી બહાર બેઠો. એણે થોડીવાર પછી દ્વાર ખોલીને અંદર આવ્યો તો શું જોયું? બધો પ્રસાદ પ્રભુ ખાઈ ગયા હતા. એ બોલ્યો ''જોયું આ છડીનો પ્રતાપ? જ્યારે એના પિતા પાછા ઘરે આવ્યા ત્યારે એના પુત્રે આ પ્રભુની વાત કરી એ પૂજારી આશ્ચર્યચકિત થઈ ગયો. ૪૦ વરસની એની સેવાપૂજા પાણીમાં ગઈ હતી.

બે મિત્રો તીર્થયાત્રાએ જાય છે. માર્ગમાં એક ઘરમાં રાતવાસો માટે ઉતારો લે છે. ઘરમાલિકે રજા આપી. એ રાત્રે ઘરમાલિકને ઝાડા ઉલટી થાય છે. એક યાત્રિક ઊંઘતો રહ્યો અને બીજો એની સેવામાં આખી રાત રચ્યોપચ્યો રહ્યો. પેલો ઊંઘનાર યાત્રિક બીજે દિવસે ચાલતો થયો અને માર્ગમાં મળવાનું કહ્યું. ઘરમાલિકને સારું થયું ત્યાં સુધી એ એની સેવાચાકરી કરતો રહ્યો. પંદર દિવસ પછી એ ઘરે પાછો આવી ગયો. આ બાજુ પહેલો યાત્રિક પ્રભુના તીર્થે પહોંચી ગયો. મંદિરમાં બહુ જ ભીડ હતી. જેમ તેમ કરીને અંદર ગયો તો એણે શું જોયું. પ્રભુ પાસે એનો મિત્ર બેઠો હતો અને પ્રભુની સેવા કરતો હતો. એ ઘરે આવ્યો તો એનો મિત્ર ગામમાં આવી ગયો હતો. તીર્થ સુધી પહોંચ્યો ન હતો એને આ રહસ્ય સમજાઈ ગયું.

ચમારે થોડી મૂડી ભેગી કરી હતી એટલે તીર્થયાત્રાએ જવાનો હતો. એની સ્ત્રી ગર્ભવતી હતી. રાત્રે એની પત્નીને રાઈ મેથીના વઘારની સુગંધ આવી. એની પત્નીએ થોડું શાક લઈ આવવાનું કહ્યું. એ પડોશીના ઘરમાં ગયો. પડોશીએ કહ્યું ''આ શાક તમારી ગર્ભવતી પત્નીને નહિ ચાલે, અમે ત્રણ દિવસના ભૂખ્યા હતા એટલે એણે અગ્નિ દાહ પહેલા, સ્મશાનમાં શબ ઉપર મેથી દાણા પડયા હતા એ લઈ આવ્યો અને શાક બનાવ્યું છે એ પ્રેત પર છાંટેલા દાણા છે એટલે તમારી પત્નીને નહિં ચાલે. પાડોશી ત્રણ દિવસના ભૂખ્યા હતા એની એને સમજ પડી એની પાસે જે તીર્થયાત્રાની મૂડી હતી એમાંથી સીધું લીધું. ભગવાને એને રાતના સપનામાં દર્શન આપ્યા.''

❑❑❑

**રવિલાલ વોરા**
૧૯, સાગર મંથન, સેક્ટર ૩
ચારકોપ, મુંબઈ-૪૦૦૦૬૭. મો. ૯૨૨૦૫૧૦૫૪૬

●●●

સર્જનહારે માનવી તથા પ્રાણીમાત્ર માટે જીવન જરૂરિયાતની વસ્તુની વ્યવસ્થા કરી છે. જીવનની મુખ્ય જરૂરિયાત હવા તથા પાણી છે જે સર્જનહાર તરફથી મફતમાં જ મળે છે. સૌને શ્રદ્ધા હોય છે સવારે સૂર્યોદય થવાનો જ છે, શુક્લ પક્ષમાં ચંદ્રનાં દર્શન તથા તેના શીતળ કિરણોનો લાભ મળવાનો છે. સર્જનહાર ઉપર તથા કુદરત ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ તથા તેમનો આભાર પણ માનવો જોઈએ. નવજાત શીશુને માતાનું ઉત્તમ દૂધ મળી જાય તેવી વ્યવસ્થા સર્જનહારે ગોઠવી જ છે. સંતો હંમેશાં જગતનું કલ્યાણ થાય તેવી ઉચ્ચ ભાવના રાખતા હોય, તેમની ઉપર પણ શ્રદ્ધા રાખવી જોઈએ. અમુક દંભ કરતા હોય. જેમની કથની તથા કરનીમાં ફેર હોય તેવા સંતો ઉપર અંધશ્રદ્ધા રાખવી નહીં. ઘણા માણસો અંધશ્રદ્ધાનાં કારણે આર્થિક રીતે બરબાદ થઈ જતા હોય છે. જીવનમાં અમુક બાબત કે ઘટનાઓ બનતી જ હોય છે ત્યારે ભગવાન ઉપર શ્રદ્ધા રાખવાથી લાભ થાય છે.

''તુલસી ભરોસે રામ કે, નિર્ભય હો કે સોયા
અનહોનિ હોની નહીં ઔર હૌની હો સો હોયા।''

આપણી જ ભૂલ, મૂર્ખાઈ, નિર્બળતા, અજ્ઞાનતા, આળસ, કુસંગ, વ્યસન, અભિમાનનાં કારણે સમસ્યાઓ, મુશ્કેલીઓ તથા દુઃખ આવતા હોય છે. સ્વદોષને દૂર કરવાથી લાભ થાય છે.

ગીતાજીમાં અધ્યાય ૨જો શ્લોક નંબર :- ૪૭
કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચના
મા કર્મફલ હેતું ર્ભૂર્મા તે સંગોડસ્ત્વ કર્મણિ।

શબ્દાર્થ : કર્મ પૂરતો જ તારો અધિકાર છે. કર્મનાં ફળ ઉપર તમારો અધિકાર નથી. તેથી ફળમાં આસક્તિ ન રાખવી.

ગીતાજીમાં અધ્યાય ૧૨ મો શ્લોક નંબર - ૨

મથ્યાવેરથ મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે।

શ્રધ્ધપા પરમોપેતાસ્તે મે યુક્ત તમા મતાઃ।

શબ્દાર્થ : જે માનવી તેના મનને મારામાં નિત્ય તત્પર રહી પૂર્ણ શ્રદ્ધાથી ઈશ્વરને ભજે છે કે ભક્તિ કરે છે તેવા માનવીઓ યોગી સમાન છે.

સમાજમાં વિશ્વાસપાત્ર માનવીની સંખ્યા ઓછી હોય છે. માનવીનું મન ચંચળ હોય છે. ઘણા કિસ્સામાં ''અંધવિશ્વાસ''નાં કારણે આર્થિક નુકસાની સહન કરવી પડે છે. લેભાગુ તત્વો ઉપર અંધવિશ્વાસ કરવાથી વિપત્તીઓ આવે છે. કહેવત્ છે કે ''ચેતતા નર સદા સુખી.'' ઘણા માણસો બહુરૂપી જેવા હોય છે. તેઓ પોતાનાં સ્વાર્થ ખાતર વિવિધ પ્રકારનો અભિનય કરતા હોય છે. જે માનવી બોલીને કે વચન આપીને વારંવાર ફરી જતા હોય તેવા માનવીનો વિશ્વાસ કરવો નહીં. બનાવટી, દંભી તથા લાલચુ માનવીનો વિશ્વાસ કરવો નહી.

આભાર. ❑❑❑

નટુભાઈ ઠક્કર

થાનગઢ, પીન - ૩૬૩૫૩૦. જિલ્લો - સુરેન્દ્રનગર, ગુજરાત

---

(અનુસંધાન કવર પાનું ૭૨ થી)

સત્યાગ્રહ પહેલાં તેમનું આવાસ છાવણીનું નવું સ્વરૂપ અને સ્વરાજ્ય પછી તે સેવકો માટે અતિથિગૃહ. અને બાના અતિથિ પછાત વર્ગની સંસ્થા સાથે સંકળાયેલા કે આદિવાસી, પરંતુ ઘરનાં સૌ કોઈપણ જાતની સૂગ વગર સૌને સત્કારે, જીવનમાં જાતનો સ્વીકાર કરેલો પણ કોઈના પર લાદેલો નહીં. એમને પ્રિય હતાં સિલાઈકામ અને રેંટિયો. સવારના વહેલાં કાંતી લે, કાંત્યા વગર જમે નહીં, સિલાઈ મશીન પર સવારે ૮ થી ૧૧ જૂનાં કપડાંમાંથી નવાં કપડાં કરવાનું કામ કરે. તેમનાં દીકરીના તૈયાર કરી જરૂરતમંદોને પહોંચાડયાં છે. દુષ્કાળ, રેલસંકટ, ભૂકંપ, વાવાઝોડાના વિનાશ વચ્ચે કપડાં અને અન્ય રાહતકાર્ય પૂરું પાડતાં હતાં. અનેક નાનાં-નાનાં ગામો અને ત્યાંની સંસ્થા સાથે જોડાઈ તેઓ ત્યાં પ્રગતિ સાધવાનો પ્રયત્ન કરતાં. કરાડી, મઢી - વાત્સલ્યધામ, વલસાડ, જિલ્લાની બાબરખડક આશ્રમશાળા ત્યાં તેઓ મંત્રી, પ્રમુખ હતાં, ત્યાંની અવારનવાર મુલાકાત લઈ સ્વચ્છતા, આરોગ્ય, આહારની તપાસ કરતાં અને બને તેટલી જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરતાં. પૂ. રવિશંકર મહારાજ પથારીવશ થયા ત્યારથી ગુજરાતમાં અને અન્ય પ્રાંતોમાં તેમનું કામ મણિબાએ જ જાણે સંભાળી લીધું. દુષ્કાળની પરિસ્થિતિ હોય ત્યાં તેઓ પહોંચી જતાં. સરકારના સહયોગથી મજૂરીના કામો ગોઠવી તેને પાર પાડવાનાં, અનાજ પુરું પાડવું વગેરે.

વલસાડ જિલ્લા દુષ્કાળ રાહતસમિતિમાં તેમને અધ્યક્ષપદે નીમ્યાં. ઈ.સ. ૧૯૬૭માં બિહારમાં પડેલા દુષ્કાળમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. ત્યાર પછી ઈ.સ. ૧૯૬૮-૬૯ માં સુરત જિલ્લાના રેલરાહત કાર્યમાં, ઈ.સ. ૧૯૭૧માં ઓરિસા રાહતકાર્યમાં કાર્યરત રહ્યાં હતાં. ઓરિસામાં તેઓએ ઈ.સ. ૧૯૯૬ સુધી સતત કાર્ય કર્યું હતું. નહેર ખોદવાથી લઈ, તળાવના વિસ્તૃતીકરણથી લઈ, ડીઝલપંપની વહેંચણી, સ્કૂલ બાંધકામમાં સતત મદદરૂપ રહ્યાં. બોરીવલી કોરા કેન્દ્રમાં સમિતિની કમિટીમાં તેઓ હતાં.

કોરા કેન્દ્ર ખાતે ગાંધીજીના ચિત્રોનું મ્યુઝિયમ બનાવવામાં તેમની ધગશ અને અરુણા પુરોહિતની કળાદષ્ટિએ મહત્ત્વનું ભાગ ભજવ્યો. શૈક્ષણિક સંસ્થા (નાણાવટી કૉલેજ) નો મુખ્ય ઉદ્દેશ કન્યાને શિક્ષણ અને ગૃહવિજ્ઞાન શીખવવાનો છે. આજે ત્યાં આર્ટ્સ, કૉમર્સ, હોમસાયન્સ તેમ જ સ્ત્રીને પગભર બનાવવા માટે ઉપયોગી એવા ફેશન ડિઝાઈનિંગ, ભરતગૂંથણ, ઇન્ટિરિયર ડેકોરેશન વગેરે ક્લાસ પણ ચલાવાય છે. વિલેપાર્લેની નાણાવટી હૉસ્પિટલનાં પણ તેઓ ટ્રસ્ટી હતાં, હૉસ્પિટલના રસોડા વિભાગમાં દર્દીને અનુકૂળ ખોરાકનું ધ્યાન રાખતાં, સ્ત્રીઓ અને બાળકોના વૉર્ડમાં જઈ અશક્ત નિરાધાર, આમજનોને મદદ કરતાં. માની મમતાભરી હૂંફ આપતાં.

ગાંધીનિષ્ઠ એવાં આ 'બા' ને ખાદીમાતા કહીએ કે સેવાની વિરલ મૂર્તિ! શિક્ષણ, દેશભક્તિ, સ્ત્રીસ્વાતંત્ર્ય, જેવી અનેક સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં રહ્યાં હતાં. આટલાં વર્ષો સેવાની આ મશાલ મૂંગા જલાવી અને તેની જ્યોતથી સમાજના અનેકને પ્રકાશ આપ્યો! મુંબઈ સરકારે તેમને જે.પી. ના ઇલ્કાબથી નવાજ્યાં. નિઃસ્વાર્થ સેવા અને અવિરત કાર્યના પ્રતીક સમાં 'મણિબા' ને યાદ ન કરીએ તો નગુણાં ઠરીએ. ❑❑❑

**પ્રબુદ્ધ જીવનના વાચકોને એક વિનંતી - 'દરેક વ્યક્તિ વાંચે પ્રબુદ્ધ જીવન'**

**એવી આ યોજનાનો આરંભ કરવાની ઈચ્છા છે.**

**આપના સ્નેહી-સંબંધીને પ્રબુદ્ધ જીવન આપો. આપ કોઈપણ ૧૦ સરનામાં અમને આપો, જેમાંથી પાંચ સભ્યો વાર્ષિક લવાજમ ભરે અને પાંચને આપણે નિઃશુલ્ક આપીએ. પ્રબુદ્ધ જીવનનો ફેલાવો વધારવાનું આ એક પગલું છે. આપણાં શ્રુતપ્રેમી વાચકોની સહાયથી આ સામાયિક આજ સુધી અનેક અડચણોને ઓળંગી આગળ આવ્યું છે. એટલે અહીં લવાજમ મહત્વનું નથી. પરંતુ બસ, સહુ વાંચે અને સાથે વાંચે, એવા આ કાર્યમાં આપ જોડાઓ. આ સુવિધા હાલ પુરતી માત્ર ભારતના વાચકો સુધી સીમિત છે.**

**વધુ માહિતી માટે સંપર્ક કરો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૦૨૨-૨૩૮૨૦૨૯૬ / ૯૧૩૭૭૨૭૧૦૯**

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
૯૮૧૯૩૭૨૯૦૮

વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૧૯ની ઉજવણી ૮-૩-૨૦૧૯ના થઈ રહી છે. ઈન્ટરનેશનલ વિમેન્સ ડે ઝુંબેશ સમગ્ર વિશ્વમાં લિંગ સંતુલન જાળવવા માટે હાકલ કરે છે. સ્ત્રીઓએ અત્યાર સુધી સારી એવી મંજિલ કાપી પ્રગતિ કરી છે. છતાં પણ હજી વધુ પ્રાપ્ત કરવું જરૂરી છે અને કરી શકાય તેમ છે.

સમય-સમય પર પ્રબુદ્ધ જીવન, ૧૯૩૩ થી અત્યાર સુધીમાં મહિલાઓને લગતા મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો છે. ભગિની મિત્ર મંડળ, પાલિતાણા અને શ્રી કસ્તુરબા સેવાશ્રમ, મરોલી, જિ. નવસારીને માતબર આર્થિક સહાય અર્પણ કરેલ છે.

**પ્રબુદ્ધ જીવનમાં મહિલા વિષયક છપાયેલાં કેટલાંક લેખોની ઝલક**

| | | |
|---|---|---|
| ગાંધીજીના શબ્દોમાં સમાજમાં સ્ત્રીનું સ્થાન | ૧૫-૩-૧૯૪૪ | પરમાનંદ |
| નારી પ્રવૃતિની મીમાંસા | ૧-૫-૧૯૪૪ | કમળાદેવી |
| સમાજમાં સ્ત્રીઓનું સ્થાન | ૧-૬-૧૯૩૭ | |
| ભારતની પ્રાચીન નારીવિભૂતિ | ૧૬-૧૧-૧૯૩૪ | પૂ. ન્યાયવિજયજી |
| આધુનિક સ્ત્રીઓનો જીવન-પુરુષાર્થ | ૧૫-૧-૧૯૫૮ | નિર્મળાબેન રાવળ |
| ઑફિસે જતી પત્નીઓ વિષે | ૧૬-૮-૧૯૬૭ | સુબોધ શાહ |
| સ્ત્રી-પુરુષ સંબંધ | ૧-૧૧-૧૯૬૮ | ચીમનલાલ ચ. શાહ |
| વિધવા વિવાહ | ૧૬-૬-૧૯૭૦ | શારદાબેન શાહ |
| બહેનોને........ | ૧-૨-૧૯૭૨ | દાદા ધર્માધિકારી |
| ભારતવ્યાપી સ્ત્રીશક્તિ જાગરણ | ૧-૨-૧૯૭૩ | પૂર્ણિમા પકવાસા |
| દુનિયાના પ્રથમ મહિલા ડૉક્ટર | ૧-૧-૧૯૭૪ | શારદાબેન શાહ |
| પુત્રવધૂનું કન્યાદાન-એક અનોખું પુનર્લગ્ન | ૧૬-૫-૧૯૮૦ | યજ્ઞેશ શુક્લ |
| સ્ત્રીઓની વેદનાનાં આંસુ કેમ દેખાતા નથી? | ૧૬-૬-૧૯૮૪ | મગનભાઈ સંઘવી |
| મહિલાઓની અવદશા | ૧૬-૨-૧૯૯૧ | સત્સંગી |
| કહેવતોમાં નારી | ૧૬-૬-૧૯૯૭ | ડૉ રણજિત પટેલ |
| કહેવતોમાં નારી | ૧૬-૪-૨૦૦૪ | ડૉ રણજિત પટેલ |
| જૈન સંસ્કૃતિમાં નારી | ફેબ્રુઆરી ૨૦૧૧ | ડૉ. કલા શાહ |

For detailed reading visit https://prabuddhjeevan.in



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# મણિબહેન ચંદુલાલ નાણાવટી : જેમના જીવન કાર્યોની સુગંધ આજેય મહેકે છે

## (ઇ.સ. ૧૯૦૫-૨૦૦૦)

''ખાદી મંદિર મારી પ્રયોગશાળા છે અને આ રેંટિયો એ મારું પાઠ્યપુસ્તક છે!'' આ શબ્દો છે પૂ. મણિબાના. ખાદીમાતા મણિબહેન ચંદુલાલ નાણાવટી અને તેમનું લાડકું સંબોધન 'મણિબા!' ગાંધીનિષ્ઠ અને પરમ રાષ્ટ્રીય સેવાની જ્યોત મણિબેનના નામથી ભાગ્યે જ કોઈ ગાંધીવાદી અજાણ હોય. પાર્થિવ દેહના નષ્ટ પછી પણ તેમનાં કાર્યોની સુગંધ આજેય મહેકે છે. ઇ.સ. ૨૦૦૪નું વર્ષ તેમનું જન્મશતાબ્દીનું વર્ષ હતું.

ઇ.સ. ૧૯૦૫ થી ઇ.સ. ૨૦૦૦ સુધીના કાળના વિશાળ પટ ઉપર પોતાની અમીટ પ્રેમપગલીઓ પાડી જનાર જીવનયાત્રી. તેઓ નિષ્કામ સેવાનો અખંડ મહાયજ્ઞ હતા. સ્વરાજ માટે સત્યાગ્રહ, સ્ત્રી શિક્ષણ દુષ્કાળરાહત કાર્ય, ગરીબ અને આદિવાસી પ્રજાના ઉત્કર્ષ માટે તળાવ ખોદાવવું કે નહેરોની યોજના કરી આપવી કે પછી આઝાદી સંગ્રામ માટે પોતાનું આવાસ આપવું અને તેમને મદદ કરવી જેવાં અનેક કાર્યો મણિબાએ કર્યા હતાં. પ્રજાની આંતરમર્મ શક્તિ જગાડનાર આ બા ઉપર ગાંધીજી, રવિશંકર મહારાજ, સ્વામી આનંદ જેવી અનેક વિભૂતિઓને વિશ્વાસ હતો. પોતાના સ્ત્રીત્ત્વને સંકુચિત માળખામાં બાંધવાને બદલે શક્તિનો અર્થ આપ્યો હતો. પોતાના આ ભગીરથ કાર્ય દ્વારા તેઓએ એક ઉત્તમ આદર્શ પૂરો પાડ્યો છે.

બાપુની લાકડી બની મણિબાને ખભે હાથ મૂકીને ચાલતા બાપુની તસવીર જાણીતી છે. મણિબાના જીવનના મુખ્ય ઘડવૈયા બાપુ અને પછી તેમના પતિ ચંદુલાલ નાણાવટી, જેઓ શ્રી સયાજીરાવ ગાયકવાડના દાક્તર શ્રી બાલાભાઈ નાણાવટીના સુપુત્ર. ચંદુભાઈ અથાગ મહેનત દ્વારા સ્વબળે આગળ આવ્યા અને પોતે રાષ્ટ્રસેવાના હિમાયતી હોવાને કારણે પત્નીને ગાંધીજીની પિકેટિંગની ચળવળ કે ખાદીફેરી, પ્રભાતફેરી કે અન્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભળવા ઉત્તેજન આપ્યું. તેમના ઘરનું ભોંયતળિયું સત્યાગ્રહીઓના નિવાસ અને પ્રવૃત્તિ માટે આપી રખાયું હતું. તેમનું ઘર સત્યાગ્રહની છાવણીમાં પલટાઈ ગયું હતું. બીજી તરફ મણીબાએ વિલેપાર્લેમાં 'ખાદીમંદિર' માટે કઠોર તપ કર્યું હતું. આ સંસ્થાનો મુખ્ય આશય ખાદી પ્રચાર અને અસંખ્ય સ્ત્રી કાર્યકરોને તૈયાર કરવી. ૧૭મે વર્ષે લગ્ન અને ૩૫મે વર્ષે વૈધવ્ય પામનારે પોતાના જાત અનુભવથી અનુભવ્યું કે બહેનોને ઇચ્છાપ્રમાણે કેળવણી મળતી નથી એવા સંજોગોમાં પતિના અવસાન પછી, શ્રી ચંદુભાઈ રૂપિયા ચાર લાખ જેવું માતબર ટ્રસ્ટ મૂકી ગયા હતા. એમાંથી સ્ત્રી કેળવણીનો પ્રથમ વિચાર આવ્યો. પોતાના પરિવાર સાથેની મસલત બાદ ગાંધીજી સામે વાત મૂકી ત્યારે તેમણે આવકારી અને સ્વીકારી. વિલેપાર્લામાં ભગિની સેવા મંદિર અને કુમારિકા સ્ત્રીમંડળનો પાયો બાપુના હસ્તે જ નખાયો. આજે વિલેપાર્લામાં તેમના જીવંત સ્મારકરૂપે એસ.એન.ડી.ટી.ની સંલગ્ન કૉલેજ, મણિબહેન નાણાવટી મહિલા વિદ્યાલય પોતાનાં પ્રગતિનાં સોપાનો સર કરી રહી છે.

જૈન ધર્મના સંસ્કારની અસર તેમના જીવન પર જોવા મળે છે. સંયુક્ત કુટુંબમાં નણંદનાં સંતાનોથી લઈ સર્વનું ધ્યાન રાખ્યું અને બીજી તરફ કુટુંબ સાથે સંસ્થાની જવાબદારી સ્વીકારી. સામાજિક પ્રવૃત્તિ-જેલ જવાના પ્રસંગો વારંવાર બનતા. તેમની નાની દીકરીના જન્મપૂર્વે આઠ-નવ માસ જેટલી લાંબી મુદત તેમણે જેલમાં જ વિતાવી હતી. અને સ્ત્રીવર્ગમાં દૃષ્ટાંતરૂપ બની ગયાં. પતિના મૃત્યુ વખતે મોટા પુત્રની ઉંમર ૧૨ વર્ષની હતી. કુટુંબની જવાબદારી બા ઉપર આવી પડી. પરંતુ ન તેઓ સામાજિક કાર્યમાંથી પાછાં હટયાં કે ન કૌટુંબિક જવાબદારીમાંથી. (વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૭૦)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.